ધર્મ—નીતી.

ભાગ પેહેલો.

સત્ય મિત્ર પત્રમાં સને ૧૮૯૩ ના શાલમાં છપાયલા
ધર્મ બોધ અને નીતી બોધોનો

સંગ્રહ.

છપાવી પ્રગટ કરતા, સત્ય મિત્રના માલેક.

મુંબઇ, ધોબીતળાવ ઉપર વરતમાન પ્રેસમાં
મનચેરજી હોશંગજી જાગોશે છાપયું.

કીંમત રૂ૦।

સને ૧૨૬૩ યજદેજરદી.
સને ૧૮૯૪ ઇસવી.

દીબાચો.

સત્ય મીત્ર પત્રમાં દર અઠવાડયે ઘણા સરસ ધર્મ બોધ અને નીતી બોધ છપાતા હતા, તે ઘણા જરથોસતી સાહેબોને પસંદ પડવાથી તેનો સામટો સંગ્રહ છાપવાની ઘણી તરફથી ભલામણ કરવામાં આવી હતી, તે ઉપરથી ઇસિવી સને ૧૮૯૩ નાં એ પત્રના અંકોમાં છપાયલા ધર્મ બોધ તથા નીતી બોધની બાબદોનો સંગ્રહ એકઠો કરીને આ ચોપાન્યાંના આકારમાં પ્રગટ કરવામાં આવ્યો છે, જે આશા છે કે સર્વે જણોને ઘણો પસંદ પડતો થઈ પડશે.

સાંકળ્યું.

ધર્મ-નિતી.

અંગરેજી નવાં શાલ માટે એક જરથોસતી ધરમગુરૂના આશીરવાદ.

અવસતા—આફ્રીનાંમી ક્ષથ્રીઆંન દહ્‍હુ-પઈતી ઉપરાય. અમાય. ઉપરાય. વેરેથ્રાય. ઉપરાય. ક્ષથ્રાય. ક્ષથ્રેમ્ય. પઈતી-અસ્તીમચ. દરેધો. ક્ષથ્રમ. ક્ષથ્રહે. દરેધો. જીતીમ. ઉસ્તાનહે દ્રવોતાતેમ. તનુમ્યો

અર્થ—અહુરમજદ કહેછે કે, હું આશીરવાદ દઉંછું રાજ્ય કરતાને કે (તેનું ૧૮૯૩નું નવું વરસ) વસતીના મુલકોમાં—નયાયપંતી સુધાં સંતોષ ભરેલું થાઓ, જયજયકારી તાબે રહો, વેર રક્ષણીઓ શરણ થાઓ, રાજ્ય હકુમત સવાધીનમાં રહો, રાજયમાં નયાયાધીશો અખઇ બનો, રાજધાની-તાજ તખ્ત લાંબી મુદત ટકી રહો, રાજ્યમાલીક શાબાશી ભરેલી દીરઘાયું જીંદગી પામો, અને વગર પીડાની તનદરસત હાલત બની રહો.

આજ રોજે, આપણી રાજ કરતી ઇંગરેજી કોમના તેમજ કુલે ખરીસતી આલમના સનેનું ૧૮૯૩ મું નવું સાલ સરૂ થાય છે જે અમારા તમામ વાંચનારાઓ સાથ આપણા અદલ રાજ કરતાઓને અને આખી બરીટીશ પ્રજાને, આપણી રાજ કરતા માયાળું મલેકા માહારાંણી ક્યસરેહીંદ વીકટોરીઆને ખુદ પોતાને, તેનાં ફરજંદો અને ખેશ કુંટુંબ, છેલછબીલાંને, અને પુરથવી પરની તમામ વસતી ખલકતને મુબારક હોજો.

અમારા વાંચનારાઓને તેમાં અકસર કરીને પારશી વાંચનારાઓને જણાવાની અગત નથી કે ભાગ્યવંત બરીટીશ રાજ અગરચે જાહેરમાં પારકું રાજ છે, મગર બાતેનમાં તો ગોયા આપણી પોતાની હકુમત માલુમ પડે છે. પ્રજા રક્ષણ, રઈયતના માણસને ઘટતા હકો, તેમજ કોઇની ધારમીક લાગણીને દુઃખ નહીં દેતાં સરવે કોઇને પોતપોતાના ધારો અને એતેકાદો પ્રમાણે ચાલવાનું છુટાપણું આપવા સાથે પોતે જીતેલી પ્રજાઓને કેલવણી સુધારાનાં મીઠાં ફલો ચખાડવાના ફાયદાઓ અને બીજા અનેક ફાયદાઓ આ પરાઈ સરજમીન ઉપર પાડીને નામદાર બરીટીશ અમલે જે સુભ દાખલો બેસાડીઓ છે તેવો દાખલો દુનીઆની તવારીખમાંથી મલવો કઠણ છે-વાસતે એવાં રાજની વફાદાર પ્રજા તરીકે આપણને ચાહાવાની ફરજછે કે નામવર શેનશાહબાનું જુગ જુગ જીવીને તેનાં તાજો તખતપર લાંબી મુદતવેર બીરાજવા પામે, તેની કીરતીમાં વધારો થઈ સદાકાલ કાયમ રહે, એ નામદારની સલતનતમાં હજી વધારો થતો રહી તેમાં અદલ ઈનસાફ તથા દાદનાં મુબારક કદમો ફેલાતાં રેહે, એ નેક ખસલત નમુનેદાર બાઇનાં રાજનો સુરય કદીબી અસત નહીં પામવા સાથ તેના ઉપર તેમજ બરીટીશ હકુમત ઉપર અહુરમજદનો છાયો હમેશગી સુધી કાયમ રેહે તથા તે પાકદાદારના આશીરવાદો તેમનાપર ઉતરતા રેહે આમીન ! આમીન ! !

આપણે ઉપર ટાંકેલા અવસતા કલામ મુજબના આશીરવાદોને આપણાં માનવંત તાજદાર બાનું બીલકુલ લાયક છે. એ આશીરવાદોની મતલબ પરમાણે જ આપણા રાજકરતાઓ વરતી ચુકા છે અને જો કે પોતે માજદયસ્નાન નહીં હોવા છતાં વગર જાણે વેબી માજદયસ્ની દીનનીજ મુખ્ય નેમ અમલમાં લાવયા છે—ખરૂં છે કે ગુજસતે સાલમાં એક બે દાખલાઓમાં ઈનસાફની ખામી જાહેર થઈ છે, પરંતુ ઈનશાન ખામીથી ખાલી નથી એમ શમજી હાલતો આપણે ઈછીએ છે કે નવા શાલમાં બરીટીસ અમલનાં શરવે અધીકારીઓ અને ઇનશાફદારોને તે પાક પરવરદેગાર શારી હેદાયત અને નેક તોફીઅત બખશે તથા તેઓ રાસતી અને ઇનસાફની રાહે ચાલતા રહે.

ગુજસતે સાલમાં બનેલા અનેક બનાવોમાં અમારા હમદીન બીરાદરોને નાખુશ કરનારા બનાવો માહેલા એક કાયદાની બારીકીને લગતો મુખ્ય બનાવ છે તે એકે કેટલાક ધણીઓનાં વસીઅત તેવા કોઇ કાયદાથી રદ થઈ શકે છે તેથી દીન ધરમને લગતાં કેટલાંક કામો બજા લાવવા માટે અલાહેદી રાખેલી અમુક રકમોપર કોઈ કોઇ મતલબીઆ અને બેમરવત વારેશો, પોતાના મરહુમ નેયાગાનોની મરતી વખતની લાગણી તથા ખાહેશોની કાંઇબી દરકાર વગર તરાપ મારી શકે છે. એ બાબત તમામ પારસી ટોળાંને ધયાન આપવા જોગ જરૂરની છે.

માણસ તરીકેની પેહલી ફરજ.

પરવરદેગારની પેદાયસો માહેલી માંણસ એક એવી ઉત્તમ પેદાયસ છે કે જેને સંપુરણ એલ મના હથીઆરો બક્ષવામાં તે કીરતારની ખુદરતે કોતાઇ કીધેલી લાગતી નથી. દુન્યામાં પેદા થયા પછી ઇનિશાંનને જે કાંઇ પેહલ વેહલું સુજે છે તે "વીચાર" છે; ત્યારે ઇનિશાંન માત્રની ફરજ છે કે એ વીચાર શું ચીજ છે, તે કયાંથી આવે છે અને તેને કેવી તરેહથી ચલાવવો જોઇએ તે ઉપર પેહલું ધયાન આપવું. દરેક ધર્મમાંથી ઘણું વાત સપર પેહલી મલી આવે છે કે "વીચાર, વાચા અને કર્મ—એ સુદ્ધાં હોવાં જોઇએ" હવે આપણુ આપણી પેહલી બાબદ તરીકે "વીચાર"ને લઇશું. આપણુ સાધારણ રીતથી જાંણુયે છીએ કે વીચાર મગજમાં ઉત્પન થાય છે. આ વીચાર શકતી શ્વાસની સાથે મુખય સંબંધ રાખે છે. નાશીકા માર્ગે લેવામાં આવતો શ્વાસ વીચારનો ઉતપંન કર્તા છે; અને એટલાજ ખાતર યોગ વીદ્યા—ખોદાઈ રાહાને જાણુ નારાઓ વિચાર આવતો બંધ કરવા ખાતર દમને રોકવાની વેતરણ કરે છે. જેમ એક પારા (mercury) ની શીશીને આચકો લાગવાથી તે હીલયા વગર રેહતો નથી તેમ મગજ એવી ચંચલ સ્થીતી નું છે કે તેને શ્વાસ રૂપી આચકો લાગવાથી તે કાંઈ ને કાંઈ પણ વિચાર ઉતપન કરવા વિણા રેહતું નથી. આ વિચાર ભલા યા બુરા ઉતપન થવા એ માણસની પોતાની ભીતરની લાગણી અને તેણે કીધેલાં કર્મ ઉપર આધાર રાખે છે. જો એકનાં મગજમાં સારા વિચાર થાય છે તો તે સૃષ્ટી બંધણનાં કાયદા મુજબ પોતાની આજુબાજુનાઓને, દેશને, જાત ને અને દુન્યાને ફાયદો કરનારા થાય છે અને જો એજ વિચારો બુરા હોય છે તો તે સ્વતાને, આજુબાજુના ઓને, દેશને, જાતને અને દુનયાને નુકશાન કરનાર નાશવંત નિપજે છે. અને તેટલાંજ ખાતર જરથોસ્તી ધર્મમાં જગો જગ આ વાત કહેલી છે કે "વિચાર, વાચા અને કર્મ નેક રાખજો" કે જેથી જગતનાં બંદોબસ્તને હરકત પોંહચે નહી પણ ઉલટી તેની વૃધી થાય. ત્યારે માણસ જાતની ફરજ છે કે પોતાનાં વિચારને નેક બનાવવો. ઘણી વખતે ઇનશાન પોતે ચાહે છે છતાં તેને તેની આજુ બાજુની હાલતથી વિચારોમાં ખામી ઊતપન થાય છે, અને તેવી વેલાએ તે બાપડા ઇનશાનની હાલત ખરેખર દયા ઉપજાવવા જોગ થાય છે. દાખલા તરીકે એક ઇનશાનને પોતે નહી ચાહવા છતાં સ્ત્રી લંપત જેવી કોઇ બદીની ચીજ નજરે દેખવાથી તેના ઉપર વિચાર દોડે છે, અને વલી તેની પાછલ તરત ભ્રાંતી આવી જાય છે ત્યારે તેની ભુલ જોય છે અને પોતાને આવેલી પેહલી યાદ તે તુરત યાદ કરે છે અને કીધેલા વિચાર માટે પાછલથી ફોકટમાં પસતાય છે. વાંચનાર પુછશે કે એ પેહલી અને પાછલી લાગણી કયાંથી આવી અને જયારે પેહલી કરતાં પાછલી છેલી આવી તયારે એ તો ધારોજ છે કે છેલી બાબદ પરજ ધયાંન વધારે દોડે, અને તેથી તે ઇનશાન જયારે ગફલતીમાં પડી જઈ બુરા વિચારને આધીન થાય છે તેમાં તેનો તકસીર નથી. પણ નહી એમ નથી; પેહેલી જે ખબર આપે છે તે ઇનશાનનું અંતઃકરણ છે કે જયાં "વહુ-મન" (ભલું મન) વાસો રાખે છે. અને જે ચીજ ભ્રાંતીમાં નાખે છે તે હવસ છે, જે "અકોમન" ઇંનદ્રીઓની મારફતે આ ખાકી શરીરમાં રહેલો છે. હવે વિચારની શકતીમાં ઇનશાનને ખામી જે રહે છે તે પેહલા આવતા જવાબને ગ્રહણ કરવાની છે. તે પેહલી અને બીજી બેઉ લાગણીઓને આવી જવા દેય છે અને તેથી મગજ શકતીનાં કાનુન પ્રમાણે છેલામાંજ તે લીન થઈ જાય છે. આ ખામી દુર કરવા માટે ગ્નાનીઓ ઇશ્વરનાં એકાદ નામની જપ કરે છે અને મનમાં અને મનમાં દીવસનો સઘલે વખત હકતાલાનાં એક નામને યાદ કરતો રેહે અને તે આદત એટલી બોહલી પડે છે કે તેને ઉ બેસતાં, ખાતાં, પીતાં અને વિચાર કરતાં સ વેલા તે નામતું સમરણ થયાજ કરે છે અને તે પોતાને મલતા બેઉ જવાબોમાંથી "વ અવાજ પારખી તેની ઉપર અમલ કરે છે, કરતાં કરતાં તે પોતાના વિચારને એટલા બનાવે છે કે તેનાં શરીરની અંદર આખ

ને માટે એક સરખોજ વિચાર, માયા અને લાગણી રહી જાય છે, અને તે ઈનશાન પોતાનું ચાહે તેવું બુરૂં કરનાર પ્રાણીનું કદીબીબુરૂં ઈચ્છતો નથી, અને જયારે તે બુરૂ ઇચ્છતો પણ નથી તો બુરૂ તો કરેજ કયાંથી ? વાચા અને કર્મ વિચાર થીજ બની શકે છે અને તેટલા ખાતર તેઓ સ્વતંત્ર નથી અને માણુસ જાતની જે પેહલી ફરજ છે તે એજ કે તેણે પોતાના વિચારને સંપુરણ પવિત્ર બનાવવા કે જેથી તે આ અને પેલી જગ તમાં સરવને ઉપયોગી થાય.

બંદગી કેમ કરવી ?

હકતાલાને યાદ કરવો એ ઈનશાંન જાતની ફરજો માંહેલી સર્વેથી પેહલી ફરજ છે અને તેટલાં ખાતર સઘલા ધર્મવાલાઓ તેને યાદ કરવાનાં મંત્રો અને રેવાજ કાહડી ગયા છે. આપણુ જરથોસ્તીઓ સાધારણુ રીતે અવસ્તાનાં કલાંમો ચોપડીમાંથી યા મોડે બોલી જઇ સંતોષ માનયે છીએ. "ભકતી" આ સબદમાં યોગનું એક અંગ સમાયલું છે. ખોદાના પ્યારા થવા ખાતર તેની સ્તુતી કરવી એ પેહલું પગથિયું છે, અને તેજ જો આપણે ખરેખરી સીઢીથી ઓલંગ્યે નહી તો આગલનો માર્ગ નજરે પડે નહીં. ભકતી માર્ગ અખ્તીઆર કરવા ખાતર સપર પેહેલું મનને શાંત કરવું જોઇએ. બીજું તેને માટે ચોકશ લાગણી, વખત, જગા નિયમાંત કરવું જોઇ એ, કારણુ કે જો આપણ માણુસ જાત ભોજંનનો વખત ચુકીએ છીએ તો જે તરેહથી પેટમાં ભુખનાં સોલા ઉઠે છે તેજ તરેહથી એબાદતનો વખત થતાં જ તે માલેકની યાદનાં પરપોટા અંતરમાં દોડાદોડ કરવા જોઇએ. કેટલાકો કહે છે કે હમો ભકતીતો કરીએ પણ ભણુવા બેશીએ છીએ ત્યારે મન શાંત રેહેતું નથી, બીજા સાહેબો કહે છે કે વગર સમજનું પટપટી જવું એ શું કામનું? તેના કરતાં ગુજરાતીમાંજ ભકતી કરએની ? પેહેલાઓને માટે પલબતાં રસ્તો તો છે, પણુ તે અખતીઆર કરવો તેઓનું કામ છે, કારણુ કે એવા રસ્તાઓ હંમેશ ા બીકટ હોય છે, અને બીકટ રસ્તે જો કે સ ઉમંગનું મારયું થોડો કાલ દોડે છે, તો પણુ લો થઇ જલદીથી તેને છોડી દેછે, અને ઇનશાં ર સાધારણુ ખાંમી છે તે બતલાવી આપે છે. ી એજ ખાંમી પારખવા ખાતર આત્મ ગ્નાંની ના શિષ્યોને વરસોનાં વરસ ટંગાતા રાખે ઓની ધીરજને થાકવી નાંખેછે, અને તે ી જે વીરલો વલગી રહે છે, તેજ ગ્નાંનને પ્રાપ્ત થાય છે એ બાબતમાં મનને શાંત રાખવાને ખાતર બે ચીજને સ્થીર રાખવી ઘટેછે. પેહેલું તો સ્થીર આશન અને બીજું સ્થીર આંખો. સુખાસને સ્થીર બેસી આંખોને નાંકની ટીશકીપર લાવી હેડવી વગર બંધ કરવે તેને ઠરેલ રાખી મોડેથી એબાદત કરવી અને તે બનતાં સુધી વગર અચકવે વગર થોભવે અને અંતરની લાગણી સાથના અવાજથી કરવી. મોહોડેથી બોલવાથી યા રાગ કાહાડવાથીજ કાંઈ એબાદત થતી નથી. કલાંમો સપર પેહેલાં સમજવાની વેતરણુ કરી તેના કરડા પણુ ગાવાથી આકાશમાં તેની અસર થાયછે. બીજા વાંધાવાલા સાહેબો કદાચ પુછશે કે આકાશમાં શું અસર થાયછે. આ સાહેબોને સ્વરની બાંધણી સમજ પાડવી ઘટેછે. આપણે જે સાધારણુ બોલીએ છીએ તેની બાંધણીમાં અને અવસ્તાનાં કલાંમોની બાંધણીમાં ઘણીજ ફેરછે. અવસ્તાનાં કલાંમો એવી રીતે ગોઠવાયલા છે કે તે તેના ઠેડવેલા કાયદા પ્રમાણે ભણુવાથી આકાશની અંદર તેના સીધા લીટારૂપી આકારો પડેછે. આપણા સાધારણુ અવાજનો પણુ આકાશ (એટલે આપણી આજુબાજુની ખાલી જગા eather) માં આકાર પડે છે ત્યારે સવાલ ઉઠશે કે જ્યારે બેઉ અવાજોનાં આકાર પડેછે તો પછી અવસ્તામાંજ કાંય બંદગી કરવી જોઈએ ? ત્યારે આપણુ કહીશું કે ઉપર કહ્યું તેમ અવસ્તાનાં સ્વરો એવી રીતે ગોઠવાયલા છે, કે તે અવાજ આકાશમાં સીધ્ધો ચાલે છે, અને તેથી ધારેલે ઠેકાણે તેનો પડઘો પડેછે અને ત્યાંથી થયલો પ્રતીબપર્શ ભકતી કરનારને પાછો મલેછે, કે જેને ખુદરતી અવાજ કહે છે. અવસ્તાનો દરેક કલાંમ પછી તે ઝંદ યા પાઝંદ ગમે તે કહો, ઘણીજ મોતેબર બાંધણીનો છે. મંત્ર વિદ્યાનો દરેક અભ્યારી એની બનાવટ ઉપર આફરીન કરેછે; કારણુકે જયારે બીજા મંત્રો તેની

દીધી પુર્વક નહી ભનાવાથી નુંકશાન કરેછે. ત્યારે આ ખોદાઇ કલાંમ, તેના ભગતને અશોઇ અને પવીત્રાઈ શીવાય બીજે કોઈબી માર્ગે લઈ જતો નથી. અશોઇ એજ આત્માની મુકતીનું મુલછે, અને મુકતી એજ બેહસ્ત છે માટે તે પરવરદેગારને તેનાં બક્ષેલા કલાંમોથી યાદ કરવો એ દરેક મઝદયશની ભાઇ ઓની આઇન ફરજ છે. કેટલાકો યઝદ, અમશાશ પંદોની ભકતી કરવા અચકે છે. પણ આટલું યાદ રાખવું જોઇએ કે, એક રાજા યા હાકેમ પાસે જવાને માટે તેનાં સીપાઈથી સેકરેટરી સુધીની મદદ લેવી પડે છે તેમજ ખોદાવંદ જેવો મોહટો પાદશાહ જેને પોંહચવા માટે યઝદ અમશાસપંદોની મારફત લેવી જોઇએ. એ વીષે કોઇ બીજી વેલાએ વીસ્તારથી બોલીશું.

કાંમદેવને તાબે કેમ કરવો?

વાંચનાર! આ વીષય ઉપર બોલતાં માંણસ જાતને અંદાજાને ખાતર ઓછું અટકું ગંભીર રેહવું પડે છે, અને તેટલાં ખાતર ઘણી વેલાએ એ બાબદ ઉપર ચુપકીદી અખત્યાર કરવી પડે છે. કામદેવ એ ટલે સ્ત્રી સંબંધના હવસ ઉપર મવક્કલ દેવ. હિંદુ લોકમાં એક કથા છે કે "કાંમદેવને માંહદેવે બાલી નાંખયો તો પણ તે સજીવણ થયો." એટલે એવી મતલબ કે આ લાગણી ઉપર માહાદેવને એટલો બધો અખત્યાર હતો કે, જેમ એક ચીજ બાલી નાબુદ કીધા પછી હસ્તીમાં હોતી નથી, તેમ માહાદેવમાં કાંમદેવ જેવી લાગણી હતી નહી, તોએપણ પાર વતી જેવી સ્ત્રીનાં સમાગમથી માહદેવમાં એ લા ગણી ઉતપંન થાઇ.એ ઉપરથી આટલુંજ સમજવાનું છે કે આપણી આજની બાબદ એક લાગણીરૂપી દેવ સાથે, મનોસત્વથી સરીરરૂપી હથીયાર વડે લડવાની રીત સોધવાની છે. આપણ ઘણાઓને બોલતાં સ મજયે છીએ કે સરવ દુરગુંણ કરતાં આ બીજરનાં બુરા ગુણનો નાંશ થવો મહાલ લાગે છે. સાચુ બોલનાર, પ્રમાંણીકપણે ચાલનાર, ભક્તી કરનાર વ ગેરે ઉતમ ગુણવાલાં માણસ પણ આ લાગણીથી ખાલી રેહેતાં નથી. આ લાગણી સરવને ઓછા અદકા પ્રમાણમાં હોય છે અને તે શરીરનાં પ્રમાંણ માં બલવાંન અને મનનાં પ્રમાંણમાં વધતી ઓછી હોયછે. સ્ત્રીનાં વેહેવારમાં જવું તેજ કાંઇ હવસ ગણાતો નથી. તે વીશેનાં વીચાર, લાગણી એ ખરે ખરા હવસો છે, કારણ કે જે એવા લખનું મુલ છે તે વીચાર છે, અને વીચાર પછી લાગણી થાય છે, અને તે લાગણીને તૃપત કરવાને કર્મ કરવાં પડે છે. જુવાન માણસો જયારે સ્ત્રીઓની હીલચાલ નીહાલે છે ત્યારે દુન્યાનાં ઘડાયલા માણસોને તેઓને તેમ કરવાથી વારતા જોઇએ છીએ અને તેજ વેલાએ જુવાન પુરૂષોને એવો જવાબ આપતાં સાંભલીએ છીએ કે ઇશ્વરે આંખો આપી તે જોઈએ નહી તો શું કરીયે? હવે હવસની લાગણીને દાખલ થવાનો દરવાજો તે આંખ છે. જો એ દરવાજો હંમેસા ખેલ ગાંમ ઉગાડો રાખવામાં આવે તો ઇનશાંન એ લાગ ણીનો ભોગ થઇ પડે તેમાં નવાઇ નથી. આપણી આંખો આ બાબદમાં એક ફોતોગ્રાફનાં કેમેરાની ગરજ સારે છે. જેમ કેમેરામાં પાડેલો ઓલો એક કે બે સેકન્ડમાં રહી જાય છે તેમ આંખોમાંથી પડેલો સ્ત્રી જાતીનો ઓલો માંહે રહી જાય છે અને તે મન રૂપી દવાઓથી ખીલી (develope) નીકલી બુરી ઇચ્છા પેદા કરાવે છે. ખુદરતી નીયમ મુજબ એક ચીજનો વીચાર કીધો એ તે ચીજ અમલમાં મુકવા જેટલું પાપ યા સવાબ કરાવે છે. આપણી આંખો જયારે કેમેરાની માફક કામ કરે છે, ત્યારે જો આપણ દેખેલી ચીજને માંહે દાખલ થઈ જવા છતાં આં ખનાં પોપચાં ઘાકીશું નહી તો તે આકાર જેમ કે મેરાના લેંન્શના પાવરના પ્રમાણમાં વખત કર તાંને અધીક વખત થવાથી કાચ (overex pose) થઈ જાય છે, તેમ માંહે તે છેકાઈ જ અને તેમ થવાથી રફતે રફતે તેથી ઉત્પંન થતી ગણી કરવાનો લોભ આડે આવે છે, અને તેથી અ તરો અજમાવનાર તે વેલા એવી હાલતમાં અ જાય છે કે ત્યાં ઘણી વેલા તે લોભને અરથે ચીજનો ભોગ આપી દેય છે. આ ઠેકાણે સ્થીર રાખી બેઉ ચીજના ભવીષનો તો અને વર્તમાનનો ભોગ આપવો. આ લાગ

લોભને દુર કરવા સારૂ ગ્નાનીઓ ઉપલી રીત પ્રમાણે આંખો ખુલીજ રાખી ઇશ્વરનું નામ યાદ કરે છે, કોઇ પોતાની મા, બેહન યા એવી સ્ત્રી કે જેને માટે તેને ઇશ્વરી માન હોય તેણીનો આકાર મનમાં કલપે છે, કોઇ તેમાં ઇશ્વરનો અંસ માની તેમાંથીજ હરીનું ધયાંન લેય છે; વગેરે ઘણી રીતીઓ વાપરે છે.

આ આંખો કે જેમાંથી જોઇને આપણે મજા મેલવ્યે છીએ તે મજા હરી દરષણથી આપણને દુર રાખનારી હોવાથી સુરદાસે તે ફોડી નાખી હતી તેથી વાચનાર જો ઉપલાં લખાંણમાં તમને કાંઈ સખતાઇ માલમ પડે તો તે દરગુજર કરશો.

બંદગી એટલે શું ?

આપણો આજનો સવાલ સેહેલો નથી. તે જો કે ટુંકો છે, તોપણ તેમાં જે મહત્વતા, બુલંદી, શ્રેષ્ટપણું સમાયલું છે, તેનો ખ્યાલ થોડાંજ ભેજાંઓ કરી શકશે. બંદગી કરનારને બંદગી કરવા પેહલાં "બંદગી એટલે શું ?" આ સવાલ તપાશવો અતી અગત્યનો છે. આપણે ઘણા સાહેબોને રાત દહાડો બંદગી કરતા જોઇએ છીએ, પણ એઓ માહેલા ગણત્રીનાબી બંદગીની ખરી ખુબીને પુગી વળેલા હોય એમાં માનવાને શકની જગયા રહે છે. ઘણા બંદગી કરનારાઓ માત્ર ભણતણ ભણી જવામાં બંદગીની સઘલી ખુબી શમજતા જણાય છે. પણ ખરેખર જોતાં તેમ નથી-બંદગી શાથે માણુસ જાતે પોતાની સઘલી વર્તણુક અને ચાલચલણ ઘણીજ પ્રમાણીક અને સદગુણી રાખવી જોઇએ. ખરાં દીલથી, સાચા ભકતીભાવથી, સાફ અંતઃકરણથી અને ચોખ્ખી દયાંનતથી એકાન્ત જગયામાં પરસ્તેશ કરવી એનું નામ બંદગી છે. બંદગી કરનારાઓએ એકાન્તવાસને પેહલાં શોધવાનો છે, કે જે એકાન્તવાસ વગર તેમની બંદગીની ખુબી, અસર, દબદબો કે ઝમક ટકી શકતાં નથી. બંદગીથી આપણા શરીરની સઘળી પિડાકારીઓ મટી જાય છે. મનમાં બુરા વિકારોનું ખંડણ થાય છે અને રૂડી બુધિ તેમાં જગયા લે છે. બંદગી દરજજો પાક પરવરદેગારે બહુ બહુ આલા દરજજો લો છે અને એની શાહદતો માટે આપણને દુર પડશે નહિં. આપણા કદીમ વતન ઈરાંનનાં જાલાલ પાદશાહો નુરી કેબલાઓ પ્હાડપર સ્થાપી ી પરસતેશ ચાલુ રાખતા હતા તેનું કારણ શું? બંદગીને એક ખુદાઇ દરજજાની આળામાં ણેલી છે અને તેથી તે એકાન્તમાં થવી જોઈએ ી આપણા સંસારની મિથ્યા માયાનો સહેજ ે બુલંદ ખુદાઇ વિચારો કરતી વેળા તેમાં ભેળાવા પામે નહિં. આપણા પાક કલાંમોમાં બંદગીને બહુ મોટી અગત્યતા આપવામાં આવેલી છે, જે દેખાડી આપે છે કે બંદગીને હજરત જરથોસત સાહેબે કેવી બુલંદ દરજજાની ગણેલી છે. સરોશ યશ્ત હાદોખ્તનાં પેહલા કરદાનાં પેહલાજ ફકરામાં પેહલી બંદગીની બુલંદી વખાણી છે. જેમાં આપણી વકફી કરતાં વધુ શ્રેષ્ટ પદવીથી તેને સિંગારવામાં આવી છે. "નેમો વોહુ, નેમો વહિસ્તેમ, જરથુસ્ત્ર ગએથાબ્યો તત ફ્રવતો ફ્રવતામ ઉર્વતો પઇતિ-દારેસ્ત; તત ફ્રવતો ફ્રવઇત્આઓસચ અપિ, ઉપિ,કરેન,ફ્રરેથ્ર,જફ્રરે દરેજવાંન પઈરિ-ઉર્વએસ્તેમ.યત નેમો વોહુ અઘવીમ અત્બએષેમ નઈરે હાંમ-વરેતીશ, ત્દનો વારેથમ દારેસ્ત."- આ અવસ્તાઇ કલામો નીચલો અર્થ રજુ કરે છે:- "અએ જરથોસ્ત ! દુનીયાંનાં લોકોને માટે (યાને દુનીયાંનાં લોકોને ફાયદાને માટે) બંદગી સારી છે, બંદગી સઉથી સરસ છે. તે બંદગી દરવંદો માહેલા જોરાવર દરવંદની સામે એક બંચાવ છે. તે બંદગી નર દરવંદ તથા માદા દરવંદની હુશીયારી ખેંચી લઇ તેમનાં કાન તથા આંખ ઢાંકનારી છે. તે બંદગી તેમનાં હાથ પગની બેડી છે. ખરાં દીલથી, સંપુર્ણ અશોઇથી કીધેલી બંદગી બદીની સામે માણુસ જાતનો બંચાવ છે. દરૂજની સામે ઢાલ છે. તે બંદગી નાપાક દરૂજોને દુર હટાડનારી છે." આ એજમતી પાક કલામો આપણને કેવા ઉમદા ખ્યાલો બક્ષે છે ? કેવી નાદર અને કીમતી અસર આપણાં ભેજાં ઉપર તેથી થાય છે ? બંદગીની મહત્વતા ત્યારે એવી છે અને મ્હાન ફીલસુફો, દાવરો, દસ્તુરો અને પયમબરો જેને વખાણી ગયા છે, તે ખોટું હોય નહી. ઉપલાજ ફકરામાં " ખરાં દીલથી કીધેલી બંદગી " ("અઘવીમ") આ શબ્દ આપણી ઉપલી એકાંત બંદગીની અગત્યતાને મુગો ટેકો આપે છે. બંદગી હ

મેશાં એકાંત જગે થવી જોઈએ, કારણ કે એકાંત જગ્યામાં આપણું અંતરગ્યાન આપણુને આપણા પેદા કરનાર સનમુખ પુગવામાં આપણી કમીનો આવાજ તે મહા ગ્યાનીની મોટી દરબારમાં રજુ કરવામાં બહુ મદદ આપે છે. સંસારી ખ્યાલો સાથ બંદગીને ભેળી નાખીને કીધેલી બંદગી ખરી બંદગી ઠડતી નથી, કાંકે તેની શ્રેષ્ટતાને તેથી ઝાંખ પુગે છે અને બંદગીની બુલંદી નહી સમજવાનું આડકતરૂં આળ આપણે માથે ચોંટે છે. બંદગીનો ખરો અર્થ એજ કે દીવસમાં એકથી અનેકવાર તે પેદા કરનાર સાહેબને ખરાં એકીનથી, અંતઃકરણની ઉંડી લાગણીઓથી યાદ કરવો અને તેણે બક્ષેલી ન્યામતો માટે તેની શોકર ગુજારી કરવી. તેનાં ફરમાનને માન આપી કોઇનુંબી બુરૂં ન વીચારતાં સઉનાં ભલાંમાં સામેલ રહેવું અને હરદમ તેની કમાલ્યતની તારીફ ખરા દીલથી ગાવી એમાં એક આદમ જાતનું ખરૂં જીવન સચવાયલું છે. બંદગી કોઈને ઘટતી નથી—બંદગી એકલા ખોદાનેજ ઘટે છે અને તેમજ છે તો તેની નુંરી ચીજોની સનમુખ એકાંતવાસમાં એકાગ્રહ ચીતે બંદગી કરીએ તેજ ખરી બંદગી કહેવાય અને તોજ તેના ગેબી હાથની મદદ આપણુને મળે.

બાપીકો ધર્મ—તેને જાલવવાની જરૂર.

સ્વધર્મ રક્ષા ગરીબોકા પ્યાર,
સ્તમુખી માંનવ ખોદાવંદકા યાર.
જીગરમે હરી હો દુખ ઇસ જહાંન,
મે, આકેબત પાતા હએ ઝીન્ત મકાંન.

પ્રીય વાંચનાર ! ઉપલી સતરો વાંચ અને તને તરત ખ્યાલ આવશે કે બાપીકો ધર્મ જાલવવો એ કોઇ નવો ધર્મ મેળવવો તેનાં કરતાં હજાર દરજ્જે બેહતર છે. અંગ્રેજ લોકમાં એક કેહવત છે કે પૈસો મેલવવા કરતાંને પૈ બચાવેલી વધારે કીંમતી છે, તેમજ આપણો બાપીકો ધર્મ પછી તે ગમે એવો હોય અને જેની અંદર તે પરવરની અજીમ ખુદરતે આપણુને પેદા કીધા તે ઉપર ઇમાંન રાખી તેનાં ફરમાંનો બજા લાવવાં એ માંણસ માત્રની ફરજ છે. આપણા ઉધરતા જુવાન્યાઓ ધર્મનાં નામને એક જાતની બેડી સમજી તેથી દુર રહે છે. પોતાનો આત્મા જે આ જગતથી મોડે યા વેહલે છુટો પડી કોઇ બીજી જહાંનમાં જનાર છે, અને ત્યાં તેને આ જગતમાં કીધેલાં કાર્યનો જવાબ આપવો છે તે ઉપર મુદલ વીચાર લાવતા નથી. આ દુન્યામાં ખોદાવંદતાલાએ આપણુને પેદા કીધાં તે મોજ મજાહ અને શરીરનુંજ સુખ મેલવવા પેદા કીધાં છે એવો ઘણાઓ ખ્યાલ રાખે છે. તેઓ એમ માંને છે કે આ જગતમાં હરાંમખોરીથીજ સુખ મેલવી શકાય છે તેતો આપણુ જાંણુએ છીએ કે માંણુસની શકતીમાં સાધ્ય છે, પણ સારાં કામ કરી હયાં દુખી થવું અને ત્યાં સુખ છે કે નહી એ આપણુને ખાત્રીપુર્વક નથી એટલે કદાચ એ ચીજ અસાધ્ય હોય એટલે તે પડતી મુકે છે. પણ આ વાત તેઓ ભુલી જાય છે કે ઘણો કાળ સુધી પણ જીવવા છતાં એક વખત ગુજર પાંમવું પડે છે અને જયારે ગુજર પાંમવું એતો સીધ્ધજ છે ત્યારે ત્યાર પછી કયાં જવાનું છે અને ત્યાં શું થવાનું છે તેની સમજ મેલવવી જોઈએ. અને હયાં ધર્મ આવીને આડો ઉભો રહે છે. તે જવાબ દેય છે કે ગુજર પાંમવા પછી મીનોઇ જહાંનમાં કરણીનો જવાબ આપવા જવાનું છે, અને ત્યારે સવાલ ઉઠશે કે જયારે ધર્મ એમ કહે છે તો જુદા જુદા ધર્મનો તો જુદો જુદો મત છે; પારસી, મુસલમાંન, અંગ્રેજ વગેરે ધર્મો તો બેહસત અને દોજખની સમજ આપે છે, વલી હીંદુ ધર્મમાંતો પાછો બીજો અવતાર લેસો એમ સમજાવે છે ત્યારે ખરૂં કયું અને ખોટું કયું, માંનવું કોણુને અને છોડવું કોણુને. હયાં વાંચનારને ... કજ જવાબ બસ થસે, કે જે ધર્મમાં પરવરદેગાર ... ખુદરતે તને પેદા કીધો છે તેમાં તેની કાંઇબી ... લબ હોવી જોઇએ. અને ખુદરત જયારે મત... રાખે છે ત્યારે તો તારે ત્યાંજ રહીને તેની મત... સોધી કહાડવી જોઈએ. અને સોધ કરવા માટે ... ખોલ કરવી જોઈસે, અને ખોલ કરતાં તેજ ... તને મલી આવસે કે ખુદરતની મતલબ ... કે તું આ જગતમાં સારા વીચાર, વાચા...

કરી તે પરવરદેગારની આલમને એકસાંન થાહ અને ત્યારે તુંને તે પરવરદેગાર ચાહસે, અને તેનો ચા હ મહાભારત સુખોનાં સાંધણુ તરીકે બસ છે. ઘણુા ઓને ધર્મને નાંમની ક્રીરીયા ભકતીનો અભાવ હોય છે, એવા ઘણુા સાહેબો છે કે જેઓ સીખેલા ભ ણેલા છતાં, પોતાની ધર્મ સંબંધી ફરજો સમજતા હોવા છતાં અખાડા કરી જાય છે, અને ફકત દેખા દેખીને ખાતર પોતાનાં બાપીકા ધર્મોની રશમ પાલ તાં શરમાય છે. પ્રીય વાંચનાર! તારા બાપીકા મેંધ ઉપર બેઇમાન યા ઘચુપચુ થવા અગાઉ બેહતર કે તું તે ધર્મ શું છે અને શું શીખા ડે છે તે જાણુ, જો, અને સમજ અને તયાર પછીજ તે છોડી દેવાની વાત કરજે, કારણુ કે ઘણી વેળાએ સમજીને યા શીખામણથી કીધેલાં કામને માટે પણુ પસ્ચાતાપ કરવો પડે છે. દેશી ભા ઇઓને એટલીજ અરજ કરવાની કે પોતાના બાપીકા ધર્મની ખરી ખુબી સમજવા વગર તેને વેહેમ ગણી છોડી દેવો નહી, કારણુ કે સવ-ધર્મ જેટલો સુતરો, સાચો, અને નીતીવાન છે, તેવી સેહલાઈ, સચાઈ અને નીતી બહારથી મલવી કઠણુ છે. જેઓ જાણુ વા છતાં ધર્મની રસમને કડાકુટ લેખી તેથી પહરેજ રહે છે તેઓ આલસની ખામી માટે ખુદરતનાં ગુને હગાર છે. જેમ શરીર સાચવવા માટે ખોરાકની જ રૂર છે, તેમ આતમાને સાચવવા માટે ધર્મનાં ફર માનની જરૂર છે, માટે સરવને લાજમ છે કે ધર્મના ફરમાનોને માનથી જોઇ તે પ્રમાણે વરતવું.

"હોમ."

યજસ્નેનું આખું દફતર જરથોસ્તી ધર્મ પાળ નારાઓને માટે એક એવો કીમતી ખજાનો છે કે જે ખજાનાંમાંથી મળી આવતાં અગણીત નશીઅત રૂપી ગોહરો ખુટતાં ખુટે નહીં. યજસ્નેમાં આપણા પવીત્ર પેગમબર સાહેબ અશો જરથોસ્તનાં ગાથાઓ તથા તેના શાગેર્દોનાં ધર્મ સંબંધી ભાષણો અને કીર્તનો સમાવેલાં છે. એમાં ઘણી જુદી જુદી બાબદોનાં વર્ણન આવ્યાં છે, જેમાં યજસ્નેના ૯ મા તથા ૧૦ મા "હા"માં "હોમ"નું બહુજ જાણવા જોગ બ્યાન કરેલું છે. "હોમ" ચાર જાતના છે. આપણાં અવસ્તાઓમાંથી હોમને લગતી જે વીગતો મળી આવે છે તે તરફ જોતાં ચાર જાતના હોમમાં [illegible] લા હોમને છજદ ગણ્યો છે, કે જે હોમ શીળનાં ઝાડો ઉપર મવકુલ છે, રજો હોમ પાલો છે, [illegible]જો હોમ એક પેગંબરી દરજાનો યા દસ્તુર [illegible] ગયો છે અને ચોથો 'હોમ ખરેનંધ' નામનો શખ્શ હતો, જે કોણુ હતો અને તેણે શું સારાં કીધાં લતાં તે માલમ પડતું નથી, પણુ ફરવર [illegible]સ્તમાં તેનાં નામને યાદ કરેલું છે. પેહલા એક છજદ ગણ્યો છે અને તેને 'હોમ દુરઓ [illegible] નામ આપેલું છે. વળી 'હોમ ફ્રાસ્મી' કરી [illegible]ક જગે એને ગણેલો છે. ત્રીજો હોમ એક સરખો યા દસ્તુર હતો, જેણે મુંજી અફરા ડી પાકજાદ પાદશાહ કેખુશરોને સ્વાધી ન કીધો હતો. પણુ બીજા હોમ તરીકે હોમના જે પા લાને ઉપર આપણે ઓલખી આવ્યા છે તેના સંબંધ માં યજસ્નેનાં મજકુર બે "હા" લખાયા છે. તેને મા ટે જણાવેલું છે કે તે અલબરૂજ પ્હાડપર ઊગે છે. પરૂથ્વીને એની મતા ગણી છે, કાંકે પોતામાં તે ણીને સપોવી રાખે છે અને વાદળાં તથા આકાશને તેનાં મદદગાર ગણ્યાં છે. હોમ અશો જરથોસતનાં સવાલનાં જવાબમાં યજશનેના ૯ માં હાનાં રજા ફક રામાં જે કહે છે તે ઉપરથી જણાય છે કે તે દુઃખ દરદને દફે કરનારો છે. તેમાં તે જરથોસતને અરજ કરેછે કે જેમ દીનના બીજા પેશવાઓએ મને વખા ણ્યો તેમ તું મને તારીફનાં ગાયણોમાં વખાણુ અને મને નીચવીને મારો રસ કાહડ. હોમ કહે છે કે જમ શેદના બાપ વીવંગ્હાઓએ, ફરેદુનનાં બાપ આથ્વય એ, કેરશાસપના બાપ થ્રીતે અને જરથોસતના બાપ પોરોશસપે મને નીચવ્યો, રસ કાઢયો તથા ઈજ્યો; તેથી મેં તેમને ત્યાં જમશેદ, ફરેદુન, કેરશાસપ અને જરથોસત જેવા ગોહર બેટાઓ આપ્યા. હોમની ખુબી એટલાંથીજ અટકતી નથી. તે કહે છે કે વાંજ ણી ઓરતોને તે ફરજંદની વૃદ્ધી આપે છે, કુંવારી કન્યાઓને ભરથાર આપે છે અને હરેક સંસારી સંકટોમાં સહાય થાય છે. જે ઓરત હોમની નૈયતે છજેલો દરૂન અપવીત્રાઇથી ખાય છે, તેને હોમ કેવા શરાપ દે છે તે જાણવા જોગ છે. તેવી ઓરતને તે

કહેવા દેછે કે "તું કદીબી એક ધરમગુરૂની માતા નાં થતી—તું કદીબી એક કુટુંબવાળી સુખી માતા નાં થતી" ઈત્યાદી. અવસ્તામાં હોમને પીળો ગણ્યો છે, તેને અશોઇનું મુળ માન્યું છે, મીઠા સુગંધો વચ્ચે પમરતી ડહાળીઓ કળીઓ અને ઠડોનો થવાને તેને આરાધ્યો છે. તેનું સ્થળ પહાડો (મુખ્ય સ્થળ અલબરૂજ પહાડ)માં ગણ્યું છે. આ સર્વ મહત્વતાથી પ્રસન્ન થઇને જરથોસત હોમને ઇજેછે અને તેની સતુતીમાં કહે છે કે "ઓ હોમ તને નેમાજ! ઓ હોમ, તને હું રૂપાની રકાબીમાંથી સોનાની રકાબીમાં રેડું, જમીન પર તને નહીં રેડું; કારણ કે તું ઘણોજ અમુલ્ય છે." [યજસને, હા. ૧૦–ફ.૧૭] અવસતાનો આ ઉત્તમ ફકરો શું દેખાડે છે? એજ કે જરથોસત જેવા મહાન પેગમબરે વટીક તેની મહત્વતા કબુલ રાખી રૂપાંની રકાબીમાંથી, રૂપાંથી ઉતરતી નહીં પણ રૂપાંથી ચહડતી રકાબી—યાને સોનાંની રકાબીમાં રેડવા ચાહયો છે, યાને હોમ એટલો બધો અમુલ્ય છે. વળી જરથોસ્તની પોતાની ઉત્પત્તી હોમને આભારી હોવાથી તે હોમ પાસે ૬) બખશેસો માંગે છે,તેમાં પેહલું બેહેસત,બીજું તંદરોસતી,ત્રીજું લાંબી જીંદગી, ચોથું પવીત્રાઇ, પાંચમું ખુરાઓ ઉપરનો કાબુ તથા છઠ્ઠું ચોરો, ખુંનીઓ તથા વરૂઓની આગમચથી અગમચેતી માંગે છે. [યજસ્ને, હા. ૯–ફ. ૧૯–૨૦–૨૧.] જરથોસ્તની હોમ ઉપર બીજી પ્રસન્નતા ૧૦ માં હા નાં ૧૪ માં ફકરામાં મળે છે, જ્યાં તે પોતાનું શરીર હોમને અરપણ કરતો દેખાડયો છે. હોમનાં પાલાને બહુ શ્રેષ્ટતા આપવામાં આવી છે તથા તેનાં રસની બનાવટનું વીસતારથી વર્ણન કરવામાં યજસ્નેનો ૧૦ મો આખો હા રોકેલો છે. છેવટે ૧૦ માં હા નાં ૧૮ માં ફકરામાં જરથોસત હોમને કહે છે કે "હોમ! તારે માટે આ ગાયણો તથા વખાણનાં કીર્તનો છે. તારે માટે આ સવાદીપટ ખાણું તથા સાચા પવીત્ર કલામોછે." પોતાના જરથોસ્તી મજહબપર માનની નજરથી જોનારાં એકેએક જરથોસતીને યજશનેનાં ૯માં તથા ૧૦માં હા નો અભયાસ કરવાની અમે નમ્ર અરજ કરીએ છીએ, જેમાંથી તેઓ ઘણુંક નવું અને નવાઇ જેવું જાણશે.

જનાકારી.

જરથોસ્તી ધર્મમાં જનાકારીને મહાપાતક કામ ગણેલું છે. જનાકારી કરનાંર આદમીને અશો જરથોસ્તે પાપીમાં પાપી ગણ્યો છે. જરથોસતી ધર્મનાં ફરમાનોમાં નીતીની જાળવણીનાં જે જાપ્તાઓ મુકેલા છે, તેમાં જનાકારીની મનાઇ મોટી છે. જનાકારી નહી કરવાનું ફરમાન જેમ એક મરદને તેમજ એક ઓરતને સરખી રીતે લાગુ પાડવામાં આવેલું છે. નીતીના કાયદાનું ધોરણ સાચવવાની જે મુળ મકસદ અશો જરથોસ્તે તેમાં સમાવેલી છે, તે ઉપર ગંભીર ધોર કરતાં માણસ જાતની તંદરોસતી તથા દેહનાં સુખનો કેવો મુસતકીમ પાયો તેમાં રચવામાં આવ્યો છે તેનો આપણને ખુલ્લો ખ્યાલ આવી શકે છે. જનાકારી કરનાર મરદ કે ઓરતને દાદાર હોરમજદે દોજખી ગણેલાં છે અને જરથોસ્તી ધર્મ પુસ્તકોમાં જાહેર થયલું છે કે એવાં આદમીઓ હંમેશનું દોજખ મેળવેછે. જનાકારી કરનારથી દાદાર હોરમજદ કેવો કમકમે છે તેનું વર્ણન આપણા પાક કલામોમાં ખુલ્લે ખુલ્લું મળી આવે છે. જરથોસ્ત અહુરમજદને પુછેછે, કે "અય તનોમંદ દુનીયાંનાં પેદા કરનાર અશો અહુરમજદ! કોણ તું અહુરમજદને ઘણો કરોધવંત કરેછે અને પોતે ઘણો દુઃખી થાએ છે?" આ સવાલનાં જવાબમાં અહુરમજદ કહે છેકે "ઓ જરથોસત! જે જનાકાર આદમી, પછી નેક કે બદ, તકસીરવાર કે વગર તકસીરવાર લોકો સાથે પોતાની મની મેળવેછે, તેથી હું કરે[illegible] થાઉછું,તેથી હું કમકમુંછું." વળી જનાકારી નહી કરવાનું ફરમાન જરથોસતી મરદ તેમજ બાનું મા[illegible] એકસરખું છે. સ્ત્રી પુરૂષ કોઇએબી પોતાનાં હક[illegible] ખાવંદ–ઓરતનો હક ભોગવ્યા શીવાય પારકા[illegible] કે નારીની અડાશે નહી જવાની અશો જરથોસ[illegible] ખત તાકીદ કરી ગયલા છે. વંદીદાદની અઢાર[illegible] રગરદમાં જરથોસત અહુરમઝદને પુછે છે [illegible] દાદને પોહચનારા મીનોઇ પાદસાહ! ઓ [illegible] પેદાયશને હસતીમાં મેલનારા પાક અહુરમ[illegible] હગારોમાં મોટા ગુનેહગાર અને ઇજા રાખન[illegible] મોટી ઈજા રાખનાર કોણ છે કે જેનાં કા[illegible]

રમઝદને પસંદ નથી?"—દાદાર અહુરમઝદ આ સ
વાલનો જવાબ નીચે મુજબ આપે છે કે–"એ અશો
જરથોસત! તે તે ધણીછે કે જે જેહકાર (યાને બદફે
લી કરનાર) છે. તે દુનીયાંની પેદાયસને જોહાકની મા
સાલ ખરાબી અને જુલમનો પોંહચાડનાર છે. તે (બ
દફેલી કરનાર) દોજખી જાહેરમાં એ દીનનું પઢવું
કરે છે, પણ બાતેનમાં બુરો હોવાથી પોતાનાં રવાન
ને ચીનવદ પુલપર પોકારવું આપે છે. તે પોતાની
જુબાન તથા ફેલથી અશોઇની રાહને ખરાબ કરના
ર તથા બેહેસતના રસતાને બીગારનાર છે." ઉપલા
ફકરા ઉપરથી ખુલું સમજાશે કે જનાકારી કરના
રને જરથોસતી ધર્મનો ગુનેહગાર ગણયો છે. દી
નદાર અને અશો લોકો તેને ધીક્કારે છે. દાદા
ર હોરમજદની નજરમાં તે બુરામાં બુરો દેખાય
છે અને તેને તેની કરણીના બદલામાં રંજ, આફ્ત,
મુસીબત અને હાણી વગર કાંઇ હાંશલ થતું નથી.
વલી એક કુંવારા ધણીને જનાકારી કરનાર તરીકે
જેટલો તકસીરવાર ઠેહરવયો છે તે કરતાં એક પરણેલા
ને વધુ ગણયો છે, કારણ કે આડે મારગે નહી
જવા માટે તો એક ભલી મોહરદાર સાથ સાદીનાં
પવીતર કોલથી એક થઇ જીંદગી સુધી જોડાઈ રેહવા
નું અશો જરથોસતનું ફરમાન છે અને તેથી તે ફર
માનની રૂહે જોતાં પરણેલા સખ્સની જનાકારી
બેવડા ગુનાહને પાતર છે. કુવારા રેહેવું એ જરથો
સતનાં કાયદા મુજબ પાપ છે, કારણ કે એ એકલવા
ઇ સથીતીમાં માણસની મનોવ્રત્તી હંમેશાં શાંત રહી
શકતી નથી અને તેથી તે જનાકારીને વશ થાયછે.

વળી જનાકારી કીધા પછી તે પાપ ઢાંકવા કાજે હંમે
લદાર થયલી કનયાને દવાદારૂની મદદથી હંમેલ તો
ડી પાડવાની કોશેશમાં મદદ કરવી એ મહાપાતક કા
મ ગણેલું છે, જેનો કરનાર અંધારા દોજખને પોતા
માટે સદા ખુલું મુકે છે. પાપ પર પાપનો એવો મોટો
ગુનાહ અહુરમઝદ શાંખી શકતો નથી. જનાકારીથી
અવતરેલાં બાળકની પરવરશી કરવાની ફરજ જેમ
તે અબલાને શીર નાખેલી છે તેમ તેણીનાં બાળકનાં
ગુજરાણનો આધાર તે મુંજી સખસની પીઠપર આ
પણા પવીતર રેહબરે લીધેલો છે. "વંદીદાદ"ની પંદ
રમી અને "વીસતાસ્પ નુસ્ક"ની ચોથી પરગરદ મધે
અશો જરથોસ્તનાં આ બાબદનાં સખત હોકમોનું
વીસતારથી વીવેચન આવેલું છે. વળી એક જરથો
સતી થઈને પરકોમની સ્ત્રી સાથે જનાકારી કરે તેને
હમકોમની જનાકારી કરતાં વધુ બદતર ગણેલો છે.
ધારો કે એક જરથોસતી એક પરકોમની વેશીયા
સ્ત્રી સાથ જનાકરી કરે અને તે સંબંધથી તે વેશી
યાને એક છોકરી પેદા થાય તો ઊમરે પુગવા પછી
તેજ છોકરી પોતાની માતાના કસબમાં પડીને પાપ
માં ગીરફ્તાર થાય, જે ગુનાહ પેલા જરથોસતી બા
પને સર ચોંહટે છે. હલકી વરણની પરકોમની સ્ત્રી
સાથનો એક જરથોસતીનો સંભોગ બંધેનાં તોખમ
ભેળાઈ જવાથી ઘણી ખરાબી નીપજાવે છે અને હરા
મ ઇલતથી અવતરેલાં એવાં કમનસીબ ફરઝંદો પાં
ચે દહાડે તેનેજ દુખનું કારણ થઇ પડે છે. જરથોસ
તી ધરમમાં જનાકારીનાં ગુનાહને જેવો જબુન ગણ
યો છે, તેવો બીજા કોઇ ગુનાહને ગણયો નથી.

મ

ઇસ્વરી ડહાપણ.—૧

વહીસ્ત અષ સ્તરેસત દરેસામ થવા
ા જમ્યામ હમેમ થવા હખ્મ"-ઈજિશને હા ૬૦મો.
—"સરવેથી સરેષ્ટ અશોઇએ કરીને, સરવે
ઈતી અશોઈએ ઓ ખોદાવંદતાલા તારી દોસતી
પહોંચયે, તુંનેજ જોઈએ અને તારામાંજ એક થ

પણ કાંઇ ઘણી ચીજો વાંચયાથી કે જા
નથી. જયાં સુધી આપણે અશોઇને
ો ઢેડાવ કરતા નથી, ત્યાં સુધી સરવે
(Divine Science)નો અભયા
સ કરવો ફોકટ છે; કારણકે જેઓ સચાઇ શું છે, તે
પીછાણી શકતા નથી, તેઓ કદી પણ એ સમજી
શકશે નહી. ફકત જે લોકો ખોદાઇ રાજમાં દાખલ
થવા માંગશે ને તેનાજ કાયદા કાનુનોને માન આપી
ચાલવા માગશે, તેઓજ ગેબી ભેદો સમજી શકશે.
અને દરેક જણ પોતાની આત્મીક શકતી પ્રમાણે
પોતાનાં અંતઃકરણમાં સચાઇની ઈશ્વરી રોશની મે
લવવાને લાયક હશે, તેટલુંજ ડહાપણ ને સચાઇ
શીખી શકશે. જેઓ ફકત પોતાની ગ્નાનેંદ્રીય

(Knowledge of the five senses only) ઉપરજ આધાર રાખશે, તેઓ ખુદરતના ભેદો (Divine Secrets) કોઇ કાલે સમજી શકનાર નથી, કારણ કે જે ગ્નાન ખાકી ઈંદ્રીઓથી મળે છે, તે તેમના આત્માને સમજ પડતી નથી અને જે શબ્દો તે કહે છે, તે તે સાંભળતો નથી. એ તો જે માણસ પોતાનું હુંપણું તજી દે છે, તેઓજ સચાઇ પીછાણે છે અને અશોઇ (Greatest purity) ના તરીકા ઉપર ચાલયા વગર સચાઇ જણાતી નથી.

ખાકી ઈંદ્રીઓથી તો દુન્યાની બહારનીજ ચીજો જણાય છે. પણ ભીતરની રોશની જોવા માટે અંતર દ્રપટી (Spiritual sight) ખીળવવી ઘટે છે એટલે નહી કે શરીરીક આંખે જોતું પણ આત્મીક આંખે જોવું. મીનોઈ જગત તો એ આત્મીક આંખ વગર દેખાતી નથી અને એને જાગરૂત કીધાથી માણસ આત્મા ને શરીર સાથે શું સંબંધ ધરાવે છે, તે જાણતાં શીખે છે.

ઇશ્વર સરવથી શરેષ્ટ રોશણી બહાર પાડતા એક આતશ માફક છે. એ રોશની તે જીંદગી છે અને રોશણીને અંધકારની વચે જે તબક્કાઓ છે, તે મનુષયના વીચારની બહાર છે.

જેમ જેમ વધારે આપણે તે રોશનીના મધ્યબીંદુ તરફ પહોંચયે છીએ તેમ તેમ આપણને વધારે ને વધારે અજવાલું પડતું જાય છે, જોર મલતું રહે છે અને તેનું પરીણામ શકતી છે જે મોટું ગ્નાન છે. માણસની સરજત આત્મીક રોશણીનાં મધ્ય બીંદુ તરફ જવાની છે.

આદીકાળનું માણસ (Primordial man) તે રોશણીનું એક બચચું હતું. તે હાલ કરતાં પુર્ણતાની વધારે ઉંચી ટોંચ ઊપર હતું, તે વધારે ખાકી ને ખાકી હાલત તરફ ઊતરયું ને આખરે સથુલ શરીર ધારણ કીધું તેથી તેને પોતાની અસલ ઊંચી હાલતે પુગવાને માટે જે રસતે તે નીચે ઊતરયું તેજ રસતે પોતાનાં પગલાં પાછાં ફેરવવાં જોઇએ છે. માણસમાં ઇશ્વરી શકતીનું એક બીજ છે જે ખીલવ્યાથી એક ઝાડ ઊગી નીકલે છે જેની ઊપર અઝબ જેવાં ફળ ઉગે છે; ટુંકમાં માણસનું દીલ ગોયા એક બાગની કાની ખીલે છે. એ બીજ આત્મીક સુર્ય (Spiritual sun)ના તેજી મધ્ય બીંદુમાંથી જે ગરમી બહાર પડે છે તેના જોરથી ખીલી શકે છે અને જેમ જેમ આપણે તે રોશની તરફ વધારે જઇએ છીએ તેમ તેમ એ ગરમી વધારે જોરમાં બહાર પડે છે. સર્વેથી શરેષટ ને અસલ મુલ અથવા મધ્ય બીંદુમાંથી હંમેશાં જોરાવર શકતીઓ પોતાનાં કીરણો ચોતરફ ફેલાવે છે, તેના જુદા જુદા આકાર બનતા જાય છે અને તેઓ પોતાનાં અસલ મુળ તરફ પ્રકાશે છે અને એમ એક હંમેશગીની સાંકલ બને છે જયાં દરેક ચીજ ગતી, જીવ ને રોશણી છે. સાધારણ માણસો તે રોશની તરફ જવાને અશકત છે તેથીજ તેઓ ખોદાને તરેહવાર જુદે જુદે રૂપ જુએ છે, પણ ખોદા હંમેશા તો એકજ છે એ સઘલા તરેહવાર જુદા જુદા નીચારો જે શરીર મલ્યા અગાઉ તે ઉંચી પદવીએ હતો તેને યાદ આપે છે અને જે ખોઇ દીધેલી પદવી મેલવવાને માટે તેને પોતાથી બનતી કોશેશ જારી રાખવી ઘટે છે. જયાંસુધી તે ઉંચી શરેષ્ટ હાલતે પહોંચવાની કોશેશ કરતો નથી ત્યાંસુધી તે દુન્યાની લાલચોમાં ને ફાંદામાં વધુ ને વધુ ગરક થતો જશે અને પછી તેને પોતાની અસલી હાલતે પાછું આવવું ઘણુંજ મુશકેલ થઇ પડશે.

આપણી હાલની ખાકી જીંદગીમાં આપણે તરેહવાર ભયથી વીટલાયલા છીએ અને આપણા બ[illegible] માટે આપણી પાસે ઘણીજ થોડી શકતી છે. આ ખાકી શરીરો આપણને વાખ્યપણામાં સાંકલે[illegible]ધી રાખે છે અને દરરોજ હજારો લાલચોથી [illegible]ણે લલચાઇએ છીએ.

ઇસ્વરી ડહાપણ.—૨

ખરેખર આત્માની પ્રત્યાઘાત (Reaction) સીવાય માણસનો નીચ ખવાસ (Lower nature) તેને જલદીથી ખાકી અંધકાર તરફ ખેંચતો ને ખેંચતો જાય છે, જયાં તેનું માણસાઇપણું તે આખરે ખોઈ દેછે. તોપણ દુન્યાનું ખેંચાન તેને અગત્યનું છે કે જેથી તે સમજીને તેની હવસોથી દુર રહે; જે સમજણ વગર વાને અશકત છે.

માણુસ પોતાની ઈચ્છા શકતીથી (will-power) આગલ વધવાને શકતીવાન છે. અને તેની ઇચ્છા અશોઈના એવા તરીકા ઉપર આવવી જોઈએ કે જેથી તેની મરજીને ખોદાની મરજી એક થાય; એટલે ગમે એવી મુશકેલી યા આફતમાં ખુદરત સામે એક હરફ પણ ન બોલે; સુખમાં ને દુઃખમાં એક સરખી જ મનની હાલત રહે ને ખુદરત તરફ કદી પણ વેર ભાવથી જોય નહી. તેથી તે એવો એક આત્મગ્નાની થાય કે જેથી તે ખુદરતનાં ભેદ ભરમો સમજવાને શકતીવાન થાયછે. એવો માણુસ ચાહે તે ચીઝો કરી શકેછે; કારણ કે ખોદા સાથે એક થઈ જવાથી ને તેના મેલાપથી ખુદરતની સઘલી શકતીઓ તે ગોયા તેની પોતાની શકતી થાયછે. તે હમેંશગી (Eternity)માં રહેવાથી વખત ને જગ્યા જે ફકત મનુષ્યની ખ્યાલી કલ્પના છે તેને તે શરણુ થતો નથી, કારણ કે દીઠ ને અનદીઠ દુન્યામાં ઇશ્વરી શકતીઓનો ભાગ લેછે ને હંમેશગીની ખુશાલીમાં રહે છે જેનું બ્યાન કરવું અશકય છે. માટે તમારી સઘલી કોશેશો તમારા દીલની અંદર નેકીના નાજુક રોપાને ખીલવવામાં થવી જોઈએ, તેને ઉછેરવામાં ને મદદ કરવામાં તમારી ઇચ્છા શકતીને સ્વચ્છ બનાવો અને વખત ને લાલચના ખોટા દેખાવોથી લલચાઇને ઠગાતા ના; અને હંમેસગીની જીંદગી મેલવવા માટે જે દરેક પગલું તમો ભરો તેથી તમને વધુ સ્વચ્છ હવા, એક નવીજ જીંદગી ને વધારે સ્વચ્છ રોશણી મલશે ને તમારા મનની પણ દ્રષ્ટીમર્યાદા (Mind horizon) પણ જેમ જેમ તમો ખુદરતી વીદ્યામાં આગલ વધશો તેમ તેમ તે બહોલી થતી જશે. ફકટ પાંચ ઈંદ્રીઓની દથીજ ખુદરતી ડહાપણ મલતું નથી. જીવ તો ચીજો જાણે છે પણ તેને કોઇ જાણતું નથી. ...ક રોશણી વગરની કેલવણી સુકાન વગરના ...ી મીસાલે છે.

...ષ્ટી આતમીક દ્રષ્ટી વગર નકામી છે. જે ...ડાપણથી વરતે છે, તેજ ખરેખર ડહાયો ...તેણે કેળવણી નહી લીધી હોયતો શું ...ને જોવાને માટે આંખ જોઇએ છીએ, ...ે કાન જોઇયે છે, તેમજ મીનોઇ ભીતરની ચીજો જોવા માટે આપણી પાસે અંતર દ્રષ્ટી હોવી જોઇયે–જેને આતમીક આંખ પણ કહે છે.

આકાશમાંના ફરેસતાથી તે દરયામાંનાં નાનાં જીવ જંતુ સુધી જે જીંદગી વ્યાપી રહે છે, તે આ આત્માથીજ છે. એ આતમીક શકતી હંમેશાં ઉપરથી નીચે ઉતરે છે, પણ નીચેથી ઉપર જતી નથી' અટલે તે હંમેશાં પોતાના અસલ મુળ મધયબીંદુમાંથી તે ફરીધ તરફ ફેલાય છે. જયારે માણુસનું અંતરગ્નાન આતમીક રોશનીનાં રાજમાં દાખલ થાય છે, ત્યારેજ તેની બુધ્ધી ઇશ્વરી સચાઈ સમજવાને શકતીવાન થાય છે. એ સચાઇ મોટા વીદવાનો પણ જાણી શકતા નથી, તેટલાજ માટે જડવાદી વીદવાનો (Materialists and Scientists) ની સમજણ હજી અંધારામાં છે, તેઓનાં દીલમાં મનોવીકારો વાંસો કરે છે અને તેથી તેઓ સચાઈની રોશની જોવાથી બેનસીબ છે. જે માણસ બહારની પાંચજ ઈંદ્રીઓનોજ ફકટ ઉપયોગ કરે છે અને પોતાની અંદરની ભીતરની રોશણીથી બેનસીબ રહે છે તેઓ કદીબી આતમીક સચાઇ સમજી શકશે નહી. એક બહારની દુન્યા ઉપર મરી ફીટેલો માણસ હુંપણાંનેજ વલગી રહે છે, જે માત્ર ખ્યાલી કલ્પના છે ને તેથીજ તે ખુદરતી સચાઇને છોડી દે છે, ને ધીક્કારે છે. કારણ કે સચાઇનું ગ્નાન મલયાથી તેનું પોતાનુ હુંપણુંજ જતું રહે છે. માણુસનો નીચ હવસ તેને એવું સુચવે છે, કે તે એક જુદોજ પ્રાણી છે અને ખોદા પણ તેનાથી તદન જુદો છે. સચાઇનું ગ્નાન મલવાથી એ સપનો દુર થાય છે.

બેત.

આદમકુ ખોદા મત સમજો, આદમ ખોદા નહી,
લેકીન ખોદાકે નુરસે, આદમ જુદા નહી.

આતમીક માણુસ એક રોજનીનું કીરણ છે. માણુસનું ઉંચી હાલતે પહોંચવું કે જે હાલતમાં તે આખી દુન્યા ઉપર સરદારી ને સરસાઈ ભોગવે છે, ને દરેક ચીજને પોતાના કાબુમાં રાખે છે; તેનો આધાર તેનાં પોતીકા ભીતરના ખવાસ (Inner nature) ઉપર રહે છે. માણુસ સ્થુલ ખાકી કોટલામાં એક અહું થયલો આતશ છે.

તેની સરજત આ આગમાં સ્થુલ ખાકી ભાગો મીશ્ર કરી નાખીને પોતાને ઇશ્વરી મધ્ય બીંદુ સાથે જોડાઇને એક થઈ જવાનો છે. જો માણસનું અંતર ગ્નાન ને ભાન હંમેશાં બહારની દેખાઇતી ચીઝો ઉપર લગાડવામાં આવે તો અંતઃકરણમાંની ઈશ્વરી ચીંગારીમાંથી જે રોશની નીકલશે તે વધારે ને વધારે નબલી તથા ઝાંખી પડતી જશે ને આખરે તે નાબુદ થશે. પણ જો અંદરનો ભીતરનો આતશ રોશન કરવામાં આવશે ને તેની ઉપર વધારે ને વધારે ધ્યાન રોકવામાં આવશે તો બીજા સ્થુલત્તત્વોનો તે નાશ કરશે, પોતાને બરની બીજી શકતી તે પોતા તરફ ખેંચશે ને માણસને વધારે ને વધારે ઇશ્વરી રોશણી તરફ લઈ જશે અને ઇશ્વરી શકતીથી તેને નવાજેશ થશે. તે પ્રકટ આત્માનીજ હાલત ફેરવે છે એટલુંજ નહી પણ શરીરનીબી હાલત ફેરવે છે, તેને સ્વચ્છ ને ઇશ્વરી રોશણી તરફ લોહચુંબકના કટકા મીસાલ ખેંચે છે, માણસના સઘલા તત્તવોને પુષ્ટી આપે છે અને છેલે આત્મીક રોશણીમાં મલી જઇ ખુદા સાથે એક થઇ જાય છે. જેમ સાકર દુધમાં પીગલી જાય છે અને તેને જુદી પાડી શકાતી નથી તેજ મીસાલ માણસનો આત્મા પણ ખોદાવંદતાલાના નુર સાથે એક થઇ જાય છે ને જોતમાં જોત મલી જાય છે, અને તેમાંજ આમેજ થઇ જાય છે કે જેનેજ માટે તેણે આ પરથવી ઉપર જન્મ લીધો છે. નીચલી ૪) લીટીથી આ વીષ્ય સમાપ્ત કરીશું:—

જીસ મેહેલમે શાહ ન હો ઊસ મેહેલ કીસ કામકા
જીસ બાગમે બુલબુલ ન હો ઊસ બાગ કયા કામકા
જીસ ગુલમે બુહ ન હો ઊસ ગુલ કયા કામકા
જીસ ઘરમે ખુદા ન હો ઊસ ઘર* કીસ કામકા.

'અશેમ' ના પવીત્ર કલામો અને ખરૂં સુખ.

એક પવિત્ર માણસ દુનયા ઉપર હકુમત ચલાવનાર છે—ખોરદેહ અવસ્તા.

ધર્મસંબંધી બાબદમાં એક જરથોસ્તી બાળકને જે પહેલો પાઠ શીખવવામાં આવે છે, તે 'અશેમ'ના ખુસ્તુમા કલાંમો છે; જેનો તરજુમો નીચે મુજબ કરવામાં આવે છે:—

"અશોઇ શૌથી સરસ ન્યામત છે, તે સુખ છે; સુખ તેને કે જે સૌથી સરસ અશોઇની બાબદમાં અશો છે."

આ પવિત્ર કલાંમના પહેલા શબ્દ 'અશેમ' નો જુદી જુદી રીતે અર્થ કરવામાં આવે છે, જેમકે, સાર્વજનીક ભાઇબંધી, સાર્વજનીક પ્યાર, અશોઇ, સચાઇ, વગેરે.

અશેમના આ ઉમદા કલાંમો આપણને શીખવે છે કે, 'અશોઇ શૌથી સરસ ન્યામત છે, તે સુખ છે. પરંતુ, તે સુખ તેઓનેજ કે જેઓ અશોઇએ ઉત્તમ ચીજ બજાવવાની હોંસથી તેની પાછળ લાગે છે, અને નહિં કે કાંઇ પણ બદલો મેળવવાની ઇચ્છાથી.'

આ દુન્યાનાં દુઃખોની જાળમાંથી છુટા થવાને હરેક માણસ સુખ શોધે છે; પરંતુ ખરાં સુખની ફીલસુફીનાં કાંઇ પણ ગ્નાન વગર અથવા બીજા બોલોમાં કહીએ તો આત્માનાં કાંઇ પણ ગ્નાન વગર તે કોશેસ કરે છે, કે જે તદન વ્યર્થ છે. આપણી હાલની હાલતમાં સુખને લગતા વિચારો આ ખાકી જગત કે જે ફેરફારને આધીન છે, તેને લાગુ પાડવામાં આવેલા હોવાથી તે ક્ષણભંગુર છે. દુન્યાઇ સુખ છે તે ખરૂં યાને અમર સુખ નથી. જે ચીજ આજે આપણને ખુશાલી આપે છે, તે આવતી કાલે આપણી દલગીરીનું કારણ થઇ પડે છે. એટલા માટે આત્મા ગ્નાનની બાબદમાં અગ્નાનપણું એ દુઃખનું મુખ્ય કારણ છે. આપણું હાલનું સુખ એક વાંદરાનાં સુખ કરતાં ભાગ્યે ચડીઆતું હોય. એટલા માટે માણસ જાતનાં સુખને લગતો વીચાર લંબાવીને જગતનાં સઘળાં દેનાં સુખ સાથે બંધબેસ્તો કરવો જોઇએ; અને તે માણે કરવાને માટે આપણે કુલ આદમ જાત સંપુર્ણ ભાઇબંધીથી રહેવું જોઇએ. "સઘળાં દુર્કર્મો દુર કરવાં, સઘળાં સદગુણી કર્મો બજાવવા **મનને આપસ્વારથી ઇચ્છિામાંથી દુર સાફ રાખવું** એ સઘળા મહાન પેગંબરોન છે." ઇશ્વરી દરજજાને પુગેલા સઘળા

* ઘર—એટલે દીલ.

ગંબરો, ફીલસુફો, અને કવીઓ ભાઇબંધી તથા સદગુણને સુખનાં મુળ તરીકે ગણે છે.

અરસતાતાલીસ નામનો મહા ગ્નાની ફીલસુફ પોતાના 'નીતીશાસ્ત્ર' નામના ગ્રન્થમાં સુખને માટે નીચે મુજબ જણાવે છેઃ—"ખરૂં સુખ મેળવવાને માટે સંપુર્ણ સદગુણ હોવો જોઇએ."

ખરૂં સુખ કેથે શોધવા જવું પડતું નથી, તે આપણ પોતામાંથીજ ઉત્પન્ન થાય છે; જેને માટે નેથેન્યલ કોટન નામે ઈંગિરેજ ગ્રંથકાર કહે છે કે, "જો ખરાં સુખને આપણે કીમતી ગણ્યે તો, આ કીમતી જવાહેર આપણી પોતાની છાતીમાંજ સમાયલું છે, અને જેઓ તે શોધવાને માટે ભટકે છે, તેઓ ખરા મુર્ખ છે. દુન્યામાંથી ખરાં સુખનો જરાએ અંશ મળનાર નથી. આપણું સુખ આપણ પોતામાંથી, એટલે આપણા વ્હાલાં ઝુંપડાંમાંથી—આપણાં ઘરમાંથી—ઉત્પન્ન થવું જોઇએ." અહીં ઝુંપડું અને ઘર આ બંને બોલો આ કવીએ અલંકારીક રીતે આત્માને માટે વાપડયા છે. આપણું ખરૂં સુખ આત્મામાંથીજ ઉત્પન્ન થાય છે; જે મેળવવાને માટે ઈંદ્રીઓને લગતાં ક્ષણભંગુર સુખોની દરકાર કરયાવના આપણા આત્માને પ્રકાશવા દેવાની કોશેસ હંમેસ જારી રાખવી જોઇએ, જેથી આખરે તેનું પરીણામ ખરાં સુખમાં આવે. તેમ કરવાને માટે જોઇતા સદગુણો હોવા જોઇએ, કે જેની મદદથી બહુ લાંબે વખતે આ કીમતી જવાહેર મળી શકે. કારણ કે પોપ નામે અગરેજ કવીના કહયા મુજબ "આત્માનો શાંત પ્રકાશ અને ખરૂં સુખ એ સદગુણનું ઇનામ છે." સુખ મેળવવા માટે જોઇતા વખત માટે અરસ્તાતાલીસ હકીમ નીચે મુજબ જણાવે છેઃ—"જેમ એક ચલ્લીના આવ્યાથી અથવા એક સુંદર દીવસના ઉગ્યાથી કાંઈ વિસંત રૂતુ બેસ્તી નથી, તેમ એક દહાડો અથવા કાંઇ ટુંક વખતમાં માણસ ખરૂં સુખ હાંસલ કરી શકતું નથી." સુખ કેથે ખરીદવા જવું પડતું નથી, પણ તે હંમેશાં મુફ્તજ મળે છે, અને એજ માણસ જાતની જીંદગીની મુખ્ય નેમ તથા અંત છે.

'અશેમ'ના પવિત્ર કલાંમો અને ખરૂં સુખ—૨.

હરેક ખરા ધરમ અને ફીલસુફી પ્રમાણે માણસ સાત તત્વનું બનેલું છે; જેમાંનું મુખ્ય તત્વ તે જરથોસતી ધરમ પ્રમાણે જેને આપણે ફ્રરોહર કહીએ છીએ તે. જેને હિંદુ ધરમ શાસતરો પ્રમાણે આત્મા (Spirit) કહેવામાં આવે છે. આ ફ્રરોહર યાને આત્મા તે ખોદાનાં નુરના બહોળા મહાસાગરનું એક ટીપું છે કે જે હરેક માણસને મળયું છે. આ વાત જડવાદી (Materialists) સીવાય હરેક જણ કબુલ કરશે. આ નુર–ઉલ–અનવાર યાને નુરોનાં નુરના મહાસાગરનું ટીપું યાને તે મહા પ્રકાશીત સુર્યનું કીરણ જે હરેક માણસને મલયું છે, અને જે હરેક માણસના આ ખાકી શરીરમાં ખાકી જુસસાઓ અને અગનતાનાં કાળાં વાદળાંઓને લીધે ઢંકાઈ રહયું છે, જયાંથી તે આવ્યું છે ત્યાંજ પાછું જવું જોઈએ, તેને માટે અવસતાની નીચલી બંદગી ખુલી સાબીતી આપે છે:—

"અહિ અષસ્ત અષ સ્રએેશત દરેસામ થવા પઈરી યામ હમેમ થવા હખમ."

સરવથી સરેષટ અશોઈએ કરીને, સરવથી શોભઈતી અશોઈએ કરીને (ઓ અહુરમઝદ !) તારી દોસતીને પહોંચયે, તુંને જોઈએ, તારાંમાં મીશ્ર થઈએ.

અવસતાનો આ ફ્રકરો ખુલ્લું દેખાડે છે કે માણસ જયાંથી તે આવ્યું છે ત્યાં પાછું ફ્રરવાનું છે. એજ માટે દસાતીર નામની આસમાની કેતાબમાં જણાવ્યા મુજબ, યઝદાં અશો મેહઆબાદને નીચે મુજબ ફ્રરમાવે છે—

"અગરજો તે નમુષી રવાંન અનાસરી તનમાં રહેતી વેળા દાનાઈથી નેકી કરનાર, ભલી ચાલચલણ ધરાવનાર, અને હરતાસપ (યઝદાં પરસત) થાય તો જયારે તે રવાન ફાંની દુનયાં મયેનું અનાસરી તન તજે, તયારે હું તેને અમશાસપંદી આલમ કે જયાં ફરેસતાઓ છે, તયાં સુધી પહોંચાડું. જેથી તે મને હમેશ જોઈ શકે."

હવે ખોદાને ઓળખવા માટે પહેલાં ખુદને ઓળખવું જોઇએ. કારણકે દરીયાનું પાણી ખારૂં છે યા મીઠું તે જાણવા માટે તેમાંનું એક ટીપું ચાખવું બસ છે. તેજ પ્રમાણે તે નુંરોનો મહાસાગર કેવો છે તે જાણવા માટે તેનું એક ટીપું જે ફ્રરોહર યાને આ

ત્મા આપણને મળયું છે તેનેજ ઓળખવું જોઈએ. અને તેમ કરવા માટે સંપુર્ણ પવીત્રાઈ તથા દાનાઈ જોઈએ. "પવીત્ર વીચાર, પવીત્ર વાણી, અને પવીત્ર કામો એ ત્રણ પાળવાં એ જરથોસતી ધરમનો મુખ્ય કાનુન છે. એ બરાબર અમલમાં લાવવાથી માણસ પવીત્ર જીંદગીવાલો અને ખુદા ઉપર પ્યાર રાખનાર થાય છે. એ સદગુણો એવી રીતે અમલમાં લાવવા જોઇએ કે. તેમ કરવાની માણસને ટેવ પડે; અને એ ટેવ ધીમે ધીમે એટલી વધી જવી જોઈએ કે, એવી સુભ ટેવ માણસનાં આત્માનો ખુદરતી ખવાસ હોય તે માફક આત્માની સાથે મલી જાય, અને પછી તેવા નેક ખવાસમાં કોઇ દહાડો પણ કોઇબી કારણથી ફેરફાર થઇ શકેજ નહીં, એવો જે માણસ થઇ શકે તેનું ખરેખરૂં તારણ થયલું સમજવું, અને તેવો શખસ ખુદાની નજદીક પહોંચવાને શકતીવાન છે, કે **જે ખુદામાં સદા કાલ ટકે એવો પરમ આનંદ રહેલો છે.** અને તે માણસ સંપાદન કરી શકે છે. આ પરમ આનંદની સથીતીને જરથોસતી ધરમમાં હંમેશગાન અથવા જાવેદાન રોશની કહે છે."

આ હંમેશગાન અથવા જાવેદાન રોશની મેળવવા માટે પુરતાં હથયારોની મદદથી વચ્ચે રહેલો અંધકારનો પડદો કાપી નાખવો જોઈએ.

હાલના વખતમાં હરેક માણસ દુનયામાં સુખ શોધવાને ફાંફાં મારે છે, કે જયાં **ખરૂં સુખ** નથી. જેને માટે મરહુમ શેઠ જ. ન. પીટીટ પોતાની જાણીતી કવીતાઓમાં નીચે મુજબ જણાવે છેઃ—

"નથી એવું સુખ આ જગતમાં હઈયાત,
દુઃખ જેમાં ભેળયું ન કુદરતે સાથ."

આગળ જણાવયા પ્રમાણે ખરૂં સુખ જો શોધવું હોય તો તે માણસમાંથી પોતામાંથી ઉતપન થાય છે. જેને માટે માણસે સંપુરણ **અશો** થવું જોઇએ. આ **અશો**નો ખેતાબ દુનયામાં સઘળાં માન પાનનાં પુછડાંથી તદન જુદો છે. દુનયાઈ ખેતાબ સહેલાઇથી મળી શકે છે અને તે ક્ષણભંગુર છે. પરંતુ આ **અશોનો** ખેતાબ સહેલાઇથી મળતો નથી. તેમજ તે અમર છે. ખરા પેગમબરી દરજજાવાળા માણસોજ એ ખેતાબ મેળવી શકે છે. હજરત જરથોસત સાહેબને ખુદ અહુરમઝદ 'અશો જરથુસત' એ નામે બોલાવતા યજશનેમાં માલમ પડે છે. અને એજ ખરો ખેતાબ છે. કે જે દરેક માણસે મેળવવાની કોશેસ કરવી જોઇએ. પરંતુ આ વાત ધ્યાનમાં રાખવી જોઇએ કે અશો થવું તે માત્ર અશોઇનેજ માટે અને નહીં કે કાંઇ પણ **દુનયાઈ ફાયદા મેળવવાની ઇચ્છાથી.** જેમ સખાવત કરીને કાંઇ પણ બદલો મેળવવાની આશા રાખવી એ ખોટું છે, તેમ અશોઇથી કાંઇ પણ દુનયાઈ ફાયદો મેળવવાની ઇચ્છા કરીને અશો થવું એ માત્ર એક ઢોંગ છે. તે ખરી અશોઇ કહી શકાયજ નહીં કારણકે અશેમના પવીત્ર કલામો આપણને ખુલું શીખવે છે કે ખરૂં સુખ તેનેજ છે કે **જે અશોઇને વાસ્તે** અશો છે. પવીત્રાઈ તથા અશોઇ એ ઉત્તમ ચીજ છે, અને તે એક નયામત છે, પણ તેથી ઉપજતું સુખ મેળવવા માટે માત્ર સદગુણનો વીચાર રાખીનેજ અશોઇ કરવી જોઇએ, અને તે એવી નેમથી કે અસવહીસત યાને સૌથી સરસ અશોઇને પહોંચાય. વીચાર, વાંણી, અને કામોમાં સૌથી સરસ સંજોગ રાખવો કે અશવહીસ્ત યાને અરદીબહેસ્ત અમશાસ્પંદની બુલંદી પીછાણી શકાય, અને તે તરફ આસ્તે આસ્તે ચઢતા જવાય. સદગુણ કીધાથી ફલાણી મતલબ સચવાશે, અથવા કાંઇક ચોકસ લાભ થશે એવી લાલચ મનમાં ન રાખતાં સદગુણની ઉપર પ્રીતી રાખીનેજ અશોઇ બજાવવી. મનસ્ની, ગવસ્ની અને કુનસ્ની, યાને સારૂં વમાસવું, સારૂં બોલવું, અને સારાં કામો કરવાં, એ જરથોસ્તી ધરમનો મુળ પાયો છે. સારૂ બોલવું, અને સારાં કામો કરવાં એ પુરતું નથી. કારણ કે મનમાં બુરા વીચારો, અને બુરી ઇચ્છાઓ હોય, અને મન સાફ ન હોય, તો સારૂં બોલવું, અને સારાં કામો થઇ શકેજ નહીં, આથી હરેક માણસની ફરજ છે કે મનને બુરા વીચારોથી સાફ રાખીને હંમેશ સારા વીચારો અને સ[illegible] ઇચ્છાઓથી રોકેલું રાખવું; અને દુન્યાની સરવે દાયશ તરફ એકયતા, યાને ભાઇબંધીની નજ[illegible] જોવું; જેથી સંપુરણ સદગુણી અને અશો થ[illegible] હંમેશનું જાવેદાન સુખ મેળવવાને શકતીવ[illegible] શકાય.

માનવી તારી ફરજો શી છે?

પ્રીય વાંચનાર! આ મઠાલે મુકેલો સવાલ કદી તેં પોતાને પુછયો છે? આ સાદો સવાલ હરએક કામ કરવાં પેહલાં જો દરેક માણુસ પોતાનાં અંતઃકરણને પુછી તેના ખરા જવાબ પ્રમાણે વરતે તો દુન્યામાં થતાં અધરમી કામો કેટલાં ઓછાં થાય?

દુન્યામાં માણુસની ત્રણ મોટામાં મોટી ફરજ છે. પેહલી પોતાના પેદા કરનાર તરફ, બીજી માબાપ, સગાં સ્નેહી, અને કુલે માણુસ જાત તરફ અને ત્રીજી પોતાના દેશ તરફ.

પોતાના પેદા કરનાર એટલે પાક ખુદા તરફ એઇમા નથનાર હેવાન કરતાં પણુ બદતર અને પાપીઓમાં અધમ પાપીછે. હેવાનો અને પક્ષીઓ વટીક બરી બામ દાદે પોતાના મીઠા શરોદોથી તે કીરતારની નેઆમ તો માટે ગોયા તેની તારીફ ગાય છે ત્યારે તે ઇશવરની શકતી પીછાની શકનાર એક આદમી તેની યાદ ન કરે તો તેને કેવા ઉપમાં આપવા એ વીચારવું સેહલ છે. પોતાના ધરમને માન આપી ખરાં એકીનથી પાલવો એ ખુદા તરફની ફરજનો બીજો તબકકો છે, જયારે ખરી એકીનદારીથી નેકીના કામો કરતા રહી ગુમરાહ બનેલાઓને, અને ખુદાઇ રાહ ભુલેલાઓને દીનદારીના પાધરા રસ્તાપર લાવવાનો પ્રયત્ન કરવો એ વળી તે ફરજનો ત્રીજો તબકકો છે.

દુન્યાની બીજી મોટી ફરજ માનવીને માથે મુકાયલી છે તે ઘરડાં વડીલો, માબાપ અને પોતાને આસરે પડેલાં કુટુંબનું સંતોષકારક રીતે પાલણ કરવાની, અને એકલી અટુલી, એકલવાઇ, એકલપેટી, હાલતમાં પડી ન રેહતાં મલાહજા ભર્યાં સંસારમાં જોડાઇ પોતાનાં કુટુંબ કબીલાની વૃદ્ધી કરવાની છે. પોતાને આસરે પડેલાં કુટુંબને રઝળતાં મેલી સંસાર ત્યાગ કરનાર યોગી, પોતાનાં કુટુંબનો સંતોશ મેળવનાર એક ભોગી કરતાં વધારે તો શું પણ તેના જેટલો પણુ પરમેશવરની નજરમાં વાહલો નથી.

માણુસ જાતનાં ભલાંને ખાતર પોતાની સકમાઈનાં ફાલતુ નાણાંની યાતો તન અને મનની સખાવત કરી કુલે આદમ જાતને ઉપયોગી થવું એ વળી આ બીજી ફરજનું બીજું પગથીઉં છે. જયારે પોતાથી ઉતરતાં માંણુસો તરફ માયા અને મોહબતથી વરતી તેમની સથીતી સુધારવાનો જેમ બને તેમ પ્રયત્ન કરવો એ તેનું ત્રીજુ પગથીઉં છે.

માનવીની ત્રીજી મોટી ફરજ પોતાના રાજકરતાને વફાદાર રહી દેશને ઉપયોગી થવાની છે. તન, મન અને બની શકે તો ધનથી પોતાના દેશની આબાદી વધારવી, જુના ઉદયોગોને મદદ કરી નવા ઉદયમો દાખલ કરવા અને દેશમાં કેળવણીનો પ્રસાર જેમ બને તેમ વધુ ફેલાય એવો યત્ન કરવો એ તેની મુખય ફરજ છે.

પોતાનાં ફરજંદોને કેળવણી આપી દેશહીતકારી બનાવી ઉપયોગી નર દાખલ દેશનાં ભલાં માટે બાહાર પાડવા એ આ ત્રીજી ફરજનો બીજો તબ્બકો છે. અને જાન માલની ધાસતી વગર ખરા પ્રસંગે દેશનો બચાવ કરવો એ તેનો ત્રીજો તબ્બકો છે.

ઇશ્વરી રોશણી તરફ પહોંચવાનો રસતો—૧.

જેઓ વીષઇ શરીરીક ઇચ્છાઓથીજ સંતોષ પામીને પોતાના આત્માની અંદરની ખાલી જગા પુરવાની કોશેસ કરે છે, તેઓ હંમેશાં નાઉમેદ થશે અને સચ્ચાઇ પાછલ પોતાનાં અંતઃકરણની અતી ઇચ્છા બહારની ચીજોને લગતા મનના અનુધવનથી કદી પણ સંતોષ પામશે નહી. માણુસ જયાં સુધી પોતાનાં દીલ માંહેલી દરેક ચીજ જે ખુદરતથી ઉલટી ખાશીયતવાલી હોય, તેને પોતે વશ કરી શકતો નથી, ને જીતી શકતો નથી, ત્યાં સુધી તે શાંતીનાં બંદરમાં દાખલ થઇ શકતો નથી.

એ ફતેહ મેળવવાને માટે ને ઇશ્વરી રોશણી તરફ પહોંચવાને માટે તે રોશણીના કાયદાને માન આપીને કોશેસ કરવી જોઇયે. તેને વીષઇ ને બહારની ચીજોની દરકારથી પહરેજ રહેવું જોઇયે. ખુદરતી ઇશ્વરી રોશણી તરફ પોતાની આત્મીક આંખ ફેરવીને જે વાદળાંઓ તેને ઇશ્વરી રોશણી જોવાથી દુર ને બેનસીબ રાખે છે, તેને વીખેરી નાંખવાં જોઇયે. તેથી સરવેથી પહેલું અગત્યનું પગલું માણુસે પોતાનાં ભીતરની અંદર ઇશ્વરી બીજ (Divine germ)ની હયાતીથી સચેતન થઇને તેજ મધય બીંદુ તરફ પોતાની ઇચ્છા શકતી ફેરવીને સઘળી ભીતરની તેમજ બહારની—આ દુન્યાની તેમજ પેલી દુન્યા

ની સઘળી ફરજો સંપુરણ રીતે અદા કરવી જોઇયે. ખુદરતી એક છુપો કાયદો (Occult law) છે, જે ઘણાજ થોડાઓ સમજી શકે છે. (Every thing below has its counterpart above) દરેક ચીજ જે નીચે (આ દુન્યામાં) છે, તેનો જોડ પાંખ્યો (સામો મળતો ભાગ) તે ઉપર છે અને કોઇ પણ નજીવી જેવી ચીજ પણ એવી નથી કે જેનો તેને મળતી બીજી ઊંચી ચીજ ઉપર આધાર રહેતો નહી હોય. એટલા માટે જો નીચલી ચીજ પોતાની ગતીમાં હોય છે ત્યારે તેનેજ બરની ઊંચી ચીજ તેની ઉપર પાછી પ્રત્યાઘાત થશે, (Action will have reaction) જેમ ભીંતની ઉપર દડો ફેંકવાથી તે ફેંકનાર તરફ પાછો આવે છે, તેજ પ્રમાણે દરેક સારી કે નરસી ઇચ્છા, વીચાર, વાચા કે કાર્ય તેની સાથે તેનેજ મળતા પ્રત્યાઘાત લઇને પાછાં ફરશે-જેવું વાવશો, તેવું તમે ચાખશો (As you sow, so shall you reap.)

જેમ જેમ માણસની ઇચ્છા સ્વચ્છ ને એકલપેટા હવસોથી અમીશ્રીત છે, તેમ તેમ ઇશ્વરી આકર્ષણ વધુ મજબુત છે. આત્મીક અભ્યાસનો વધારો કરવા માટે માણસે પોતાનું ખંતીલાપણું ને કોશેસ જારી રાખવી જોઇયે. જેમ જેમ થોડા પોતાના કાયદા બાંધે ને જેમ વધારે ખુદરતી કાયદાઓને માન આપીને ચાલે, ને તાબે થાય, તેમ વધારે જલદી તેનો અભ્યાસ થાય છે.

ખોદાની સાર્વત્રીક ઇચ્છાથી જુદી કોઇબી રીતે માણસ પોતાની ઇચ્છા ચલાવી શકે નહી. તેની ઇચ્છા જો ઇશ્વરી ઇચ્છા (Divine will)થી એક થાય નહી, તો તેનો તે આડે માર્ગે ઉપયોગ કરે છે, ને તેથી તે નકામી છે. એ તો ફકત જયારે માણસની પ્રત્યેક ઇચ્છા ખોદાઇ ઇચ્છા સાથે ઐકય થઇ જાય છે. ને દરેક ચીજનું પરીણામ તે ખુદરતને અર્પણ કરે છે, ને તેની ઉપરજ સોંપી દે છે-(Gives his utter resignation to the Divine will & merges his own into it)-ત્યારેજ તેની ઇચ્છા શકતી ફલવંત ને જોરાવર બને છે.

જે વખતે ખુદરતી સચ્ચાઇ વીસરી જવામાં આવે છે, તે વખતે લોકોની યાદદાસ્ત શકતી તાજી કરવાને માટે પેગમબરોનું આ દુન્યામાં આવવું થાય છે, જેઓ માણસ સાથે વ્યવહારમાં આવીને આત્મીક સચ્ચાઇનું ગ્નાન આપે છે, મનોદ્રષ્ટી ને આત્મીક દ્રષ્ટીને જોડી આપે છે અને ધર્મના છુપા પરડામાં એ સચ્ચાઇઓ સમજાવે છે. જે માણસો પુર્ણ રીતે અશો હોય છે, તેઓ જીવતાં જીવત પોતાની જીંદગીમાં એ આકાશી કાસદો (Celestial messengers) સાથે વારંવાર સંબંધમાં આવે છે ને તેમને પીછાણે છે, પણ એમ કરવાને માટે ને એટલા શકતીવાન થવાને માટે ઘણાજ થોડા જુઝ અશો ને ફરેસતાઇ ખવાસનાં માણસો હોય છે—તે પોતાની ખાલેસ ને અશો ઇચ્છા શકતીને લીધે, નહી કે ઇંદ્રીઓથી મળતાં ગ્નાનને લીધે. આપણી ઇચ્છા શકતીને સ્વચ્છ કરીને વધારે શ્રેષ્ટ હાલતે લઇ જવી જોઇયે, ત્યારેજ આપણી આંખમાંનો મેલો કાળો દાગેલ પરડો નીકળી જઇને આપણી આંખ ખુલી જાય છે અને ત્યારેજ ખુદરતના ભેદ ભરમો પણ જાણવાને આપણે શકતીવાન થઇયે છીયે અને તેટલા માટે સર્વથી સરસ કેળવણી તથા ગ્નાન જયાં સુધી એક માણસમાં તે અમલમાં લાવવાની ઇચ્છા હોતી નથી, ત્યાં સુધી તે કેળવણી ને ગ્નાન નકામાં છે; અને જયારે કોઇબી માણસ પોતાની ઇચ્છાથી ઉલટો બચી શકતો નથી, ત્યારે તો તેની અંતઃકરણની સર્વથી શ્રેષ્ટ ઇચ્છા સચ્ચાઇ પીછાણવાની અને તે પર અમલ કરવામાંજ સમાયલી છે. જે માણસની ઇચ્છા એ પ્રમાણે સારી છે, તે ખરાંજ એકીનથી જે કાંઇ તે ખરૂં જાણે છે, તેની સચ્ચાઇની ખાતરી કરવાને કોઇ પણ બહારની નીશાની કે તર્ક શકતીવાળા કારણો વગર ગ્નાન ને શકતી મેળવી શકે છે; ફકત દુન્યામાં મોટાઇ મેળવનાર ને મગરૂર માણસોજ એવી સાબેતીઓ માંગશે, કારણ કે તેઓનાં દીલ અહંકાર ને ગુમાનથી ભરેલાં છે અને તેઓની ઇચ્છા ખરાબ છે તેથી તેઓ કાંઇ પણ આત્મીક ગ્નાન ને એકીન ધરાવતા નથી અને જયાં સુધી તેઓ કોઇ પણ Western કે Darwin ને મહોડે સાભળતા નથી, ત્યાં સુધી તેને ખરી ગણવાને અચકાય છે. (તેઓને ખબર નથી કે જેમ સુર્ય પણ પુર્વ તરફથી ઉગીને પશ્ચીમમાં અસ્ત પામે છે, તેજ પ્રમાણે પેગમબરો પણ પુર્વમાજ એટલે સઘળાઓ

એશીયા ખંડમાંજ જનમ્યા છે અને ત્યાંથીજ એ વીધયા બધેબધ ફેલાયલી છે. કોઈ પણ પેગમબર પશ્ચીમમાં જનમ્યો હોય, એવું આપણે કદી સાંભળયું પણ નથી.) પણ જેઓનાં મન સ્વચ્છ, અશો ને દોરંગીપણાં વગરનાં હોય છે તેઓ વખત જવે જે સચ્ચાઇ તેઓ અંતરગ્નાને (Intuition) માનતા તે વીશે માહીતગાર થતા ને પીછાણી શકતા. સઘળી વીધયા એક બીંદુમાંજ સમાય જાય છે. જેઓ પોતાની પીછાણ કરે છે તેઓજ ખોદાની પીછાણ કરે છે, ને તેને જાણે છે.

બેત.

કર પીછાનત આપકી ઓર જાનકી,
ઉસીસેજ પીછાન કરે તું સુબહાનકી.

ઈસ્વરી રોશણી તરફ પહોંચવાનો રસતો—૨.

જેઓ એવું વીચારે કે હું ઘણી ચીઝ જાણું છું તે પોતે ભુલ કરે છે ને અવીદ્યા માને છે. જેમ જેમ વધારે આપણે તે મધ્ય બીંદુ તરફ આવી પહોંચયે એટલે કે જેમ જેમ ખોદા સાથનો આપણો મેલાપ ઘાડો ને નઝદીકનો થતો જાય છે તેમ તેમ આપણે અશોઇના તરીકા ઉપર આગલ ને આગલ વધતા જઇએ છીયે. જયારે આપણે તે અસલ મુલ (Causeless Cause) તરફ આવી પુગ્યે છીએ ત્યારે આપણને માલમ પડે છે કે ખુદરતમાં ઘણી ચીજો એવી છે જે આપણા ફીલસુફો ને કવીની સર્વેથી વખાણવાલાયક વીચારશક્તીથી ઘણીજ ચઢીયાતી છે અને જે વીશે આપણા વીદવાનોને સ્વપને પણ ખબર નથી. સઘલી જીંદગી ખુદ ખુદામાંજ છે અને ખુદા વગરની જીંદગીજ નથી, અને જે કાંઇ ખુદા વગર જીવતું દેખાય છે તે માત્ર ખ્યાલી વહેમ છે. જો આપણે ખુદાઇ સચ્ચાઇ જાણવા માગતા હોઇએ તો તેને ખોદા શનાસીની કસોટી ઉપર કસવું જોઇએ, નહીં કે ઝબાન શનાસીને આપણી અક્કલ ને તર્કની ખોટી અને ભુલથાપ ખવાડનારી રોશણીથી.

સચ્ચાઇનું પુર્ણ ગ્નાન મેલવવાને માટે સચ્ચાઇ સાથે જોડાવા સીવાય બીજો કાંઇ પણ રસતો નથી ને તોપણ તે ઘણાજ થોડા જાણે છે. જેઓ એ રસ્તે ચાલે છે તેઓને દુન્યાના લોકો હસી કહાડે છે ને ધીક્કારે છે પણ દુન્યા તે સચ્ચાઇ પીછાનતી નથી; કારણકે તે કલ્પનાની દુન્યા છે જે તકલીદી છે, તે પાંગલાંઓથી ભરેલી છે જેઓ સચ્ચાઇ જોવાથી આંધલાં છે.

ચુપકીદી અખત્યાર કરવાને, શાંત રહેવાને શીખવું, મુર્ખ માણસના હસવાથી, અગ્નાન માણસના ઠપકાથી ને મગરૂર માણસના ધીક્કારથી કદી પણ બોલવાઇ જઇને દલગીર નહી થવું એજ દહાપણની રોશણીના પ્રકાશની પહેલી નીશાન છે.

જેઓ સચ્ચાઇ પીછાને છે તેઓજ એક ખડકની માફક મજબુતીથી દુન્યાઇ લાલચો સામે ટકી શકે છે. જયાં સુધી આપણે આપણી ખાકી ઇંદ્રીઓના હવસોને સંતોષ આપવામાં રોકાશું ત્યાં સુધી આપણે સચ્ચાઇ શોધવાથી વેગલા છીએ. એ સચ્ચાઇ શોધવાને માટે આપણા શરીરને તરેહવાર જાતનું દુઃખ આપવું ને કષ્ટી ભોગવવી અને તંદરોસ્તીને અકારી કરવી કોઇ પણ રીતે અગત્યનું નથી (જેમ એક કવી લખે છે કે તંદરોસ્ત શરીરમાંજ તંદરોસ્ત મન રહેછે અને તંદરોસ્ત મનમાંજ તંદરોસ્ત આત્મા રહે છે. માટે આપણને ત્રણેને એકસરખી તાલીમ આપવી જોઇએ. એકના ભોગે બીજાને વધારવું એ પણ નુકસાનકારક છે) પણ અગત્યનું એટલુંજ છે કે જે સચ્ચાઇઓ ખુદરતના ભેદ ભરમ સમજનારાઓએ જોઇ છે તે માન્ય રાખવી જોઇએ.

એ સચ્ચાઇ તે દુન્યામાં સર્વે વ્યાપી રહેલા એક ઇશ્વરની હસતી છે (જેમ દસતુર આઝરકેવાન કહેછે કે જુઝ નીસ્તી મગર યઝદાં—એટલે ખુદા સીવાય બીજી કાંઇ પણ હસતી નથી) અને માણસનો આત્મા અમ્મર છે જેનો નાશ કોઇ કાલે થતો નથી. માણસને વીચાર કરવાની શકતી છે પણ તેનો કઉપયોગ કરવાનો તેને હક નથી એટલે ખુદરતનો કાયદો જે ઇશ્વરી પ્યાર ને એકતાપણું છે તેની સામે વાપરવાનો કાંઇ પણ દાવો નથી, દરેક ચીજને પોતે ખુદરતી બક્ષેસ તરીકે લેખવી જોઇએ અને પોતાને ખોદાનું એક જીવતું મંદીર ને હથીઆર જેમાંથી ખુદરતી શકતી પ્રગટી નીકલે છે એવો પોતાને સમજવો જોઇએ.

ખુદા વગરનો માણસ વીચાર વગરનો છે અને તે જીવી શકે નહીં કારણકે સઘલી ખુદરત માણસ સુધાં ખુદાનો પ્રકટ પડછાયો (Manifestation of God) છે. જો ઇશ્વરી રોશની આપણા ભીતરમાં પ્રગટી નીકલે ને દાખલ થાય તો તે કાંઇ આપણી પોતાની બનાવેલી નથી પણ તે તેજી સુર્યમાંથી આપણને આપવામાં આવે છે અને જો આપણે તે સુર્ય તરફથી દુર નાસભાગ કરીએ તો તે રોશણી ગુમ થઇ જશે. તે સુર્ય ખુદા છે. આપણીફરજ તેની રોશનીમાં રહેવાની, તે ભોગવવાની અને બીજાઓને તે રોશણીમાં દાખલ કરવાની છે. જે દુન્યામાં હાલ આપણે જીવીએ છીએ તે પ્રકટ ખોટા દેખાવની છે કારણકે જેને હમેશાં ખરી ગણવામાં આવે છે તે જ્યાં સુધી જોનાર ને જોવાની ચીઝ વચ્ચે ચોકસ સંબંધ ને સરતો રહે છે ત્યાં સુધી તે ખરી છે. જો આપણે એક વખત એ સચ્ચાઇ સંપાદન કરી શકીયે તો ખરૂં શું છે તેનો વીવેકથી તોલ કરવાને બની આવે અને ત્યારેજ આપણે સરેષ્ટ એલ્મ (Higher science) શીખવાને લાયક થઇએ ને સાથે સાથે આત્માની રોશણીની આપણને મદદ મલતી રહે છે.

જે ભેદો એ સરેષ્ટ વીદ્યા શીખવે છે તે નીચે પ્રમાણે છે:—

૧. ખુદરતની અંદરના રાજો.

૨. જે સાંકલ અંદરની આત્મીક દુન્યાં ને બહારની ખાકી દુન્યાં સાથે શો સંબંધ ધરાવે છે તે.

૩. માણસ ને ગેબી ચીજો વચ્ચેનો સંબંધ.

૪. માણસની અંદરની ગુપ્ત શકતીઓ જેથી તે ખુદરતના ભીતરમાં પેવશ થઇ શકે છે.

એ વીદ્યામાં ખુદરતના સઘલા ભરમોનો સમાવેશ થઇ શકે છે. જો તમો તમારા ખરાં સ્વચ્છ અંતઃકરણથી ને અશોઇથી સચ્ચાઇ જોવા માગતા હો તોજ તમને તે મલી શકશે પણ જો તમારી મતલબ અશોઇ સીવાય કાંઇ બીજી હશે—યાને એકલપેટી હશે તો તમને કદી પણ એ સમજ પડશે નહી ને કાંઇ પણ ફાયદો થશે નહી. ખુદરતના ભેદ ભરમો પવીત્ર હોય છે અને જેની ઇચ્છા પવીત્ર હશે તેજ શમજી શકશે પણ જો તેની મતલબ ખરાબ હશે તો તે શમજી શકશે નહી. પણ જો કોઇ ખરાબ મતલબથી યા એકલપેટાપણે ખુદરતના ભેદ ભરમો જાણવાને શકતીવાન થશે તો ખુદરતી શકતીનો તેને બરાબર ઉપયોગ કરતાં નહી આવડવાથી તેનો ગેરઉપયોગ કરે છે ને બીજા આસપાસનાઓને આશીરવાદને બદલે ઉલટો ખુદરતનો ઘણો કટો દુશમણ થઇ પડશે ને બીજાઓને તેથી નુકશાન પહોંચાડશે; માટે એ વીદ્યામાં પ્રવેશ થવા પહેલાં માણસનું અંતઃકરણ, આચાર વીચાર ને કાર્યો જેમ બને તેમ સ્વચ્છ ને અશો રહેવાં જોઇએ જે અશોઇથીજ ને સ્વચ્છતાથીજ તે આગલ વધી શકે છે.

અવસંતા—વીસપાઓ ગએથાઓસચ, તનવસચ અજદે'પીઅસચ ઉસતાનસચ કેહેરપસચ તેવીશીસચ બઓધસચ ઉવારનેમચ ફરવશીમ પઇરીયદદેમહી (આમવએધયમહી) આઅતદીત અવ એમ ધ્યદીગીથાબ્યો સપેનતાબ્યો રતુક્ષથરાબ્યો અશઓનીબ્યો.

અર્થ—હમો જાહેર રીતે અને ખરાં દીલથી સાચા તથા પાક ગાથાને, હમારી સંપુર્ણ દોલત જે હાડકાં સાથની હાડમંદ શરીરની, જીવતમાંની, તથા જીવનશકતીની, હવાઇરૂપ શરીરની,ગ્નાનની, રૂવાનની અને ફરોહરની બનેલી છે, તે અરપણ કરીએ છીએ.

મીત્રતા—દયાભાવ.

મીત્રતા! તું કેવો મીઠો બોલ છે! "મીત્રતા"શબદથી કોણ અજાણ્યું છે! દુન્યામાં પેદા થયા ત્યારથી તે મૃત્યુની છેલી ઘડી સુધી આ લાગણી દરેક પ્રાણીમાં (પછી તે ક્રુરમાં ક્રુર પણ કાંય નહી હોય તેમાંબી)હોય છે. પ્યાર, દોસ્તી, મોહબત, માયા પ્રીતી આ સરવે મીત્રતાનાંજ નામો છે, તો પણ તેઓ લગાર જુદો જુદો ભાવ રાખે છે, જેમ કે પ્યાર એ સ્ત્રી સંગ થાય છે, દોસ્તી મીત્રો સાથ કહેવાય છે, મોહબત ભાઈભાંડુઓ સાથ રખાય છે અને માયા અને પ્રીતી સરવ પ્રાણી માત્ર ઉપર રાખી શકાય છે. વાંચનાર! દોસ્તી કરવી ઘણી સેહેલ છે, પણ તેને નીભાવવી બડી કઠણ વાત છે. જાણીતો કવી મી૦ ફીરોઝ કહે છે કે:—

"પ્રીત કરવી છે સેહેલ ઘણી પણ નીભાવવી બહુ મુશકીલ,
સાસ રહે જો અંત તલગ તો હેજે તારૂં દીલ."

એ કેટલું બધું ખરૂં છે? આપણ સાધારણ રીતે ખાધું પીધું, બેઠા ઉઠયા, બોલયા ચાલ્યા, એટલામાંજ મીત્રાઈનો દાવો પુરો થયલો સમજયે છીયે,

પણ નહી! ખરી મીત્રાઇ દુઃખની વેળાએ સહાય થવામાં, તેનાં દુઃખને પોતાનાં દુઃખ તરીકે ગણવામાં, પોતાની સઘળી મદદો આપવામાં અને પોતાના ખરા ભાવથી પેલાનું સારૂં ચાહવામાં છે, આપણામાં એક કહેવત છે કે "સેરી મીત્ર સો જણા, તાલી મીત્ર અનેક; આપ્તમાં જે સહાય તે, બસ લાખનમાં એક." તેમ રસ્તે સેરીએ મલયા અને સાહેબ સલામ કીધી, તેમાંજ મીત્રતાનો ગાંઠ પુરો થતો નથી. મીત્રતા એ શબ્દ બોહલી ખુબીવાલો છે. માણસજાત એખલપેટો થઇ મીત્રાઇનો હક પોતે પોતપોતામાંજ ઘણુંકરી ભોગવે છે. પણ નહી, ખુદરતનો નીમેલો કાંઇ એવો કાયદો નથી. દરેક પ્રાણી માત્રે "સર્વાર્થ મીત્રતા" (Universal Brotherhood) રાખવી જોઇયે. માણસ પોતે પોતાનાં બુદ્ધી બળથી બલવાન હોવાથી હલકી વરણનાં પ્રાણીઓ ઉપર માયા ભાવ રાખતો નથી. જોકે ખુદરતે તો સરવમાં સરખી રીતે માયાનો અંસ મેળેલો છે, તો એપણ માણસ તેનો ઉપયોગ ફકત હદમાં રહીનેજ કરે છે, એટલે તે માણસ જાતને માટેજ વાપડે છે, અને નજીવાં પ્રાણીઓ માટે તેમાંથી ફાલો આપતો નથી. જો કે કેટલાંક ઇનસાન દયાભાવી હોય છે, છતાં સવાર્થને અરથે પોતાની દયાને બાજુએ મુકી દે છે. માણસ જાતે પ્રાણીઓ ઉપર ખરા પરેમભાવથી વર્તણુક કરી છે, એવા દાખલાઓ તવારીખમાંથી થોડાજ મલી આવશે, અને તે પણ ઉંચી પંકતીનાં પ્રાણીઓ માટેનાંજ. જો કાંઈ એવા દાખલા સોધવા હોય કે હલકીમાં હલકી પંકતીના પ્રાણીઓ માટે માણુસ જાતમાંથી ફલાણાએ ખરો માયા ભાવ રાખયો છે, તો તેવા દાખલા કવચીતજ નજરે પડશે. જો ઇનસાન પ્રાણી વરગ ઉપર ખરો માયા ભાવ રાખતો હોય તો તે માંસ, માંછલાંનો પોતાના ખોરાકને ખાતર ભોગ લે નહી. ચાલતાં ને હાલતાં, બોલતા ને કામ કરતાં પોતાની વર્તણુકથી, હલકી કીસમનાં પ્રાણીઓ જેવાં કે કીડી, મંકોડી, માંખ. માંકડ વગેરે ગરીબ પણ અજ્ઞાન પ્રાણીઓનો પોતાનાં સુખને ખાતર ભોગ લે નહી. માણસ આ અજ્ઞાન પ્રાણીઓનો નાશ કરવામાં ખરોજ સવાર્થી છે. જો એક માણસે ચોરી યા લુચાઈ કીધી હોય તો તેને તેના ગુનાહનાં પ્રમાણુની સરકાર સજા કરે છે. પણ માણસ પોતે તો એવી સરકાર બને છે કે પોતાને લગાર દુઃખ દીધું તો તેને ફાંસીજ પોંહચાડી દે છે! જો માંકડે ચટકો લગાડયો તો પકડીને કચડી નાંખશે. અરે ભાઇ! તને એણે દુઃખ દીધું એટલાં ખાતર તેનો પ્રાણ લે છે! આ લખવાની નેમ એ ઉપરથી એવી નહી સમજવી કે તેનો ઉપદ્રવ ઘટાડવો નહી, યા એક ગુનેહગારને ગુનાહની સજા નહી કરવી, પણ દરેક કામમાં દયાનો ભાગ હોવો જોઇયે. જો દયા નહી હોય તો સજાનું પ્રમાણ ઘણું મોટું થઇ જાય અને સજાનું પ્રમાણ વધે તો સ્રસ્ટીનો નાશ વેહલો થાય.

આ ઉપરથી આટલુંજ જોવાનું છે કે માણસ પોતે પોતામાં જેવા ઓછા અટકા પ્રેમભાવથી વર્તે છે, તેવા કોઇબી જાતના પ્રેમભાવથી હલકાં પ્રાણીઓ સાથ વર્તતો નથી. દરેક ઇનસાન જાણે છે કે હકતાલાની ખુદરતે કોઇ પણ ચીજ નકામી પેદા કરી નથી. અને જે ચીજ તુરતવેળા નુકસાનકારક માલમ પડે, તેને દુર કરવી એજ સારો માર્ગ છે. જો ઇનસાન પોતાના કરતાં કોઇ બળવાન પ્રાણીના પંજામાં સપડાય છે, તેવી વેળા તે એવું ઇચ્છે છે કે, ખોદા એના દીલમાં દયા મુકે ને એ ચાલી જાય યા કોઇ મારી મદદે આવી પોંહચે યા મને નાહસી જવાને યા છુટી જવાને ફાવે. પણ જેમ તેનાં દીલમાં આવતો તે ખયાલ પેલું વીકાળ પણ અજ્ઞાન પ્રાણી સમજી શકતું નથી, તેમ માણસ તેના હાથમાં આવેલા નીરબલ પ્રાણીનાં રૂદયમાં થતો ખયાલ પોતાની બુદ્ધી છતાં વીચારી શકતો નથી, જો કે હકતાલાએ તેને એ સઘલું જાણવા માટે શકતી આપી છે. માટે દરેક જણને વાજબ છે કે. કોઇ પણ બાબદમાં સજા ફરમાવતાં ખુદ પોતાને તેમ કરવામાં આવે તો કેવું દુઃખ થાય તેનો ખયાલ રાખવો જોઇયે. ઈનસાફ દેવીને આંખે પાટા બંધાવવાનાં કરતાં તેને વાજબી રાહે ચાલવા દેવી એજ ખરો દયા ભાવનો માર્ગ પ્રાણી માત્ર તરફ એકસાંન પ્રીતીભાવ ધરાવવાથી દેવગતીને પમાય છે. એટલાજ ખાતર મોટા મુનીઓ "સર્વાર્થ મીત્રતા" નો ધોરણ સરવ જગાએ બતાવતા રહયા છે. પ્યારા વાંચનાર! તું પણ સરવે તરફ એકશાંન પ્રીતીભાવ વાલો થા અને જો કે પછી તારૂં રૂદય કેવું નીર્મળ થાય છે અને આ જગતમાં તું લોકોને કેટલો ઉપયોગી થઇ પડે છે. દયા એ ઇશ્વરી ગુણ છે અને તે સર્વેએ ગ્રહણ કરવો જોઇયે. દયા વગરનો માનવી ઇનસાન કહેવાનેજ લાઝમ નથી.

ઈનસાંનને શું ખોરાક રચા છે.

તુલસી હાય ગરીબોંકી કભુ ન ભીથ્યા જાય
મુવે ઢોરકે ચાંમસે લહુઆ ભસ્મ હો જાય-(કબીર.)

. શરીરને નીભાવવા ખાતર આહર કરવો એ જરૂર નું છે, અને તેટલાં ખાતર સર્વે જણા ઓછા ઘણા પ્રમાણમાં ખોરાક લેય છે. કેટલાક લોક દીવસમાં એકવાર ખાય છે, કોઇ બેવાર ખાય છે અને કેટલાકો ત્રણ અને ચાર વાર એક દીવસમાં થોડો થોડો ખોરાક લેય છે, હવે આ આહરમાં પણ કેટલીક જાતો ફકત વનસપતીનાં ખોરાક ઉપર પોતાના નીર્વાહ કરે લા કેટલાકો માંસ માંછલા ઉપર જીવે છે અને વલી કેટલાકો એ બેઉ પદાર્થોને ભેલીને વાપરે છે. જરથો સ્તીઓ હાલમાં વગર હરકતે માંસ માંછલાનો ખોરાક લીયે છે, પણ હીંદુ વગેરે બીજી કોમો એ ચીજને અડકતી પણ નથી. ભલા વાંચનાર ! આમાં શું મત ભેદ હશે યા કાંઈ કારણ હશે ? સાધારણ અકલથી પીછાંણતા તરત માલમ પડે છે કે મતભેદ તો છેજ નહીં પણ કારણ છે. અને તે એ કે માંસ માંછલાનાં ખોરાકમાં જીવ હંત્યા કરવી પડે છે. ખુદરતે સર્વને સરખી રીતે પેદા કીધાં છે અને જીવ સર્વને સરખો જ બક્ષેલો છે. જો તંવગરનો જીવ તંવગરને વાહલો હોય તો ગરીબને તેનો કાંઇ નહીં વાહલો હોય એમ ન થી. જો માણુસને પોતાનો જીવ વાહલો છે તો પ્રાંણી ને તે કાંય નહીં હોવો જોઇએ ? શું માણુસ હવાપર જીવે છે અને પ્રાંણી તે ઉપર નથી જીવતું ? નાં માણુસ અને પ્રાંણી એ બેઉ સરખાં પ્રાંણવાલાં છે, છતાં માં ણુસ મતલબી છે, અને તેને વલી ખુદરતે વાચા અ ને કલા આપી એટલે તે પોતાનાજ જેવા જીવવાલાં પ ણુ અવાચક બાપડાં નીરદોષ પ્રાણીને પોતાંની જીભલી ના સવાદને ખાતર મારી નાંખે છે. ઘણા સાહેબો એ વું કારણ બતાવે છે કે આપણા બાપેદાદેથી એ રેવાજ ચાલી આવેલો છે અને વલી આપણને એથી શરીરમાં કવતી મલે છે એટલે એ છોડી દેવાની શી જરૂર છે ? આપણો ધરમ કાંઇ માંસ માંછલા ખાવાની મનાઈ ક રતો નથી અને ત્યારે તે કાંય છોડી દઇયે ! વાંચનાં ર ! બાપેદાદેથી ચાલતો આવેલો રેવાજ ખોટોબી હોય; વખતે તે લોકને તે ફરજયાતબી થઈ પડેલો હોય, કદાચ કયાંની પેહલવાંનો વીગેરે લડાઈની જુંહમમાં કે બીજી રીતે શેહેર બાહાર નીકલી ગયાથી જંગલમાં અ ન-ફલ નહીં મલવાથી ફરજના મ રયા શેકારી જાનવર નો આહાર કરવો પડયો હોય. જેમ છેલી ફ્રાંનસ-જર મન લડાઇની વેલા એક કીલામાં ઘેરાઇ જઇ બતંગ આવેલા ફરેંચોને ઘોડાતું માસ ફરજીઆત ખાવું પડ વાથી હવે તેમનામાં તે સાધારણ ખોરાક થઈ લાગો છે. હવે એવી રીતે આમેજ થયલો રેવાજ આજે સારો યા નરસો છે તે જોઇને ગ્રહણ કરવો જોઇએ. તેમજ જે ધર્મ ગાય ગોસપંદો બીમાર પડે તે વેલાએ તેની દવાદારૂ કરવા ફરમાવે તેજ ધર્મ ગોસપંદોને કાપી ખાવા ફરમાવે કે ? તે માટે વીચાર કરવો જોઇએ. ધર્મ માંસ ખાવા શીખાડ તો નથી પણ આપણને કદાચ કોઇ મતલબથી ધ ર્મમાંબી એકાદએ કોઇ ગુમી ગયલા ફકરાઓ મલી આવતા હોય તો તેને બાજી પડવું શું વાજબી છે ? જે ધર્મનો મુલ કાનુંન દયાભાવ ઉપર રચાયલો હોય અને તેજ ધર્મનાં ફરમાંનોમાંથી દયા વીરૂધ હોકમ મલે તો કોણ તે માંની સકશે કે તે ધર્મસ્થાપકેજ આપેલો છે. આપણ ધર્મની વાત છોડી દઈ આપણી અકલની વાત કરીએ તો તુરત સમજાએ કે જેવો જીવ આપ ણને વાહલો છે તેવો ગોસપંદોને પોતાનોબી છે, કારણ કે જીવનાં વાહલને ખાતર જો હરેક ટોલાં માહેલા એ કજ પ્રાંણીને એક જ પેતો મારયો હોય તો સઘલા તે માંરનારથી દુર નાસવા માંડશે. તેમજ આપણને જો એક શત્રુ મારે છે તો તેવી વેલાએ આપણ નાસી જઇએ છીએ. પણ નાંસવાબી ન દે એવા શત્રુ, જેવો કે વાઘ, વરૂ, મલે છે અને તે જીવ જબરીયાંન જુતાવી લેવાની જબરદસ્તી ચલાવે છે ત્યારે જી વમાં કેહેવી લાગણી થાય છે, તે વેલાએ કલેજાંમાંથી કેવી હાય નીસાસા નીકલે છે, તેજ મીસાલે જોતાં આપણ અકલવાલાં પણ ભુંડાં માંનવીઓ ગોસપંદોની સાથની ચાલચલણમાં વાઘ કરતાંને પણ ભુંડાં દે ખાઇએ છેઇએ કારણ કે વાઘે ઘેરેલો માંનવી બીજા માંનવીની આવી પુગેલી મદદથી વાઘનાં હાથમાંથી બંનચવા પામે છે, પણ માનવી ! તે ચસ્તે ચરેલો માંનવી ! એકબારગી હજારો ગોસપંદો આવી પોંહચે તોબી ડરીને છોડી દેવાનો છે ? નહી. કારણ કે તે જા

ણુંચ કે મારી સાંમએ થવાને માટે ખુદરતે એને ગ્યાંન બક્ષ્યું નથી, અને તેને પોતાને તેમ કરવાનું ગ્યાન છે. એટલે તે ગ્યાન ગરીબ ઉપર વાપડી તેનો જોઇએ એવો ગેરઉપયોગ કરે! વાંચનાર! ઇશ્વરે જે અનાંજ અને દુજાણું પેદા કીધું છે તેજ તારા ખોરાક માટે છે. એ ગોસપંદ તને ખાવાનું અને પેહરવાનું બેઉ પુગાડે છે તોબી તું શું કરવા તેને જબે કરી તેનાં મુવેલાં માંસને તારા પેટમાં ભરી તેને કબ્રસ્તાંન સરખુ બનાવે છે? માસ ખાધાથી ખરેખર કાંઇ શરીરમાં બળ ઉત્પંન થતું નથી પણ એ ખોરાકથી કરોધ અને કામ વધે છે. કરોધ અને કાંમ જેવા બે મોહટા દુરગુણો જો તારામાં વધવા પામે તો દોઝકને છેક છેડે તને લઈ જઇને મુકવામાં શું તે પુરતા નથી? ખોરાક શરીરના નીભાવને ખાતર છે; નહીં કે શરીર ખોરાકને ખાતર છે. અને શરીર કે જેમાં બુરા હવસો જો ડાયલાજ છે તેને હાંકી કાઢી સત્વગુણી થવાનું તારા ધર્મનું ફરમાંન છે તે અમલમાં લાવવા ખાતર તારે એવો ખોરાક લેવો જોઇએ કે જેથી હવસોને બળ મલે નહી. માસહારી ખોરાક તમોગુણને ઉત્પન કરે છે અને તેથો હકતાલાની એબાદત, મગજનું સાંતપણું અને ખરૂં શરીર સુખ પ્રાપત થતું નથી. સત્વગુણી અને રજોગુણી વીચારો મગજમાં ઉતપંન થવા, એ ખોરાકપર મુખ્ય આધાર રાખે છે અને તેથી વનસપતીપર નીર્વાહ કરનાર માંનવી બુરા વીચારને ભેટતો નથી. એ વાત સીધ છે. માસહારી રહી બળવાન થઈ દયાહીણ કામો કરવા અને હવસી ખયાલવાલા થવા કરતાં ભાજીખાઉ રહી સત્વગુણી, એકાંતમાર્ગી અને નબલા રહેલા ભલા! કારણ કે ખુદરત તેબીનાથી રાજી છે.

ગુસ્સો.

"ગુસ્સા ને વેરે જીવ ના કરતો ખરાબ,
કે ગુસ્સો ને વેર છે દોજખી દેવ શ્રાપ."—અરદેરબાદ

ગુસ્સો એ માણુસના છ મુખ્ય દુશમનોમાંનો બીજો દુશમન છે. "ગુસ્સો માણુસને બુરાઈ કરવાની કઉવત આપનાર, અને તેને બેમરવત કરનાર છે." એ એક ટુંક વખતનું ઘેલાપણું છે. જે માણુસ આ કટ્ટા શતરૂને આધીન થાય છે, તે પોતાના ઘરમાં એક શ્રાપ મીસાલ છે. જે માણુસ જરા જરામાં અપમાન લઈ ગુસ્સે થાય તેને ખરો મુર્ખ સમજવો.

"દમમાં આવેલી હવાની ગતી અટકાવી, તેનો પ્રવાહ સ્થીર કરી એકદમ ફેફસાં આગલથી દમના પાછા ધસારા વારવા, એ ક્રીયાનું નામ કરોધ યાને ગુસ્સો છે." ગુસ્સાને આધીન થવાથી માણુસ નાદાન અવીચારી, અને ઘેલાં કામો કરે છે. એક ક્રોધાયમાન માણુસનો ગુસ્સો નરમ પડી ગયા પછી તે નબલો પડી જઈ ધ્રુજવા માંડી શકતી વીનાનો થઈ જાય છે. તેનો ગુસ્સો નરમ પડયા પછી જે ખરાબી તેનાથી થઈ હોય, તેને માટે તે પસ્તાવો, કરે છે. આટલું હમેશ ધયાનમાં રાખવું કે ગુસ્સાનો ભાઇબંધ પસતાવો છે.જયાં ગુસ્સો ત્યાં પસતાવો.એ એક નીયમજ છે "જો એક ક્રોધાયમાન માણસનો બાંધો નબલો હોયછે, અને તે અતી ગુસ્સે થાય છે, તો તેનાં લોહીના ઉછાળાથી કરીને તેની નસ ફાટે છે, અને તે માણુસ મરણ પામે છે." માણુસના સઘલા દુશમનોમાં કામ (હવસ) અને ક્રોધ (ગુસ્સો) એ બે અતી નઠારા છે ઇરાંની સાલેકો (યોગીઓ) એ ગુસ્સાના વીકારને એક જલ્લાદ કરતાં પણ બુરો ગણ્યો છે, કારણકે ગુસ્સાના જલ્લાદ પાપી તલવારથી આબાદી અને એકસંપનો નાશ થાય છે. જે માણુસ આ દઇત્યને મારવાને શકતીવાન થાય છે, અને એની ઉપર ફતેહ મેલવે છે, તેજ માણુસ સંતોષ, સહનશકતી, અને ધીરજ ધારણ કરે છે. જેના ઉપર એક માણુસ ગુસ્સે થાય છે, તેણે જેટલી ખરાબી કીધી હોય, તે કરતાં વધુ ખરાબી પેલા ક્રોધાયમાન માણુસના ગુસ્સાથી થાય છે, "જેમ દારૂમાં કે કોઇ પણ જલદ અરકમાં પાણી રેડયાથી તેનો કસ નરમ પડી જાય છે, તેમ દીલાસો, ધીરજ, અને સંતોષ ગુસ્સાની અસરને દબાવી દે છે." કામ, ક્રોધ, લોભ, મોહ, વીગેરે વીકરો માણુસના ગુલામ છે, માટે હરેક માણસે તેને તાબે કરવા જોઇએ. જે માણુસ આ વીકારોને આધીન થાય છે, તે પોતાના ગુલામોનો ગુલામ થાય છે. જે માણુસ આ દઇત્યરૂપી વીકારોને વશ કરે તેજ ખરે

માનવી કહેવાય; અગર નહીતો, જંગલી હેવાનોમાં અને માણુસમાં કાંઈપણ ફ્રરક નહીં, મુખ્યકરી જે માણુસો દારૂ પીએ છે, તથા તમો—ગુણી, અને રજો—ગુણી ખોરાક ખાય છે, તે માણુસોમાં હમેશ ગુસ્સો વધારે રહે છે, કારણ કે ખોરાક અને ખાસયત વચ્ચે નીકટ સંબંધ છે.

ગુસ્સાનું પરીણામ વંટોળીયા અને ધરતીકંપનાં પરીણામ જેવુંજ આવે છે. ગુસ્સો, ધાસ્તી અને ખરાબીને પોતા સાથે લેતો આવે છે. ગુસ્સાથીજ મીત્રાચારીનું ખુન થાય છે, એક કરોધાયમાન માણુસ સો વરસની ભલાઇ એક પલવારમાં તોડી નાખે છે. ગુસ્સો એ માણુસનાં શરીરમાંથી અક્કલનું કીમતી ઝવાહીર ચોરી જનાર ચોર છે, માટે એક કરોધાયમાન માણુસ જે કરોધની વેલાએ એક ઘેલા માણુસ જેવો થઈ જાય છે, અને પોતાની અક્કલ ગુમ કરે છે, તેના ગુસ્સા ઉપરથી હરેક માણુસે ધડો મેલવવો જોઈએ. કોઈના વાંક યા ભુલને માટે એકદમ ગુસ્સે થવા આગમજ આટલો વીચાર મનમાં લાવવો જોઇએ કે "હું પણ દુન્યાનાં સઘલાં માણુસોમાંનો એક છું, માટે મારામાં પણ ઘણીએક ખામીઓ હોવી જોઇયે." આટલો વીચાર કરી બીજાની થયલી ખામી યા ભુલને તુરત દરગુજર કરવી. ગુસ્સાની વેલાએ આટલું યાદ રાખવું, કે માણુસ માત્રની જીંદગી થોડી પલની છે, અને હરેક માણુસે જલદી ઘોરમાં જવું છે. ગુસ્સો એ હેવાન્યત ખાશયત છે, અને નરમતા તથા માફ કરવું એ ખોદાઇ ગુણ છે, માટે જો ફ્રરેસતાઈ ખસલતના થવું હોય, તો, હેવાન્યત ખાશયત છોડીને ખોદાઇ ગુણ એખત્યાર કરવો. ગુસ્સો કરવો એ હીચકારાનું કામ છે, જયારે નરમતા, અને માફ કરવું, એ મરદાનગીની નીશાની છે. એક નરમ માણુસ હરેક કામમાં ફ્તેહ મેલવે છે. ગુસ્સાનાં દુઃખભરયાં મંદીર આગલથી દુર જઈ નરમતાનાં સુખી અને શાંત મંદીરમાં દાખલ થવાની હરેક અક્કલવંત માણુસની ઇચ્છા હોય છે.

ભાઈબંધી.

યાદ કર તે જગાને કે તું એવી જગા ઊપર જશે કે તે જગા ઊપર શેઠ તથા ચાકર અને ગુલામ તથા સાહેબ સઉ બરાબર છે.—અફલાતુન.

દુન્યાના સઘળા ધરમોમાં કોઇ પણ ધરમ એવો નહીં હશે કે જે ભાઈબંધીનો ઉમદા કાનુન શીખવતો ન હોય. હરેક ખરો ધરમ અને હરેક ખરી ફીલસુફી ભાઈબંધીના ઊમદા કાનુનની ઊત્તમ કેળવણી માણસ જાતને પુરી પાડે છે.

પારસીઓનું સેદી અને પવીતર હથયાર કુસતી ભાઈબંધીનો ઉત્તમ સબક આપે છે. જેને માટે 'સરનામે રાઝેયઝદાંની' નીચે મુજબ સહમજ આપે છેઃ—

"કુસતી વણાયા બાદ તેના તાણા (ઉભા દોરા) અને વાણા (આરા દોરા) એક બીજાથી છુટા દેખાતા નથી; (કે જે વણાયા આગમજ એક બીજાથી છુટા હતા.) તે ઉપરથી સમજવું એ કેઃ—હરેક દેશ અને શેહેરના રેહેવાસીઓમાં જાત જાતનાં માણુસો હોય છે, જેઓ બોલી, કામો, ચાલચલણ રીત રવેશ, ખાવું, પેહરવું, દીન ધરમ અને સવભાવ વગેરેમાં એક બીજાથી ઘણીક રીતે વેગળાં હોય છે, તોપણ જે દેશનાં અને ધરમનાં લોકો સાથે આપણને વહીવટ તથા દોસતી પડે, તે સઘળાંઓને એકજ ખોદાના પેદા કીધેલા બંદાઓ સમજી, તેઓને ભાઇબંધ દાખલ ગણી તેઓ સાથે નરમાસ, મેહરબાંની તથા ભલાઇ રાખવી."

સાધારણ રીતે માનવામાં આવે છે કે કુલ માણુસ જાત એક મુળમાંથી ઉતપંન થયલી પેદાયશ છે; જેથી સાબેત થાય છે કે ભાઇબંધી એ એક જરૂરની ચીજ છે. જાણીતો સુફી કવી શેખસાદી ભાઈબંધી માટે નીચલી ઉતમ બેતો આપે છેઃ—

ફારસી બેત—

બની આદમ અઝાએ યક દીગર અન્દ,
કે દર આફ્રીનશ ઝે યક જોહર અન્દ;
ચુ અઝવએ બદરદ આવરદ રૂઝગાર,
દીગર અઝોહારા નમાનદ કરાર;
તો કઝ મેહનતે દીગરાન બી ગમી,
નશાયદ કે નામત નેહન્દ આદમી.

અર્થ—સઘળાં માણુસો એક બીજાના અવ્યવો છે કારણ કે (દુન્યાની) શરૂઆતમાં તેઓ એકજ મુળમાંથી ઉતપન થયલાં છે; જયારે આપણાં શરીરના એક અવ્યવને દુઃખ પહોચે છે, ત્યારે બીજા

અવયવોને કરાર હોતો નથી; જો તું બીજાઓનાં દુ:ખનો ગમ ન કરે તો, તું માનવી કેહેવાવાને લાયક નથી.

માણસની માત્ર એક આંગળી કપાયાથી તેનાં આખાં શરીરને મુદલ કરાર હોતો નથી; તેજ રીતે કુલ આદમ જાત તે એક મોટાં ઝાડ સમાન છે, અને જેમ ઝાડની એક ડાંખલી છુટી પડયા પછી તે કાંઇ પણ ફળ આપતી નથી, અને નકામી થઇ પડે છે, તેમજ એક માણસ જે બીજાંનાં સુખ દુ:ખમાં ભાગ લેતો નથી, અને બીજાઓને પોતાથી જુદા ગણીને ધીકારે છે, તે કોઇ પણ રીતે પોતે સુખી થઇ શકતો નથી. ભાઇબંધી એ અશોઇની સીડીનું એક પગથયું છે, કારણ કે કુલ માણસ જાત તરફ સરખા પ્યારથી વરતાય નહીં, તો અશો થઇ શકાય જ નહીં. સર વીલીયમ જોન્સ નામે ઇંગરેજ ગ્રંથકાર જણાવે છે કે "હઝરત જરથુસત પોતાનાં શાગેરદોને માણસ જાત તરફની ભાઇબંધી શીખવતા હતા, એટલુંજ નહી, પરંતુ દુન્યાની દેખઇતી અને અણદીઠ સઘળી પેદાયશો તરફ ભાઈબંધીની લાગણી દેખાડવા માટે સબક આપતા હતા." 'યજશને' નામનાં ધરમ પુસતકમાં ભાઇબંધી માટે આપણને કેટલેક ઠેકાણે ઇસારાઓ મળે છે. એ પુસતકના ૨૬ મા 'હા'માં નીચે મુજબ જણાવવામાં આવે છે:–

આ દેશમાં વસતા અશો લોકોની ફ્રરવરષીઓને હમો વખાણુયે છીએ; બીજા દેશોમાં વસતા અશો લોકોની ફ્રરવરષીઓને હમો વખાણુયે છીએ."

અહીં 'બીજાં દેશોમાં વસતા અશો લોકોની ફ્રરવરષીઓને વખાણવાની' વાત આવે છે, જે દેખાડે છે કે પોતાના દેશનાં યા કોમના યા ધરમનાં લોકોને ભાઇબંધ તરીકે ગણવા એટલુંજ નહી, પરંતુ બીજાં દેશનાં, કોમના યા ધરમનાં લોકોને પણ ભાઇબંધ સમાનજ ગણવા. વળી 'યજશને' નો ૧૨ મો 'હા' એ માટે વધુ ખુલી સમજ આપે છે.

"ભલી માઝદયસ્ની દીન કે જે માંહોમાંહેના કંકાશને દુર કરનારી, હથયાર છોડવનારી તથા દોસતી **ભાઇબંધી** અને એશાવંદી આપનારી અશો છે, તેને હું વખાણું છું."

આ દુન્યાની આબાદી, ખુબી અને ખુશી ભાઇબંધી ઉપરજ આધાર રાખે છે. સંપ અને ભાઇબંધી જયાં હોય છે, ત્યાંજ આબાદી પોતાનાં ખુશાલી ભરયાં કદમ લાવે છે. તવારીખો ઉપરથી સાબેત થાય છે કે, જે દેશ, કોમ, કુટુંબ યા ટોળામાં કુસંપ અને કપટનાં નેહેસ્ત કદમ દાખલ થયાં, તેના ચળકતા સેતારાનો અંત આવયો છે. ખુદ ઇરાંની શાહનશાહતની પડતીનાં મુળ કારણ શોધવા જઇશું તો તે પણ માંહોમાંહેનો કુસંપ અને કજયોજ માલમ પડશે.

ઇંગરેજીમાં જાણીતી કહેવત છે કે (Unity is strength) ઐકયતા એજ બળ છે. ખરૂં છે કે, ભાઈબંધીના ગાંઠથી જોડાયલા આપણે આબાદીથી ટેકવાઇ રહીશું, જયારે કુસંપની કાતરથી કપાયલા આપણે જલદી તુટી પડીશું.

જુદા જુદા ધરમોમાંથી ભાઇબંધી માટે ઘણું એક શીખવાનું મલે છે. ખ્રીસ્ટીઓનો પેગમબર જીસસ ક્રાઇસ્ત પોતાના સાગેરદોને ભાઇબંધી માટે નીચે મુજબ નશીહત કરતો હતો:—

"તમોએ સાંભલયું છે કે, તમોએ તમારા પાડોશીઓને તમારી માફકજ ચાહવા; પણ હું કહું છું કે, તમારા દુશમનોને પણ ચાહો; જેઓ તમને ધીક્કારે તેઓનું ભલું કરો; જેઓ તમને ઈજા અને હરકત કરે તેઓને દુવા દો."

આ સીવાય ખ્રીસ્ટીઓનાં બાઈબલમાં ભાઈબંધી માટે બીજાં ઘણાંક ફરમાનો છે; પરંતુ, આ નસીહતજ ખુલું દેખાડે છે, કે ખ્રીસ્ટી ધરમમાં પણ ભાઇબંધીને આબાદીનાં મુળ તરીકે ગણી છે. હાલના જુદાઇ અને એકલપેટાપણાના જમાનામાં સઘળાં ઉત્તમ સબકો ઉપર પાણી ફરયું છે. હરેક માણસ બીજાનાં ભલાંની કાંઈપણ દરકાર કરયા વગર માતર પોતાનું ભલું શોધે છે; અને તે પણ બીજાના ફાયદાને ભોગે. આથી જગેજગ કુસંપ ચાલે છે. પારસી કોમની હાલની ભાઇબંધી જુઓ! ભાઈ ભાઈને ઓળખતો નથી. આથી પરીણામ એજ કે, કુસંપ જે પોતાની સાથે પોતાની બેહનપણી 'પડતી' ને લઇ આવે છે, તે પોતાનો નેહસ્ત પંજો મારે છે, અને આખરે જયાં કુસંપ તયાં પડતી. આ પડતીના પાપી પંજાથી બચવાને

માટે હરેક માંણુસે ભાઈબંધી યાને એકયતાના મજબુત ગાંઠથી બંધાવું જોઇએ. એકનાં સુખમાં બીજાનુ સુખ, અને એકનાં દુઃખમાં બીજાનું દુઃખ હોવું જોઇએ. કોઇને દુખી કરીને પોતે સુખી થવાનો કદીપણ વીચાર રાખવો નહીં. હરેક માણુસનું શરીર એકજ મીટીમાંથી બન્યું છે, તથા હરેક માણુસનો આત્મા તે એકજ પરવરદેગારનાં નુરમાંથી છે, જે ખુલું દેખાડે છે કે, ભાઇબંધી એ કુદરતનો કાયદો છે. બુધીસ્ટોના જાણીતા પેગંબર ગૌતમ બુધે ભાઈબંધી માટે આપેલા ઉમદા વીચારો આ ઠેકાંણે વધુ ખુલી સહમજ આપે છે. એક ભરવાડના છોકરા પાસે તેનાજ લોટામાં શકયમુની દુધી માંગે છે, જે આપવાને તે છોકરો ના પાડે છે, અને કહે છે કે, "તમો જાણોછો કે હું શુદ્ર છું, અને મારૂં અડકવું તમને અપવીત્ર કરશે." આ સાંભળયાથી ગૌતમ બુધે જવાબ આપ્યો, "દયા અને ગરજના કાયદાથી હરેક માણુસ એકમેકને ભાઇબંધ તરીકે બંધાયલા છે. માણુસનું લોહી, કે જે હરેક શરીરમાં એકજ રંગનું છે, તેમાં કાંઇ ન્યાત જાતનો ફરક નથી. તથા કોઇ પણ માણુસ પોતાનાં કપાળ ઉપર પવીતર ટીલાની નીશાણી સાથે તથા પોતાને ગળે પવીતર જનોઈ સાથે જનમતો નથી." આનેજ મળતા વીચારો જાણીતા ઈંગરેજ કવી વરડઝવરથના છે, જે નીચે મુજબ જણાવે છે:—

"માણુસ માણુસને વહાલું છે, કારણ કે આપણ સઘળાને માતર એકજ માણુસાઇ હઇયું છે."

માણુસો સાંકળની કડીઓની માફક એકમેક સાથે જોડાયલાં છે, અને તેઓ માતર એકજ ગંજાવર ચીજના જુદા જુદા ભાગો છે; જેને માટે જાણીતો ઈંગરેજ કવી પોપ કહે છે કેઃ—

"એક ગંજાવર ચીજના આ સરવે ભાગો છે,
જગત તેનું શરીર છે, અને ખોદા તેનો જીવછે"

સઘળી રીતે જોતાં ખુલું માલમ પડે છે, કે જયાં સુધી ન્યાત, જાત, ધરમ, રંગ વરણ, વગરેનો તફાવત રાખયા વગર જગતમાં ભાઇબંધીનો વધારો કરવામાં આવે નહી, ત્યાં સુધી આબાદીનાં ખુશાલી ભરયાં પગલાંને આવકાર દેવાને બદલે કજીઆ કંકાસ અને જુદાઇનું કાલું મોં જોવું પડશે. જયારે દુનયામાં સારવજનીક ભાઈબંધીનો ફેલાવો થશે અને એકલપેટાપણું કજીયો, કંકાસ તથા જુદાઈ નાંશ પામશે, ત્યારેજ આ દુનયા માણુસ જાતને માટે ઈડનનો બગીચો બની રહેશે; તયાં સુધી નહિજ. માટે હરેક માણુસની ફરજ છે કે સઘળાં તરફ દયા અને મમતાની નજરથી જોતા રેહેવું, અને હંમેશાં માણુસ જાતને સુખી કરવાનીજ કોશેશ કરવી; જેથી બીજાને સુખી કરવાની કોશેશમાંથી તેનું પોતાનું સુખ આપોઆપ ઉતપંન થશે.

સુબોધ માળા.

છોડી સઉ આશ, તારી દરગાહમાં, રબ !
આવ્યો છું અંતે, લે પનાહમાં, રબ !—૧
બ્હાર કહાડી પોંહચાડ નેકીને કાંઠે,
ડુબો છું છેક હવે ગુનાહમાં, રબ !—૨
ગોહર બીન ખાલી છે ઉમેદની શીપ,
બર્કત મેલ મારી આ દુઆમાં, રબ !—૩
નહી જડતો સીવા તું કોઈ સાચો યાર,
દોરંગી મતલબી દુન્યામાં, રબ !—૪
પાપો ને દુઃખો ને ભય થાય નાપેદ,
વસ મારાં જીગર ને હૈયામાં, રબ !—૫
આપ એવી બર્કત ને ફુર્સત, કે રહું
પાકીજેહ રહેમી તુંજ સેવામાં, રબ !—૬
નાચીજ છું રજકનથી પેદાશમાં તુંજ,
રાખજેતોપણ તારી નેગાહમાં, રબ !—૭
ગુનાહ કર માફ ને કસુર દરગુજર,
ના બાલ વધુ, પાપની સજામાં, રબ !—૮
ભટકતો સરગર્દાન છે શબોરોજ,
સુરજ તુંજ શોધ અને માયામાં, રબ !—૯

કીનો.

પ્રીય વાંચનાર કીનો એ શું છે તે વીષે તેં કદી પણ વિચાર કીધો છે. કીનો એ એક જાતનો જ ગલી·ઇનિસાફ છે, જે તરફ એક માણસ જેમ જેમ વધુ ધસતો જાય છે તેમ તેમ કાયદાએ તેને વધુને વધુ દુર કરવો જોઇયે છે. કીનાનું મુળ આત્માની નબલાઇમાં છે. સરવેથી નીચ ને હીચકારાઓજ તેને સરવેથી મઝબુત વલગી રહે છે. માણસને ધીક્કારીને કોણ ગભાવે છે? ખચીત હીચકારા સીવાય બીજા કોઇજ નહી. બીજાઓને લુટીને તેનું ખુન કોણ કરે છે? ખચીત બાવલાઓ સીવાય બીજા કોઇજ નહી. કોઇ ઉપર કીનો લીધા આગમજ તેણે દીધેલું દુઃખ લાગવુંજ જોઇયે પણ મને દુઃખ લાગ્યું એમ એક ઉમદા ને મોટા મનનું માણસ કહેવાનેબી ધીક્કારેછે ને ખુદરત ઉપરજ કીનાઓરની કરણીનું ફલ સોંપી દેયે છે. જો બીજાએ દીધેલું દુઃખ માફ કરવા લાયક નહી હોય તોબી તે કરનાર ઘણી નીચ બન્યો છે માટે ઓ ઇનસાન, તને લાજમ નથી કે નીચની બઝમમાં તું પણ બીરાજે યાને તારૂ નામ નોંધાવે. જે નાહક તારૂં નુકસાન કરવાની કોશેશ કરે તેને ધીક્કારજે, ને જે તારા મનની શાંતી ને ખલલ પોહોંચાડે તેનો તિરસ્કાર કરજે. એ રીતે તું તારી પોતાની શાંતી સાચવશે એટલુંજ નહી પણ કીનો લેવાના નીચ ઉપાયોથી નીચો પડયા વગર તારા શતરૂને તું સજા પોહોંચાડે છે. જેમ તોફાન ને ગર્જના સુરજ ને સીતારાની ઉપર કાંઇ પણ અસર કરી શકતાં નથી પણ નીચે પથર ને ઝાડ ઉપર પોતાનું ઝોર અજમાવી સંતોષ પામે છે; તેમજ એક નેક ને અસરાફ માણસના જીવને જરા પણ નુકસાન લાગતું નથી પણ ઉલટું તે નુકસાન કરનારનીજ ઉપર આવી પડેછે. "જયસા કરના વયસા ભરના" યાને કરો તેવું ભરો એ જગતનો નીયમ છે. નેકી કરશો તો નેકી પામશો ને બદી કરશો તો બદીજ પામશો. એક નીચ જીવનો માણસ કીનો લેવાને ઉસકેરાશે પણ એક મોટાં મનનો મનુષ્ય જરા પણ દુઃખ દેવાનેબી દરશે ને ધીકારશે એટલુંજ નહી પણ જેણે તેનું ભુડું કરવાની ઇચ્છા રાખી હશે તેનું પણ ભલુંજ કરશે. ઓ બની આદમ તું શામાટે કીનો લેવાનો ઇરાદો રાખેછે. તું શું એમ ધારે છે કે તેથી તારા શતરૂને તું દુઃખ દઇ શકશે. તું જાણજે કે તને પોતાનેજ અતી મોટો દુઃખ લાગવાનો. જે માણસ કીનાનો સડો યાને કીડો અંદર આનેથી રાખે છે તેનું દીલ આસતે આસતે કોતરઇ જાય છે. પણ જે માણસને નુકસાન કરવાના ઇરાદાથી તે કીડો જેણે પોતાના દીલમાં પાલયો હોય તે નુકસાન પામેલા માણસનું હઇડું તો મખમલની મીસાલ સાફ, અને મોમ ને રૂની માફક નરમ રહે છે. એથી સાફ સાબીત થાય છે કે ખુદરતે ઇનસાનને કીનો લેવા બનાવયોજ નથી. જેણે નુકસાન પોહોચયું છે તેને શું વધારે પીડા ખેંચવાની જરૂર છે? અથવા કોઇ બીજાએ તારી ઉપર દુઃખ વરસાવયું હોય તેની ઉપર કીનો લીધાથી તે દુઃખમાં શું ઉમેરો કરવો ઘટે છે? જે માણસ કીનો લેવામાં ગુટાયલો રહે છે તે માણસ ને પોહોચેલી નુકસાનીથી સંતોષ મળતો નથી માટે બીજાને જે સજા ઘટતી હોય તે પોતા ઉપર ખેંચી લયે છે; એટલામાં જેણે હયરાન કરવાને શોધશે તે તો હસતો જતો રહેશે. કીનાની મતલબ દુઃખદાયક છે અને તે બજાવવો તથા અમલમાં લાવવો ભય ભરેલો છે. કીનાખોરે ઉચકેલી કુવાડી ગમે એવી નેમ ટાંકીને લગાવી હોય તોબી કદાચજ તે ધારેલ ઠેકાણે લાગેછે; પછી અંતે તેજ કુવાડી પાછી ઊડીને તેનાં પોતાનાજ કપાલને જખમી કરશે. એક કીનાખોર માણસ પોતાના દુષમનને નુકશાન કરવાની શોધમાં વારંવાર પોતાનોજ નાશ ને અંત લાવી મુકેછે. પોતાના શતરૂની એક આંખ તરફ તીર ફેંકતાં તે પોતાનીજ બંને આંખો ફોડી નાખે છે. અગરજો તે પોતાની નીચ મતલબમાં ફાવતો નથી તો તે તેને વિષે પોતે અફસોસ કરે છે. જો તે ફતેહ પામે છે તો તેને વિશે પશચાતાપ કરે છે. ઇનિસાફની ધાસતીથી તેના પોતાના જીવની શાંતી પણ જતી રહે છે અને તે છુપાવવાની સંભાલ લેતાં તેના મીતરોનો જીવ પણ બેચેન કરે છે. શું તારા શતરૂના મોહોતથી તારો ધીકાર નરમ પડશે ને તને સંતોષ મલશે? શું તેને કરારમાં રહેવા દીધાથી તારી શાંતી તું પાછી મેલવી નહી શકશે? જો તેના ગુનાહને માટે તેને તું દલગીર કરવા માંગતો હોય તો તેને જીતી લે ને બચાવ. તેના મોહોતથી તારી મોટાઇ કદી પણ કબુલ થનાર નથી તેમજ તેને તારા ગુસ્સાનો પણ પ્રતાપ પોહોંચવાનો નથી.

કીનો ગુસ્સાના હવસમાંથી નીકલે છે પણ ખરી મોટાઇ તને કયારે મલે કે જયારે દુઃખ દેનાર ઉપર તું કીનાને બદલે તિરસ્કાર નાખે. આપણને કોઇએ નુકસાન કીધું હોય તેના બદલામાં ખુન કરવું એ મોટું હીચકારાપણું છે. એવાં કારયો કરનાર એવું વીચારે છે કે શતરૂ જો જીવતો રહે તો તે કીનો લેવાનોજ. મોહત કજીઆનો આંકો લાવી મુકે ખરો પણ તેથી કાંઈ આબરૂને પહોંચેલી હાણી કદી પાછી આવનાર નથી. શતરૂને મારી નાખવું એ સાવબાપણાનું કામ છે, કાંઇ હીમ્મતનું કામ નથી. તે સલામત છે પણ તે માન પામવા લાયક નથી. એક માંકને માટે કીનો લેવા જેવું સહેલું કાંઇજ નથી. પણ તેને માટે માફી બખશવી એના જેવું મુશકેલ ને કીરતી ભરેલું કાંઈજ નથી. જે મોટામાં મોટી ફતેહ માણસ મેલવી શકે તે પોતાનીજ ઉપરની છે. He, who conquered himself, conquered the whole world- -યાને જે પોતાને જીતયો (પોતાના નીચ હવસોને મારી પોતાના તાબામાં રાખયા) તેણે ગોયા આખી દુનયા જીતયા બરાબર કીધું. બીજાને પહોંચાડેલી નુકસાની મુગે મોહડે ખમી જવાને તથા સહન કરવાને જે માણસ પોતાનાં મનમાં ઘણું હલકું વીચારે છે તે જેવા સાથ ... થવાનો દાવ રમે છે. જયારે તું કીના વિશે વીચાર કરે તયારે તું કબુલ કરજે કે તું ખોટું કરે છે અને જયારે તું ફરીયાદ કરે કે તેનાથી તને દુઃખ ઉપજયું તયારે તારા દુશમનની મગરૂરીમાં તું શું ફતેહનો ઉમેરો કરવા માગે છે? જેની માઠી અસર દીલમાં રહેજ નહી તેને નુકસાની સમજવીજ નહી. જો તું નુકસાન ખમવામાં અપમાન સમજતો હોય તો તે તારા પોતાના હાથમાં બધું છે. તારામાં તેને જીતીને તાબે કરવામાં પાક પરવરદેગારે ઘણી શકતી બખશી છે. સારાં કરમો કરવાથી તારા શતરૂ પણ શરમીન્દગીમાં ગરકાવ થશે અને તારો દુલ્લો જીવ જોઈ તે તને દુઃખ દેવાના વીચારથીજ કાંપશે. જેમ વધુ વીચાર તને પહોંચે તેમ તેને માફ કરવામાંજ ઘણી કીરતી છે અને જેમ કીનો લેવાને જે ઠેકાણે તને વાજબી લાગે તે ઠેકાણે દયા ખાધાથીજ તને ઘણું માન મલશે એમ તું સમજ. શું તારા પોતીકા કજીયા મધે તને પોતાનેજ ન્યાયાધીશ થવાનો હક છે? જે મુકદમા મધે એક બોરડુ તરફ તું સામેલ હોય તે મધે બીજી બોરડુ વાલા ઉપર અભિપ્રાય તારેથી કેમ આપી શકાય? તારા શતરૂને અપરાધી ઠેરાવયા આગમજ તારો ચુકાદો ખરો છે કે નહી તે વિશે બીજા આદમીએ તપાસ કરીને મત આપવુ જોઈયે કીનાખોરથી સરવે કોઇ બીહતા રહે છે અને તેથી સરવે તેની ઉપર ધીકકારની નજરથી જોય છે પણ જે માણસ દયાલુ હોય છે તેનાથી તો કોઈપણ ડરતુ નથી. તેનાં સારાં કામોની સ્તુતિ સદા જલવાઈ રહે છે, અને દુનયાનો ચાહ તેની સંગાત રહે છે. ખુદરતનો કાયદો સરવે તરફ દયા ભાવ (Universal brotherhood) બતાવવાનો છે અને એજ ખોદાઇ રાહ છે. કીનો એ એક શયતાન્યત ખસલત છે એટલે ખોદાઈ રાહથી તે ઉલટો ને બાતલ ગુણ છે. જયારે એક અસરાફ ને દયાવાલો શખસ મનુષ્ય માત્રોને ઉપયોગી ને ફાયદાકારક નીવડે છે તયારે એક કીનાખોર શખસ જેની ઉપર તે કીનો લે છે તેને નુકસાન કરે છે એટલુંજ નહી પણ તેની આસપાસના બીજા મનુષ્યોને પણ નાહકને હેરાન કરશે.જેમ સુર્ય ચોતરફ તવંગર યા ગરીબ, સારા યા નરસા, ઘરડા તેમજ જુવાન સરવને એક સરખી રીતે રોશણીઆપતો જાય છે ને તે સારવતરીક ભ્રાત ભાવનો કાયદો જાહેર કરેછે અને વરસાદ પણ સરવ મનુષ્ય માત્રને એક સરખો લાભ આપતો જાય છે, (તે કાંઈ પણ તફાવત રાખતા નથી, સારાં માણસોને તયાં પડે ને નરસા માણસોની વાડીમાં નહી એવું કાંઈ છેજ નહી.) એજ બતાવી આપેછે કે ખુદરત મનુષ્ય માતરને સરવ તરફ પોતાના દાખલથીજ ભાઇબંદી ને દયા બતાવતાં શીખવે છે તયારે તો ઇનસાનને લાઝમ ને ઘટારત છે કે ખુદરતનો દાખલો પકડી પોતે પણ એ શયતાન્યત ભરેલા સડા (કીના) થી દુર રહેવું ને સરવેને તેમ કરવાને સમજાવવું જોઇયે. નહી તો તે ઈનસાનના નામને પણ લાજમ નથી યાને જેનામાં કીનાનું બી રોપાયું હોય તે માણસને માણસ તથા ઈનસાન પણ કહેવો લાજમ નથી.

શેહેનશાહ નોશીરવાન આદેલની નશીહતો.

તારીખે ગુઝીદેહમાં લખે છે કે શેહેનશાહ નોશીરવાન હર રોજ મુનાદી કરી થાલી ફેરવીને આલમના લોકોને એ નશીહતોથી બેહરેમંદ કરતો હતો અને હુકમ કરતો જે એ નશીહતો મુજબ સરવે કોઇ અમલ કરે. શેહેનશાહ નોશીરવાન આદેલ ફરમાવે છે કે જે કાંઇ આગલથી પોતાની હઈયાતીમાં તે જહાનમાં ખોદા પાસે મોકલ્યે તે આપણો ખઝાનો છે, અને તે સાહેબ એવો છે કે જો આપણે નેકી કરયે તો તેનો બદલો આપવામાં કાંઇ ઘટાડે નહી, અને જો બદી કરયે તો આપણી બદીનો બદલો વધારે નહી, યાને આપણી બદી કરતાંને વધતી સજા પહોંચાડે નહી. બીજું અદલ ઇનસાફ એવું તો કીંમતી ગોહર છે કે પાણીમાં ડુબે નહી તથા આતશમાં બલે નહી અને એ ઈનસાફ એવો ખઝાનો છે જે જેમ ખરચ કરયે તેમ વધતો જાય અને નેકબખતી વધારતો જાય અને જો અદલનાં ખઝાનાનો કમ ખરચ કરયે તો ખઝાનો ખુટે અને દોલત બરતરફ થાય. વલી ફરમાવયું છે કે જે કોઇ બદી કરતા લોકોથી શરમાય અને પોતીકા જીવથી નહી શરમાય તેની આગલ તેના જીવનો કાંઇ મરતબો નથી યાને તેને પોતીકા રવાન ઉપર કશી માયા નથી અને એમ નથી બીહતો કે માહરા રવાનને દોઝખમાં નાખશે. જે શખસ છુપું એવું કામ કરે ને તે કામ ઝાહેર પડવાથી લોકોમાં તેને શરમીન્દગી નહી પહોંચે તેજ શખસને પુરો દાનાવ જાણજો. જે કોઇ કાબેલ્યત તથા દાનાઇ પેદા નહી કરે તેને તેની મોટી બુન્યદા કામને નહી લાગે. જે કોઇ પોતીકા તાબેદાર લોકો યાને ફરઝંદ તથા ઓરત તથા શગાં વહાલાંને શખતીની વખતે મદદ કરે અને તેની ઉપર મેહરબાનગી રાખે અને તે લોકોને બદ કામ કરવાથી દુર રાખે તે શખસ દુનયામાં શરદારી તથા બુઝોરગીને લાયક છે. જે કોઇ પોતાની મીલકત યાને ઘર તથા વાડી તથા ઝમીનને આબાદ રાખે તે ઘણી વીજારતને શજાવાર છે. દરેક કામ સોંપો તો તે કામના જાણનારને સોંપજો, પેદાયશ પ્રમાણે ખરચ કરજો કે તેથી કરીને કદી હાજતમંદ તથા મોહતાજ નહી રેહેશો. ખાણું એખલા બેસીને નાખાતા, હરેક કોઈઇની સાથે ખાજો. શખાવત તથા ખેરાત કરવામાં કાહેલી તથા શોસતી ના કરતા. હલકી ચુક ઉપર કોઈને આઝોરદા ના કરતાં જવાની ઉપર મગરૂર ના રહેતા. મુનશી તથા શાએર સાથે કીનો તથા લડાઇ ના કરતા કાંય જે તે લોકો તમારે વાસતે કે તાબેમાં બદી લખશે અને બદી જોડશે તો કયામત સુધી તમારૂં નામ બદ રહેશે. બખીલ તથા કંજુસ લોકોથી દુર રહેજો. શખાવત તથા નેકી તથા ઇનશાન્યત કરતા રહેજો. નહી કીધેલાં કામને કીધેલું કરી ના જાણતા. એબાદત તથા બંદગી જે કાંઈ કીધી હોય તેને નથી કીધી જાણજો, કારણ જે તે અહંકાર થશે. આજનું કામ કાલપર ના રાખતા, મા બાપ ઉપર હશતા ના, અગર ઉમર ઘણી દરાઝ હોય તોબી તેને એક દીવસની કરી જાણજો. અદબ આદબ ભરેલા લોકોની ખીદમત કરજો, દાનાવ તથા કાબેલ લોકોની દોસતી કરજો, શરસમાં શરસ દોસતી દાનાવ લોકોની જાણજો. તાણા તથા મીહણાં મારનારાં આદમીઓને બદમાં બદ કરી જાણજો, હરેક જગો ઉપર મુગું રહેવું નેકમાં નેક જાણજો. જે નહી બોલવું ઘટે તે ના બોલશો, જે નહી શોધવું ઘટે તે ના શોધશો, હરેક કામમાં દાનાવ લોકોથી મશલેહત કરજો. જહાનના ફરેલા લોકોની વાતોને હલકી તથા ખાર કરી ના જાણશો. કોઇની જમીનમાં ઝાડનાં રોપશો. કીનાં ભરેલાં આદમીથી બીહને ચાલજો. દેવાના તથા મશતને નશીહત ના કરતા. જે જગો ઉપર બદનામી હોય તે જગો ઉપર ના જશો. તમોને ખોદાવંદતાલાએ દોલત તથા તંદરોસતી આપી હોય તેની કદર જાણજો અને તે બાબે ખોદાના શુકર કરજો. જે લોકોની ઉપર મેહેનત તથા હાદેશો પડયો હોય તે લોકોનો હાલ જોઈ તમેબી દહેશત પકડજો કાંય જે ઝમાનો ફરતો છે, તેણે કોઇને મુકયા નથી. ઓરત લોકોના મકરથી બેફીકર થઈને બેશતા ના, નાહલો યાને હલકો દુસમણ હોય તેથી બેપરવા ના બનશો, નાદાન દોસ્તથી દુર રહેજો, નાદાન દુશમણથી ઘણા બીહતા રહેજો. બેઅદબીથી પાદશાહનાં ખીદમતમાં ના જશો. જે કામ કરો તે તમારી હીમતનો મરતબો તપાસીને કરજો, હલકાં આદમીઓની શોહબત ના કરતા. જે કોઇ પોતાની આબરૂને નહી તપાશે તેને તમે આદમી કરી ના જાણતા. અદેખા

લોકોની શોહબત ના કરતા. પોતાના ભેદની વાત ચાડીયાની આગલ ના કરતા, લોકોના ભેદની વાતને બી ઝાહેર ના કરતા. ઓરત તથા ફરઝંદ ઉપર તંગી તથા શખતી ના કરતા. પોતાનું ખાણું બીજા નાં સફરા ઉપર જઈને ના ખાતા. ઓરતોથી વફાદા રીની ઉમેદ ના રાખતા. જે કોઇ ખીદમતનો બદલો નહી જાણે તે લોકોની ખીદમત ના કરતા. હરેક કામમાં નેક રાહનુમાઇ કરજો; યાને નેક મારગે ચા લજો. કાબેલ તથા પ્રાઝેલ લોકો ઉપર તાનો ના મા રશો કેમકે જે કાંઇ તેઓ કરી ગયા હશે તે સહમજી ને કરી ગયા હશે. કોઇની બદગોઈ ના કરતા, જાહેલ આદમીસાથે દોશતી ના કરતા, ઉમર નાદાનીમાં કાઢી ના નાખતા, કાંઇબી દાનાઇનો કશબ કરજો કોઈની હશી તથા મજાક મશકેરી ના કરશો. ઈલમ તથા હુંનર શીખવાની કશી શરમ ના રાખતા. એક વખત જેમાં ફાયદો નહી જુઓ તે કામને ફરીથી હાથ ધરતા ના. જે દોશતીને લાયક હોય તેનીજ સાથે દોશતી કરજો. અગર ઇલમ શીખવો મુશકેલ પડે તોબી તે શીખવા ઉપર મેહનત કરજો. માંદા આદમીને જોવા જવાની આદત રાખજો. જુઠા તથા સાચ્ચા સોગંદ ના ખાતા. નવું ઝાડના રોપ્યાવગર જુનું કાપતા ના. જે કામ કરો તે આગલ પછવાડે જોઇ તપાસી વીચાર કરીને કરજો. અંદેશો તથા દર જેહેર કરતાંબી બદતર જાણજો. આએ જહાનથી મીનોઇ જેહાનમાં જવાનો તોશો એકઠો કરજો. નેક લોકોને મલવાને વાસતે જજો. પાદશાહની સામે બે હાઇ તથા દલગીરી તથા શેખી ના કરશો. મીજલશમાં જાવો તયાં નીચે મરતબે બેશજો. વગર ઇજન કરવે કોઈને ઘેર જમવા ના જશો. બદનામ લોકોસાથે દોશ તી ના કરતા. પોતાનો ભેદ ઓરત તથા ફરઝંદોને ના કહેશો, દોલતમંદ લોકોસાથ કીનો ના રાખશો, જેને એક વખત અજમાવયું હોય તેને ફરીથી અજમાવ તા ના, ખોદાવંદતાલાએ જે આપયું હોય તેઉપર શુકર ગુઝારી કરજો. હરેક કામમાં ઉતાવલા ના બનશો, જે કામ કરો તેનો આકેબત વીચાર કરીને કરજો. પાંથરનું જોઇને પગ લંબાવજો, યાને પોતાનો અંદા જો જોઇને ખરચ કરજો. બે જણ વાત કરતા હોય તયાં કાન ના ધરશો. નેક કામ પોતાને હાથે કરજો. ખારી જમીનમાં બીજ ના રોપશો. આએ દુનયાની દોલત ઉપર મગરૂર ના રહેશો. લોકો ઉપરનું દુઃખ તાલજો. જે કામ ખોદા વાસતેનું હોય અને તે કામ માં કોઈ સાથે દુશમની કરવી પડે તો કરજો. તંગી ની વખતે સબુરી કરજો. નેક વાત તથા નેક નશીહત જે કોઇ કહે તે સાંભળજો. દોલતની વખતે ગરીબ લોકોને મદદ કરજો, કે શખતીની વખતે તે લોકોથી વફાદારી જોશો. જે કાંઇ બોલો તેજ માફક દીલમાં બી રાખજો. કોઇને કડવો શુખન ના બોલશો, ચાલ તાં પઈડાંને અટકાવશો ના. ચાલતા બરદીઆને આર કરશો ના. મુવા પછવાડે ગમ ના ખાશો. આ જહાનમાંથી તે જહાનનો બેહેરો લઇ જજો. તંદરો સતી એ સદ નયામતોથી મહોટી નયામત જાણજો. હર જગો ઉપર હર વખતે નેકી કરજો. અને આ ચાર ચીઝની હંમેશાં આદત રાખજો. પેહલું—થોડું શુવું; બીજું—સકારૂ ઉઠવું; તરીજું—થોડું બોલવું; અને ચોહું—થોડું ખાવું.

ભલી મનશની.

દીનદાર જરથોશતી ! આજે તારી કોમનો બેહમન મહીનો ચાલે છે, અને એ મહીનામાં જો તું નીતી–ધ રમ સંબંધી કોઇ પણ સબક લેવા ઇચ્છતો હોય તો ભલી મનશનીનો લે. અને તે શા માટે ? જે મોટા ફરેશતા ઉપરથી એ મહીનાનું નામ પડેલું છે, તે બેહ-મન છે, અને બેહ-મન બોલને શબ્દ તરીકે લેતાં તેનો અરથ ભલી મનશનીનો થાય છે. ભલી મનશની એટલે ભલું મન અથવા ભલા વીચાર. જેમ દુનયાની પેદાયશમાં તે પેદાના કરનાર સાહેબે પ્રથમ બેહમન ફ રેશતાને પેદા કરી તેનાથી બીજી તમામ પેદાયશની ઉત્પતી કરી હતી, તેમ ઇનસાન જાતનાં તમામ કામ અને વચન, બલકે માણસાઇ સંસારનો તમામ વેહ વાર, તેના મન અથવા વીચારમાંથી જન્મ પામે છે.

આ ટુક ખુલાસાથી તું જોઈ શકશે કે, વીચાર એ તારાં તમામ કામોની ઉતપતીનું કારણ છે. તારાં સુખ દુઃખનું તે મુળ છે. તારી જીંદગીનાં બારકસને ચલા વનાર તે સુકાન છે. તે ચાહે તેવાં તારેથી કામો થાય છે; તે ઈચ્છે તેવી તારેથી વાણી બોલાય છે. એક ભલું કામ કરી તું ખુશ થાય છે કે, આ મારાથી ભલું થયું; એક ખરાબ શબ્દ બોલી તું પશતાય છે કે, આ હું બેઢંગું બોલયો. પણ તે વેળા તું થોડોજ વીચાર કરે છે. તારાં તે કામને અને તારા તે શબ્દને જનમ

કયાંથી મલયો ? તેને જનમ આપનાર તારૂં મન છે; અને તોપણ તેની ભલાઈ કે બુંડાઈ માટે શાબાશી યા ઠપકો તું બાપડાં તારાં કામો અને વચનોને તારા હાથો અને જીભને, આપે છે. કેવો સાદો ભુલાવો!

પણ, ભોલાં ને ભુલેલાં ઈનસાન! હવે તું વધુ વખત એ ભુલાવામાં ભોલવાયા ના કર. તું જાણ કે, તારી નેકી બદીનો મુલપાયો તારા મનમાં છે. તારૂં મન જો સારો વીચાર કરે તો તારાં કામ પણ થાય સારાં; ને જો બુરો વીચાર કરે તો તે માઠાં ને માઠાંજ. જે મન સારા વીચાર કરે છે તે ભલું મન છે, ને તેની સારી ઇચ્છા તે ભલી મનશની છે. ભલી મનશની એ બોલ તેં સો વાર વાંચ્યો હશે, ને બસો વાર સાંભલયો હશે; પણ અફસોસ! તેની ખરી કીંમત તેં કોઈ વાર આંકી છે? નહી! કારણ જો તેં આંકી હોત, તો તારાથી નેકીનાં સીવાય બીજાં કામો થાત નહી. તારી જુબાનના રાસત સંખુનોથી અપવીત્ર બનત નહી.

જેમ એક ગુણી ઝાડનું નીરજીવ બીઉં એક મોટાં ઝાડને જનમ આપી પોતાનાં ફુલની મીઠી લંપટ ચો બાજુ ફેલાવે છે, પોતાના સ્વાદીષ્ટ ફલોથી સેંકડોનાં મોહડાં મીઠાં કરે છે, પોતાના શીતલ છાયાથી સંખ્યાબંદ પ્રાણીઓને ઠંડક આપે છે; તેમ એક નીરજીવ વીચાર, જો તે ભલી મનશનીનું રૂપ લે તો, તેમાંથી એવાં બોહલાં અને ભલાં કામો જનમ પામે છે કે જેથી દુનયામાં નેકી, નેકનામી, અશોઈ, સખાવત, ધરમીપણું, મીત્રાચારી, પરહેજગારી વગેરે બ્યાપી રહે છે. તેમની સામટી અસરો વડે એક વાર આ ફાની દુનયા બાગે બેહશતનું રૂપ પકડવા માંગે છે, અને ખાકી આદમ જાણે નુરી ફરેશતો બને છે. ખચીત આ સમજાવટ તને લલચાવનારી લાગશે, અને તું મોહ મલકાવી બોલશે કે, ત્યારે નેકીનાં હથયાર વડે દુનયા ઝીતવાનું કામ ઘણુંજ સેહલ છે.

પણ, જરા સબર! ઉટાવલ ના કર. તારાં મનની બીજી બાજુ જો. ભલી મનશનીના થવું અથવા ભલી મનશની પામવી, એ તું ધારે છે તેટલું સેહલ કામ નથી. ભલી મનશની મેલવવા માટે તેં "અકોમન" ને મારવો યા તાબે કરવો જોઇયે છે. અકોમન એ બેહમનથી ઉલટી ખાસ્યતના અને ધનામીનોના હમશરીકનું નામ છે. તે બુરી મનશનીને જનમ આપે છે. અને બુરી મનશની એવી તો લલચાવનારી ચીજ છે, કે તેના તરફ આંધળા પયારથી ઘસડાઈ, માણસ ભલી મનશની સામે બેવફા થવાથી કદાચજ બચી શકે છે. બુરી મનશની એક નખરાંબાજ પણ પાપી સ્ત્રીના જેવી છે. તેણીનાં છોકરાં છૈયાં જુઠાઈ, દંગો, કીનો, બદફેલી, અધરમીપણું, લોભ, બદ પરહેજી વગેરે છે. તેઓ વળી પોતાની જનેતાના કરતાં વધારે દીલ લલચાવનારાં છે. જો તારી ખાતરી થતી ન હોય, તો એ વીષે તું યાદ કર કે, જે વેલા તારાં મનમાં કોઇની સામે કીનો ઉસકેરાય છે, તયારે તે તુને કેવો મીઠો લાગે છે, અને ભલી મનશની તેનાથી તુને આંઘો રહેવાની ઇશારત કરે છે તે છતાં તું તેને કેટલો ઝનુનથી વલગી રહે છે? તેમજ બદફેલીની ઈચ્છા થતાં તે તને કેટલી વહાલી લાગે છે? લોભની પાછલ તું કેવો આંખ વીંચીને ઘસડાય છે? જુઠાઇની તું કેવી બલતવારીથી હીમાયત કરે છે?

પણ એ સઘલા બુરી મનશનીમાંથી જનમ પામેલા બુરા ગુણો છે, અને તેઓ પોતાની બુરી અસર જણાવયા વગર રેહતા નથી. જેમ ગલીચીનો કીડો ગલીચીમાં રહી પોતાનું કદ તથા ઓલાદ વધારતો જાય છે, તેમ તેઓ પણ, જો ચાલુ રેહવા પામયા તો, ગુણાકારને હીસાબે પોતાની સંખ્યા વધારતાજ જાય છે; અને જેમ જેમ તેઓ વધે છે, તેમ તેમ મનનો ખાંચો તેમનાથીજ ઘેરાઇને, તેમાં ભલી મનશનીના ભલા ગુણોને રેહવાની જગા રેહતી નથી.

માટે, રે ઈનસાન! તું જો ભલો થવા ચાહતો હોય, અને તે માટે નેક મનશનીની જરૂર વીચારતો હોય, તો બુરી મનશની અને તેના તમામ બુરા ગુણોને તારાં મનમાંથી ઝાટકી કહાડ. તે કામ સેહલ છે; અને તે મુશકેલ પણ છે. અરે! પણ એમ કેમ બને? ખચીત બને! યકીન પકડીને સાંભલ, અને સાંભલીને અમલ કર. જો તારાં મનમાં એક બુરો વીચાર દાખલ થયો, અને તેજ વેલા તેં તેને મનમાંથી કહાડી નાખયો, તો તે કામ સેહલ છે. પણ તે વીચારને જો મનમાં એક મીનીટ પણ ઠરાવા દીધો, તેને જરા પણ કોઠું દીધું તો પછી તે તયાંજ ચોંટી બેસશે, ને એ રીતે તે કામ મુશકેલ થઇ પડશે. જેમ એક કમજાત માણસ પારકાની જગા પચાવવા ઈચ્છતો હોય, અને તેનો કબજો તેના હાથમાં આવયો તો તેને તે સેહલથી છોડતો નથી, તેમ એક બુરો વીચાર પણ મનમાં દાખલ થઇ વજન પામયા પછી તેમાંથી બાહેર નીકલવા કરતો નથી.

તયારે શેવટે, એજ નકી ઠરે છે કે, ભલી મનશની હાંસલ કરવા માટે બુરી મનશનીને આપણાં મનમાં જગા લેવા દેવી નહી. તે જો મનમાં દાખલ થવા પામે તો તેને તત્કાલ દુર કરવી. આ કામ અથવા મનની એ ક્રીઆને "મન મારવુ" કરી કહે છે. મન મારવું એટલે મનને એવી રીતે આપણા કાબુમાં રાખવું, કે જેથી બુરી મનશનીના લલચાવનારા ફંદામાં તે ફસે નહી. અને તેમ થાય તો ભલી મનશની નો રાજ અંમલ તારાં મનમાં ચાલુ થાય. તે રાજ અંમલની બરકતથી તું જીવતાં જીવત બેહમનને મલે, અને આ દુનયાનું ખરૂં પવીત્ર સુખ તથા પેલી દુનયાનું જીંનત તારી મરજી મુજબ તુને હાંસલ થાય.—આમીન!

દાદાર અહુરમજદની ખશનુદી.

અવસ્તા.—**ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ.**

અર્થ.—ખુશહાલ થાઓ દાદાર અહુરમજદ!

દીનદાર જરથોસ્તી! પાક અવસ્તાના ઉપલા કલામ તારાં મુખ્માં રમી રહેલા છે. તું તે વારંવાર પઢે છે—દીવસે ને રાતે, સહવારે ને સાંજે, સુતાં ને ઉઠતાં, તારી બંદગીનું તે જાણે મધ્યબીંદુ છે. એજ પાક કલામ સાથ તારી બંદગી શરૂ થાય છે. એજ પવીત્ર સુખન સાથ તારી ક્રીયા ચાલુ થાય છે. તારી બંદગીનો એ જાણે પાયો છે. તારી એબાદતનું એ જાણે મુળ છે. શું ઘેરમાં કે દરેમેહરમાં, શું અનજુમનમાં કે શું એકલી હાલતમાં, જયાં પણ અને જયારે પણ જરથોસ્તીની અવસ્તા વાણી—પછી તેને જંદ અવસ્તા કહો, આસ્માની કલામ કહો કે માથ્રવાણી કહો—તે પઢાય છે, ત્યાં અને ત્યારે પેહલો આવાજ નીકળે છે—"ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ."

પણ તેનો અર્થ તું જાણે છે? અગર અર્થ જાણે છે તો તેની ઉંડી મતલબ, તેની બુલંદ ફીલસુફી અને તેનાથી મલતા સર્વોત્તમ ધડા વીશે તેં કાંઇ વીચાર કરયો છે? કોઈ વાર પણ તને ખયાલ આવ્યો છે કે આટલા ટુક અને સાદા કલામ શા માટે વારંવાર પઢવામાં આવતા હશે? શા માટે ઉચારવામાં આવે છે, તે દરેક અવસ્તાઈ બંદગીની શરૂઆતમાં? પાક જરથોસ્તી મજહબે અથવા અશો જરથોસ્તે શા માટે આપી છે, તેને એટલી મોટાઇ? "ખુશહાલ થાઓ દાદાર અહુરમજદ" એમ બોલવા અથવા પઢવામાં તે શું મોટી બીસાદ? દાદાર અહુરમજદ અથવા ખોદાતાલા તો હંમેશનો ખુશહાલ છે; ત્યારે શી નવાઈ આવી એમ કહેવામાં કે, ખુશહાલ થાઓ દાદાર અહુરમજદ?

ખરી વાત છે કે દાદાર અહુરમજદ હંમેશનો ખુશહાલ છે; પણ જેમ તેની ખોદાઇ હદ વીનાની છે, તેમ તેની ખુશહાલી પણ હદ વીનાની છે. તે હંમેશ વધતી રહે છે, અને વધતી રહેવી પણ જોઇયે. જેમ ફરજ છે એક નેક ફરજંદની કે હંમેશ ખુશી રાખે પોતાનાં માતપીતાને; જેમ ફરજ છે એક વફાદાર રઈયતની કે સદા ખુશી કરે પોતાના રાજકર્તાને; તેમ ધર્મ છે આપણ ખાકી બંદાનો કે હમેશે હમેશ લગી ખશનુદ કરવો પોતાના પેદા કરનાર અશો દાદાર અહુરમજદને; અને તે ફરજ બજાવવા તથા તેની યાદ આપવા માટે પઢાય છે આપણી બંદગીની શરૂઆતમાં, આપણી ક્રીયાઓનાં મંડાણમાં, મજકુર પાક કલામ—"ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ!"

ખરૂં; પણ દાદાર અહુરમજદ ખુશી કેમ થાય? શું આપણે ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ બોલ્યા તેથી દાદાર અહુરમજદ ખુશહાલ થઈ ગયો? ના, તેમ નથી. ત્યારે શું ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ સાથ શરૂ થતી હરેક બંદગી કરવાથી તે ખુશહાલ થાય છે? એ વીશે આપણે વીચાર કરવાનો છે. ખરી વાત છે કે, હરેક બંદગી આપણે કરયે છીયે તે, પેહલે તે પાક પરવરદેગારને ખુશહાલ કરવા માટે અને બંદગીમાં ખોદાની ખશનુદી છે, માટે બંદગીથી તે ખુશહાલ પણ થવો જોઇયે. પણ તે બંદગી હોવી જોઇએ ખરાં દીલની, સાચા એતેકાદની અને ધર્મના કાનુનને અનુસરતી. નહી હોવી જોઈયે તે માત્ર મન મનાવવાની, લોકોને દેખાડવાની, દીલ વગરની, એતેકાદ વગરની, અને ધર્મના કાનુનથી વેગલી. તે બંદગી રૂપે તું જે હાજતો ચાહે તે હોવી જોઇયે, વાજબી અને હકદાર. તે બંદગી વડે તું જે પશેમાની કરે તે હોય અંતઃકરણની, અને ફરી બદકારી નહી કરવાની સાચી કબુલાત સાથની. તે

બંદગી વડે તું તારા પેદા કરનારની તથા તેના પરે સ્તાઓની જે સ્તુતી ગાય, તે હોય તેમનાપર પુર એ તેકાદ ધરાવનારી. તે અને તેવીજ બંદગી તે ખરી બંદગી. તે અને તેવીજ બંદગીથી ખુશહાલ થાય દાદાર અહુરમજ્દ અને તેવીજ બંદગીથી પઢેલુ પરમાણુ "ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ!"

પણ, તું બંદગી માત્ર કરે, અને બંદગીના તરીકા તથા એબાદતની ખસલતથી, ઉલટો ચાલતો રહે, તો જાણજે કે તેથી ખોદાને ખસ્નુદ કરવાની તારી ઇચ્છામાં ખલલ પડશે. મોહડેથી તું બંદગી કરશે ને તારાં દીલમાં હશે પાપી વીચાર અથવા "મોહડે રામ બોલી તું પગે માછલાં મારશે," તો ખોદા થશે તારી બંદગીથી નાખુશ. આ ઘડી તું બંદગી કરી ઉઠયો, ને બીજી ઘડી જો તું કોઇનું બુરૂં ઇછવાનાં કામમાં મશ્ગુલ થયો, તો ખોદાની ખુશી તોડી તેને નાખુશ કરવાનો અપ્રાધી તું બનશે. મતલબ કે બંદગીની જોડેજોડ નેકી રેહવી જોઇયે. અનીતી અને બંદગીને વેર છે. બંદગીથી ઉગી નીકલતા ખસ્નુદીના રોપ, અનીતીના ઝેરી દવથી સુકાઇને મરી જાય છે. માટે બંદગી કરવી તે નીતી સાથે. તું શું જાણતો નથી, કે જરથોસ્તી ધર્મમાં જેટલું મહત્વ-ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ એ કલામોનું છે, તેટલુંજ હુમત, હુખ્ત, હુવરેસ્ત (નેક વીચારવું, નેક બોલવું, નેક કરવું)નું પણ છે? અને એ ત્રણ શબ્દો શું છે? તમામ નીતીનો મુળ પાયો. ત્યારે, તને ઘટે છે કે, પ્રથમ મકમ કરે પોતાનાં દીલમાં હુમત, હુખ્ત, હુવરેસ્તનો પાયો, અને તેના આધાર સાથે પઢે—"ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ!"

આજે તો એમ સમજવામાં આવે છે કે, આપણે ખુશી તો ખોદા ખુશી. એમ પણ સમજવામાં આવે છે કે દીલ, મન, તથા શરીરની પ્રાની લાગણીઓ તૃપ્ત થઈ એટલે ખોદાની ખસ્નુદી થઇ ચુકી. વળી એમ પણ મનાય છે કે, વાજીંત્રો સાથે ગમે તે ભાષામાં અને ગમે તે રીતે ઇશ્વર સ્તુતીને નામે પોકાર પાડયા એટલે બસ ખોદાની તે ખરી બંદગી છે, અને ખોદાની ખસ્નુદી તેટલાંમાંજ મલી શકે છે! પણ તે સમજ તકલીદી છે—તે પ્રાની અને એકલપેટી પણ છે. તેથી તારૂં દીલ ખુશી થાય, અને તારાં મનના વીકારો તૃપ્તી પામે, પણ ખોદા ખુશી થાય નહી. જે પવીત્ર જુબાનના કલામ ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ છે, અને જે પાક મજહબની તે ઉત્પતી છે, તે જુબાનમાં અને તેજ મજહબનાં પરમાનની રૂએ એક જરથોસ્તી તરીકે તારી બંદગી થવી જોઇયે, અને ત્યારે ને ત્યારેજ તારાથી ખુશહાલ થાય દાદાર અહુરમજદ.

અને જો એ રાહે રસ્તે તું તારા પેદા કરનારને ખુશહાલ કરી શકયો, તો જાણજે કે, તેમાં તારી પોતાની ખુશહાલી પણ નકકીજ છે. ખોદા ખુશહાલ તો બંદેખોદા પણ ખુશહાલ. ઉપર જણાવેલી સમજ પ્રમાણે મેલવેલી ખુશહાલી તો તકલીદી, ઘડી પલની, અને ખોટા મનો વીકારની છે. પણ ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓના તરીકાની રૂએ મલતી ખુશહાલી, તે છે ખરેખરી અમર ખુશહાલી—હમેશગીની ખુશહાલી, આત્માની ખુશહાલી. દલગીર દુશમેન તે ખુશહાલીને જખમી કરી શકતો નથી, અને મોતના ડંખથી તે મરણ પામતી નથી. શેતાન તેનો શીકાર કરી શકતો નથી; અને જમાનાના ફેરફાર તેનું રંગરૂપ બદલી શકતા નથી. રે દુઃખ દર્દથી બીહીતાં ઇન્સાન! એવી અમર ખુશહાલી મેલવવાની તું પેહલી કોશેશ કર, અને હીંમત તથા નીતી સાથ હંમેશાં પઢતો રેહ તારી એબાદતનાં મંડાણમાં—ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ—ખુશહાલ થાઓ દાદાર અહુરમજદ!

શરાબ કઈ જાતનો પીવો?

(વાંચનારાઓએ શરાબ એટલે દારૂ નહી સમજવો.)

['Oriental Department Paper' ઉપરથી ફેરફાર સાથે.]

આતુરતાથી ઊંચક **તે** શરાબની તું જામ,
કરે જે **ખોદાઈ મસતીમાં** તને બેફામ;
પણ શરાબ **તે** પીવાને ના લંબાવતો દસ્ત,
કરે જે તને **દુનયાઈ મસતીમાં** મસ્ત.

ધર્મની ક્રીયાઓમાં શરાબ વીના ચાલે નહી, એવા બહાણાં હેઠલ કેટલાકો શરાબ પીવાની હીમાયત કરે છે. આટલું તો ખરૂં છે કે, ધર્મના કાયદાઓમાં તથાં પ્રાચીન કાળની ફીલસુફીઓમાં એક યા બીજાં કારણસર શરાબ વીશે **અલંકારીક રીતે** કેટલાંક ભેદ ભ

રયાં લખાંણો સમાયલાં છે. જેમ અવસ્તા અને વેદને લગતી ક્રીયાઓમાં હોમ તથા સોમને અમૃત જળ (ambrosial nectar) તરીકે અલંકારીક રીતે વાપડવામાં આવયો છે, તેમજ ખરીસટી ધર્મને લગતી ક્રીયાઓમાં શરાબ (Wine) અને પાણી (Water) ને આત્મા (Spirit) અને પ્રકૃતી (Matter) માટે અલંકારીક રીતે વાપડવામાં આવયાં છે. પણ જમાનાનાં જોરથી, અને દુનયા ઉપર અજ્ઞાનતાની જાળ પાંથરવામાં 'કળી યુગ' ના ફ્તેહ પામવાથી, સઘળા ધર્મોના ધર્મગુરૂઓ માયા અથવા અવીદ્યા (Illusion) ના બુરખાથી ઘેરાઇ ગયા, અને ધર્મમાં સમાયલી સચ્ચાઇનો ભેદ ભુલી ગયા. આતું પરીણામ શરાબ પીવાની હીમાયત કરવામાં આવયું અને તે પણ ધર્મના છાંયા હેઠળ! પણ હરેક અક્કલવંત માણસ કબુલ કરશે કે, જો ધર્મ **અશોઈ** શીખવતો હોય—**અશોઇ** માત્ર શરીરને લગતીજ નહી, પણ મન અને આત્માને લગતી પણ–તો જે ધર્મ શરાબ પીવાને ઉશકેરે તેને ધર્મનું નામજ ન છાજે. યોગની ફીલસુફીને લગતાં એક પુસતકમાંનો નીચલો ફકરો 'શરાબ' બોલના અર્થ માટે કાંઈક સહમજ આપણને આપશે:

"જે રોજ ગાયનું માંસ ખાય છે, અને શરાબ પીએ છે, તેને સૌથી ઊત્તમ કુટુંબમાં જન્મેલો હું સમજું છું."

સાધારણ રીતે જોતાં આ તદન બેહુદું માલમ પડે ખરૂં. પરંતું, આ વાકયનો ઉંડો યાને, ભેદી અર્થ સમજવો જોઈએ. પુસ્તકમાં ગાયનાં માંસ અને શરાબ માટે 'ગોમાંસ' અને 'અમર વારૂની' શબ્દો વપડાયલા છે. આ બોલો જો સમજાવ્યા વિના એમજ રહેવા દેવામાં આવે તો, જે નુકસાન હાલની માંસહારી અને શરાબની હીમાયત કરનારી દુન્યામાં માલમ પડે છે, તેવાંજ નુકસાનતું એ એક કારણ થઇ પડે, એટલા માટે એનો ગુપ્ત અર્થ સમજનારને ખબર પડે છે કે:

'ગો' શબ્દનો જીભ અર્થ થાય છે. અને તેને ટાળવાં (Palate) માંહેનાં સુરાખમાં દાખલ કરવી, એટલે 'ગો' (ગાય અથવા જીભ)નું માંસ ખાવું.

જ્યારે ટાલવાં માંહેનાં સુરાખમાં જીભ દાખલ થાય છે ત્યારે, શરીરમાં ભારે ગરમી ઊત્પન થાય છે. આની અસરથી ચંદ્રમાની અંદરથી અમૃત જલ વહે છે. આને 'અમરવારૂની' (શરાબ) કહે છે.

આ ઉપર એક સરેહ કરનાર નીચલો ખુલાસો આપે છે:

"દેખીતા બેહુદા જેવા અલંકારો હેઠલ ખરો અર્થ છુપાવવાની હિંદુ યોગીઓની રીતનો આ એક ઊત્તમ દાખલો છે. એની મૂલ મતલબ આ માલમ પડે છે. તેઓએ વિચારેલું હોવું જોઇએ કે, આ અલંકારનું દેખીતું બેહુદાપણું, તથા ખરી બાબદ (યોગ)થી તેનું ઊલટાપણું વાંચનારના મનમાં વિચાર ઉત્પન કરીને, તેને આ બેહુદાપણાંની સમજ માટે ઉંડાણમાં લઈ જઇ શકશે."

સોમ એટલે ચંદ્ર, જે યોગના કાયદા મુજબ માણસમાં તેનાં ટાળવાંની ઉપર આવેલો છે. અને જે અમૃતજળ તેનીમાંથી વહે છે, તે નીચે પડે છે, અને સુર્ય, જે ડુંટીની નજદીક આવેલો, કહેવાયછે, તે તે પી જાય છે. પણ એવું કહેવામાં આવે છે કે જે કોઇ પોતાનાં મોમાં ટાળવાંમાંનો સુરાખ બંધ કરીને આ અમૃતજળને વહેતાં અટકાવે છે તે, પોતાનાં શરીરનો ઘસારો યાને નાશ અટકાવી શકે છે. પણ કોઇએ પણ આ મુજબ કદી કરવું નહિં, કારણકે એ હઠ યોગની એક રીત છે, કે જેથી વારંવાર ભંયકર પરીણામો આવે છે. આ દાખલા ઉપરથી આપણને જે જોવાનું છે તે એટલુંજ કે જો ધર્મના ગુપ્ત અર્થની દરકાર કર્યા વિના સાધારણ બાહેરના અર્થ ઉપરજ આધાર રાખવામાં આવે તો, તેનું પરીણામ ખરા અર્થથી તદન ઉલટુંજ, અને કોઇકવાર નુકસાનકારક નીવડે છે.

હવે આપણે સુફીઝમની રીતે શરાબની તપાસ લઇએ. જાણીતો સુફી શાયર **નીઝામી** શરાબની સીફ્ત નીચલા બોલોમાં કરે છે:

"Sâki, thou know'st I worship wine;
Let that delicious cup be mine.
Wine! pure and limpid as my tears,
Dispeller of a lover's fears;
With thee inspired, with thee made bold,
'Midst combat fierce my post I hold;
With thee inspired, I touch the string,
And, rapt, of love and pleasure sing,
Thou art a lion, seeking prey,
Along the glades where wild dear stray;
And like a lion I would roam,
To bring the joys I seek for Home;
* * * *
Bring, bring the liquid gem, and see
Its power, its wondrous power, in me.
* * * *
But wine still plays a magic part,
Exalting high the drooping heart.
Then, Sâki, linger not, but give
The blissful balm on which I live.
Come, bring the juice of the purple vine,
Bring, bring the musky-scented wine;
A draught of wine the memory clears,
And wakens thoughts of other years."

"સાકી, તું જાણે છે કે હું શરાબને ભજું છું, માટે તે સ્વાદીસ્ટ જામ મને તું આપ; એક આશકની ધાસ્તી

ઓને હાંકી કાઢનાર મારાં આંસુ જેવા સાફ અને સ્વચ્છ શરાબ! તારાથીજ ઈશ્વર પરેર્ણીત થઇને અને તારાથીજ હિંમતવાન થઇને ઝનુની લડાઈમાં મારી જગ્યા હું સાચવી રાખું છું. તારાથીજ ઈશ્વર પરેર્ણીત થઇને હું તે દોરી ઉપર મારો હાથ ચલાવું છું, અને એશ્ક અને મજાહનાં ગાયણો લલકારૂં છું. તું, મેદાંનો, કે જયાં જંગલી હરણો ભટકે છે ત્યાં, તેઓનો શીકાર કરવાની શોધમાં ફરતા એક સીંહ સમાન છે. અને એક સીંહનીજ માફક હું પણ જે સુખો આ ઘર માટે શોધું છું તેને માટે ભટકીશ.

* * * * *

લાવ તે પ્રવાહી જવાહેર મારે માટે લાવ, અને તેની અસર, તેની અજાયબ જેવી અસર, તું મારામાં જો!

* * * * *

ઝુમાઈ જતાં હૈયાંને બુલંદ કરીને શરાબ હંમેશાં એક જાદુઈ ભાગ બજાવેછે. ત્યારે સાકી! વખત ના લગાડ, અને દુઃખને મટાડનાર તે સુખ ભર્યો રસ, જેનેજ માટે હું જીવું છું, તે મને તું આપ; લાવ, લાવ, તે જાંબુરો દરાખનો રસ, તે કસ્તુરીના વાસવાળો શરાબ તુ લાવ. શરાબનો એક ગોટ સમર્ણ શક્તિને ખુલ્લી કરે છે, અને બીજાં વરસોના વિચારો જાગૃત કરે છે."

શરાબનું વર્ણન આગળ ચલાવતાં આ મહાન સુફી કવી જ્યારે નીચે મુજબ જણાવે છે, ત્યારે ખુલ્લુ માલમ પડે છે કે જે શરાબ માટે તે આટલો બધો આતુર હતો તે શરાબ તે કાંઇજ નહી, પણ **ખોદાઈ રોશણી!**

"That wine, the *lamp* which, night and day,
Lights us along our weary way."

"તે શરાબ, તે **ચેરાગ**, જે રાત અને દહાડો, તે થાકવી નાખનાર રસ્તા ઉપર આપણને રોશણી આપે છે."

પણ હજી વધુ આગળ ચાલતાં જે વર્ણન તે શરાબ માટે આપે છે, તે શરાબ વીશેનો સઘળો ભેદ તદન ખુલ્લો કરી નાંખે છે.

"Wine, Saki! wine! the house without a light
Is but a prison, odious to the sight;
For broken hearts immured in gloom like mine
Are dungeon-dark, unblessed with light or wine.'

"શરાબ, સાકી! શરાબ! રોશણી વગરનું એક ઘર એક ધીકારવા જોગ બંધીખાના સમાન છે; અંધારાંમાં ગોંધાવલાં મારાં જેવાં તુટેલાં દીલો, કે જે રોશણી અથવા શરાબથી મેહેરબાની પામયાં ન હોય તે બીહામણાં બંધીખાનાં સમાન છે."

નીઝામી એક સુફી હતો અને એક ખરા સુફી માફક તે, તે સઘળી રોશણીઓની રોશણી (નુર-ઉલ-અનવાર) માટે આતુર હોવો જોઇયે. કેટલાકો એમ ધારે છે કે, "લયલી અને મજનુન" ની કવીતા (જેમાંથી ઉપલી લાઈનો ચુંટી કાઢવામાં આવી છે તે), માત્ર આશક માશુકોના જુસ્સા ભરયા પ્યાર ઉપરજ લખાયલી છે; પરંતુ બીજાઓ ખુલ્લું જણાવે છે કે આ મહાન કવીએ આ સુંદર કવીતામાં "આત્માના **હમેશગી** તરફની ગતીના જુસ્સાનું વર્ણન કરયું છે.

હાફીઝ પણ એક સુફી કવી થઈ ગયો છે; અને તેણે પણ શરાબની સીફત નીચલા બોલોમાં કીધી છે:—

"સાકી! બનુરે બાદેહ બર અફરૂઝ જામે મા,
મુતરબ બેગુ કે કારે જેહાંન શુદ બકામે મા;
મા દર પયાલે અકસે રૂયે યાર દીદેઇયમ,
અય બે ખબર! ઝે લેઝતે શોર્બે મોદામે મા."

"સાકી! શરાબનાં નુરથી અમારી જામ ભરીને રોશન કર. ગવૈયા! તું ગાયન લલકાર, કાંય કે જેહાનનું કામ અમારી મોરાદ મુજબ થયું છે. અમો હંમેશાં શરાબ નોશ કરવાની જે લેહઝત ભોગવયે છીયે તેથી, અય બેખબર! તું જાણ કે શરાબનાં પયાલાંમાં અમો તે **દીલબરના ચેહરાનો** પડછાયો જોઇયે છીયે."

વળી અમીર ખુશરૂ એ માટે નીચે પ્રમાણે જણાવે છે.

"બેખોર બા મેહેરબાંને એશક બાદેહ,
સેફાલશ બર સરે બેમાર બેશેકન."

"ખોદાઈ એશકના રસતા ઉપર ચાલનારાઓ સાથે તું શરાબ પી, અને તેના સીસા જેઓ તે રસતાથી અજ્ઞાન હોય તેઓનાં માથાં ઉપર મારીને ભાંગી નાંખ."

વળી મરહુમ દસ્તુર મુલાંફીરોઝજી પોતાનાં પંદનામામાં શરાબ વીશે જે વર્ણન આપે છે, તે શરાબનો અર્થ ખુલ્લી રીતે સમજાવે છે!

"મય ખોર, મય ખોર, કે હરચે જુઝ મય બાશદ,
હીચસત અમર તાઝે જમ ઓ કય બાશદ."

"અય બંદા! તું શરાબ પી, શરાબ! કાંય કે પાદશાહ જમશેદનું તથા કયાનીઓના પાદશાહનું તાઝ વગર શરાબ પીવે, તારે માથે હોય તો કાંઈ કામનું નથી."

"આંન મય કે અઝાંન કલબ મુનવ્વર ગરદદ,
ને ઝાનકે ફેસાદે આલમ દરવે બાશદ."

"પણ તે શરાબ કયો? ખોદાઈ રાહનો કે જેથી દીલ રોશન થાય તે પી. પેલો શરાબ ના પીતો, કે જેમાં આલમનો ફેસાદ ભરેલો છે."

પણ જમાનો પોતાનો ભાગ બજાવી ચુકયો છે અને તે તેણે પુરતી રીતે બજાવ્યો છે; હવે સચ્ચાઇને પ્રકાશી નીકળવાની વારી આવી છે, અને આપણુ આશા રાખીશું કે તે પણ પોતાનો ભાગ ઉતમ રીતે બજાવે અને સંપુર્ણ રીતે **પ્રકાશી નીકળે! આમીન!**

અહુરમજદની મદદ ચાહવા વીશે

અવસતા—જસમે અવંઘહે મજદ.
અર્થ—પહોંચ મારી મદદે અય અહુરમજદ!

દીનદાર જરથોસ્તી ! આગલ સાંભલી ચુકો છે તું "ક્ષ્નઓથ્ર અહુરહે મજ્દાઓ"ની બુલંદી; આજે સાંભલ "જસમે અવંઘહે મજદ" ની ખુબી. છે જેટલી મોટાઇના તે કલામ, નથી તેથી ઓછી મોટાઈના આ કલામ. બંને પોત પોતાની જગાએ પોત પોતાને વખતે ઉતમ અને ઉપયોગી છે. પહેલાનીમતલબ અહુરમજદને ખુશહાલ કરવા ની. છે; બીજાની, એટલે મથાલે મેલેલા અવસ્તા ઇ કલામની મતલબ, અહુરમજદની મદદ ચાહવાની. "ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ" મુખ્ય કરી હરેક અવસ્તાઇ એબાદત અને ક્રીયાની શરૂઆતમાં પઢાય છે; "જસમે અવંઘહે મજદ" ઘણું કરી એબાદત અને ક્રીયાનાં શેવટમાં ભણાય છે. આપણી જરથોસ્તી એબાદતો તથા ક્રીયાઓની શેવટે "અહમાયરેસ્ચ," "હજંગરેમ," "જસમે," અને "કેરફે મોજદ એવી જે ચાર દુઆરૂપી બંદગી આપે છે, તેઓ મધે ની ત્રીજીનો પેહલો કલામ એ "જસમે અવંઘહે મજદ" છે. વલી આપણે દરરોજ અને હર વખતે કુસ્તી પાદયાબ કરી બંદગીનો કમરબંદ કમર ઉપર બાંધતાં તેના છેલ્લા ભાગમાં "મજદ યસ્નો અહમે," એવો જે અવસ્તાઇ "દીનનો-કલમો" પઢયે છીયે, તેની આગલ પણ જસમે અવંઘહે મજદ બોલી ય જદ અથવા અહુરમજદ કે દાદાર અહુરમજદની મદદ ચાહીએ છીએ.

ઉપલો ટુક ખુલાસો છે "જસ મે અવંઘહે મજદ"ની મોટાઇ દેખાડનારો. પણ હવે આપણે જોઇયે તેની મતલબ. સવાલ ઉત્પન્ન થાય છે પ્રથમ, કે અહુરમજદની મદદ ચાહવી એટલે શું? શું મદદ ચાહવા વગર તે મદદે પહોંચતો નથી? તેની મદદ કેવા પ્રકારની ચાહવી? અથવા કેવા પ્રકારની ચાહેલી મદદ તે આપે છે અને કેવા પ્રકારની નહી? યા કોની મદદે તે પહોંચે છે ને કોની મદદે નહી? એનો ખુલાસો સેહલ, પણ જાણવાને જરૂરનો છે. જેમ "ક્ષ્નઓથ્ર અહુરહે મજદાઓ"માં આપણે જોયું કે, અહુરમજદ હંમેશ હમેશ લગી ખુશહાલ છે તે છતાં બંદાની ફરજ છે કે તેને પોતા તરફથી ખુશહાલ કરવો, તેમ જો કે અહુરમજદ પોતાના બંદાને મદદ પણ મદદ કરવાની રીતે કરતો જાય છે, તોપણ બંદાની ફરજ છે, તેનો હક છે, બલકે તેને જરૂર પણ છે, કે તેની મદદ ચાહવી. તે મદદ પણ ચાહવી હર વખતે અને હર જગે—દુખમાં તેમ સુખમાં—ગરીબીમાં તેમ તવંગરીમાં—હાજતની વેળા તેમ બેહાજતની વેળા. અને જયારે તું એક જરથોસ્તી છે, ત્યારે તે મદદ ચાહવી જોઇયે જરથોસ્તનાજ આ પાક, એજમતી, અવસ્તાઇ કલામમાં કે, "જસમે અવંઘહે મજદ"!

પણ યાદ રાખશે કે, તું જે મદદ ચાહે તે ઘટતી અને હક વાજબી હોવી જોઇયે. તે તેવી હશે તોજ અહુરમજદ તને મદદ કરશે, અથવા તારી મદદે પહોંચશે. હાથમાં ખુની હથ્યાર પકડી કોઇ નીર્દોષનું ગલું પીંશવા તું જાય, અને ચાહે કે "પહોંચ મારી મદદે અય અહુરમજદ," તો તે કદી તારી અરજ સાંભલનાર નથી—હરગેજ તારી મદદે પહોંચનાર નથી—જીનહાર તને યારી આપનાર નથી. હરામખોરી પકડી તું ઘેરમાં આળસુ બેસી રહે અને ચાહે કે મને આછતાં ધન-ધાન ને માન-ચાન મળે તથા તે મેળવવા માટે ધાંટો પાડે કે, "જસમે અવંઘહે મજદ" તો તેમાં પણ તું નીરાશ અને પશેમાન થશે. એવી રીતે ખોદાથી મદદ ચાહવામાં, કાંઇજ નહી પણ તું ઠગે છે પોતાનાં દીલને, મશકેરી કરે છે તારા પેદા કરનારની; અને તેમ કરીને તેની મદદ મેળવવાને બદલે તેની મદદ સામી ખોહે છે.

ખોદાની મદદ ચાહવાનો ખરો તરીકો એ છે કે, તે મદદ પોતાની હાજતમંદીને સર ચાહવી; બીજાં હાજતમંદોને મદદ કરવા માટે ચાહવી; ભલાં કામો કરવા માટે ચાહવી; પરમાર્થ માટે ચાહવી. ફકત પોતાને માટે મદદ ચાહી પારકાં માટે બેદરકાર રહેવું એ, એકલપેટાઇ છે. જેમ હાજતમંદોને, ભલાંઓને, મદદ કરવાની આપણી ફરજ છે, તેમ તેઓ માટે ખોદાથી મદદ ચાહવાની પણ આપણી ફરજ છે. ખરી વાત આ છે કે, ખોદાની મદદ હોય તોજ આપણે બીજાંને પણ મદદ કરી શકયે. "આપનાર તે છે અને અપાવનાર પણ તેજ છે." મદદ કરનાર તે છે અને મદદ કરાવનાર પણ તેજ છે. એ ઊપરથી

તું સમજી શકશે કે, ખોદાની મદદ કયાં અને કેમ ચાહવી; તું જાણી શકશે કે, શું છે ખરી મતલબ જસમે અવંધહે મજદની.

પણ એની વીશેષ મતલબ—એની ખરી બુલંદ મતલબ—તો હજુ તારે જાણવાની રહી છે. ખોદાની મદદ ચાહવા જોગ સઊથી મોટું કામ તો ધરમનું છે—ધરમનું, અશોઇનું, એબાદતનું, અને ખોદા પરસ્તીનું. ઉપર તું વાંચી ગયો કે, કુશતી પાદયાબની ક્રીયામાં "મજદ યસનો અહમે" એ અવસ્તાઈ "દીનનો કલમો" પઢતાં પ્રેથમ "જસમે અવંધહે મજદ" બોલી અહુરમજદની મદદ ચાહવામાં આવે છે. તે ઉપરથી ખુલ્લું દીસે છે કે, એક મજદયસ્ની અથવા જરથોસતી, પોતાના ધરમ ઉપર, તેનાં ફરમાનો ઉપર, ઉસતવાર રહેવાનો એકરાર કરતાં, તે એકરાર પાલવા માટે ખોદાની ખાસ મદદ ચાહે છે. એ અવસતાઈ "દીનના કલમા" ની મતલબ એ છે કે, હું મજદયસની છું; જરથોસતી મજદયસની દીનને પઢું; તેની તારીફ અને વખાણ કરૂં; મારી મનશની, ગવશની અને કુનશનીએ કરી; અને તે પર ઉસતવાર રહી તેનાં ફરમાનો પ્રમાણે ચાલુ ઇત્યાદી. હવે, એ કામ કાંઇ સેહલ નથી. તેમાં ઘણી મુશકેલીઓ ડગલે ને પગલે નડે છે, અને નબલાં મનનાં માણસો તેમાં હારી ખાય છે. તે પ્રમાણે પોતે હારી ન ખાય અને જે કબુલાત આ કલમા રૂપે પોતે આપે છે, તે પાલવાને શકતીવાન બને, તેટલા માટે એક જરથોસતી આ પ્રસંગે "જસમે અવંધહે મજદ" બોલે છે અને માંગે છે કે "પહોંચ મારી મદદે અય અહુરમજદ!"

અને જે માણસ દીનદારીનાં કામ કરવા ચાહે અને તે માટે મદદ માંગે, તેને અહુરમજદ શા માટે તે આપે નહી? તે માણસ આ કલમાથી જે ખાહેશ દેખાડે છે તેવીજ ખાહેશ અહુરમજદની પોતાની છે. જેવાં કામ કરવા તે ચાહે છે તે અહુરમજદની પસંદગીનાં છે. તેવી ખાહેશ અને તેવાં કામો જો માણસ ચાલુ કરયું જાય, તો તે અશો બને અને ફરેસતાની સંફતું ગણાય. તે માણસ સેવટે અહુરમજદને મલવાને લાયક છે, બલકે અહુરમજદ તેને મલે છે. સારાંશ, અહુરમજદ અને તેના વચે જુદાઇ કે અંતર જેવું રહેતું નથી. જે ખાહેશ અને જે કામો એવાં હોય, કે તેથી ખોદા અને બંદેખોદા એક થાય, તેમને માટે ખોદાની મદદ હંમેશાં હાજર રહેવી જોઇયે. તે બંદેખોદાની મદદે ખોદા પોંહચે એ કાંઈ મુશકેલ વાત નથી. પોતાની ખોદાઇ ખસલતથી તે બંદો સઘળા મનોવીકારપર કાબુ મેળવી શકે છે, અને એ રીતે તે દુખના હુમલા સામે અજીત બને છે. ખોદાની મદદ તેને પોંહચી ચુકી છે, અથવા ખોદા તેની મદદે પોંહચી ચુકયો છે. તે પછી પણ અલબતે તે "જસમે અવંધહે મજદ" બોલી યા પઢી શકશે, પણ તે માત્ર પઢવાને અરથે, કાનુનને ખાતર, ખોદાની ખોદાઇને માન આપવા માટે. પણ તેવી ખોદાઇ ખસલત, તેવી ફરેસતાઈ હાલત પામવાને આપણે હજુ લાયક થયા નથી; અને તેથી આપણે તો દીનદારીનાં તથા નેકીનાં કામોમાં ખરેખર આપણને મદદ કરવાના હેતુથીજ પઢવું જોઇયે "જસમે અવંધહે મજદ"—પહોંચ મારી મદદે અય અહુરમજદ!

બાજ ધરીને જમવાની ખુબી, તથા દાદાર અહુરમજદની સલાંમતી.

"માઝદયસ્ની દીનના જવાન મરદોને બાજ ધરવાના કલામો પઢવા વાજેબ છે તે જો નહીં પઢવા કબુલ કરે તો, તેઓને જાદુઇની મનશ્ની પોંહચે છે યાને, તેઓનો વીચાર મક્કર, ફરેબ તથા ઠગાઇ ભરેલો થાય છે."

—યજશ્ને હા ૮ મો.

દીનદાર વાંચનાર! આ ખાકી દુન્યામાં એક માણસને તેના જન્મથી મરણ સુધી તેની સાધારણ હાલતમાં ખોરાકની જરૂર છે, તે તું પુરતી રીતે જાણું છે. પરંતુ, આ ખોરાક શરીરમાં શી અસર કરે છે તે તું જાણું છે? ખોરાકની શરીર ઉપર જુદી જુદી અસરો છે. પણ, તેમાંની મુખ્ય અસરો એ છે કે, તે શરીરને પોશણ આપે છે, જેથી શરીર કામ કરવાને શકિતવાન થાય છે. અને બીજી એ કે, તે માણસના સારા યા નરસા ગુણો સાથે બહુજ અતલગનો સંબંધ ધરાવે છે. આથી જેવી હાલતમાં, જેવાં મનથી, અને જેવો ખોરાક લીધો હોય, તેની તેવીજ અસર માણસના ગુણો ઉપર થાય છે, એટલે સાંત મને લીધેલો ખોરાક મનની શાંતતામાં કદી પણ ખલલ કરતો નથી, યાને તે એક એવું મન બનાવવામાં મદદ કરે છે કે જે શાંત અને પવિત્ર હોય, હુમત, હુખ્ત અને હવરેશત, યાને પવિત્ર વિચાર, પવિત્ર વાણી અ

ને પવિત્ર કામો એ જરથોસ્તી ધર્મનો મુળ પાયો છે. પવિત્ર વિચાર રાખવા માટે પવિત્ર મન જોઇએ, અને મનને પવિત્ર રાખવા માટે બુરા અને તોફાની વિચારોથી મોકલું રાખવું જોઇએ. આથી, ખાતી વેળાએ શાંત મને ખાવાનો ખુબીવંતો રેવાજ જરથોસ્તી ધર્મમાં જાહેર છે, કારણકે ખોરાક શરીર અને મનની જુદી જુદી વરતીઓનું કારણ છે.

"ખુશાળી જાહેર કરવાની નેમથી" (!) ઉસ્કેરાયલાં મને લીધેલો ખોરાક મનને આકુલ વ્યાકુલ અને ઉશકેરાયલુંજ રાખે છે, પણ સાંત મનથી લીધેલો ખોરાક મનને શાંત રાખે છે—અને નીરંતર એવી રીતે લીધેલા ખોરાકથી મન હંમેસાં શાંત રહે છે. સર્વ હાલતમાં મનની સ્થીતી એક સરખી રીતે શાંત રેહેવી જોઇએ. આજ કારણથી નામદાર શાહનશાહ જમશીદ બીન વીવંઘાને પોતાની નસીહતોમાં જણાવ્યુ છે કે "ખાતી વેળા મોઢામાંથી મુદલ સાદ કાઢવો નહીં." અને એજ કારણસર જરથોસ્તી ધર્મમાં બાજ ધરીને મુંગે મોઢે ખાવાનું મોતેબર ફરમાન છે.

મઝદયસ્ની દીનમાં ખાણુ ખાતી વેળાએ વાતચીત કરવાની અને મોઢે બોલવાની મનાઇ છે, તે માટે કેટલાંએક મોતેબર કારણો છે.

૧ લું.—જરથોસ્તી તરીકે આપણે આપણી જીંદગી અશોઇથી ગુજારવી જોઇએ, અને તે માટે ઘટતી ક્રીયા સાથ પવિત્ર ભણુતરના કલામો પઢીને સફાઇ સાથે ખાવું જોઈએ.

૨ જું.—ખાણું ખાતી વેળાએ તે ન્યામતના આપનાર મેહેરબાન યઝદાંતાલાના સુકરાના કરવાની હરેક માણસની ફરજ છે, અને જો ખાતી વેળાએ વાતચીત થાય તો જેમ એક દોરો તુટી જાય તેમ આપણાં મનમાંહેથી તેની નયામતના ઉપકારનો પ્રવાહ જે નીકળતો હોય તે વાતચીત કીધાથી તુટી જયા વિના રહે નહિં.

૩ જું.—ખાણું ખાતી વેળાએ મોઢાંમાથી બે માલુમ છાંતા ઉડે છે કે જે અરસપરસનાં ખાણાં અપવિત્ર કરે છે.

૪ થું—ખાતાં ખાતાં અથવા પાણી પીતાં વાત કરવાથી બુક ગલે ખુટી બેસે છે અથવા અતરસ જાય છે જેથી કોઈકવાર માણસનો જીવ જોખમમાં આવી પડે છે, એટલુંજ નહી પણ ખાતી વેળાએ બોલ્યાથી મોઢાંમાંનો બુક ચવાયા વીના પેટમાં ઉતરે છે જે પાચન શકિતના કુદરતી કાયદાને ખલલ કરે છે, અને ખોરાક પચી શકતો નથી, જેથી શરીરમાં ધારેલી અસર થઈ શકતી નથી.

૫ મું.—ખાતી વેળા એ બાજ ધરી શાંત મને ખોદાના શુકરાના કરી ધીમે રહી ચાવીને ખાણું ખાધું હોય તો તે ખાધેલું ખાણું પાચન થઇને હજમયત ઊપર આવે છે.

પણ ધર્મનાં ફરમાસ મુજબ મુગે મોઢે ખાવાની ફીલસુફી હવે પારસીઓમાં મુર્ખાઈ ભરી ગણાય છે, અને જયાં સુધી ઈંગિરેજોની માફક બુમબરાડા અને પોકારો અને સલામતીઓ ચાલે નહીં ત્યાં સુધી ગળેથી બુક ઊતરતો નથી, અને જયારે બુમ પાડવાની શકતી રહેતી નથી તયારે ગલાસો, અને કાંટા, ચમચા તો તૈયાર છેજ!

દીનદાર વાંચનાર! તારી આંખોને જરા તપાસ માટે આસપાસ ફેરવ! લગનો, જશનો, નવજોતો અને પારસી કલબો તરફ સહેજ આડી નજર ફેંક. આહ! શું ત્યાંનો દેખાવ! કેવી ખરાબ ખાશ્પતો તયાં જાગે છે! લગનો, જસનોં, અને નવજોતોની પવિત્ર ક્રીયા કે જે વેળાએ પવિત્ર ફરેસ્તાઓનું તે જગ્યાઓ તરફ પધારવુ થાય એવી આશા રાખીને તેને બરનાં કામો ગંભીરાઇ તથા પવિત્રાઇ સાથે થવાં જોઇએ, તેને બદલે દારૂના શેતાન્યત ભરયાં ગલાસોથી અહેરમની હસ્તીને જાગ્રત કરવામાં આવે છે! ત્યારે પારસીઓ ફીરેસ્તાઇ ખસ્લત તરફ વધે છે કે અહેરેમની? અલબતાં, તે જોવાનું કામ અય ભલી દીનના મરદ! તારૂં છે. પારસીઓની હાલની કલબો કે જેનો મોટો ભાગ માત્ર ખાઈ પીને મજાહ કરવાની નેમથીજ સ્થાપવામાં આવયો છે તેઓની ખાણાની ટેબલો તરફ તો જરા નજર ફેંક! કેવાં ઉશકેરાયલાં મનથી, કેવા બેઅદબી ભરયા શબદોથી, અને કેવા તોફાનો સાથે બબબાની બાટલીનુ નખોદ વલે છે! શું આ રીતે લીધેલો ખોરાક કદી પણ માણુસના તન અને મન ઊપર સારી અશર કરી શકે? ના, ભલા વાંચનાર! હરેક અકકલવંત માણુસ કબુલ કરશે કે કદી નહિં.

લગનોની મીજલસો તરફ જરા જો! જે મીજલસમાં ફરેસતાઓ તરફથી આખી જીંદગીના સુ

ખને માટે આશીશ મેળવવાની આશા રહેવી જોઇએ, તેને બદલે દારૂનાં ગ્લાસોથી અને બુમ બરાડાથી સેતાન્યત ભરી ખાશયતોને જગાડવામાં આવે છે. ફરેસ્તાઓ જ્યાં શાંતી અને પવિત્રાઇ હોય ત્યાંજ પોતાની હાજરી આપે છે અને નહિકે તોફાની હુલ્લડખોરોની મીજલસોમાં. આથી ફરેસ્તાઓના આશીશ વગર જીંદગી કેવી જાય? તેનો ખયાલ, અય દાનાવ વાંચનાર! તું જ કરી લે!

પવિત્ર ભાઈબંધીનો એખલાસ વધારવાના અને પવિત્ર કામોનાં સાધનો, જે જશનો, ત્યાં પણ એ વોજ દેખાવ! આથી પારસીઓ ફીરેસ્તાઈ હસ્તીઓને જોવાની આશા અને મનની શાંતી તથા પહેરેજગારી મેળવવાની આશા કેમ રાખી શકે?

આ સઘળું, દાનાવ વાંચનાર! **શરાબ** બોલનો પાધરો અર્થ સમજયા વિના, તથા પોતાની મનની હલકી વૃત્તીઓને સંતોષ આપવા માટે વાળેલું નખોદ છે.

પણ ખાતી વેળાએ મુંગે મોઢે ખોરાક લીધાની ખુબી ધર્મની યા અક્કલની રીતે ગમે એવી સમજાવીશું, તોપણ, અંગરેજો ખુશાળીના ઉભરા કાઢે અને પારસીઓ તેમ ન કરે તો સુધરેલામાં ન ખપે! પણ ખુદ ઈંગરેજ વિદ્વાન ડાકટરોનાં આ બાબદ પુષ્કળ મતો છે. જેમાંના યુરોપ્યન વઈદક શાસ્ત્રનો એક ટુક નમુનો નીચે મુજબ છેઃ—

While eating the mind should never be diverted from the object before it, either by reading or by much conversation. The reason why talking or reading is injurious during the time of taking food, and while digestion is going on, is that a portion of the blood and nervous influence necessary for the perfect function of digestion would be diverted from the stomach and sent to the brain to carry on the thought necessary to comprehend the book or paper or maintain the thread of the conversation.

ઉપલા ફકરાની મતલબ એ છે કે—"જમતી વેળા આપણાં ભોજણ સીવાય આપણાં મનને વાંચવામાં અથવા ઘણી વાતમાં કદીપણ રોકવું ન જોઇએ. જમતીવેળા અને ખોરાક હજમ થતી વેળા વાતચીત કરવી અથવા વાંચવું નુકસાન કારક છે, તેનું કારણ એકે ખોરાક હજમ કરવાનાં કામ માટે જેટલાં લોહીની ખરી અગત્ય છે, તે લોહી મધેનો કેટલોએક ભાગ વાત કરવાથી અથવા વાંચવાથી હોજરીમાંથી કાઢી ભેજા આગળ લઈ જવો પડે છે, કે જેથી તે ચોપડી અથવા પત્ર ઉપર ધ્યાન આપે અથવા ચાલુ વાતને સાચવી રાખે."

ઉપલા ટુક ખુલાસા ઉપરથી દાનાવ વાંચનાર જોઇ શકશે કે દીનનાં ફરમાન મુજબ કુસતી પાદયાબ કરી પવીત્રાઈથી બાજ ધરીને મુંગે મોહડે શુકર ગુજારી યાને ખુદાતાલાનું હેસાન માનવા સાથે જમવાનો કેટલો મોટો ગુણ છે અને એ પ્રમાણે ન કરતાં વગર ઢંગધડાએ ખાધાથી અને ખાણું લેવા જેવી વખતેબી કલબોમાં કે બીજી જગે એલફેલ અને મશકેરી ઠઠાનું બોલવાથી કેટલા અવગુણો થાય છે.

અશોઈની બુલંદી.

અવસ્તા—અષેમ વોહુ વહિશ્તેમ અસ્તી.
અર્થ—અશોઇ એ સર્વોત્તમ નયમતછે

દીનદાર જરથોસ્તી! અષેમ વોહુ તો તું દરરોજ, દર જગાએ અને દરએક બંદગીમાં ભણે છે. અવસ્તાની શરૂઆતમાં તે ભણાય છે; સેવટમાં ભણાય છે, અને વચ્ચે પણ ભણાય છે. કોઇ વાર તે એક મરતબે ભણાય છે; તો કોઇ વેળા ત્રણ, દશ અને બાર મરતબે—કોઈવાર તો એકસો મરતબે; એટલે એકકી વેલા એકસો અષેમવોહુ ભણવામાં આવે છે. અષેમ વોહુની બંદગી ટુંકી અને વલી એટલી સાધારણ હોવાથી ઘણાઓ તેને પીંજન સમજી જેમ ગમે તેમ હાલ હવાલ રીતે પઢે છે, અને તે જાણે કાંઇ નજીવું પટપટવાનું હોય તેમ તેને કંટળા સાથ લઇ ચલાવે છે. પણ તે એક ભયંકર ભુલ છે; ના, તે એક મોટું પાપ છે. તું પણ જો અષેમવોહુ સાથ એવાં ચેડાં કાહડતો હોય તો તુરતજ તારી તે ભુલ સુધારજે, અને મોહડાંપર તમાચો મારી કાન ચીમરેતીને પશેમાન થજે, તથા હવે પછી પઢે, તો પઢજે મોટાં માનથી, ભારે ગંભીરાઈથી, મતલબ સમજીને, પદેપદ, અષેમવોહુ વહિશ્તેમ અસ્તી.

જાણુ કે અષેમવોહુ માત્ર બાર શબ્દની ટુંકી બંદગી છે, તેટલા માટે તે નજીવી નથી. તે વારંવાર, ફરી ફરી, જગેજગ અને ઘણી ઘણીવાર પઢાય છે, તેટલા માટે તે લઇ ચલાવવાની અને "ઘસડી કહાડવાની" નથી. તે વારંવાર અને ઘણી મરતબે પઢાય છે, તેજ તેની મોટાઇની મોટી સાબેતી છે. તેમાં કાંઇ મોટી ખુબી હશે, માટેજ જરથોસ્તી ધરમે તેને ઉપરાશાપરી પઢવાનું ફરમાવ્યું હશે. અને ખરેખર તેમજ છે. તેના માત્ર પેહલા ચાર શબ્દોનો જે અર્થ મથાલે મેલ્યો છે, તેજ તું જો. તેની મતલબ જો તું બરાબર સમજશે તો તારી ખાતરી થશે કે, અષેમ વોહુ તો અશોઇનો એક દર્યાવ છે. જે કોઈ ઇન્સાન તે દર્યાવ તરી શકે છે તે, અશોઇના મુલ ઝરા અહુરમજદને મલે છે. જે ઇન્સાન એ દર્યાવ તરે છે તે અશોમર્દ અથવા અશો માણુસ કહેવાય છે; અને જેમ આપણા ધરમમાં "અશોઇ એ સર્વોત્તમ નયામત છે," તેમ અશોઇનો રાખનાર અથવા "અશો" એ ખેતાબ પણ સર્વોતમ છે.

એની સાબેતી આપવાને તમામ જંદ અવસ્ત તૈયાર છે. તેની લીટીએ લીટી "અશોઇ" અને "અશો"નાં મહત્વથી ઉભરાઈ જાય છે. સરીષ્ટીના સરજનહાર અહુરમજદનાં જે ત્રણ ખાસ નામો છે, તેમાંનું એક "અશો" છે—જેમકે દાદાર, અહુરમજદ, અને અશો. છે તેના અમેશાસ્પંદો અશો, યજદો અશો, ફ્રવષીઓ અશો, જરથોસ્ત અશો, ગાવીઓદાદ અશો, ગયોમર્દ અશો, ઈત્યાદી ઇત્યાદી. અને જેઓ અશો છે તેમની આરાધના પણ છે—તેમની સેતાયશ અને નીઆએશ છે, તેમની ક્રીયાઓ અને ભેટો છે. ખોદાની ખોદાઇમાંની સાધારણુ ચીજ પણુ, જો અશોઈ પામે છે, તો પુજવા અને નમવાને લાયક થાય છે. જે પેદાયશ અથવા જે રૂહ અશોઇ પામે છે તે પોતાની અસલ સ્થીતીથી ચઢતી હાલત પામે છે. જેમકે, ચોકસ ફરેસ્તાઓ (અમેશાસ્પંદો) ખુદ અહુરમજદની બરાબરી પામેલા છે. જરથોસ્ત ખાકી પેદાશ છતાં ફરેસ્તાઇ, બલકે તેથીબી ચહડતી હાલત પામેલો છે. જે માણુસ અશોઈ પામે છે, તે ફરેસ્તાને દરજજે પહોંચે છે. દુરવેશ માણુસ અશોઇથી પાદશાહ કરતાં સરસ ગણાય છે. ટુકમાં કુલ મખલુકાત મધે અશોઈ એજ સઉથી મોટો મરતબો છે—"અશોઈ એજ સર્વોત્તમ નયામત છે!"

પણ અશોઇ એટલે શું? અશોઇ એટલે પવીત્રાઇ! પણ પવીત્રાઇ તે કેઈ જાતની? આજના "સુધારા"ની બલહારીના જમાનામાં ઘણાઓ એવા છે કે, જેઓ બદનને ધોતું ધાતું, શોભીતું શાભીતું ને પમરતું મઘમઘતું રાખીને તેમાં પવીત્રાઇ સમજે છે. પણ તે સમજ હસી કાઢવા જોગ છે. એવા પણ માણસો છે કે, જેઓ દુન્યાનો વેહવાર પ્રમાણીકપણે ચલાવવામાં પવીત્રાઇ સમજે છે. એ સમજ પેહલાઓની કરતાં ચઢતી છે, પણ સંપુર્ણ નથી. ખરૂં છે કે પવીત્રાઇ તનની પણ જોઇયે. તનની પવીત્રાઇ એ મનની પવીત્રાઇનું પેહલું પગથીઉં છે. આ પણ ખરૂં છે કે. દુન્યાનો વેહવાર નીતી અને પ્રમાણીકપણે ચલાવવો જોઇયે. નીતી એ ધરમી થવાનું પેહલું પગથીઉં છે. પણ આપણે જે પવીત્રાઇ વીષે અહીં વીવેચન કરીએ છીએ તે એથી ચહડતી, ધરમને લગતી, ખોદાસ્નાસીના કાનુનની પવીત્રાઇ છે. તેનું ખાસ નામ અશોઈ છે—તે સંસ્કાર પામેલી પવીત્રાઇ છે. તેનો તાલુકો તનમનથી પણ આગળ વધીને આત્મા સાથે છે. તનની પવીત્રાઇ તો ઘણાબી જાલવી શકે છે. મનની પવીત્રાઇ જાલવનારા પણ ઠીક મલી આવશે. પણ એમની સાથે આત્માની પવીત્રાઈ જાલવી, યાને અશોઈ પાલીને, અશો બને એવા તો જવલેજ મલવાના.

તેનું કારણ એ કે, "અશોઈ એ સર્વોત્તમ ન્યામત છે;" તેમ તે મેલવવા અથવા પામવાનું કામ પણ સહુથી કઠણ છે. તેને માટે દુન્યાની સઘલી ફાની મોહમાયા, લોભ લાલચ તથા મોજમજાહનો ભોગ આપવો પડે છે, અને સઘલી નેમ મીનોઇ અને મીનો ઉપર બાંધવી જોઇયે છે. ધરમ તેનું આશરમ છે; બંદગી તેનો પેશો છે, અને ઉંચામાં ઉંચી નેકી તેનો તરીકો છે. જે માણુસ દરેક રીતે પોતાનું મનમારી તેનાપર કાબુ મેલવી અશોઇ પાલે છે, તેનું મન એક આઇના કરતાં વધારે સ્વચ્છ અને ચલકતું બને છે, અને તેમાં તે ગોયા ખોદાનાં નુરનો પડછાયો જોય છે. જેમ એક ધાતુ અગ્નીમાં વધારે તપે છે તેમ તે વધારે સ્વચ્છ બને છે; એક ઝવેર જેમ વધારે ઘસાય છે તેમ વધારે પ્રકાશ પકડે છે; તેમ એક આત્મા જયારે અશોઈ માટે વધારે કષ્ટ વેઠે છે ત્યારે તે વધારે પ્રકાશીત બની શેવટે પોતાના પેદા કરનારનાં નુર સાથ મલી જાય છે. તેનો ચલકાટ વધે છે, તે સાથે

તેનો દરજજો વધે છે, તેની શકતી વધે છે, અને જે કામો દુન્યાનાં સાધારણ માણસોથી કદી બજાવી શ કાતાં નથી, તે બજાવવાને તે શકતીવાન થાય છે. જેમ જમીનપર ઘસડાતા એક કીડાને પાંખ આવવા થી તે અસાધારણ જોર પામી જયાં ગમે ત્યાં ઉડી શકે છે, તેમ એક માણુસ ખરી અશોઈ પામ્યાથી મા ણસાઇ કરતાં ચહડતી હાલત—ફરેસ્તાઇ સ્થીતી, મીનોઇ ચમતકાર—પામે છે.

અશોઇનું આ માત્ર ઉપર ટપકેનું વર્ણન છે. તે ઉપરથી પણ તું હવે સમજી શકશે કે, “અશોઈ એ સર્વોત્તમ નયામત” શા વાસ્તે છે? તથા અષેમવોહુને અવસ્તામાં મોટી બુઝોર્ગી અને અનેકપણું શા માટે આપેલું છે? અષેમવોહુમાં એવા બોહલા ગુણો ભરેલા હોવાથીજ તેને વારંવાર, જગેજગે, અને એક થી વધુ સંખ્યામાં પઢવા ફરમાવેલું છે. જેમ એક માણુસ ખરા ભકતીભાવથી તથા એકાંગ્રચીતે “ખોદા ખોદા” ઉચાર્યા કીધાથી આખરે ખોદાને મલવાને લાયક થઇ શકે છે, તેમ અષેમવોહુ કે તેવા બીજા અવસ્તાઇ કલામ વારંવાર ઉચાર્યાથી માણસ અશોઇ પામવાને પણ લાયક થાય છે. અવસ્તામાં એ વીષેના ઇશારા જાબજા છે; ખુદ અષેમવોહુ વીષે તેમાં ખાસ સબકો આપેલા છે. પણ હાલમાં તો તું એટલાંથીજ સંતોષ પામ; અને “અશોઇની સર્વોત્તમ નયામત” મેલવવાની ખરાં દીલની ધારણા રાખીને પઢતો રેહ “અષેમવોહુ વહિસ્તેમ અસ્તી.”

ખોદામાં સાંતી.

આપણ થોડા કે ઘણા અસંતોષી છીયે. આપણને એવું લાગે છે કે, જે ચીજો આપણને કરવી જોઈયે, તે આ દુન્યામાં આપણે પુર્ણ કીધી નથી અને જે નહી કરવી જોઇયે, તે કરતા જઇયે છીયે યાને તેની ઉપર ધયાન આપયે છીયે. આપણ જાણયે છીયે કે જે નીચ હવસો ખુદરતના કાયદાની સામે થઇને જુમબેસ ચલાવે છે, તેને દુર કરવાને આપણ શકિતવાન નથી. જયારે આપણે આપણા વીચારો દુન્યાદારીથી સદંતર વેગલા કરયે છીયે અને ખુદરત વીષે વીચાર કરયે છીયે, ત્યારે ખોદાની સેવામાં આપણો પોતાનો ભોગ આપવાને આપણા નીચ ખવાશ (Lower nature) ને જીતીને તાબે કરવાને, સરવ તરફ એક સરખો ભાઇચારો બતાવવાને, સમદ્રષ્ટીથી જોવાને અને અંતઃકરણમાં તેમજ આપણાં કાર્યોમાં અશો થવાનો ઠેડાવ કરયે છીયે; પણ જયારે આ ફાની તક લીદી જીંદગીની લાલચ ને મુશકેલીઓ આપણી સામે વગર બોલાવવે એકાએક આવીને ઉભી રહે છે યા તો તેના સબંધમાં આપણ આવયે છીયે, ત્યારે આપણા સઘળા ઠેડાવો જયાંના ત્યાં રહી જાય છે, યાને આપણે ભુલી જઇયે છીયે. ખરી રીતે જોતાં આપણા વીચારો ને કૃત્યો, આપણી ભકિતભાવની ખરી જીંદગી ને છાપદાવાલી નામની જીંદગી વચ્ચે મોટો તફાવટ રહેલો છે. હવે એ તફાવટ કેમ દુર થઈ શકે. આપણ કેવી રીતે ખોદાઇ રાહે ચાલી શકયે, જેથી અંતઃકરણની સ્વચ્છતા તથા આપણા સઘળાં કામોમાં કેવી રીતે નમ્રતા રાખયે તથા ખોદાના હુકમને તાબે થઈ ભાઇબંધચારો તથા પ્યાર રાખયે; જયાં સુધી આપણો મનોમય (Ideal) તથા કાર્યો વચ્ચે ઘણી મોટો યુધ્ધ જાગશે, ત્યાં સુધી મનની શાંતી મેલવવાને આપણને આશા રહેશે નહી. જેઓને વધારે શ્રેષ્ટ જીંદગી શું છે તે વીષેનો વીચર તેઓનાં દીલમાં રમ્યા કરશે તેઓ જયાં સુધી પોતે તે જીંદગી (Higher life) ખરેખર અમલમાં લાવતા નથી યાને તેઓને આત્માનુભવ મળતો નથી, ત્યાં સુધી તેઓ કોઈ કાલે સુખી થશે નહી, જેઓ પોતાની નીચ હવસો સામે લડવાને આત્મીક લડાઇમાં દાખલ થઇ ચુકા છે, તેઓ જયાં સુધી તે લડાઈ જીતશે નહી યાને પોતાના નીચ હવસોને પોતાનાં દીલમાંથી જડ મુળથી ઉખેડી નાંખીને તેની જગા (Higher nature) ઉંચ ગુણોથી પુરશે નહી. યાં સુધી તેઓ કદી પણ શાંતી ભોગવશે નહી. એ લડાઇ દરેક માણુસ પોતાના નીચ હવસોને (જેનો તે પેહેલાં ગુલામ હતો તેને) પોતાનો ગુલામ બનાવવાને માટે લડવી અવસ્યની છે કે જે વખતે બધા નીચ હવસો તેની સામે થવામાં કાંઈ પણ બાકાત રાખતા નથી, એ લડાઇ જયાં સુધી માણુસ પોતાના નીચ હવસો તથા જુસ્સાઓને સદંતર તાબે કરે ને તેની ઉપર પોતાનો પુર્ણ કાબુ રાખે ત્યાં સુધી જારી

રહેવી જોઈએ. આપણા અસંતોષનું એક કારણ એ છે કે ઉંચી જીંદગી વીષેના વીચારો જે આપણે મનમાં કલપેલા છે, તે પ્રમાણે વેહવારમાં આપણે ચાલતા નથી અને તે અમલમાં લાવતા નથી. નીચ હવસો સામે લડાઈ કરતાં જયારે આપણ હારી જઇયે છીયે, ત્યારે આપણને પસ્તાવો થાય છે. ત્યારે આપણને એવું લાગે છે કે, જીંદગીની મુળ મતલબે પહોંચવાની આશા ઘણી દુર છે અને જો વારંવાર આપણી પાંચે ઈંદ્રીઓ વશ કરવાની યુધ્ધમાં આપણે હારી જઈયે છીયે, તો આપણે નાઉમેદ તથા નીરાશ થઇયે છીયે. લડાઈમાં પણ હંમેશની તથા વારંવારની હારથી લશકર ઉપર પણ નીતી ભ્રષ્ટ અસર કરે છે. આત્મીક લડાઈમાં એજ કાયદો છે. વારંવાર આપણા નીચ હવસોથી હારી જવાથી આપણે નાસીપાસ થઇયે છીયે અને આપણને એવું લાગે છે કે લડાઇ તો બહુ કઠણ છે. એથી ઊલટું જયારે આપણે આપણા નીચ વીચારો ઉપર ફતેહ પામ્યે છીયે યાને તેને તાબે કરયે છીયે, ત્યારે આપણને આપણી આત્મીક શકિત વીષે કાંઇ વીચાર આવે છે, ભરોસો રહે છે અને એવડી શકિતને જોરથી તે લડાઇ પાછી જારી રાખવાને આપણ તત્પર રહીયે છીયે. ઉંચી જીંદગીની તરફની કોશેસ હંમેશ પોતાની સાથે દલગીરી તો લેતી આવે છે. આતુર અતી ઇચ્છા જે દુન્યાની કોઈ પણ ચીજથી સંતોષ પામતી નથી, તેથી અને સુંદર કલ્પનાઓ જે આપણથી અમલમાં લવાતી નથી, તેથી આપણને કંગાલ લાગે છે. જે શાંતી આપણો આત્મા મેલવવાને આતુર તથા તાંપી રહે છે, તે કેમ મલી શકે. ખરેખર જો આપણે ફકત પોતાનીજ તરફ ધ્યાન આપ્યે ને નજર કરયે તો માંસના એટલે શરીરીક બંધનમાંથી (Bondage of flesh) આપણા છુટકારા માટે કાંઇ પણ આશા હોતી નથી. જયારે આપણે આપણા પાપ, વાંક તથા ધર્મભ્રષ્ટ વીષે વીચાર કરયે છીયે ત્યારે આપણું હઇડું ખોઈ દઇયે છીયે, ને આશા પણ છોડયે છીયે. દુન્યા અંધકારનો પરદો દુર કરવાને તથા ઓછો કરવાને આશાનાં એક પણ કીરણ વગર આપણને એકાંત તથા બીહામણી લાગે છે, પણ જયારે આપણે આકાશ તરફ નજર કરયે છીયે, આપણ પરમકૃપાલુ પરમેશ્વરની બેહદ દયા અને ડહાપણ વીશે વીચાર કરયે છીયે, ત્યારે આપણી છાતી આશાથી ભરઈ જાય છે. તેજ ખુદા આપણને મદદ કરશે અને આપણા આત્મામાં ખોદાઈ જોર મુકશે, એજ વીચાર જીંદગીની યુદ્ધની નાસીપાસ કરનારી અસર સામે આપણને મજબુટ ટેકવી રાખશે.

આપણે પોતાને ખોદા ઉપર સોંપી દેવાથી ને તેના હુકમનેજ આધીન થવામાંજ અને આપણું પોતાનું હુંપણું તજી દેવાથી ખુશાલી ને શાંતી મલે છે. બચ્ચું પોતાની માતા ઉપર પુર્ણ ભરોસો મુકે છે તેથીજ તે સુખી છે. જેઓ દલગીરીમાંજ ઘણાજ ગરક થઈ ગયા છે, તેઓ ખુદાની દયા ઉપર પોતાનો પુર્ણ ભરોસો રાખ્યાથી પોતાનાં દુઃખનો બોજો ઓછો કરી શકે છે. તદન ખુદાની મરજીને પોતે આધીન થયા વગર અને પોતાનો જાતી ભોગ (Self-Sacrifice) આપયા વગર જે શાંતી આપણે ઘણી ઉત્કંઠાથી માગયે છીયે, તે મળી શકશે નહી. માણસની મરજીને ખોદાની મરજી સાથે ઐકયતાપણું (Harmony) હોવું જોઈયે યાને મલતાપણું જોઈયે. નહી તો પાપનું કાંઇ પણ નીવારણ થતું નથી ને ઇશ્વર સાથે મેલાપ પણ થતો નથી યાને મુકિત પણ મલતી નથી. Lord thy will be done, not mine ખોદા તારી મરજી પ્રમાણે થાવો, મારી મરજી પ્રમાણે નહી, એમ બાઇબલ (ખ્રીસ્ટીઓનાં ધર્મ પુસ્તક) માં પણ કહેલું છે. ખુદરતનો કાયદો એવો છે કે, જયાં સુધી આપણી ઇચ્છા ખોદાઇ ઇચ્છા (Divine will) થી ઉલટી રહેશે ત્યાં સુધી કાંઈ પણ આસાયશ તથા શાંતી મલશે નહી. ત્યારે શા માટે આપણા પોતાનાં ઘેરથી દુર પરમુલકમાં ભટકયા કરીને ભુખમરાથી મરી જઇયે? જો આપણ પોતાનું હુંપણું તજી દઇને ખોદાની મરજીને આધીન થઇયે, તો આપણાં સઘળાં દુઃખ ને દલગીરીનો પણ છેડો આવી જાય અને સ્વર્ગની ખુશાલીની અગાઉથી મજાહ ચાખી લઇયે. હંમેશાં જો આપણે ખોદાનેજ વીશે વીચાર કરયે ને આપણું દીલ એવું તો સાફ રાખ્યે કે જેથી તેમાં ખુદ ખુદા વાસો કરે, તોજ આપણને શું થવું જોઇયે અને હાલ આપણ કોણ છીયે, તેનું ઉલટાપણું પણ બંધ પડે ને આપણને શાંતી મલે. જો આપણે આપણા દુન્યાઇ વહેવાર તથા કામકાજની વચ્ચે ને આપણા બીજા ભાઈબંધો જેની સંગતમાં ને સમાગ

મમાં આપણુ આવયે ત્યારે ખોદાનીજ હાઝરી તથા હસ્તી સર્વે ઠેકાણે લાગે તો આપણો નીચ ખ્વાસ પણ જલદી દબીજાય. જો આપણે ખોદાની હાઝરીની હવા દમમાં લઇયે તો જીંદગીની હઝારો લાલચો અને મુશકેલીઓની સામે ઘણીજ સરસ રીતે કાંઈ પણ હરકત વગર ટકી શકયે ને શાંતપણે પસાર થઇયે. માટે જયાં સુધી ખોદાની હાઝરી એક મનુષ્યને પોતાની ભીતરમાં લાગતી નથી, ત્યાં સુધી તેને શાંતી મલતી નથી.

Happy is the man who has sowed in his heart the seed of peace. સુખી માણસ તેને સમજવો કે જેણે પોતાનાં દીલમાં શાંતીનાં બીયાં વાવ્યાં હોય.

આદરબાદ મારેશપંદને રૂમનાં હકીમ સાથે થયલા સવાલ-જવાબ.

એક રૂમનાં દાનાવ હકીમે આદરબાદ મારેશપંદને ખોદાઇ દીનની હકીકત તથા મોજેજો પુછયો અને પુછયું જે તારૂં નામ શું છે ? અને તુંને દીનની કેઈ રાહ પસંદ આવેલી છે. તેવારે તે હકીમને આદરબાદે જવાબ દીધો જે ખોદાની રાહ–ખોદાશનાસી છે, તે દીન હું રાખું છું. તેવારે હકીમે પુછયું જે તે ભલી ખોદાશનાસી દીન શું છે ? અને તે ભલી દીનથી માયની તથા આગાહી શું છે ? તેવારે આદરબાદે કહયું જે હમારી દીન એ છે જે **કર** અને **નાકર**, **કેહ** અને **નાકેહ**, **ખા** અને **ના ખા**, **લે** અને **ના લે**, **પકડ** અને **મુક**, **વધાર** અને **ઘટાર**, **આપ** અને **ના આપ**, એ અમારી દીનની રાહ છે. તેવારે પેલા હકીમે પુછયું જે એ શખુનોની માયની શું છે અને એમ કહેવામાં શું ભેદ સમાયલો છે ? તેવારે બેહદીન આદરબાદે જવાબ દીધો જે તું દીનની રાહથી એ સુખનોની માયની સાંભલ. કર અને ના કર એટલે સવાબ કર અને ગુનાહ ના કર કે એ દીન પાક અને ખોદાની રાહનાં ચાલનારા લોકોની છે. કેહ અને ના કેહ એટલે સાચું બોલ કે તેથી કરી તું રોશણાઇ પામશે. જહાંનમાં હરગેઝ થઈને જુઠું ના બોલ. ખા અને ના ખા એટલે હલાલ ખાણું ખા અને દાદ ચાહ; અને ના ખા તું ચોરી તથા મકર તથા હરામનું ખાણું. લે ને ના લે એટલે ઈલમ શીખ ને જાહેલ્યત મુક. અગર જો તું તારા રવાંનને નેકનામી ચાહતો હોય તો શોલેહ કર, કીનો ના કર કે એથી ભલી દીનમાં કોઇ બીજો નેક પેશો નથી. વધાર અને ઘટાર એટલે ગુનાહોને ઘટાર અને સવાબને વધાર કે એમ કીધાથી તુંને ઘણીએક ઉંચી જગા મલશે. એ ભલી ખોદાશનાસી દીનની માયની એ રીતે છે અને જહાનમાં મને એકીન છે. જેવારે પેલા રૂમી હકીમે એ રીતે સાંભલયું તેવારે જવાબ દીધો જે વાહ એબી અજાયબ દીન છે અને જહાંનમાં ખોદાશનાસીની દીનથી બીજી બેહેતર કોઇ નથી. એટલું કહયા પછી તે હકીમે તેજ વખતે પતેત કરીને એ ખોદાશનાસી દીન કબુલ કીધી અને હમેશાં હઝરત આદરબાદના હકમાં શુકર ગુજારી કરતો હતો.

અશોઇની બુલંદી.

અવસતા—અષ વહિશ્તં અષ સ્રએશ્ત દરેસામ થ્વા પઈરિ થ્વા જમ્યામ હમેમ થ્વા હખ્મ.

અર્થ—(બંદગી કરનાર શખ્સ દાદાર અહુરમજદને વીનવે છે.) ઊત્તમ અશોઈએ કરીને, સરસ અશોઈએ કરીને, તુને અમો જોઈએ, તુને અમે પહોંચીએ, અને તારો હંમેશગી ભરેલો મેલાપ અમે કરીએ.

દીનદાર જરથોસતી ! અશોઈની બુલંદી વીષે આગલા અંકમાં તેં થોડુંક સાંભળયું છે; આજે કંઈ નવું સાંભળ. જે તેં સાંભળયું છે, તે અકલથી કીધેલી શરેહની રીતે; પણ આજે જે તું સાંભળશે તે ખુદ ધરમ પુસ્તકના ફકરાઓથી–અવસ્તાના ચમતકારીક કલામોથી ગઇ વેળા અશોઈની મોટાઇ તપાસવાને આપણે પવીત્ર અષેમ વોહુનો આધાર લીધો હતો, જે અષેમ વોહુ પોતે જાતે એક નાની, પણ મંતલબમાં મોટી બંદગી છે. આજે આપણે "અષ વહિશ્ત" નો આધાર લઇયે છીયે, જે બીજી મોટી બંદગીનો એક નાનકડો ભાગ છે; પણ અશોઈની બુલંદી તેઅજાયબ અસરકારક રીતે સમજાવે છે.

નજર કર અવસ્તાના ઉપલા ફકરાપર અને ધ્યાનમાં લે તેનો અર્થ. બંદગી કરનાર શખ્સ તેમાં પોતાના પેદા કરનારને જોવા, પહોંચવા અને મલવા માંગે છે. પણ શું એ બનવા જોગ છે ? આપણે બચ

પણથી શીખતા અને સાંભળતા આવયા છીયે કે, ખોદા નીરાકાર છે, અને જેને આકાર નહી તેને જોઈ શકાય નહી. વળી જેને જોઈ શકાય નહી, તેની આગળ જઇ શકાય નહી; અને જેની આગળ જઇ શકાય નહી તેનો મેલાપ પણ થઇ શકે નહી. એટલે, ખોદાને જોવો, તેને પહોંચવું, અને તેનો મેલાપ કરવો એ ખાકી ઇનસાન માટે અશકય છે. તેમ છતાં મજકુર પકરામાં બંદગી કરનાર બંદો ખોદાને કહે છે કે, હું તને જોઊં, પહોંચું અને તારો મેલાપ પામું! ત્યારે તે શું અમસ્થો બડબડે છે, અથવા દીવાનાપણાંનો લવારો કરે છે? ના, નહી. તે ખરાં દીલથી, પુખ્ત સમજથી અને સાબેત ઇમાનથી એ પ્રમાણે બોલે છે. એક એવું સાધન તેની પાસે છે, કે જેની મદદ વડે તે અહુરમજદને જોવા, પહોંચવા અને તેનો મેલાપ લેવાની ઉમેદ રાખે છે; અથવા તે એક એવું સાધન અહુરમજદ પાસે માગે છે, કે જેની મદદ વડે તે તેને જોઈ, પહોંચી તથા તેનો મેલાપ લઇ શકે.

તે સાધન તે શું? પેલી **અશોઈ**, કે જે આગલા અંકમાં આપણે તપાસ્યા પ્રમાણે, "સર્વોતમ નયામત છે." તે અશોઈ વડે ખોદાને જોઇ શકાય છે, તેને પહોંચી શકાય છે, અને તેનો મેલાપ પણ લઇ શકાય છે. એટલે, દુન્યામાં જે કામ ગ્નાન, વીદયા અને બલ આગલ અશકય છે, તે અશોઇ વડે શકય થાય છે. ખોદાનો મેલાપ, જે દુન્યામાં સઉથી ચહડતાંમાં ચહડતું સુખ ગણાવું જોઈએ, તે માત્ર અશોઈ વડે હાંસલ થાય છે. અશોઇની બુલંદી માટે આ કરતાં સરસ સાબેતી બીજી શી હોય? ખોદાને જોવું અને મલવું એ વીચાર, સાધારણ સમજનાં માણસને માટે નવાઇ જેવો છે, પણ "ખોદાને પોંહચેલા" મહાત્મા પુરૂષો, જેઓ આબેદ, સાલેક કે યોગીને નામે જણાયલા છે, તેમને માટે તે તેવો નથી. તેમની તો મતલબજ એવી છે, અને તેમનો પેશોજ ખોદાઈ મેલાપ લેવાનો છે. અશોઈનાં નીચલાં પગથીઆંથી તે શરૂ થાય છે, અને તેનાં ઊપલાં પગથીઆંપર ચહડતાં તે સંપુરણતા પામે છે.

પણ હાલ આપણે તેનાં ઊંડાણમાં જવાની જરૂર નથી. આજના વીષયની મુલ મતલબ અશોઈની બુલંદી વીષે ખુદ આપણા અવસ્તા શું કહે છે તે, બને એટલું જોઈ લેવાની છે. અશોઈની બુલંદી દેખાડનારે અષેમ વોહુના ટેકામાં આપણે મથાલે ટાંકેલા "અષ વહિસ્ત" ના કલામો જોયા. હવે ખુદ એ અષ વહિસ્તની સ્તુતીમાં અવસ્તા શું ફરમાવે છે તે જોઇયે. યજશ્નેનો ૨૦મો હા "ફરામરોદ" જે અષેમ વોહુની શરેહ અથવા સ્તુતીનો છે, તેનાં શેવટમાં નીચલો ફકરો આવેલો છે:—

અવસતા—અધાંમ અષહે વહિશ્તહે યજમઈદે, અષહે વહિશ્તહે યજમઈદે, ફરસરઓથરેમચ, ફરમરેથરેમચ, ફરગાથરેમચ, ફરાયશીમચ.

અર્થ—અષ વહિશતના ફકરાને અમે વખાણીએ છીએ. અષ વહિશતનાં આરાધનાને, યાદને, ગાવાને તથા તેની ખુબીને અમે વખાણીએ છીએ.

ધ્યાનમાં રાખવું કે, જે અવસ્તા અસલ છે, જેમાં ઉતમ ભકતી, ઉતમ ફીલસુફી, ઊંડો ભેદ અને ચમતકારકોપણું હોય છે, તેને તે પછીના અવસ્તામાં નમુના તથા દાખલા તરીકે ઊંચકી લઈ તેની શરેહ, સીફત, એટલુંજ નહી પણ આરાધના વટીક કરવામાં આવેલી છે, અને તેજ પ્રમાણે અષ વહિસ્ત માટે પણ થયલું ઉપલા ફકરા ઉપરથી જોઈ શકાય છે. યજશનેનો ૨૦મો હા અષેમ વોહુની શરેહ અને સેતાયશનો છે, અને તેમાં અષ વહિસ્તની પણ આરાધના આવી છે, એટલે એ બંને વચ્ચે પ્રસ્પર સંબંધ રહેલો સમજવો જોઇયે. અર્થાત, અશોઈની મોટાઇ માટે અષેમ વોહુ અને અષ વહિશત છે, અને અષેમ વોહુ તથા અષ વહિશતની મોટાઈ માટે "ફરામરોદ" છે. પણ અશોઇની મોટાઇ માટે એટલુંજ દેખાડીને અવસ્તા અટકયા નથી. તેમાં જગે જગ અને ડગે ડગ, હરએક રીતે અને દરએક સબબે, અશોઇને યાદ કરવા તથા આરાધવામાં આવેલી છે. "ક્ષનઓથ્ર અહુરહે મજદાઓ તરોઈદીતે" નો ફકરો, જે લગભગ સઘળાં જરથોશતી ભણતરોની શરૂઆતમાં ભણવામાં આવે છે, તેને છેડે "સ્તઓમિ અષેમ" એવાં પદ આવે છે, જેનો અરથ "અશોઇને હું વખાણું છું" એવો થાય છે. યજશનેનો ૪૮ મો હા, જે ગાથાને લગતો છે, તેના પાંચમાં ફકરામાં આવેલું છે કે, "યઓજદાઓ મ.ષ્યાઈ અઇપી જાંથેમ વહિશતા," યાને "માણસની જીંદગી માટે અશોઇ બહુ ઉતમ નયામત છે."

યજશ્નેનો ૪૯મો હા, જે પણ ગાથાને લગતો છે, તેમાં જણાવ્યું છે કે, "આર્મતો ઈશ કસ્ચીદ અષા હુજેઅંતુશ તાઈસ્ચા વિસ્પાઇશ થ્વહમી ક્ષથરેઇ અહુરા" યાને "અય અહુરમજદ ! જે માણસ અશોઇની રાહે દાનાઇને પીછાને છે, તે તમામ નયામતો સાથે તારી ખોદાઇને પહોંચશે."

મજકુર છેલ્લા બે દાખલાઓમાંનો પહેલો તેની મતલબમાં ખુલ્લો છે, અને તેમાં જણાવ્યા પ્રમાણે, "માણસની જીંદગી માટે અશોઇ બહુ ઉત્તમ નયામત" કાં છે, તેનું કારણ આપણે જોઇ ચુકા છીએ. બીજા દાખલામાં દાનાઇને પીછાનવા અથવા દાનાઈની રાહે ચાલવાનો ઇશારો છે. પણ તે કેવી રીતે? દાનાઇને કેમ પીછાનવી? **"અશોઈની રાહે."** મતલબ એ કે, માણસ ફકત દાનાઈ વાપર્યાથી આ અને આવતા ભવનું સુખ પામતો નથી. દાનાઇને અશોઇની રાહે વાપર્યાથીજ તે તે પામી શકે છે. બીજી રીતે કેહતાં, અશોઈની રાહની દાનાઇ તે બ્રહ્મજ્ઞાન, ખોદાશનાસી અથવા ખોદાને પીછાનવાનો તથા ખોદાને પહોંચવાનો એલમ છે, જે તમામ અશોઇના વીચાર આચારથી ભરપુર છે. તે એલમ અને તેના અંમલથીજ માણસ ઉત્તમ નયામતો પામવા સાથે ખોદાને પહોંચી શકે છે. એ ઇન્સાન તરીકેજ નહી પણ એક જરથોશતી તરીકે તું તે એલમ હાંસલ કર, તે પર અંમલ કર, અને એક અશો મરદ તરીકે તારા પેદા કરનાર અહુરમજદને વીનવ કે, "ઉતમ અશોઇએ કરીને, સરસ અશોઇએ કરીને; તુને અમે જોઇએ, તુને અમે પહોંચીએ, અને તારો હમેશગી ભરેલો મેલાપ અમે કરીએ"!

નામીચા ફીલસુફ પીથાગોરસ અને તેની ફીલસુફી.

નામીચા ગ્રીક ફીલસુફ પીથાગોરસનો જન્મ કરાઇસતના જન્મની આસરે પાંનસો સીતેર વરસ અગાઉ સેમોયના તાપુમાં થયો હતો. કેટલાકો તેને જરથોસ્તનો આચાર્ય ગણે છે. એ ફીલસુફ વીશે એવું કેહવામાં આવે છે કે તેને ખુસામત અને ઢોંગ પસંદ નહતાં. તેણે મીસર અને બીજા દુરના મુલકોની મુસાફરી કીધી હતી, તેમજ ઉગમણુ તરફના મુલકોમાં અને ખસુસ કરી મીસર દેશમાંથી તેણે આતમાના અમરપણાનું જ્ઞાન મેલવ્યું હતું. એવું કેહવામાં આવે છે કે તેણે તે વખતે ચાલતો ખોરાક ૧૮ અથવા ૨૦ વરસના ઉમરે છોડી દીધો હતો. એ ઘણું અજબ જેવું છે કે મીતાહારપણાના મતને જાહેર કરનારા બે આગેવાન પુરૂશો પીથાગોરસ અને શકયમુની અથવા બુધ્ધ લગભગ એકજ જમાનામાં જીવતા હતા. પ્લાટોનો ચેલો જામબ્લીકસ કહે છે કે પીથાગોરસના સ્વચ્છ ખોરાકનું પરીણામ એ હતું કે તેને ઉંઘ થોડી હતી. તેનો જીવ હુશીઆર અને સ્વચ્છ, અને તેનું શરીર પુર્ણ અને એકસરખી રીતે તનદરોશતીમાં રેહતું હતું. કોતોનામાં તેની કીર્તિ અને સુભાષણે થોડાક જણોનું ધ્યાન તેની તરફ ખેચ્યું. અને ત્યાં તેણે પોતાની વખણાયલી મંડળી જે પશચીમ તરફની દુનીયાની તવારીખમાં માસખાવાની વીરૂધની મેહલી મંડળી નોંધાયલી છે તે સ્થાપી. એ મંડળી તે શેહેરના અને તેની આસપાસના સૌથી વગવાલા કુટુંબના આસરે ૩૦૦ જુવાનોની બનેલી હતી. એટલું તો ખુલ્લું છે કે પીથાગોરસના જ્ઞાનોપદેશનો સાધારણ ભાવાર્થ અને લક્ષણ, મન અને ઈંદ્રીઓ વસ રાખવાનો હતો, અને જેનો પાયો કેવળય ઈનસાફ અને મીતાહારપણાના મોટા ધોરણપર રચાયલો હતો. તેણે પોતાના શીશયોને ફરમાવ્યું હતું કે જયારે તેઓ પોતાના ઘરમાં જાય ત્યારે પોતાને આ પરમાણે પુછવું. "હું કેવી રીતે આડો ગયો છું. મેં શું કીધુ છે? મારે શું કરવું જોઇએ અને તે મેં નથી કીધુ?" તે તેઓને પુર્ણ સંપમાં રેહવા, પોતાના દુસમનોનું ભલુ કરવા, અને તેઓપર અપકારના બદલામાં ઉપકાર કરી દોસત કરી લેવાનો બોધ આપતો હતો. પશુઓને મારીને ભોગ તરીકે આપવાની તેણે મના કીધી હતી. એ અને "કોઈબી નીરદોશ જાનવરને દુઃખ દેવું કે કાપવું નહી" એ તેના નીતીધર્મના સઉથી વખનાયલા કાનુનો છે. તેણે પોતાના ચેલાઓને ખાતરી આપી હતી કે નીરદોશ, સ્વચ્છ, અને ખોરાકની પહરેજી પાલવાથી સારી તનદરોશતી અને શાંતિ મેલવી શકાય છે, શાંત ઉંઘ આવે છે, અને તેજ પ્રમાણે ઇશ્વર જ્ઞાનમાં વધારો થતો જાય છે. પ્લાટો

નો બીજો એક ચેલો પોરફીરી કહે છે કે ફીલસુફ પીથાગોરસ મધ અથવા રોટલીથી સંતોશ પામતો હતો. કસાઇખાના વીશે તેને એટલો તો ધીક્કાર હતો કે તે માસ ન ખાતો હતો એટલુજ નહીં, પણ કસાઈ અથવા ગોસ્ત પકાવનાર રસોઈયાના સમાગમમાં આવવાનેબી તે ચાહતો ન હતો. પીથાગોરસ લાંબી ઉમરે મરણ પામ્યો હતો તો જોકે કોઇના કેહેવા પ્રમાણે ૮૦ વરસની ઉમરે અને કોઇના કેહવા પ્રમાણે ૯૦ વરશની ઉમરે અને કોઈના કેહવા પ્રમાણે ૧૦૦ વરસની ઉમરે તે મરણ પામયો હતો.

ઓવીદ નામનો કવી પોતાની 'મેતોમોરફોસીસ' ની ૧૫ મી ચોપડીમાં પીથાગોરસને નીચે પ્રમાણે બોલતો જણાવે છે "કાપેલાં જાનવરોને ખોરાક તરીકે ઉપીયોગમાં લેવાની મનાઈ કરવામાં પીથાગોરસ પેહેલો હતો અને નીચલા દાહાપણ ભરેલા બોલો જે પર ધ્યાન આપવામાં આવતું ન હતું તે કેહવામાં પણ પેહલો તેજ હતો. "ઓ માનવીઓ ! તમારાં શરીરો આવા ધિક્કારવા જોગ ખોરાકથી અપવીત્ર કરવાનું કામ છોડી દો. આપણી પાસ જાતજાતના અનાજો છે. જાતજાતના મેવાથી જાહાડોની દાંખલી નમી પડે છે, દરાખના વેલાપર દરાખો ઉપસી રહી છે. અને મીઠાં શાકભાજી શીવાએ બીજી કેટલીક ચીજો છે કે જે આતસથી નરમ અને પોચી થઇ શકે છે. તેજ પ્રમાણે દુધ અને મધને ઉપયોગમાં લેવાને તમોને મનાઇ નથી. ધરથી પોતાના ખજાનાનો અને નીરદોશ ખોરાકનો ઢગ ઉદાર હાથે કરે છે, અને લોહી અને કતલ વગરની લેહેજતદાર વાણીઓ તમારી આગલ ધરે છે. કનીષ્ટ પ્રાણીઓ પોતાની તલપતી ભુખ માસથી તૃપ્ત કરે છે. પણ સગલાંજ પ્રાણીઓ એમ કરતાં નથી. કારણકે ઘોડા, ગોસ્પંદો, ગાય અને બલદો ઘાસપર રહે છે. જે પ્રાણીઓનો સ્વભાવ કુરૂર અને ઘાતકી છે, જેવાં કે આરમીનીયાના વાઘો અને ક્રતુની સીંહો અને વરૂઓ અને રીંછો, તેઓ લોહીથી ગગરતો ખોરાક ખાઈ મસ્ત રહે છે. આંતરડાંમાં આંતરડાંની કબર બનાવવી એ કેવો ભયંકર ગુનાહ છે. અફસોસકે એક ફાડી ખાનાર શરીર બીજા શરીરને દાબી દાબીને ખાઇને તેપર ડોંગુ બને, અને એક જીવતુ પ્રાણી બીજા જીવતાં પ્રાણીને ભોગે પોતાનું ગુજરાણ કરે. સઉથી ઉતમ માતા ધરથી જે પોતાની પેદાએશની રેલછેલ કરે છે, તેમાની ખરેખર કોઈબી ચીજ શું માંસને કરડીને કુરૂર દાંતથી ખાવા શીવા એ તમોને ખુશી આપતી નથી ? શું તમો તમારી વખવખતી અને વગર તાલની હોજરીની ભુખને જયાંવેર પેહેલે કોઇબી પ્રાણીનો નાશ કરો નહી ત્યાંવેર તૃપ્ત કરી શકો નહી ? તોપણ પ્રાચીનકાળ જેને અમો એ સત્યયુગનું નામ આપ્યું છે, તે વનસ્પતી અને ફળફળાદીની પેદાએશમાં ઇશ્વર દયાથી સુખી ગણાતો હતો ! અને તે વેળા મનુષ્યનું મોહ લોહીથી અપવિત્ર થયું ન હતું. તે વેળા પક્ષીઓ હવામાં સહીસલામત ઉડતાં હતાં અને સસલાંઓ વગર દેહેશતે ખોલ્લાં મેદાનમાં ભટકતાં હતાં. તે વખતે માછલી ગળને પોતાના ભોળાંપણાનો ભોગ થઇ પડતી ન હતી. દરેક જગા દગાથી ખાલી હતી. નુકશાનની કંઈ પણ ધાસતી હતી નહી, અને સગલી ચીજ શાંતિથી ભરપુર હતી. તે પછીના જમાનામાં એક તોફાની પુરૂશે નવી ચાલ દાખલ કીધી. આ સ્વચ્છ અને સાદા ખોરાકને ધીક્કારયો, અને પોતાનાં ખાંધરાં હોજરામાં મુરદાના માસમાંથી બનાવેલો ખોરાક દાખલ કીધો. ઓ નીરદોશ મેંઢાં ! તું કે જેણે માનસની ચાકરી સારૂ જન્મ લીધો છે, તું કે જે પોતાના ભરેલાં આંચલમાં અમૃત લઈ ફરે છે, તું કે જે હમારે સારૂ નરમ ઓઢણાં માટે તારૂ ઉન આપે છે, તું કે જે તાહરાં મોહતનાં કરતાં જીવવાથી હમોને વધારે મદદ કરે છે, તો તું હમારેજ હાથે મરવાને કેવી રીતે લાયક થયું ? નીરદોશ, કપટ વગરના, નરમ, અને મેહેનત કરવાને જનમેલા બલદો આપણેજ હાથે કેવી રીતે એ પ્રમાણે મરવાને લાયક થયા ? જે માનસ જમીનમાં હળ ફેરવનાર બલદને હળમાંથી છોડવી કાપી નાખે છે; અને જે ગરદન મેહેનતથી ઘસાઇ ગઇ છે, જેનાથી સખત જમીન ઘણી વખત ઉથલપાથલ થઈ છે, અને જેથી ઘણાક પાક આપણે મેલવ્યા છે, તેને પોતાના કુહાડાથી જે માણુસ કાપી નાખે છે તે ખરેખર નગુણો છે, અને તે પાકના બેહદ ખજાનાને લાયક નથી. માનસો એવાં પાપ કરે છે એટલુંજ નહી તેઓએ પોતાની અપવિત્રાઈમાં દેવતાઓને પણ લપેટયા છે, અને તેઓ માને છે કે મેહેનતુ અને ઉપી

યોગી બલદને કાપી નાખવાથી ઈશ્વર આકાશમાં ખુશી થાય છે. માણુસમાં આવી નિર્દય અને હરાંમ ભુખ કયાંથી? ઓ મરણને આધીન માનવી જાત! શું હજુ તું માંસનો ભક્ષ ચાલુ રાખવાની હીંમત કરે છે? હું તુંને વિનંતી કરૂં છું કે એ રીત હવે છોડી દે, મારી શીખામણને ધ્યાનમાં લે, અને જયારે તું તારાં તાલવામાં કાપેલાં માંસનો અવ્યવ નાંખે ત્યારે જાણ કે તું તારો યા તો જમીનના ખેડનારાઓનો ભક્ષ કરે છે, અથવા તો તને દુંધ આપનાર ઉંન પુરૂ પાડનારાનો ભક્ષ કરે છે." ઓ વફાદાર કેહેવડાવાને તલપતાં માનવી! શું આ તારી બેવફાઈ નથી?

હુમત, હુખ્ત, હુવરેસ્ત.

દીનદાર વાંચનાર! આ ઉપલા ત્રણ ટુકા શબ્દોની ઉંડી ફીલસુફી તથા વિદ્વતા ભરી ખુબી તું સમજે છે? તું જાણતો તો હોવો જોઈયે કે, એ ત્રણ શબ્દો તે જરથોસ્તી ધર્મના ગોયા ત્રણ થાંબલા છે, એજ જરથોસ્તી ધર્મનો મુળ પાયો છે, એજ ત્રણ ટુક બોલો ઉપર જરથોસ્તી ધર્મ રચાયો છે. જયાં જોઈયે ત્યાં ઠેકાણે ઠેકાણે તું જની બંદગીમાં તને માલમ પડશે, **"હુમત, હુખ્ત, હુવરેસ્ત,"** યાને, પવિત્ર વિચાર, પવિત્ર વાણી અને પવિત્ર કામો.

પણ, દીનદાર વાંચનાર! તારે વધારે આ જાણવું જોઇયે કે, એ ત્રણ શબદો જરથોસ્તી ધર્મમાંજ એટલી અગત્યતા ધરાવે છે એમ નથી, પણ દુન્યાના હરેક મોટા ધર્મની ફીલસુફીમાં પણ એજ વિચાર પંથરાયલો તને માલમ પડશે. અને હરેક ધર્મમાં એજ ત્રણ પગથ્યાં ઉપર ચાલવાની તાકીદ કીધેલી તને માલમ પડશે. ત્યારે વિચાર કર, ઓ ભલી દીનના મર્દ! કે એ ત્રણ શબદોમાં એટલી તે ઊંડી શી ખુબી સમાયલી હશે? જયાં જોઇયે ત્યાં પવિત્ર વિચાર, પવિત્ર વાણી અને પવિત્ર કામોનીજ તાકીદ કીધેલી તને માલમ પડશે. ત્યારે, બેશક એમાં કાંઈ બહુ ઉંડી ફીલસુફી સમાયલી હોવીજ જોઈયે.

આ ઉંડી ખુબી, અય દીનદાર વાંચનાર! કાંઇજ નહી, પણ આ છે. એ ત્રણ શબદો જે છે તે **ખોદાઇ હાલતને** પહોંચવાનાં ત્રણ મુખય પગથયાં છે; **અશોઈના** રસ્તાના એ ત્રણ તબક્કા છે. જયાં સુધી એક માણુસ, વિચાર, વાણી અને કરણીમાં પવિત્ર થાય નહી, ત્યાં સુધી તે અશો થઇ શકેજ નહી.

ત્યારે જાણ, અય ભલી દીનના મર્દ! કે, એ ત્રણ જે છે તે, ખોદાઈ બેમુલ ખાણનાં એકીમત ઝવાહીરો છે, જેના પ્રકાશથી એક માનવી ખોદાઇ દરજાને પુગે છે. જે માણસ એ ત્રણ બેકીમત ઝવાહીરો મેળવી તેનો હાર બનાવી પેહેરે છે તે, ફીરેસ્તા માફક ખુબસુરતીમાં દીપી નીકળે છે. જે માણુસ એ ઝવાહીરો મેળવે છે, તે આફતાબના તેજસ્વી તાપ કરતાં પણ વધુ ચકચકીત રોશણીમાં ગરકાવ થાયછે. ત્યારે દીનદાર વાંચનાર! દુન્યાઇ લોભ લાલચો એક કોરે મુકી આ બેકીમત ઝવાહીરો મેળવવાની કોશેશમાં તું શા માટે પછાત પડે છે? દુન્યાઈ લોભ લાલચોની ઉંઘમાંથી ઉઠ! ઉદયોગી થા! અને મેળવ તે ખોદાઈ ખાણનાં બેમુળ ઝવાહીરો, **હુમત, હુખ્ત, હુવરેસ્ત**—પવિત્ર વિચાર, પવિત્ર વાણી અને પવિત્ર કામો.

અય ભલી દીનના મર્દ! એ ત્રણ શબદો તે **ખોદાઇ અયવાન**ના બાગનાં ત્રણ સાથે જોડાયલાં **ગુલાબો** છે, જે ગુલાબોનાં જેવાં સુગંધી અને ખુબસુરત ગુલાબો બીજાં કાંઈ પણ નથી. જે કોઇ એ ત્રણે ગુલાબોને મેળવવા શકિતવાન થાય છે, તે પોતાની આસપાસ બેહદ તેજ અને સુગંધ પાંથરવાને શકિતવાન થાય છે. ત્યારે દીનદાર વાંચનાર! દુન્યાઇ ખુબસુરતીઓ જે ક્ષણભંગુર છે તે ઉપર શા માટે મોહી પડે છે? નકામો તારો વખત શા માટે ગુમાવે છે? જો તું ખુબસુરતીજ મેળવવા ચહાતો હોય તો ખરી ખુબસુરતી તે આજ છે. એજ ખરાં સુગંધી ફુલો છે કે જેનો સુગંધ કદી પણ ગુમ થનાર કે ઓછો થનાર નથી. ત્યારે દુન્યાઈ ખુબસુરતીઓ ઊપર મોહીત થવાનું છોડી દઈ આ ખરી ખુબસુરતીઓના બેશકમાં તું પડ અને મેળવ આ ખરી ખુબસુરતીઓ તે, **હુમત, હુખ્ત, હુવરેસ્ત** યાને પવિત્ર વિચાર, પવિત્ર વાણી અને પવિત્ર કામો.

ભલી દીનના મર્દ! એજ ત્રણ હીરા છે, એજ ત્રણ ગુલાબો છે, એજ ત્રણ ખરી ખુબસુરતીઓ છે,

એજ ત્રણ ખરી ખોદાઈ ખસલતો છે, કે જે મેળવયા થી તું ખોદાઈ રોશનીના બેહદ પ્રકાશથી શોભાયમાન થશે. જે મેળવયા પછી બીજું કાંઈ પણ વધુ મેળવવાની તને જરૂર રહેશે નહી. એજ ત્રણ બેકીમત ઝવાહીરો છે કે જેના બેહદ પ્રકાશથી હંમેશગીના અતી સુખી રસ્તા તરફ તું ઉપડી જવાને શકિતવાન થશે. એજ ત્રણ ઝવાહીરો છે કે જેના પ્રકાશથી હંમેશગીના અતી સુખી રસ્તા તરફ તું સહેલાઇથી જઈ શકશે. એજ ત્રણ ઝવાહીરો છે કે જે તને ખોદાઇ રોશનીના હદ વીનાના ચળકાટમાં એક કરી નાંખશે. ત્યારે તારા વખતનો સારો ઊપયોગ કર! અને ધીરજ અને ખંતથી કોશેસ કરીને મેળવ તે કીમતી ઝવાહીરો, તે કીમતી ગોલાબો, જેનાં નામ છે **હુમત, હુખ્ત, હુવરેસ્ત** યાને પવિત્ર વિચાર, પવિત્ર વાણી અને પવિત્ર કામો.

પણ ભલી દીનના મર્દ! તું જાણે છે કે, ખાણ ખોદવામાં મુસ્કેલીઓ નડે છે, ગોલાબનાં ફુલ તોડવા જતાં કાંટા લાગે છે, માટે ખોદાઈ ખજાનાની બેમુળ ખાણ ખોદતી વેળા અને તે હીરાઓ લેતી વેળા જે મુસ્કેલીઓ નડે તેથી ગભરાઈને તે કામ છોડી દેતો ના! ના, તેમ કરવું એક **મરદ**ને છાજે નહી. માટે હીમત ધરજે, સબુરી પકડજે, અને ખંતથી **ખોદાઇ એશક**માંજ આગળ વધ્યો જજે. તે **ખોદાઇ અયવાન**ના બાગનાં ખુબસુરત ગોલાબો તોડતી વેળા દુન્યાઇ ગેરલાભોના જે તીક્ષણ કાંટા તને ભોકાય તેની દરકાર કરતો ના. તે કાંટાઓથી ગભરાઇ જઇને તે ગોલાબો છોડી દેતો ના, મગર ધીરજ, હીંમત અને ખંતના મજબુત બખ્તરથી સજ થઇને તે કામમાં આગળ વધ્યો જજે, કારણ કે ખાણ ખોદવાની મુસ્કેલીઓની દરકાર કરયા વના આગળ વધયાથી સોનું મળે છે, ગોલાબના કાંટા ભોકાય તેની દરકાર કરયા વના આગળ વધયાથી ગોલાબનાં સુંદર ફુલો મળે છે. તેજ મુજબ આ ખોદાઇ ખાણ ખોદીને તે હીરા મેળવવામાં, તથા ખોદાઇ અયવાનના બાગનાં સુંદર ગોલાબો મેળવવામાં, જે અડચણ રૂપી કાંટા ભોકાય, જે દુનયાઇ ગેરલાભો થાય, તેની દરકાર કરયા વીના જો તું આગળ વધયો જશે તો, તું મેળવશે અતી સુખનું એક મકાન, જેનું નામ છે **હંમેશગાન**. ત્યારે ઉદયોગી થઇને આગળ વધ! અને તોડ તે સુંદર ગોલાબોનો ઝુમખો, **હુમત, હુખ્ત, હુવરેસ્ત**=પવિત્ર વિચાર, પવિત્ર વાણી અને પવિત્ર કામો.

પણ ભલી દીનના મર્દ! તું જોશે કે હરેક ઠેકાણે **હુમત** (પવિત્ર વિચાર) ને આ ત્રણેમાં પહેલે મુકવામાં આવયો છે. તેનું કારણ શું? તેનું કારણ એજ, અય ભલી દીનના મર્દ! કે જયાં સુધી વિચાર પવિત્ર હોય નહી ત્યાં સુધી વાણી કે કામ પવિત્ર થઇ શકે નહી. તારા મોંમાંથી જે શબદો નીકળે છે, તે કાંઇજ નહિ પણ તારા વિચારોનું એક વધુ જડ ભુવન ઉપર અમલમાં આવવું છે. આટલું તું હમેશાં યાદ રાખજે કે,—જયાં સુધી હોય નહી પવિત્ર વિચાર, ત્યાં સુધી થાય નહી પવિત્ર આચાર. માટે હંમેશાં મનને બુરા વિચારોથી દુર રાખ! મનનાં જંગલમાં ઊગેલાં જંગલી ઝાડઝાંખરાંને જડમુળથી ઉખેડી નાંખી, રોપ તેમાં **હુમત** યાને પવિત્ર વિચારનાં બેમુળ બીયાં. જો તેમ થશે તો મન હમેશ સારા વિચારોમાં રોકાયલું રહેશે. ખાલી પડેલાં ઘરમાં ભુત ઘણા ભમે છે, તેમ ખાલી પડેલાં મનનો સેતાન તુરત કાબુ લઇ લે છે માટે દીનદાર વાંચનાર! તારાં મનને હંમેશાં બુરા વિચારોથી દુર રાખ! એટલુંજ નહિ, પણ તેને તુરત અને હંમેશાં સારા અને પવિત્ર વિચારોમાંજ રોકેલુ રાખ! તેને મુદલ આળસુ થવા ના દે! તારાં મનના પવન મીસાલ ઊડતા ઘોડાને હંમેશા કાબુમાં રાખ અને તારાં મનનાં ખેતરમાં રોપ, સુંદર ખોદાઈ બીયાં, જેનું નામ છે, **હુમત.**

ભલી દીનના મર્દ! માત્ર સુદરેહ અને કુસ્તી પેહેરવાથીજ ખરો જરથોસ્તી તું ગણાઈ શકાય નહી. ખરો જરથોસ્તી તો તેજ, કે જે ખુદ હઝરત અશો જરથુસ્ત્રનાં ફરમાનો મુજબ ચાલે. માટે જરથોસ્તી ધર્મનો જે મુળ કાનુન, જે મુળ પાયો તે મુજબ જે ચાલે તેજ ખરો જરથોસ્તી. માટે જો ખરો જરથોસ્તી ગણાવાને તું ઇચ્છતો હોય તો કોશેશ કર, અય દીનદાર વાંચનાર! અને જરથોસ્તી ધર્મના કાનુન, મુળ પાયા મુજબ ચાલ, કે જે મુળ પાયો છે, **હુમત, હુખ્ત, હુવરેસ્ત,**=પવિત્ર વિચાર, પવિત્ર વાણી અને પવિત્ર કામો.

જીંદગી.

જીંદગી છે તું જની ખરતા તારા સમાન,
કે બંધ થશે કાલ દને તારી ઝબાંન.

દીનદાર વાંચનાર ! તેં આ દુન્યામાં જન્મ લીધો છે. તું આ દુન્યામાં **જીંદગી** ભોગવે છે. **જીંદગી**નાં સુખો તું ભોગવે છે, **જીંદગી**ના દુઃખો તું ખમે છે. **જીંદગી**ની લીલી સુકી તું જોય છે. જયારે **જીંદગી**નો તેજસ્વી આફ્તાબ પુર જોરમાં પ્રકાશે છે, જયારે **જીંદગી**નો ખુશ ગોલાબ ખરી ખુબસુરતીમાં ખીલી નીકળી પોતાની સુગંધ આસપાસ પાંથરે છે ત્યારે તું સઘલું ભુલી જઈ ખુશાળીમાં ગરકાવ થાય છે. પણ જયારે તે આફ્તાબ ઉપર દુઃખનાં કાળાં વાદળાં ફરી વળે છે, અથવા જયારે તે આફ્તાબ અસ્ત પામવા ઉપર આવે છે, ત્યારે તને સઘલું યાદ આવે છે, ત્યારે તું પોતાની નજદીક દુઃખનો ભારે ડુંગર જોય છે. પણ **જીંદગી** શું છે તેનો અય ભલી દીનના મરદ ! તેં કોઇ દીવસ વીચાર કરયો છે ?

આહ ! દીનદાર વાંચનાર ! **જીંદગી** જેવી બેમુલ અને કીમતી બક્ષેસ બીજી કઇ હશે ? તેના માટે આપણે જેટલું બોલ્યે તેટલું થોડું છે. કવીઓ **જીંદગી** માટે ગાય છે. ફીલસુફો **જીંદગી** માટે પોતાની ફીલસુફી ચલાવે છે. ગ્રંથકારો **જીંદગી** ઉપર મોટા મોટા ગ્રંથો રચે છે. ભાશાણ કરતાઓ **જીંદગી** માટે બોલી બોલીને થાકે છે. તોપણ તે સઘલું એક મોટા સરોવરમાથી એક ખોબલો ભરી પાણી કાઢયા બરાબર છે.

દીનદાર વાંચનાર ! તારી **જીંદગી ઊદય** અને **અસ્ત**ના ચકરાવામાં કેટલી ઝડપથી પસાર થાય છે તે તને ખબર છે ? જેમ આસ્માન ઉપરથી તારાઓ એક પળવારમાં ખરી પડે છે, તેમ તારી **જીંદગી** છે. તેનો મુદલ ભરૂસો નથી. એક પળવારમાં તારી ઝબાંન બંધ થઇ જાય, કે તારી **જીંદગી** ખતમ થાય તેની કોઇને ખબર નથી, જેમં વસંતની ખુસ્નુમાં સવારમાં એક ગોલાબનું ફુલ ખીલી નીકળે છે, પણ સાંજ પડતાંમાંજ તે ખરી પડીને તેનાં પાતરે પાતરાં છુટાં પડી જાય છે, તેજ મુજબ તારી **જીંદગી** છે. તારી **જીંદગી**ની વસંતમાં તે એકાએક ખીલી નીકળી ન ધારેલી રીતે ટુંક વખતમાં ખતમ થઇ જશે, અને પેલાં ગોલાબનાં ફુલની મીસાલ તારાં શરીરનાં રજકણો તદન છુટાં પડી જશે, તેની કોઇને ખબર નથી. દરીયાના કીનારા પર પડેલો પથરો જેમ ધીમે ધીમે દરીયાનાં પાણીની છોળોથી ઘસાઈ જઇ મટોડું થઈ પડે છે, તેમજ તારી **જીંદગી** છે. તોફાંની મહાસાગરમાં દર પળે ડુબી જવાની અણી ઉપર આવેલાં નીરાધાર વહાણ સમાન તે છે. સહવારમાં આકાશ ઊપરથી પડતા રૂપેરી દવ સમાન તે છે. ગરૂડ પક્ષીની ઝડપ વાળી ચાલ સમાન તે છે. આકાશમાં પ્રકાશતા આફ્તાબ અને માહતાબ સમાન તે છે. આ સઘલું કેમ બને, તે, અય ભલી દીનના મરદ ! આપણે આગળ ચાલતાં જોઇશું. તેટલાં, દીનદાર વાંચનાર ! **જીંદગી** વીષે કાંઇ વધુ તો સાંભળ ! કોઈ કહેછે કે **જીંદગી** એક ઝરો છે, તેનું મુળ આકાશમાં છે. તે શરૂઆતમાં નીકળતાં એટલોતો નાનો ને નાજુક હોયછે કે એક બાળકનું કાગળનું નાનું વહાણ ચલાવવા જેટલાં પણ પાણી તેમાં હોતું નથી. પણ જેમ તે આગળ વહેતો જાયછે, તેમ તેના કીનારા બહોલા થતા જાય છે અને તેમ તે વધુ પાણી લેતો જાય છે. આગળ ચાલતાં ચોતરફ વહેતાં મોટાં નાળાંઓ સાથે જોડાઈ તે એક મોટી ઉપયોગી નદી બને છે, જેમાં સુધરેલી દુન્યાનાં બેસુમાર વહાણો આવી લાંગરે છે પણ પછી વધુ આગળ જતાં ધીમે ધીમે તેનાં પાણી ઘટી જાય છે. અને સેવટે હંમેશગી (Eternity) ના મહાસાગરમાં ખાલી થઈ પોતાનો અંત લાવે છે. એવો આ અજમતી ઝરો છે. એવી આ અમુલ્ય બક્ષેસ છે. કોઇ વળી કહેછે કે **જીંદગી** એક ઝાડ છે, જે રાઇ સરખાં બીયાંમાંથી ફુટી નીકળે છે. પહેલાં તે એટલું કુમલું હોય છે કે જો આસપાસના ઝાડોનો છાંયો ન મળે તો તે સુકાઇને ખાક થઇ જાય, પણ પુરતી માવજત કીધાથી તે ખીલી નીકળે છે, અને ફળ આપે છે. આ ફળો દેખાવમાં દીલપસંદ પણ સ્વાદમાં ઘણાંખરાં નાપસંદ હોય છે. તેઓમાં કોઇ કદાચ મીઠાસપર ચઢે છે, પણ તેમાં વળી અંદરથી સડો લાગેલો માલમ પડે છે. વળી આ ઝાડની દરેક ડાંખળીઓ ઊપર એક જાતનાં રંગીન ફુલ હોય છે, જેનું નામ **આશા—ફુલ** કરીને છે. પણ ખીલ્યા આગમજ આ ફુલો ખરી જાયછે, અને પુખ્ત થવા પામતાં નથી. આ ઝાડની ઊંચી ડાંખળી

ઓ ઊપર લાંબી ચાંચવાળાં પક્ષીઓ માળો કરી બે સે છે, તેઓ સોનાં ફળ કોરી ખાય છે અને ઝાડ ઉ પર કોઇ પણ માનવી તે ફળ તોડવા જાય છે તો તે ની ઉપર તેઓ તુટી પડી તેને કાયર કરે છે. છેલ્લાં ચોણી સદીની અંદર આ ઝાડ સુકાઇને ખાક થઇ જાય છે.

દીનદાર વાંચનાર ! જીંદગી એક મુસાફરી છે, મો હત આપણુને ઘર પહોંચાડે છે. આ મુસાફરીનો ર સ્તો ખાડા ખબોચીયાવાલો અને કાંટાની ઝાડીથી ભરપુર હોય છે. રસ્તાની બેઊ બાજુએ ચોરો અને લુટારાઓ ભરાઇ બેસી ગાફેલ મુસાફરો ઊપર હુમલો કરી તેઓને હેરાંન કરે છે. પણ મરણુનો ફીરેસ્તો તેને સહી સલાંમત ઘર તરફ લઇ જાયછે. એક દાના વ ગ્રંથકાર જણાવે છે, તેમ જીંદગી એક નાટક છે. દુન્યા નાટક તખ્તો છે. આ નાટક-તખ્તા ઊપર સરવ માનવીઓ ખેલાડી છે. જેઓને માટે "બનાવ" ખે લ રચી આપે છે, અને "દેવ" સોંગના જુદા જુદા પારાટ વેહેચી આપે છે. ફીલસુફો ખેલની તપાસ લે વા આવેછે. તમાશગીર તરીકે તવંગરો પહેલા વર્ગમાં બેસે છે. સત્તાવાલાઓ ઊંચે અગારી ઊપર બીરા જે છે. ગરીબો ખાંચામાં ગરદી થઈ ચંપાય છે. મુર્ખો ને પરદા ખેંચવા બેસાડેલા હોય છે. ખુબસુરત નાજ નીનો થંડા પાણી અને આસાયશની લેઝતદાર ચીજો ની ગોઠવણુ કરે છે. દરવાજા આગળ ખંધાઓ બોહે ચઢાવી પૈસાનો વકરો કરે છે. અને અભાગ્યાઓ બ તીની ગુળ કાપવા ફરતા ફરે છે.

વળી કોઈ જીંદગીને એક પુલ સમાન લેખે છે, જે પુલ દુઃખના દરયાવમાં નીરાધાર ઊભો છે. તે એ કસો આરકાંનો છે; જેમાંના પોણોસો આખાં છે, બાકીનાં ભાગાં તુટાં છે. પુલ ઉપરથી પસાર થતાં મા નવીઓને ફસાવવા માટે જગેજગ છુપાં ફાલકાં રા ખેલાં છે તે ઉપરથી પસાર થતાં માનવીઓ ગરોગર અંદર સરી જાય છે, અને દુઃખનાં મોજામાં ઘસડાઇ જાયછે. ત્યાંથી તેઓ તરતા ડુબતા હમેશગીના મહા સાગર તરફ જાયછે. એક પરવાળાંના પહાડથી આ મ હાસાગરના બે ભાગ થયા છે, અને ત્યાં પોતાનાં કર તુક મુજબ સારી યા માઠી જગો તેઓ મેલવતા માલ મ પડેછે. દીનદાર વાંચનાર ! જીંદગી એક પરપોટો છે, જે ક્ષણીક (Transitory) છે, છતાં અતી ઊપ યોગી છે. તેમાં ઊંડી ખુબી અને ઉંડો ભેદ સમાયલો છે. તે પૃથ્વીપર પેદા થાય છે પણુ તેમાં ભરાયલો પવ ન તે કાંઈજ નહી પણુ તે કીરતારના દમનો બનેલો છે.

હવે, ભલી દીનના મર્દ ! જીંદગી આવી ક્ષણ ભંગુર છે તો ખરી, પણુ તેને અમર બનાવવાનું કામ તારૂં છે. માન, અય નેક માનવી ! કે જીંદગી લાંબી ગુજારયાથી નહી પણુ તે સદાબરી નેકી ને નીતીવાન ગુજારયાથીજ તે અમર થાયછે; ત્યારે અને ત્યારેજ તે દુઃખના દરયાવનો પુલ પસાર કરી સહીસલાંમત અ મર સુખના શાંતી ભરયા મુલકમાં પહોંચે છે. તારી જીંદગીના ગોલાબને ખીલવીને હંમેશાં તેને ખીલેલો જ રાખવાનું કામ તારૂં છે. તારી જીંદગીનાં ની રાધાર વહાણુને સહીસલાંમત પેલે પાર લઇ જવાનું કામ તારૂ છે. વીચાર કર, અય નેક માનવી ! કે તે પરમ કૃપાળુ સાહેબે તને એક કેવી મોટી બક્ષેસ આપી છે. એ તને મળેલી બક્ષેસ એક એવું એજ મતી હથ્યાર છે કે જેને બરાબર રીતે વાપડયાથી તે મહાન કીરતારનાં દરશન કરવાને માનવી શકતીવાન થાય છે"!

ત્યારે અય માનવી ! શા માટે તારો વખત ફોકટ માં જવા દે છે ? ઉઠ ઊદયોગી થા ! અને સઘળી સા મે આવતી અડચણોની કાંઇ પણુ દરકાર કરયા વીના તે યઝદાં તાલાનું નામ જુબાંન ઉપર લઇ તારી જીં દગીની કીસ્તીને તે સાહેબની દરબાર તરફ હંકારયો જા. મરણુની મુદલ ધાસ્તી રાખતો ના. કારણુ કે તે જ તને તે કીરતાર તરફ લઇ જશે અને જો તેં તારી જીંદગીને નીતીના હારથી અને નેકીનાં ઝવેરથી સ ણુગારી હશે તો તને ધાસ્તી શાની ? તો પછી તે ઝ વેરોનો ચલકાટ તને તે કીરતાર તરફના રસ્તા ઉપર સહીસલાંમત લઇ જશે. તે ઝવેરો તારા ભોમ્યા ત રીકે આવશે. માટે તને મળેલી આ ઊમદા બક્ષેસ નો, એક પળ પણુ ગુમાવ્યા વીના સારો ઊપ્યોગ કર. જીંદગી ખરી ઉપ્યોગી ત્યારેજ કે જયારે તે બીજા નુ ભલું કરવામાં ઉપયોગી થાય. ત્યારેજ જીંદગી ખરી પયારી બને છે, અને ત્યારેજ જીંદગીની જામ માંહેલો રસ અમરત જળ જેવો બને છે, માટે અય માનવી ! આળસાઈ છોડી દઈ, તારી જીંદગીને ઉપ યોગી કર. તેમાંજ અંતે સમાયલું છે ખરૂ સુખ, જે મેળવવામાં તું પોતાને મુક.

અષેમ વોહુની ખુબી—તે પઢવાનો સવાબ.

અવસતા—યો અષેમ સ્તઓઈતે ફ્રેરેદ ફ્રરષ્ન અઊઅમનો જરજ દાતોએદ અંધહોયદ હચ હોમાંમ સ્તઓતેયમ અહુરેમ મજદાંમ ·હો આપેમ સ્તઓતે હો જાંમ સ્તઓતે હો ગાંમ સ્તઓતે હો ઓરવરાંમ સ્તઓતે હો વીસ્પે વોહુ મજદદાતે અષ ચિથ્ર સ્તઓતે અયશો જી વાક્ષ જરથુશ્ત્ર અરેજોખદો ફ્રરમરવનોઆ વાચો અહુનહે વઈર્યો ફ્રરઊખ્તો અમેહચ વેરેથ્રગનેહચ અઓરૂનેચ દએનચ સપનુત.

અર્થ—જે કોઇ સ્વચ્છ મનથી અને સાચા એતેકાદથી તે (અષેમ વોહુ) પઢે છે, તે હું કે જે અહુરમજદ છું તેની જાણે સ્તુતી કરે છે, પાણીની સ્તુતી કરેછે, જમીનની સ્તુતી કરે છે, ગોસ્પંદની સ્તુતી કરે છે, ઝાડપાનોની સ્તુતી કરે છે, અહુરમજદની પેદા કીધેલી તમામ પાકીજેહ નયામતોની સ્તુતી કરે છે; કાંકે અષેમ વોહુને ખરાં દીલથી પઢયાથી, યથાઅહુવઇર્યોના કલામ પઢવાનો મુરતબો હાંસલ થાય છે, અને રવાનનું તથા દીનનું જોર તથા ફ્તેહ જીઆદે થાય છે.

દીનદાર જરથોસ્તી! અશોઇની બુલંદી વીષે આગલા બે ધરમ બોધમાં તેં જે કાંઈ વાંચ્યું, તેમાં અષેમ વોહુનો આધાર તીરા જોવામાં ઘણો આવયો હશે. અષેમ વોહુ ઉપરથી આપણે અશોઇની બુલંદી વીસ્તારી હતી, અને તેમ કરતાં જોયું હતું કે, એ નાની બંદગી મોટી અગત્ય અને ઉંચો મરતબો, જરથોસ્તી દીનમાં ધરાવે છે. તેની શરેહમાં ઇજશનેનો આખો ૨૦) મો ફ્રરામરોદ હા રોકાયો છે, અને અષેમ વોહુ જોકે જાતે એક બંદગીજ છે, તોપણ તે બંદગીની બંદગી પણ અવસ્તા પુરી પડે છે. પણ તેની મોટાઇનો છેડો એટલાંમાંજ આવતો નથી. હાદોખ્ત યસ્ત અથવા હાદોખ્ત નસ્ક, કે જે પયગમ્બર જરથોસ્તનાં એકવીસ ધરમ પુસ્તકોમાંનું એક પુસ્તક ગણાય છે, અને અસલ જેની ત્રીસ પરગરદો હતી, પણ તેઓમાંની બેજ બચેલી હાલ આપણી પાસે મોજુદ છે, તેની પહેલી પરગરદમાં પણ અષેમ વોહુની ખુબીનું વરણુન આવેલું છે, બલકે એ આખી પરગરદ એજ વરણુનમાં પુરી થયલી છે. યજશનેના ૨૦ મા હામાં માત્ર અષેમ વોહુનાં પદો લઇ તેના ખુલાસાની શરેહ આપેલી છે, પણ હાદોખ્ત યસ્તની પહેલીપરગરદમાં તો અષેમ વોહુની ખુબી, તે પઢવાની જરૂર, તેના ફ્રાયદા અને સવાબ વગેરેની સમજ આપી, તે પઢવાની જાબજા તાકીદ ફ્રરમાવેલી છે. તેનો એક નમુનો, એક નાનો વીભાગ, મથાલે ટાંકેલા અવસ્તામાં તું જો. થોડાજ શબ્દોમાં પણ કેવી બુલંદ કીર્તી તેની તે મધે ચીતારેલી છે! પોતાની મતલબ તે ખુલ્લે ખુલ્લી દેખાડે છે; પણ તું જો તેનો ખુલાસો ચાહતો હોય તો તે એટલોજ છે કે, અષેમ વોહુની બંદગી ખરા ભકતી ભાવથી અને તેના તરીકા પ્રમાણે કરવી, એ દુન્યાના પેદા કરનાર સાહેબની અને તેની ભલી પેદાયશની સેતાયશ કરવા બરાબર છે. અહુનવરની બંદગી, જે તમામ જરથોસ્તી બંદગીમાં પેહેલી અને સર્વોતમ ગણાય છે, તેની બરાબરની તે છે, અને તે કરયાથી માણુસના આત્માની શકતી અને દીનની ફ્તેહ વધે છે. બસ! એ કરતાં વધારે સીફ્ત બીજી શું હોય? આપણે, તેટલા માટે અષેમ વોહુની સીફ્તની વાત હાલ મોકુફ્ર કરીએ, અને એજ હાદોખ્ત યસ્તને આધારે આગળ વધીને જોઇયે કે, જુદી જુદી વેળાએ અને જુદી જુદી સ્થીતીમાં અષેમ વોહુ પઢવાના ફ્રાયદા અને જરૂર કેવાં છે.

ધ્યાનમાં રાખવું કે, યથા, અષેમ ઈત્યાદી જેવી અવસ્તાની ચોકસ બંદગીઓ માત્ર એક જગાએ અને એકજ મરતબે પઢવાની હોતી નથી. જુદી જુદી સેંકડો જગાએ વધુ યા ઓછી સંખ્યામાં તે ભણાય છે. તેમ તે ભણવાનાં કારણો છે, અને તેવી પ્રત્યેક જગાએ તે પઢવાના ફ્રાયદા તથા સવાબ પણ વધતાં યા ઓછાં જણાવેલાં છે. હાલ આ ટુંકી જગાએ તે સઘળાંને આપણથી પહોંચી શકાય નહી. આપણે માત્ર આપણા વીષયની અષેમનેજ લઈયે, અને તે જુદા જુદા મેહેલો પર પઢવાના જુદા જુદા ફ્રાયદા જોઈયે. હાદોખ્ત યસ્તની મજકુર પરગરદમાં જણાવયા પ્રમાણે, એક અષેમ વોહુ સાધારણ રીતે ભણવી તે એક અશો મરદની ખશનુદીની બરાબર છે; ખાણું નયામત કરતી વખતે ભણેલી અષેમ મોટાઇ, બુઝોરગી અને સવાબમાં બીજી અષેમ કરતાં દશગણી વધારે છે; યજશનેમાં ગાળેલા હોમનો રસ પીતી વેળા ભણેલી અષેમ એથી પણ ચહડતી એટલે સો ગણી વધારે છે; રાતે ખાબ કરતી વેળા ભણેલી અષેમ હજાર ગણી વધારે છે; અને ખાબથી બીદાર થતી વેળા ભણેલી અષેમ દશ હજાર ગણી વધારે છે.

વાંચનાર! અષેમ વોહુની બંદગીની આ મોટાઇ

જોઈને તથા તે મોઢેથી પઢી જવાની સેહલાઇ વીચા રીને, તું દીલથી મધન થશે કે, જયારે આટલી નાની અને સેહલથી કરવાની બંદગીથી એટલો ફાયદો હાંસલ થાય છે, ત્યારે તે વારંવાર ભણવામાં શું ગયું? તે વારંવાર ભણીને સવાબનો મોટો તોશો કોણ હાંસલ નહી કરે? થોડી મેહેનતે ઘણો ગંજ મેલવવાની લાલચ કોણને નહી થાય? પણ યાદ રાખજે કે, તારી એ સમજ ભુલ ભરેલી છે. અષેમ વોહુ ભણવી, એટલે તે આપણા ફાંટા મુજબ જેમ ગમે તેમ ઘસડી કહાડવી એમ ઠરતું નથી, અને તેમાં ફાયદો કે સવાબ પણ નથી. અષેમ વોહુ ભણવી એટલે જરથોશતી દીનના તરીકા મુજબ, કુસ્તી પાદીઆબ સાથે—જયાં જરૂર હોય ત્યાં તેની ક્રીયા સાથે વળી અષેમ વોહુ ભણવી તે તન મન અને આત્માની પવીત્રાઇ સાથે. ખુદ મજકુર અવસ્તામાંજ ઉપલી દરસે૯ અષેમ વોહુ પઢવાની બુઝોરગી જણાવતાં સાફ કાર્દ છે કે, તે નેક વીચાર, નેક વાણી અને નેક આચાર સાથે, એટલુંજ નહી પણ ભુડા વીચાર, ભુડી વાણી અને ભુડા આચાર દુર કરીને ભણવી જોઈયે. ત્યારે ને ત્યારેજ તે ભણેલી કામની, ત્યારેજ તે ભણવામાં ફાયદો, ત્યારેજ તે ભણવાનો સવાબ.

પણ, અષેમની એક મોટી ખુબી હજુ બાકી છે. મજકુર હાદોખ્ત યસ્તમાંજ આવેલું છે કે, માણસ પોતાનો પ્રાણ છોડતી વેળા જો નેક વીચાર, નેક વાણી અને નેક આચારને હઇડે ધરવા સાથે ખરાં દીલથી એક અષેમ વોહુ પઢે, તો તે અષેમ વોહુની કીંમત ખોનરસબામીના કેશવર અને તેમાંની તમામ વસ્તીની કીંમતની બરાબર છે. આ કીંમત હદ વીનાની છે. ટુકમાં, મરતી વખતે ભણેલી અષેમની કીંમત થઇ શકેજ નહી. આપણા જરથોસ્તીઓ એવું માનતા આવયા છે કે, ગુજરતી વખતે જો એક માણસ ખરાં દીલથી અષેમ ભણે તો તેનું પાપ કપાઇ તે બેહસ્તી થાય અથવા એક પાપી માણસ પણ મરતી વખતે અષેમ ભણયાથી એટલે તેવા બારીક સમયમાં પાપનો પશ્ચાતાપ કરી અશોઈની કદર પીછાણવાથી, બેહસ્તમાં જઇ શકે છે. એ વીચાર, હાદોખત યસ્તની મજકુર સમજાવટ ઉપરથી જનમ પામેલો ધારી શકાય છે અને એજ અવસ્તાનો પેહલવી તરજુમો કરનાર પોતા તરફની શરેહમાં એવું લખી ગયા છે કે, અગરજો મરવા પડેલાં માણસની જુબાન બંધ થઇ ગઇ હોય, અને અષેમ વોહુ જાતે પઢવાની તેનામાં તાકત નહી હોય, તો તેનાં કોઈ બેશી યા મીત્રે તેના કાનમાં અષેમ વોહુના સખુનો પઢી સંભળાવવા જોઇયે. પારસીઓ એ પ્રમાણે કરતા આવયા છે, અને હજુ પણ ઘણે ઠેકાણે તેમ ચાલે છે. અશોઇનાં મુળ અષેમ વોહુને જરથોસ્તી ધરમમાં કેટલી મોટી બુઝોરગી આપેલી છે, તે એ ઉપરથી ખુલ્લું દેખાઈ આવે છે. તે બુઝોરગી વીના કારણે આપેલી છે, એમ સમજવું ભુલ ભરેલું છે. આપણા અવસ્તાના કલામો ચમતકારીક અસરથી ભરેલા છે; અને તે અસર અષેમ વોહુ જેવી બંદગી વધારે ધરાવે છે. તેઓમાં બંદગીના તત્વ સાથે, કંઈ બજાવવાની શકતી છે; અને અષેમ વોહુ જે કામ બજાવે છે, તે માણસના આત્માને અશો બનાવવાનું છે. ત્યારે જેમજેમ તે વધારે ભણાય તેમ તેમ તે કામ વધારે થવું જોઇયે. જે જે મેહેલો પર તે ભણાય, ત્યાં ત્યાં તેની ચમતકારીક અસર પણ ચાલુ રેહેવી જોઈયે. ખાવું અને સુવું એને આપણાં લોકો દુન્યાનું સાધારણ કામ સમજી બેપરહેજ રીતે કરવા લાગા છે, પણ આ વીષય દેખાડે છે કે, તેમાં પણ અશોઈની જરૂર છે, અને તેટલા માટે જમતી અને આરામ લેતી વેળા પણ અષેમ વોહુ, તેની ઠરાવેલી રીતી પ્રમાણે, અને મુકરર કીધેલી સંખ્યામાં પઢવી જોઇયે. ટુકમાં, અષેમ વોહુ એ અશોઇનો પાયો છે; અને તે પાયાની મજબુતીમાંજ અશોઈ તથા પરહેજગારીનો ટકાવ છે.

જીંદગીની ખરી મોજ શામાં છે?

રંગ રાગમે ખેલ ગમાયો—હરી યાદ નહી દીલમે લાયો,
ઓ નર જગમે મુરખ કહાયો—ભગત જહાંદો સુખકો પાયો.

અરે વાંચનાર! આપણુ સઘલા નહી હોતી ચીજને હોતી સમજી તેને મેલવવાનાં ફાંફાં મારી ખરી જીંદગીની મોજ જે મેલવવામાં બેઉ જહાનનો આનંદ પ્રાપ્ત થાય છે તેને તો ભુલીજ જઇએ છીએ. જીંદગીની ખરી મોજ શામાં છે? બીત્તરમાં હરીની યાદની લેહ લાગે છે તેમાં છે. આ ફાંની દુન્યામાં

આપણ પેલું પેલું કરી થોડો ઘણો ખાખી અસબાબ એકઠો કરીએ છીએ, અપ્રારકુટ કરી ખપ કરતાંને વધારે પૈસા પણ પેદા કરીએ છીએ, એકાદ વેલા શ્રીમંત બનયે છીએ, પણ એ શ્રીમંતાઇ અને અસબાબ તે વેલાએ કે જ્યારે હવા બંધ થઇ જાય છે ત્યારે સાથે કેમ આવતો નથી? ભલા વાંચનાર ! ત્યારે સંકટ વેઠી એ એકઠી કરેલી મતા શા ઉપયોગની ? ઉપયોગની એટલીજ કે જયાં સુધી હૈયાતી છે ત્યાં સુધી સાચવી તે પદાર્થોની તારે ઉઠવેઠ કરવી, સંગરવી, સાચવવી. ધારો કે આપણ શ્રીમંત છીએ અને સોખને લીધે સોનાના દાગીનાં પેહરયા. હવે આ દાગીનાં મારા છે, કીંમતી છે, વગેરે જંજ્ઞાલોને ખાતર તેને જાલવવા એબી તેની પાછલ મજુરી, અને વલી જયારે આ મુસાફરી દુન્યા છોડી જવી પડે ત્યારે સાથે તો એ લઇ જઈ શકાય નહી, ત્યારે એ પદાર્થ સંગ્રેહેલો [illegible]બી શું? સંગ્રહ તો એવી ચીજનો કરવો જોઇએ પણ [illegible] વગર ભયનો સાથે આવે ! માટે સંસાર [illegible] સંગ્રહ કરવા કરતાં બેહસ્ત ઉપયોગી સંગ્રહ [illegible]ધારે કરવો. માણુસ જેટલો પૈસા મેલવવા પાછલ મંડેલો રહે છે અને રાત દીવસ તેનાં વીચારમાં ચીતને પોએ છે એટલો મંડેલો અને ચીતનો પોવાયલો જો માનવી હરીને મેલવવામાં મસગુલ થાય તો તેને મીથયા કરતાંને ખરા સુખને પામવાનો મારગ સુજે. સંસારમાં પેદા થયા એટલે મજુરી કીધા વિના તો છુટકોજ નથી, પણ આદમી પોતે, આ દુન્યાનો માલખજાનો તેનેજ માટે હોય તેમ તેની પાછલજ લાગેલો રહે છે, અને કીસમત વિના કોરીને પણ પાંમી શકતો નથી. ત્યારે બેહતર તો એજ છે કે જે ચીજ આપવી લેવી ખુદરતને હાથ છે તે માટે ઉદયોગ કરી આપણાથી જે ચીજ ખુદ બની શકતી હોય તે ખુદરતને ખાતર કરવી. દુખીનું દુખ તાલવું, પણ મનમાં એવું આવે કે મેં દુખ તાલયું, ભુખયાને રજખ પુગાડવું, પરસનું કામ પોતીકા કરતાં પેહલું કરવું, જગતમાં સર્વાર્થ મીત્રતા વસે એવા પ્રાક્રમ કરવાં, નીરબલી તરફ દયા રાખવી, સાચું બોલવું, અને બંધે આંખોએ ઇશ્વરી માયાથી જોવું એમાં જીંદગીની ખરી મોજ છે. મોજ ખાધાપીધા, ફરવા હરવા, બોલવા ચાલવાથીજ મલતી નથી. ડાહયા લોકો એવી મોજને પાણીનાં પરપોટા સાથે સરખાવે છે, કારણકે તે થોડો વખત હસ્તી ભોગવી આંખ ઉગડે નહી એટલામાંજ નેસ્તુદ થાય છે. પણ ખરી મોજ ઉપર કહેલા ઈશ્વરી ગુણો સંપાદણ કીધાથી બાહર અને બીત્તરમાં ખરો આનંદ ફેલાવે છે. આપણ માનવીને ખુદરતે પેદા કીધાં તે જો તેનાં કાનુંનને અનુસરીને ન ચાલયે તો અવતાર લીધેલોજ ફોકટ છે. કબીર કહી ગયો છે કેઃ—

જણતી જણે તો ત્રણ જણે—ભકત, દાતા કે શુર;
નહી જણે તો રહે વાંઝણી—મત ગંમાવતી નુર!

તેમ ભકતી, સખાવત અને શુરાતંન માંહેલો જો કાંઈબી ગુણ આપણામાં ન હોય તો પછી હેવાંન અને આપણ ઇનશાંન વચે તફાવત શું ?

કમોહોતે મરણ પામેલાં માણુસનાં રવાનની અવસ્થા.

આ પત્રના ગયા અંકમાં પારસીઓમાં વધી પડેલા આપઘાતનો વીશય છપાયો છે, તે ઉપરથી આ અંકમાં આપઘાત કરનારની શી અવશથા થાય છે, તે નીતિ બોધ રૂપે જણાવવાની રજા લીયે છીયે. જયારે કોઇ આપઘાત કરે છે, અકસ્માતથી મરણ પામે છે, અથવા કોઇનું મરણ ખુનથી કે કવખતે નીપજે છે, ત્યારે કેટલાક લોકોમાં એવું કેહેવાનો ચાલ પડી ગયો છે કે, "એતો એ બીચારાનું એવે બાંહાંને મોહોત." પણ આપણ જયારે આદમ જાતનાં ગુચવડા ભરેલાં તત્વો અને મુળતત્વનો અભયાશ કરીએ છીએ, અને કુદરતના અચળ કાયદાની તરફ નજર કરી છીએ, ત્યારે ઉપલું મત દુર કરવું પડે છે. ધર્મ પુસ્તકો એવાં "બાંહાંના"ની વાત સ્વીકારતાં નથી; પણ તેઓ અમર ગ્નાન અને અમર ન્યાયની વાત કરે છે. મીસીસ આની બીસાંટ, જેણીને પેહેલાં હેતુ ન સમજાવાને લીધે નાસ્તીક ધારવામાં આવતી હતી, તેણીએ થીઓસોફીની બરકતથી આત્મ વીદ્યામાં થોડા વખતમાં એટલી કુશળતા મેલવી છે કે, ઘણાઓને તે કુશળતા મેલવવાને વરસો જોઇએ. આ બાનુ "લુસીફર" ચોપાન્યાંમાં "મરણ પછી રવાનની ગતી" એવે નામની બાબદ લખતાં જે વાત જણાવે છે, તે

આપણને સાધારણ રીતે મનાતી બાબદથી દુર લઇ જાય છે, પણ ધર્મ પુસ્તકોમાં જણાવેલી બાબદને અનુકુળ પડતાં મત ઉપર લાવે છે. તેણી જણાવે છે કેઃ—

"આ દુનીયાંની માયામાં ફસેલાં માણસનું રવાન માત્ર કામલોક નામની હાલતમાં રવડે છે, જે વેલા તેની હસ્તી દરૂજી હોય છે, અને તેટલા માટે જીવતાં માણસોનાં આકર્ષણમાં રહી તેઓને જીવતાં માણસો સાથ વેહેવાર ચાલવાનું બની શકે એમ છે. આવી રીતના વેહેવારથી જોકે તે રવાન કાંઈક મધન રહે છે ખરૂં; પણ વાસ્તવીક રીતે જોતાં તો એથી તેને પણ નુકશાનજ થાય છે, કારણ કે આ ખાકી દુનીયાનું આ આકર્ષણ તોડી તે રવાનથી વધારે આગળ પોંહોચી શકાતું નથી.

"જે માણસોએ આ દુન્યામાં ખરી જીંદગી ગુજારી હોય, પોતાના ખરાબ હવસોને જેમ બને તેમ વધારી પુખ્ત થવા દીધા હોય, યા જગતની જુઠી માયામાં લપટાઇ પોતાનાં શારીરીક સુખને લીધે, મનનાં ખરાં સુખપર ધ્યાન ન આપ્યું હોય, તેઓનાં રવાન 'કામલોક'માંજ ગોતાં ખાયા કરે છે, અને ખ શરીર વીના પણ પોતાની હૈયાતીમાં ફીધેલી ઈ ઓ પ્રમાણે તે ઈચ્છાઓને તૃપ્ત કરવાને તક ાં ફરે છે. હવે જયારે એક ભુવો અથવા સાધન કરનાર પોતાની વીષઇ ઇચ્છાઓને બર લાવવા માટે તેમને સાંધે છે, ત્યારે ઉપર કહેલાં વર્ગના દરૂજો તેની આસપાસ ફરી વળે છે, અને તેઓ કેટલાં નુકશાનકારક હોય છે તે પેલા બેખબર ધણીને ખબર હોતી નથી.

"બીજા વર્ગનાં રવાનો જે લોકો પોતાનો વખત પુરો થવા આગમજ આપઘાત કરી, યાતો કોઈની છરીનો ભોગ થઇ પડી, યા અકસમાતથી મરણ પામ્યા હોય, તેઓનાં હોય છે. જે શખસ પોતાનાં કુદરતી મોહતથી મરણ પામ્યો હોય, તેનું રવાન આ દુન્યામાં માત્ર થોડા કલાક, મહીના યા વર્ષો તલક રહે છે, પણ જેઓ જુલમાત ભર્યાં કવખતનાં મોહતને આધીન થયાં હોય, તે લોક જયાં સુધી તેઓનો આ દુન્યામાંથી ઉપડી જવાનો ખરો વખત એટલે કર્મીક નીમેલી ઘડી આવે ત્યાં સુધી હયાંજ ભમ્યા કરે છે. દાખલા તરીકે જો એક માણસ ૮૦ વર્ષ તુલીક જીવવાનું હોય અને તે જો વીશજ વર્ષમાં કોઇ ઉપર કહેલાં જેવાં આપઘાત યા અકસમાત કારણોથી મરણ પામે છે તો તેનું રવાન આ દુન્યામાં બીજાં ૬૦ વર્ષો તલક ભમ્યાજ કરે છે. આ રીતે સ્પીરીચ્યુએલીસ્ટો આવાં રવાનોને પોતાનાં અજ્ઞાનપણાને લીધે 'ઉપાદાન' માં લઇ જઈ નાખે છે, કે જયાંથી નવા પેદા થનાર જીવોના આકારમાં તેઓ તેમનેજ અતીશય નુકશાનકર્તા થઇ પડે છે.

"જુદા જુદા હવસોને તાબે થવાથી, ઘણો હેજગારી ભર્યો અભ્યાશ કરવાથી, અથવા કોઈપણ બીજાં કારણથી જો એક માણસ પોતાનું મોહત જલદી અને કવખતનું લાવી મેલે છે, તો તેને પણ તેનો વખત આવે ત્યાં તુલીક 'કામલોક'માંજ સબડવું પડે છે, કે જયાં સબડવાની હાલત કેવી સ્થીતી અને કેવી ધારણાથી આ મોહત આણ્યું હતું તેની પર આધાર રાખે છે."

આ ઉપરથી વાંચનાર જોશે કે "સ્પીર ીઝમ" અથવા પ્રેતાવાહન, ચેડાં કાઢવાથ ચેડાં કાઢનારને આયંદે નુકશાન ખમવું પડે છે, જે પોતે આત્મજ્ઞાનથી અજાણ હોવાને લીધે પરિણામ શું આવશે તેનું ભાન રાખતો નથી. વળી "આપઘાતમાં સમાયલા જોખમો" એ નામનું એક ઘણું ઉપયોગી ચોપાન્યુ આપણા પેલા એક જાહેર લેખક મીο નશરવાંનજી ફરામજી બીલીમોરીઆએ પ્રવરતાવ્યું છે. તેમાં તેઓ એ વીશે નીચે મુજબનું વરણન કરે છેઃ—

"જે પ્રજા મીનોઈ સુધારાને પડતો નાખી માત્ર ખાકી સુધારાની પાછલ મંડે છે, તે પ્રજા પોતાને ખોદાપરસ્ત કેહેવાડવા છતાં નાસ્તીક અથવા અનીતીવાન થતી જાયછે. એવી પ્રજાઓમાં અનીતી વધે છે એટલુંજ નહીં, પણ આપઘાત અને ખુન જેવા જબુન અપરાધો પણ સરેરાસ વધે છે. "ફોર્ટનાઇટલી રીવ્યુ" અને બીજાં વગવાલાં ઈંગરેજી માહવારી ચોપાનીયાંઓનાં વીદ્વાન લખનારાંઓએ આંકડાઓ અને સાબેતીઓથી પુરવાર કીધું છે કે, જે દેશોમાં "સુધારા"ને નામે ખાકી એશઆરામ પાછલ દોડ ધામ થાય છે, તે દેશોમાં આપઘાતના અપરાધની સંખ્યા દીનપર દીન વધતી જાય છે. હીન્દુસ્તાન તરફ નજર કરતાં માલમ પડશે કે, અહીં પ

ણુ જે કોમ ખાકી 'સુધારા'નાં સંબંધમાં લગભગ યુરોપીયન કોમો જેવીજ ગણાય છે, તેઓમાં આપઘાતના ગુનાહની સંખ્યા સરેરાસ ધીમે ધીમે વધતી જાય છે. પારસીઓમાં હવે આપઘાત આગલ જેવા અસાધારણ ગણાતા નથી. અમુક આપઘાતનું કારણ અમુક સંજોગો વચ્ચે હોવાથી તે વીસ્તારવાની કે સમજાવવાની અહીં મકસદ રાખી નથી; તોપણ તેમાં સમાયલા જોખમો વીષે કેટલીક સહમજ થીઓસોફીની મારફતે દેખાડવાની અહીં મતલબ રાખી છે; અને ઉમેદ છે કે તે ઉપરથી દરેક જણ તેને અટકાવવાના અથવા ઓછા કરવાના ઉપાયો સુચવી શકશે.

આપઘાત કરવાનું સામાન્ય કારણ ઘણું કરી એ હોય છે કે, આપઘાત કરનાર માણસ પોતાની પવીત્રાઈ અને મ્હત્વ ભુલી જાય છે; અને ઘણું કરી આ દુનીયાંમાં તે પોતાને દુઃખી સમજે છે. કોઇ માની લીધેલાં, દેખઇતાં કે ખરાં દુઃખથી હારી ખાઇ તે એવું સમજે છે કે "જો મોહોત આવે તો સઘલાં દુઃખનો છેડો આવે." પણ આપઘાતથી આણેલાં મોહોતથી દુઃખનો છેડો આવતો નથી કારણ કે મરણ પછી તુરતજ ધારેલું સુખ, હંમેશનો છુટકારો, કે સ્વરગ મલતું નથી; પણ જેને થીઓસોફીમાં "કામલોક" નામની હાલત કહેવામાં આવે છે તેનું ભાણ થાય છે. આ હાલતને વંદીદાદની ઓગણીસમી પરગર્દમાં અલંકાર રૂપે નીચે પ્રમાણે જણાવી છે:—

"તે માણુસ જાય છે; પછી દેવો, બુરા મીનો અને તેઓને પેદા કરનાર આસપાસ ભટકવા આવે છે ત્યારે વીજરેષો નામનો દેવ, ઓ જરથુસ્ત્ર, બુરાઓનાં રવાંનોને બાંધીને ઘસડી જાય છે: કારણ કે બુરાને લગતો તથા ભલાંને લગતો અહુરમજદના પેદા કીધેલા ચીનવદ પુલ ઊપર પોંહોચેછે."

આપણને અહીં જોવાનું છે તે એ કે, મરણ પછી સુખ—દુઃખનું ભાણ રહે છે કે નહીં. ડાકટર હાર્ટમેન કહે છે કે "આપઘાતના દાખલાઓમાં જેને પ્રાણ કેહેવામાં આવે છે તે, ઉપરનાં ભુવનો ઉપરથી જોતાં, માત્ર સ્વપ્નરૂપ હોવા છતાં, ખાકી શરીરના મરણ પામવા પછી પણ ચાલુ રહે છે; અને જેને ભાણ કહીએ છીએ તે લીંગ—શરીર સાથે રહે છે. ત્યારે હવે એવાં કમતાલે માણુસોની લાસને કેમ ઠેકાણે પાડવી એ વીષે એક ગંભીર સવાલ ઉઠે છે: કારણ કે જ્યાં ભાણ હોય ત્યાં લાગણી પણ હોય; અને જ્યારે એવા દાખલાઓમાં લીંગ શરીર અને લાસ વચ્ચે આકર્ષણીક સંબંધ રેહેતો જણાવવામાં આવે છે,ત્યારે તો આપઘાત કરનારનાં મરણ પછી તેનો સબંધ તેના શરીર સાથ રહે એ બનવા જોગ છે. ત્યારે જે ચુંથણા અથવા વેદના આપઘાત કરનારનાં શરીર ઉપર થાય છે, તે વીશેની લાગણી ચોકસ સંજોગો વચ્ચે તેથી છુટા પડેલા માનવીને તીક્ષણપણે લાગવી જોઇયે."

એક આપઘાત કરનાર જો આ દુનીયામાં આવી પોતાનો "કામલોકીક" અનુભવ આપણને કેહેવા માગે તો તે શું કહી શકે?

"મારૂં કાલબુત જે તત્વનું બનેલું હતું તેનો એકે એક રેસો અને તંતુ કદી છુટે નહીં એવી રીતે એક બીજામાં જોડાયલાં હતાં; અને હવે મને માલમ પડયું કે, જે તત્વમાંથી તે ઉત્પંન થયું હતું તેમાં પાછું પીગલી ગયાથીજ મારો છુટકો થઇ શકે. મટી: જળ: હવા: પ્રત્યેક તત્વ સ્વચ્છ: તે છતાં પોતપોતાનાં અસલ તત્વમાં મલી જવાને ગોયા બલવો કરતાં હતાં. અને પેલો દેવ કીડો! તે તો જરાએ જંપ્યા વગર પોતાનું કાંમ કર્યેજ જતો હતો. છતાં તે તૃપ્ત થાય નહી! તેનો ચટકો અને તેની પીડા તો મુએલાંજ જાણે! જીવતાં માણુસનાં માંસમાં તેનાથી થતું ખેદકારક દુઃખ તો મારાં દુઃખ આગલ એક ખુશાલી ગણાય! આ ભયજનક નાપાકી, તેની પલીદી, અને દુઃખ, મારાં 'ભુત' વીષેનું ભાણ, એ સઘલું જીવતાં માણુસ કરતાં મને ઘણું તીક્ષણ રીતે લાગતું હતું. અરે! આ ત્રાસદાયક બંધીખાનાંની ભયંકર અને કમકમાટ ભરેલી પીડા!

આ પ્રમાણે જે માનવી એમ સમજે છે કે આપઘાત કર્યાથી સઘલાં દુઃખોનો અંત આવે છે, તે, પોતાના ખુદા વીષેનાં જ્ઞાનથી અજાણ હોવાને લીધે ભુલ કરે છે. આપઘાત કરી તે પોતાના માની લીધેલાં, દેખઇતાં કે ખરાં દુઃખનો અંત લાવતો નથી; પણ તે દુઃખ માત્ર બીજે રૂપે વધારે છે. દાખલા તરીકે, એક ખરેખરો દુઃખી દેખાતો માણસ લઓ. તે જો હેયાત હોય તો તેનાં દુઃખનો ઉપાય થઇ શકે; અને

તેનું દુઃખ કદી મટે નહીં એવું હોય તોપણ તેના ઉપાયો લેવાથાથી કેટલેક દરજ્જે તે ઓછું થઇ શકે છે. પણ જયારે તેનું શરીર નાશ પામે છે ત્યારે તે પોતાનાં સગાં, વ્હાલાં કે સ્નેહીઓ આગલ હાજર થઈ શકતો નથી; અને છાયા રૂપે જો હાજર પણ થાય તો તે છાયા જોવાને સર્વ માણસો એક સરખી રીતે લાયક હોતાં નથી: તેથી તે ઉપર તેને લાયકજ ધ્યાન આપવામાં આવે છે. તેથી આપઘાત કરનારને મરણ પછી તેનાં દુઃખની ફરયાદ કરી તેના ઉપાયો મેલવવાને જેટલું મુશકેલ પડે છે એટલું જીવતાં જીવત પડતું નથી, જેમ ઉપર જણાવયું તેમ, જયાં લગી કર્મીક કાયદા પ્રમાણે નીરમાણ થયલી ઘડી આવી પોંહચે ત્યાં લગી આપઘાત કરનારના રવાનને તરેહવાર તૃષ્ણાઓ વગેરેના ભાણથી પીડાવું પડે છે, જે સર્વ તૃપ્ત થવાનાં સાધનો "કામલોકીક" દુનીયામાં હોતાં નથી.

ત્યારે એવાં દુઃખોમાંથી બચવાનો, તેમજ આપઘાત અટકાવવાનો, સઘલો આધાર મન ઉપર આવી પડે છે. તેમાં પડતી છાપો ખાકી જગતને લગતી હોય, તો ખાકી છાપોથી ગદલું થવાને લીધે, તે નબલું થાય છે; અને તે સાથે તૃષ્ણા અને ઇચ્છાઓ વધવાથી, તેઓને તૃપ્ત કરવાનાં સાધનો પુરતાં હોતાં નથી તો, માણસ પોતાને દુઃખી સમજે છે; અને મન વધારે ને વધારે નબલું થવાથી તે પોતાને હાથેજ પોતાનો અંત લાવવાને તતપર થાય છે. પણ જો મનને હરદમ તપાસતાં રહીએ—એટલે તેમાં પડતી છાપો (વીચારો) સુધ્ધ, મીનોઈ અને પ્રકાશીત હોય-તો તે વધારે જોરાવર બનતું જાય છે. વધારે જોરાવર બનતું જાય છે: એટલે તે વધારે ઉંચી જાતનું મીનોઇ ગ્યાન સંપાદન કરવાને લાયક થાય છે; અને ખરાં સુખ—અમ્મર સુખ—વીષે જુદોજ વીચાર ધરાવવાને લીધે, એવું મન ધરાવનાર આ ફાની સુખ અને દુઃખની કસી દરકાર પણ કરતો નથી—ગમે તેવાં સુખ કે દુઃખમાં આપ[illegible] કરવાનો તેને કદી ખયાલ પણ આવતો ન[illegible]ને તે હમેશાં સંતોષમાંજ રહે છે!

વીચારીને કાંમ કર—જેથી સચ્ચાઇ અખત્યાર થાય.

પ્રીય વાંચનાર! આજની આપણી બાબદ સચ્ચાઇ લગતી હોવાથી સચ્ચાઈમાં કેટલી બાબદનો સમાવેસ થાય છે તે એક ટુંક નજરથી જોઇ જઈશું. પ્રમાંણીકપણું, ચોખો વેહવાર, એકજ વચન, દીઆંનતદારી એ સઘલા સચ્ચાઇનાંજ ભાગો છે.આપણ ઈનશાંન સાધારણ રીતે સાચું બોલવું એમાંજ ખરી સચ્ચાઈ આવી ગયલી સમજયે છીએ, અને ઘણી વેલા એમ માંની લીજીએ છીએ કે હું જાણી જોઇને જુઠું બોલતો નથી એટલે હું સાચો માણસ છું. પણ નહીં વાંચનાર! વીચાર કરીએ અને આપણને સેહજમાં જણાસે કે તદ્દન સાચ્ચા ચાલવાને માટે આપણે વીચાર કરવાની ટેવ કયાં પાડી છે. અવલ તો આપણને સાચ્ચે માર્ગે જવાને માટે વીચાર કરી પછીજ બોલવાની અને કરવાની ટેવ પાડવી જોઈએ. "જીંદગી જોગવવાની જુગતી" નામની ચોપડીમાં જણાવ્યુંછે કે "બોલવું હોય તો બોલનું તોલ કીધા આગમજ બોલી દેતો નાં. કરવું હોય તો તને શો ઉપાય લેવા પડશે તેની વલણ તપાસયા આગમજ કાંઇપણ કરી દેતો નાં. પરીણાંમ તેથી એવું નીપજશે કે "નામોશી" તારી આગલથી દુર નાંહશી જશે અને શરમીંદગી તારા ઘરથી પુર અંનજાંણી રેહશે; એટલુંજ નહી પણ પશ્ચાતાપ કદી તારી ભેટ લેશે નહી, યા દલગીરી તારા ગાલ ઉપર ટપકશે નહીં." આ એક માહતમાનાં શબદો આપણને આ જગે ખરેજ ગોખી રાખવા જોગ છે. કારણ કે જો સાચ્ચે માર્ગે ચાલવું હોય તો અવલમાં દરેક માણસે પોતે શું બોલે છે તેનો વીચાર કરવો જોઇએ. જો એક માણસ વીચાર કરીને બોલવાની ટેવ પાડે તો તે માંણસ કાંમ કરવામાં પણ સાચ્ચો નીવડે કારણ કે કાર્ય જે છે તે વીચારનું પરીણાંમ છે. જયાં સુધી આપણ એક ચીજનો વીચાર કરતા નથી ત્યાંસુધી તે ચીજ આપણાથી બનતી નથી માટે આપણને લાજમ છે કે અષો યાને સાચ્ચા થવાને માટે આપણને વીચાર કરવાની ટેવ પાડવી જોઈએ. આપણ જરથોસ્તીઓ દરરોજ ઘણી વેલા "અષેમવોહુ"નાં કલાંમો પઢતા હોઇશું અને તેનો શું અર્થ થાય છે તે બાએનો વીચાર કરશું તો જણાંશે કે "અષોઇ એ સર્વોતમ સુખ

છે, સુખ તેને છે કે જે અષો છે." અને તે પ્રમાણે ચાલવાની તજવીજ પણ કરીશું. પણ અરે: તદન સાચ્ચું તો રેહવાવાતુંજ નથી ત્યારે કેમ કરવું? કરવું એમ કે દરેક વખત વીચાર કરવાની ટેવ પાડવી કે જેથી જયારે પણ કાંઈબી ખયાલ મગજમાં આવ્યો કે તે શું પરીણાંમ લાવશે તે સમજવાની વેતરણ કરવી. માણસને પરમેશ્વરે આ સઘલું સમજવાની શકતી આપી છે. કોઈપણ બાબદ પર વીચાર કરતાં તેનાં ખરાં ખોટાપણાં માટે ભીત્તરમાંથી આપણને લાગણી થાય છે, અને તે લાગણી અકલની દલીલથી નેહાલતાં જો સાચ્ચી સમજાય તો તે અંતકરણનો રીવાજ સમજવો. સાધુઓ પોતાથી કાંઈબી ખોટાં કર્મો ન થાય માટે જયારે પણ કાંઇ બોલવું યા કરવું હોય છે તો પેહલા ભીત્તરમાં સવાલ કરે છે અને તેના જવાબ પુછીને [illegible] કરવું તે કરે છે. એક અંગરેજ ઉમરાવનાં [illegible] છોકરાઓની વાત ઉપરથી આપણને આ બા[illegible]ની શીખાંમણ મલે છે કે વીચાર કરીને બોલવું [illegible] એ પોતાને ઉંચ્ચી પંકતીએ ચઢાવવા બરોબર થાય છે. એક અંગરેજ ઉમરાવે મરતી વેલાએ પોતાના ત્રણ બેટાઓને બોલાવીને પુછયું કે બોલો ભાઇઓ! જો ઇનશાંનનો અવતાર બદલી તમને પક્ષી થવું પડે તો તમો કયાં કયાં પક્ષી થવાનું પસંદ કરો. એકે કહયું હું શકરો થવાનું પસંદ કરૂં છું. બીજાએ મીલનસાર પક્ષી થવાનું પસંદ કીધું જયારે ત્રીજાએ કહયું કે બાપા હું રાજહંસ થવા ઈચ્છુંછું, કારણ કે આ પ્રાણી લાંબી દોકવાલું હોય છે, અને લાંબી દોકને લીધે જો મારે કાંઇ બોલવું હોય તો તે અવાજ બાહર આવે તે અગાઉ મને વીચાર કરવાને વખત મલે. આ અકલમંદ અમીરે પેહલા બેઉ છોકરાઓને પોતાની મીલકત વેંહેંચી આપી ત્રીજાને કાંઇએ આપયું નહી અને કહયું જે તું તારી અકલથી આયંદે મોટો માણસ થશે, અને તેમજ થયું. તે વીચાર કરી બોલનારો માણસ લારડ ચીફ જસ્ટીશ જેવી માહ પદવીને પાંમયો. આ ઉપરથી આપણને તો આટલુંજ શીખવાનું છે કે વીચાર કીધા વગર બોલવું નહી અને જયારે તેમ કરતાં આવડશે એટલે વગર વીચારનાં કાંમ થશેજ નહી. અને જયારે એ બેહુ ભુલો કરતાં આપણ અટકીશું ત્યારે ઓછા પાપી થઇશું. ખોદાવંદની ખુદરત દરેક ઇનશાનને બોલવા અને કરવાની આગમજ ભીત્તરમાંથી ખરૂં ખોટું સમજાવે છે, યાને હું કરૂંછું યા બોલું છું તે ખોટું છે એમ કરનાર ઇનશાંન જાણે છે છતાં તે પાપ કરે છે અને આવી ચાલુ આદત પડવાથી ઘણી વેલા પછી તે માણસ ખોટાં કામો કરયોજ જાય છે, અને ત્યાર પછી જો કોઈ વેલા તે સાચું બોલવા ઇચ્છે છે તે છતાંબી ખોટું બોલાઈ જાયછે, માટે એ સઘળાને માટે એકજ ઇલાજ બસ થશે કે બોલવાની આગમજ મોંઢાંને બંધ રાખવું અને મારે પ્રલાનું બોલવું છે તેનો વીચાર કરવો અને તેનું જે પરીનાંમ આવે તે મુજબ વર્તવું એટલે "વીચારીને પછી વર્તવું."

યેંગહે હાતાંમની બુલંદી.

અવસ્તા—બધાંમ યેંગહે હાતાંમ હુક્રાયશતાંમ અષઓનીમ યજમઈદે.

અર્થ—પુર્ણ સંસ્કાર પામેલા અને અશો યેંગહે હાતાંમના કલામને અમે આરાધીએ છીએ.

દીનદાર જરથોસ્તી! આ એવો કીઓ એજમતી કલામ છે, કે જેને અવસ્તામાં, આરાધના કરવા લાયક મોટાઇ આપી, ઉપર પ્રમાણે આરાધવામાં આવયો છે? આગલા બોધોમાં આપણે જોઇ ગયા કે, જે અવસ્તા અથવા અવસ્તાના જે કલામો પુર્ણ સંસ્કાર પામેલા અને અજમત ધરાવનારા હોય છે, તેમને બીજા અવસ્તામાં નામ બનામ આરાધવામાં આવેલા છે, તથા તેમની શરેહ અને સ્તુતી કીધેલી છે અને તેઓ વારંવાર અને જગેજગ પઢાય છે. તેઓમાં મુખય યથા, અષેમ અને યેંગહે હાતાંમ છે, જેમને સઉથી પુરાતન, સઉથી બુલંદ અને સઉથી મોટી અસર ધરાવનાર કલામો તરીકે, ખુદ અવસ્તા આપણી આગળ રજુ કરે છે. ચમતકારીક અવસ્તાઇ કલામોનું એ ગેયા ત્રીશુલ છે, જેને નાપાકી અને નાશ તથા એહરેમન અને દેવો સામે અજીત હથ્યાર તરીકે આપણા પયગમબર અને તેના મજહબે કામે લગાડેલું જણાય છે. એઓમાંના અષેમની ખુબી આપણે જોઈ ગયા, હવે યેંગહે હાતાંમની ખુબી જોઇયે. ઉપલા અ

વસ્તાના પ્રકરાએ આપણને દેખાડયું કે, યેંગહે હાતામ એ પુર્ણ સંસ્કાર પામેલો, અશો અને આરાધના કરવા જોગ કલામ છે; પણ જાણવું જોઈયે કે, પોતે એ કલામ કેવો છે, અને તેનો અર્થ શો થાય છે? તે નીચે પ્રમાણે છે:—

અવસ્તા—યેંગહે હાતાંમ આઅદ યેસ્ને પઈતી વંગહો મજદાઓ અહુરો વએથા અષાદ હચા યાઓંગહાંમ ચા તાંસચા તાઓસચા યજમઈદે.

અર્થ—જીંદગી ધરાવનારાંઓમાંનું જે કોઇ યજસ્ને અથવા આરાધના કરવામાં સરસ હોય છે, તે તેની અશોઈથી અહુરમજદની પીછાન પામે છે: તેવાંઓમાંનાં મરદ તથા ઓરતને અમે આરાધીએ છીએ.

એહરેમન અને એહરેમંદીને તોડનારાં એક સાંધન અથવા એક નુશ્ખા તરીક યેંગહે હાતાંમની વાત બાજુ રાખી, માત્ર ભકતીના કલામ તરીકે તેને લઈ તેના અર્થ ઉપરથી તપાસતાં પણ, એ કલામ મોટી ખુબી અને ઉંડી ફીલસુફી ધરાવનારા માલુમ પડે છે. એનો ટુકામાં ટુકો સાર એ છે કે, જે માણસ માત્ર ખોદા અને તેની ખોદાઇનું મનન કરવામાં પોતાની જીંદગી ગુજારે છે, તે તેની પીછાણ અથવા દોસ્તી પામે છે. અલબતે, અવસ્તાનાં મુકરર થયલાં ધોરણ મુજબ, આ સર્વોત્તમ ઇનામ તે "અશોઇ" થી પામે છે; અને જે માણસ પોતાની જીંદગીજ ખોદા અને ખોદાઈનું મનન કરવામાં ગુજારે તે અશો અથવા અશોઇ પામેલું થવુંજ જોઇયે. અહીં ખોદા તથા તેની ખોદાઇનું મનન કરવાની વાત, તેના સાધારણ અર્થમાં લેવાની નથી. જરથોસ્તી તરીકા પ્રમાણે, એબાદત સાથે, તે કામ બજાવવાનું છે. તે એબાદત પણ યજ્ઞની ક્રીયા સાથની, યજસ્ને જેવી હોય, એમ યેંગહે હાતાંમના ખુદ અર્થ ઉપરથી દીસે છે. અને એ પ્રમાણે આપણે સમજવું જોઇયે કે, અષેમ વોહુ જયારે આપણને ઉંચી પ્રકારની અષોઈનો બોધ આપે છે, ત્યારે યેંગહે હાતાંમ ઉંચી પ્રકારની એબાદતનો ધડો પુરો પાડે છે.

આ ધડામાં એક વાત આપણું ખાસ ધયાન ખેંચવા લાયક છે. યેંગહે હાતાંમના અર્થ ઉપરથી જોવામાં આવયું હશે કે, તે મધે મરદ સાથે ઓરતનું નામ ખામખા વાપરવામાં આવયું છે; જેમકે "તેવાંઓમાંનાં મરદ તથા **ઓરતને** અમે આરાધીએ છીએ." અવસ્તામાં, જયાં જરૂર હોય છે ત્યાં, અશો નરોની પેઠે અશો નારીઓની સ્તુતી કરવામાં આવેલી છે. તેમજ મરદોનાં અશો ફ્રરોહરોની સાથે ઓરતોનાં અશો ફ્રરોહરોને પણ આરાધવામાં આવયાં છે. પણ આ યેંગહે હાતાંમના કલામમાં, દેખીતી રીતે તેવી કાંઇ જરૂર લાગતી નથી. તે છતાં તેમાં ઓરતોની આરાધના દાખલ કરી છે, તે ઉપરથી ધારી શકાય છે કે, આરાધના અથવા ભકતી કરવાની ફરજ મરદોની પેઠે ઓરતોને માથે પણ પડેલી છે, અને એ કામમાં જેવા મરદો સંપુર્ણ થઇ ગયા છે, તેવી ઓરતો પણ થયલી અથવા થતી હોવી જોઇયે. ભકતીમાન અને પરહેજગાર ઓરતો માટે એ જેટલું સંતોષ ઉપજાવનારૂં છે, તેટલુંજ ભકતી અને પરહેજગારીથી બેનસીબ રહેતી ઓરતો માટે ચેતવણી લેવા જોગ છે. યજશનેનો ૨૧ મો હા, જે યેંગહે હાતાંમની શરેહ સરીખો છે, તે મધે એ વીષે ખુલું જણાવે છે કે, એ કલામમાંના "યાઓંગહાંમ" એ શબ્દ પઢતાં તે પઢનાર કબુલ કરે છે કે, જેમ અમર લોકો માટે આરાધના છે, તેમ પરહેજગાર અને ભકતીમાન **ઓરતો** માટે પણ છે.

એજ હામાં યેંગહે હાતાંમથી મળતા બીજા જે બોધ સમજાવયા છે, તે આ પ્રમાણે:—યેંગહે હાતાંમનો કલામ, જરથોસ્તના કલામોમાંનો એક કીર્તી ભરેલો કલામ છે; તે પઢનાર અહુરમજદના કાયદાને તેમજ તેની બંદગીને સ્વીકારે છે; [illegible] બીજાઓ સુખી થાય તેને તે સુખ ઇચ્છે છે. [illegible]રમજદ જે સંપુર્ણ સાહેબ છે તે પોતાના સંપુર્ણ બં[illegible]ને યાદ કરે છે, કે જે બંદો અશોઇથી સંપુર્ણતા મેળવે છે, ઈત્યાદી.

યેંગહે હાતાંમની આ મતલબ જાણયા પછી આ પણ જોઇયે કે, તેને અવસ્તામાં કેવી રીતે ગોઠવવામાં આવયો છે, અથવા કીયા મેહલો ઉપર તે પઢવાનું ઠરાવયું છે. જો કે યથા અષેમની પેઠેજ તે વારંવાર પઢાય છે, તોપણ યથા અષેમની પેઠે તે કોઇ પણ એકજ જગાએ એકથી વધુ વેળા અથવા એકથી વધુ સંખયામાં ભણાતો નથી. મોટા અવસ્તાઓનો એક કરદો, એક હા અથવા એક ભાગ પુરો થતાં તેની સેવટે તે પઢાય છે, અને નવો કરદો કે નવો હા તે પછી શરૂ થાય છે. તેવી જગાએ તેની હાલત, ગાયનમાં અંતરે અંતરે પાછી ગાવામાં આવતી ટેક અથવા અસ્તાઈના જેવી લાગે છે, તો જો કે યેંગહે હાતાંમ એ કંઇ ટેક અથવા અસ્તાઇ નથી. અવસ્તાની નાની બંદગીઓ, જેવી કે ન્યાએશો. ગેહો, વગેરેમાં તે બંદગીની આખેરે યેંગહે હાતાંમ પઢાય છે, તો જો કે "બાજ મુકવાના" કલામો તેની પણ પાછળ પઢવામાં આવે છે. એવો જે મોટી અગત્ય ધરાવનારો કલામ, તે જરથોસ્તીએ તેની ઠરાવેલી રીતે હંમેશ પઢવા અને તેની મતલબ ધયાનમાં રાખી તે પ્રમાણે વર્તવાની સદા કોશેશ કરવી.

સાસાન્યાન વંશનો સ્થાપનાર નામીચો શાહનશાહ અર્દશીર બાબેકાન જ્યારે મરણને બીછાને સુતો ત્યારે, પોતાના બેટા નામવર શાહપુરને બોલાવી તેણે નીચે મુજબ નસીહતો દીધી હતી:—

અય બેટા! એક પાદશાહ તરીકે તારા ધર્મનો અને તારા દેશનો બચાવનાર થજે. મજહબ અને તખ્ત એક એકથી છુટાં ન થઈ શકે. બંને એકએકને મદદ કરે છે. માટે એ વાત ખુબ ધ્યાંન રાખીને વર્તજે. એક અધર્મી પાદશાહને જુલમગાર જાણવો. જેઓમાં ધર્મ જેવું કાંઇ પણ ન હોય તેઓને દેવ ખસલતનાં સહમજવાં. રાજ્ય વગર મજહબ ટકી શકે, પણ મજહબ વગર રાજ્ય ટકી શકે નહીં. રાજ્યદારી મંડળીઓ પવીત્ર ધારાથીજ મજબુત રહે છે. માટે, અય બેટા! તારી પોતાની રૈયતને પરહેઝગારી અને નેકી તથા નીતીનાજ દાખલા આપતો ર[illegible] પણ તેમ કરવામાં ખાલી તકોબરી અને દમામ [illegible]ની કોશેશ કરતો ના. યાદ રાખજે કે પાદ[illegible] આબાદી તથા વીપત્તી ઉપર રૈયતનું સુખ ય[illegible] આધાર રાખે છે તથા રૈયતનું નસીબ તેના [illegible]નશાહની ચાલ ઉપર આધાર રાખે છે. દુન્યા ફે[illegible]રોને આધીન છે, માટે નસીબના કેહેરને હીમત અને જવાંનમરદીથી સામે થવા તથા તેના હસવાને મીતાહાર અને સ્યાણપણથી ભોગવતાં શીખજે. મારી એમ કહેવાની મતલબ એકે, ખોદાની મહેરબાનીથી તારૂં રાજ્ય એવું થાય, કે જેથી કયામતને દીને, ખોદાએ જેઓને તારા આશરા હેથળ સોંપ્યાં હોય તેઓની બરાબર બરદાસ્ત કીધાથી તેઓ તને તેમજ મને યાદ કરી આપણા હકમાં દુઆ માંગે. તારી ચાલચલણ એવી રાખજે કે, જેથી તારા તાબેદારોને પોતાની માલ મીલ્કત, આબરૂ અને જીંદગીની કોઈ દીન ધાસ્તી રહે નહીં. અય બેટા! એક આદેલ પાદશાહને તેની રૈયત હમેશાં ચાહે છે, તથા તેની ફરમાંબરદારીમાં રહે છે. સૌથી બુરો પાદશાહ તે, કે જેનાથી નેક ડરે અને બદમાસ ખુશીથી ફરે. યાદ રાખ, અય બેટા, કે લશકર વગર મુલક રહે નહીં, પૈસા વગર લશકર નહીં, ખેતીવના પૈસો નહીં, અને અદલ ઇન્સાફ વીના ખેતી નહીં. માટે, અય બેટા, હંમેશ અદલ ઇન્સાફી થજે, ખેતીને ઉતેજન આપજે, લશકરપર મહેરબાંન રહેજે, અને રૈયતની બરદાસ્ત લેજે. એક બે ઇન્સાફી પાદશાહ કરતાં એક દેહેસ્તનાક સીંહ ભલો; પણ રાજ્ય આખો વખત લડાઇમાં ગુંથાયલું હોય તે કરતાં એક બુરો પાદશાહ ભલો. અય બેટા! જ્યાં નેતરનું કામ હોય ત્યાં શમશીર લેતો ના; યાને જ્યાં શીખામણથી સરે કામ; ત્યાં લેતો ના સમસીરે જાન.

જરથોસ્તી અવસ્તાઈ ધર્મનો સઉથી પહેલો અને સર્વોત્તમ કલામ—અહુનવર.

અવસ્તા—અહુનો વઈરયો વચાંમ વેરેગ્રજંસ્તેમો અરયુખ્દો વાખ્શ યાહિ વેરેગ્રજંસ્તેમો. (સરોશ યસ્ત હાદોખ્ત, કરદો ૧ લો.

અર્થ—તમામ બંદગીઓમાં અહુનવર સઉથી ફતેહનો બખશનાર છે. એ કલામ રાસ્ત, અજમતી અને જયકારી છે.

દીનદાર જરથોસ્તી! અષેમ. તથા યેંગ્હેહાતામ વીષે આગળા અંકોમાં તેં ઘણું સાંભળયું છે; હવે તેમના જોડયા, બલકે તેમનાથી પણ શ્રેષ્ટ એવા અહુનવર (યથાઅહુવઇર્યો) ના કલામ વીષે સાંભળ. તેં સમજવું જોઈયે કે, જયારે અષેમ અને યેંગ્હેહાતામ ના કલામો તાજુબી ઉપજાવનારી મોટાઈ ધરાવે છે, ત્યારે અહુનવર અથવા યથાઅહુવઇર્યો જે તેમનાથી પણ વડો અને શ્રેષ્ટ કલામ, તેની મોટાઇ કેટલી વધારે હોવી જોઇયે? તું જાણ કે, તેની મોટાઇ પાર વીનાની છે. તેનું વર્ણન અજાયબ સરખું અને તેની અસર તલેસ્માતી છે. તે વર્ણવવા માટે માણસ જાતના ખાકી કલામ લુખ્ખા અને બુઠા છે. તેને બદલે, તેની ખુબી જાણવાને પ્રથમ ખુદ અવસ્તાવાણીતીજ શરેહ સાંભળ, અને માથ્રવાણીનાજ દાખલા તપાસ. મથાલે ટાંકેલા અવસ્તાઇ કલામ તેનો એક નમુનો માત્ર છે. એજ અવસ્તાઇ કલામ સાથે, એજ યસ્તના એજ કરદામાં અહુનવર માટે ફરમાવયું છે કે, જે કોઈ પુરૂષ યા સ્ત્રી અહુનવરનો કલામ સંપુર્ણ અશોઈવાલા વીચાર, વચન અને વરતણુક સાથે પઢે તેને કોઈ પણ દુરવંદ, કોઈ પણ જાલમ, કે કોઇ પણ કર્પીણુ માણુસ હેરાન કરી શકે નહી. અને તે કયાં સુધી? પાણીને લગતી, હવાને લગતી, અંધારી રાતને લગતી,

બીકટ માર્ગોને લગતી ખરાબ મંડળીઓને લગતી, અને દેવ દરૂજોને લગતી, કોઇ પણ આફ્ત સામે, અહુનવરનો કલામ તેના ભણનારને બચાવ, ટકાવ અને ફ્તેહનો આપનાર છે. અને તેમ કાં બને છે? એજ યશ્તમાં તેનો ખુલાસો મલે છે કે, એ કલામ દુરવંદી, હેરેમંદી, દયવયસ્ની, જાદુગરી અને બીજી તમામ નાપાકી અને નેહસ્યતને તોડનારો, બલકે તેમનો નાશ કરનારો છે. સરોશ યશ્ત હાદોખ્તનાં આ વર્ણનનો ટુકો અથવા અર્કરૂપી સાર આપણને "અહુનેમ વઈરીમ તનુમ પાઇતિ" માં મલે છે, કે જે કલામ સરોશ બાજ, હોશબામ વગેરે અગત્યની અને ફરજીઆત બંદગીઓમાં ત્રણ ત્રણ મરતબે પઢવામાં આવે છે. આ કલામનો અર્થ "અહુનવર તનનો પાસ્બાન છે" એવો થાય છે. એ અર્થમાં ઘણું સમજવાનું, અને ઉંડું ઉતરવાનું છે. અવસ્તાને તેની સપાટી ઉપરથી જોનારા સાધારણ બુદ્ધીના જરથોસ્તી ગુરૂઓ જયારે એનો ભીતરનો ભેદ સમજી શકતા નથી, ત્યારે તેઓ ગુચવાડામાં પડે છે; અને એવી તકલીદી સમજણ આપે છે કે, અહુનવર પઢીને ખોદાને યાદ કર્યાથી આપણને હીંમત આવે છે, અને તેથી આપણે આપણાં તન અથવા શરીરનો બચાવ આપણા શત્રુઓ સામે કરી શકીએ છીએ. બનવા જોગ છે એ, પણ એટલીજ અહુનવરની ખુબી હોય, તો તેની પંદર આના કીમત ઘટી જાય છે. સુધરેલા ગણાતા અને મનતકીથી દોરાતા દોઢડાહયા જરથોસ્તીઓ લગાર મશકેરીથીજ બોલે છે કે, મોહડેથી પઢવા યા બડબડવાની એક ચીજ તે શરીરનો બચાવ કેમ કરી શકે? એકવાર કરી શકે એમ માનીએ તો તેમાં નવાઈ તે શી આવી? એમ તો એક ઢાલ યા ઢાંકણ પણ શરીરનો બચાવ કરી શકે છે; ત્યારે શું આપણે તેમને પણ અજમતી ચીજ ગણીને નમીએ? નહી, ખચ્ચીત નહી. પણ આમાં કસુર નથી અહુનવરના કલામની કે નથી તેના અર્થની. છે કસુર સઘળી એમ સમજનારા તથા સમજાવનારાઓનાં ભેજાં અને ભંડોલની. તે બાપડાઓ આનો ખરો ભેદ સમજી કે સમજાવી શકતા નથી અને તે ભેદ શું? અહુનવર ખરેખર તનની પાસ્બાની કરે છે, પણ તે ઉપર જણાવયા જેવા સાહેબો સમજે છે તથા સમજાવે છે તે રીતે નહી. આપણું તન જેમ દુન્યાના સાધારણ જાહેર હુમલાને આધીન છે, તેમ અણદીઠ જગતના અણદીઠ આત્માઓનો અણદીઠ હુમલાને પણ આધીન છે. આપણાં તનને કેટલાંક દુઃખ દર્દો અને ઇજા એવાં થાય છે, કે જેમનું કારણ આપણે જાણી શકતા નથી અને જેમના ઉપાય કરવામાં ડાકટરો અને દાનેશમંદો લાચાર અને લાએલાજ રહે છે. તનની તેવી ઇજા અણદીઠ બુરા આત્માઓની બલાગતથી, જાદુગરોની જાદુઇથી અને દુરવંદોની દુરવંદી વગેરેથી થાય છે. અને અહુનવર આપણાં તનની જે પાસ્બાની કરે છે, તે એ અણદીઠ, મોટી, અને સાધારણ ઊપાયોની હદ બાહેરની ઈજાઓ સામે છે!

જે કલામ તનનો પાસ્બાન એટલે દરજજે હોય, તે મન તથા આત્માનો પાસ્બાન, તે કરતાં વધારે દરજજે હોવો જોઇયે, એ બેશક છે. તે કેમ બને, તેની સમજ અષેમ તથા યંગ્હેહાતામના આપણા [illegible]ગલા વીષયોમાં આવી ગઈ છે. જે કલામ [illegible] બુરા જુસ્સાઓ, વીકારો, હવસો વગેરેને [illegible] રાખે, આપણાંમાં અશોઇનો ઝરો જારી ર[illegible] આપણું ચીત મીનોઇમાં મળેલું રાખે, તેનો કાબુ [illegible] અને આત્મા ઉપર ભારે હોવો જોઇયે. વંદીદાદની ૧૯ મી પરગરદમાં અહુનવરનું એક પરાક્રમ વીસ્તારેલું છે, તે આ સઘળી વાર્તાને મજબુતી તથા બોહલાપણું આપનારૂં છે. તેમાં જણાવયા પ્રમાણે અશો જરથોસ્તે જયારે દુન્યામાં પોતાનો પવીત્ર મઝહબ આશકારા કરવા ચાહયો, ત્યારે નાપાક ઘનામીનોએ તે કામથી તેને પાછો વાલવા માટે તેને લાલચ અને ધાસ્તી ઘણી દેખાડી હતી, પણ તે કશાંને પત નહી કરતાં, મારેફ્તને પહોંચેલો એ પયગમબર પોતાના ઠરાવને વલગી રહયો હતો અને સેવટે અહુનવરનો કલામ ભણી તેણે ઘનામીનોને પોતાના માર્ગથી નહસાડયો હતો. આ બાબત બહુ લંબાણ અને વળી ભેદી છે. તેનો સાર પોતાના તમામ માણસાઇ બુરા જુસ્સાઓને મારી, અશોઇ જાળવી, ખોદાના નુર સાથ પોતે મલવાનો અને બીજાઓને તેવા બનાવવાની કોશેશ કરવાનો છે. અને એવું જે મહાભારત કામ તે બજાવવામાં અશો જરથોસ્તે કામે લગાડેલાં સાંધણોમાં મુખ્ય સાંધણ, તે આ અહુનવર હતો. ૧૯મી પરગરદનાં એ વરણનને મળતો ઇશારો, અલબતે અહુનવરની ખુબી માટે અર્દોશંગ યશ્તમાં પણ આ

વેલો છે, જેમાં અહેરેમનના રવાંનને એવું પોકારતું જણાવયું છે કે, જરથોસ્ત અહુનવરના કલામ વડે મને આજેજ કરે છે.

અહુનવરની આ જાતની અજમતી ખુબીને લીધે યજશ્નેના ૬૧ માં હા મધે તેની યાદ અને આરાધના વળી ન્યારીજ રીતે કરવામાં આવી છે. એ આખો હા એજ બાબતમાં રોકાયો છે, અને અમે માત્ર નમુના તરીકે તેના થોડાજ સખુન અત્રે આપીશું. ધ્યાનમાં રાખવું કે, એ સખુનમાં થયલી યાદ અને આરાધના, જેમ અહુનવર અથવા યથાઅહુ વઇર્યો માટે, તેમજ તેના જોડયા કલામો અષેમ અને યેંગ્હેહાતામ માટે પણ છે. અને તે આ રીતે:—"અહુનવરને અમે પઢીએ છીએ, જમીન ઉપર તથા આસ્માન મધે! અષેમવોહુને અમે પઢીએ છીએ, જમીન ઉપર તથા આસ્માન મધે! યેંગ્હેહતામને અમે પઢીએ છીએ, જમીન ઉપર તથા આસ્માન મધે! (અને તે શાને માટે?) ધનામીનો, તેની પેદાયશ, બદકાર મર્દો, બદકાર ઓરતો, ચોરો, વાટ પાડાઓ, જાદુગરો, દુરવંદો, જુલમગારો, આશ્મોગ, દરૂજ, ઇત્યાદીની સામે લડી તેમને હરાવવા તથા તોડવાને માટે." કેવા ઉત્તમ કલામ અહુનવર, અષેમવોહુ અને યેંગ્હેહાતામ! કેવી તેમની ખુબી, અજમત અને મોટાઈ! કેવાં તેમની તારીફનાં અવસ્તાઈ વર્ણન! પણ હજુ તો ઘણું બાકી છે, અને તે હવે પછી.

ખા મો શી.

ફારસી બેત.—નબાયદ સુખન ગોફ્ત ના સાખતેહ,
નબાયદ બોરીદન નયંદાખતેહ.
અર્થ—ઘટારત નથી બોલવા કાચા સુખન,
ઘટારત નથી ફેંકવા વચે સુખન.

પ્રીય વાંચનાર! તું કંઇ જાણે છે કે ખામોશીની શી કીંમત છે? તેં જો કોઇ દિવસે ખામોશીનો ઉપયોગ કીધો હશે, તો તને તરત માલમ પડી આવશે કે એ અમુલ્ય છે. ત્યારે તારે હંમેશ યાદ રાખવું જોઈયે કે ચાર વાર વીચારી એકવાર બોલવું અને તે પણ જેટલું ઘટે એટલું બોલવું. થોડું બોલવું પણ તે છાજતું બોલવું અને તેબી વળી અસરકારક રીતે બોલવું, જેથી તારા બોલવાની બીજા ઉપર અસર થાય. 'હું શું બોલું' એવો અંદેશો કરવો તે 'અરર હું ક્યાં ને કયાં બોલયો' કરતાં વધારે સરસ છે. વિચાર કરયા વગર તું કદી બોલતો ના. તને વિચાર કરી બોલતાં ઘણો વાર લાગશે, પણ જો તે નેક બોલવું હોય તો તેને માટે તારે ગમ ન રાખવો. તને બોલવાને વાચા મળી છે અને વિચાર કરવાને તને અક્કલનું કીમતી ગોહર મલયું છે, તેટલા માટે ઓ માનવી! તું હેવાન કરતાં વધારે સરસ છે, અને જયારે તું નેક નહિ બોલે ત્યારે તો તું હેવાન કરતાંને વધારે ખરાબ છે. ઓ માનવી! તારાં મોઢાંમાંથી આખરે નેક અથવા તો બદ સુખનો નીકળવાના અને તું જાણે છે કે તારા દુશમનો તારી એબ અને બદી શોધતા રહે છે તેટલા માટે ઓ દાનાવ! તું તારા દુશમનોથી બીહતો રહી જે કાંઇ તું બોલે તે નેકીના સુખન હોવા જોઇયે. તારૂં દુ:ખ જાહેર કરી બોલતો ના, કારણ કે જો તારા દુશમનો જાણશે તો તેઓ ખુશી થશે અને તેથી તું વધારે દુ:ખી થશે. જો તારા સખુનો ગમે એવા દીલપસંદ, મધુર અને લાયક હોય તોપણ તું એકજ વાર બોલજે. ફરી ફરી બોલતો ના, કારણ કે મીઠાઇ ગમે એવી સરસ હોય તોપણ એકજ વાર ખવાય છે. જયાંસુધી બીજાઓ બોલીને ખામોશ થાય નહિ ત્યાં સુધી તું તેઓની વચમાં બોલતો ના. જે જગયાએ નાદાનો બેસીને કંઇ ખોટી તકરાર ઉપર ઉતરી પડયા હોય તો તું તેઓમાં એકદમ બોલતો ના નહિ તો તું તારૂં માન ખોઇ દેશે. જયારે તું જોય કે હવે તેઓ પોતાની તકરારમાં આગળ વધી નહિ શકતા તો તું તેઓને ઘટતો ખુલાશો તે વખતે દેખાડી જરા ઇશારત કરી બસ કરજે નહિ તો વાંદરાના હાથમાં દીવો આપવા જેવું થઇ જાય. ચોરનાં મોઢાં પર તેને ચોર નહી કહેતાં ખામોશી પકડવામાંજ શોભા છે. જો તું એક આંધળાં માણસને એક ખાડામાં પડી જવાની અણી ઉપર જોય તો તું મુંગો બેસી ના રહેતો. જો તારો મીત્ર તને પોતાના ખરા પ્યારથી બોલાવે તો તે વખતે તું ખામોશ ના બેસી રહેતો, પણ મહોબત ભરેલા સુખનો તું બોલજે. બે ચીજો અક્કલથી ઉલટી છે. એક તો એ કે જયારે બોલવા ઘટે ત્યારે નહિ બોલવું અને બીજી એ કે જયારે નહિ બોલવા ઘટે ત્યારે બોલવું. દાનાવ માણસોનાં

મોઢાંમાંની જુબાન તે ગોયા એલમના ભંડારની કુંચી છે. જયારે તેઓ બોલે છે, ત્યારે બીજાઓને તેઓના બોલવાથી ફાયદો થાય છે. જયાં સુધી તું કાંઇ સખુનો બોલશે નહિ, ત્યાં સુધી તારી એબ અને તારો હુનર ઢંકાયલાં રહેશે. જયાં સુધી તું કાંઇ પણ સખુનો બોલશે નહી, ત્યાં સુધી તું તારી એબોને તારાં અજ્ઞાનપણાંથી હુનર સમજશે. મંડળીઓમાં અને સભાઓમાં તું તારા મનમાં જે આવે તે બોલી ના દેતો, કારણ કે કદાચ તારા બોલવામાં ઘણીએક ખાંમી હોય, જેથી દાનાવોનાં દિલ દુખાય અને જયારે તારી પાસેથી મંડળીમાં તારા બોલેલા સુખન માટે દલીલ માંગે અને જયારે તું ન આપી શકે, ત્યારે તુંને બેજાલત લાગે. મંડળીમાં તું કોઇની આબરૂ ઉપર સુખન બોલતો ના, નહિ તો તારા જેવો નીચ બીજો કોઈજ નહી હોય. જો કોઇ દાનાવ માણસ તને શીખામણ દે તો તેની સાથે તું દી ના કરતો પણ તે ધીરજથી સાંભળજે. જો બે માણસ એક એક સાથે ગરમાગરમી ઉપર ઉતરી પડયા હોય, તો તેમાં તું થંડું બરફનું પાણી રેડજે, નહી તો મુંગો બેસજે. આતશ ના નાખતો. નાદાનો આગળ તારા ભેદની વાત કહેતો ના, નહિ તો તને ઘણુંજ ખમવું પડશે. તારા ભેદની વાત તારા જાની દોસતો આગળ પણ ના કહેતો કારણ કે તેને વળી બીજા જાની દોસ્તો હોય કે જેની આગળ તે તારી વાત કહી દેશે, જેથી તારો ભેદ ખુલો થઇ જશે. તું જે કાંઇ નેક જાણતો હોય તો તું તે બોલ, કારણ રાસ્ત બોલેલાંની સદા અસર રહે છે. જે કાંઈ તું નહી જાણતો હોય તો તે બીજાઓને પુછી લે, તેને માટે તારે શરમાઇ ખામોશ બેસવું ન જોઈયે, કારણ કે એમ પુછવાથી આગલ ચાલતાં તારૂં જ્ઞાન વધશે. આખરે તને યાદ રાખવુ જોઇયે કે ખોદાએ તને બે કાન આપેલા છે. પણ જબાન તો એકજ આપેલી છે, ત્યારે તેનો ભેદ શું? ભેદ એટલોજ કે "ઘણું સાંભળવું પણ થોડું બોલવું."

જરથોસ્તી અવસ્તાઈ ધર્મનો સઉથી પહેલો અને સર્વોત્તમ કલામ અહુનવર

અવસ્તા—આઅદ અઓદ અહુરો મજદાઓ બ્ધ અએષ આસ અહુનહે વઈર્યેહે સ્પિતમ જરથુશ્ત યદ તે ફ્રાવઓચિમ પર અસ્મેમ પર આપેમ પર જામ પર ગાંમ પર ઉર્વરાંમ પર આતરેમ અહુરહે મજદાઓ પુથરેમ પર નરેમ અષવનેમ પર દએવાઇસ્ચ ખરફસ્ત્રાઈશ મષયાઈસ્ચ પર વીસ્પેમ અહુમ અસ્તવંતેમ પર વીસ્પ વોહુ મજદદાત અષ ચિથ્ર. (યજશને, હા. ૧૯ મો.)

અર્થ—(પયગમ્બર જરથોસતના સવાલના જવાબમાં) દાદાર અહુરમજદે ત્યારે કહયું કે, અય પવીતર સપેતમાન જરથોશત! આસમાનની અગાઉ, પાણીની અગાઉ, જમીનની અગાઉ, ગોસપંદની અગાઉ, વનસપતીની અગાઉ, હું અહુરમજદના પુત્ર આતશની અગાઉ, અશો મરદની અગાઉ, દેવો તથા બદકાર માણસોની અગાઉ, તમામ હાડમંદ દુનયાની અગાઉ, તથા હું અહુરમજદે સરજેલી નયામતો જે અશોઈનાં મુલની છે તેની અગાઉ, અહુનવર (યથા અહુવઈર્યો) નો કલામ, જે મેં તને જણાવયો છે, તે હસતી ધરાવતો હતો.

દીનદાર જરથોસ્તી! અહુનવરના અજમતી કલામની ઘણી તરેહની ખુબી ઘણાએક અવસ્તાની શાહદતોને આધારે, છેલી વેળા તેં સાંભળી લીધી છે, પણ તેની જે એક નવી ખુબી મથાલેના અવસ્તા રોશન કરે છે તે, તે સઘળાંથી ન્યારીજ તું જોશે. આ ખુબી તે ગોયા અહુનવરની એક તવારીખ–તેનું એક જન્મ ચરીત્ર–છે. કબુલ કરીએ કે, અહુનવરનો કલામ સઉથી પાકીજેહ અને અજાયબ જેવો અજમતી છે; પણ તે કયાંથી આવ્યો? કોણે તે રચ્યો? કીઆ જમાનામાં અને કેઇ જગાએ તેની ઉત્પતી થઇ? આજના ચક્રમ જમાનામાં, જયારે જંદ વીદવાનો અવસ્તાના ખોદાઈ કલામોને જરથોશ્ત અને તેના પછીના જરથોશ્તરોતેમો વચ્ચે વેંહચી નાખે છે, તથા આ અવસ્તા તો જરથોશ્તની પછીના અને પેલાજ અવસ્તા માત્ર જરથોશ્તના, એવી ઢંગધડા વગરની વાતો કરે છે, ત્યારે ઘણા ચંચલ પારસી જવાનો, દીલ મોટું અને ભેજું કોશાદે કરીને જવાબ દેશે કે, અહુનવર એ જરથોશ્તના પોતાના કલામ હોવા જોઇયે, અથવા તે "જરથોશ્તના ગાથા" ની બરાબરના પુરાના હોવા જોઇયે. પણ તેટલુંજ નથી. ગાથા સીવાય બીજા અવસ્તાને જરથોશ્તની પછીના કહેનારા વીદવાનો પોતેજ કબુલ કરે છે કે, અહુનવર (અને તેની સાથે અષેમ વોહુ તથા યેંગ્હેહાતામ પણ) જરથોશ્તની પણ આગમજના કલામ છે. પણ કેટલું આગમ

જના વારૂં ? અહીં તેમની શોધ, અટકલ અને અકલ ખતા થાય છે. કહી કહીને એટલુંજ તેઓ કહી શકશે કે, આ દુન્યાની માણસ જાતની જુનામાં જુની તવારીખના વખતના તે હશે. પણ નહી. ઉપલા અવસ્તા આપણને ખુલ્લે ખુલ્લી રીતે સાક્ષી આપે છે કે, અહુનવર તો દુન્યાની તમામ પેદાયશની અગાઉ હસ્તી ધરાવતો હતો. માણસની ઉત્પતીની અગાઉ એટલુંજ નહી, પૃથ્વીની ઉત્પતીની અગાઉ એટલુંજ નહી, પણ આસમાનની ઉત્પતીની પણ અગાઉ ! એટલે, અહુરમજદની પોતાની સાથેજ તે હતો. અહુરમજદનો પોતાનો તે કલામ છે. ના, એટલુંજ નહી: ગોયા અહુરમજદની હયાતીજ અહુનવર છે, કે જેની સાબેતી અહુરમજદના ભીતરના અર્થથી આપણને મલી શકે છે. અહુનવર એ કાંઇ આ દુન્યાની એક પેદાયશ નથી—તે કોઇની કારીગરી કે બનાવટ કે જનેણી પણ નથી. તે પોતેજ ગોયા પેદાયશનું મુલ છે. બીજી રીતે કહીએ તો, પેદાયશ પેદા કરવામાં અહુરમજદનો તે મદદગાર છે; યાને અહુરમજદે અહુનવર વડે પોતાની પેદાયશ પેદા કીધી છે. આ નવાઇ સરખી વાતને આપણા પેલા "સુધારાવાળા," પેલા "કેળવણી પામેલાઓ," નહી માને તો તેમની મરજી. એની સામા તેઓ હસે તો તેમને હસવા દો. અવસ્તા આ વાતની સાબેતીમાં છે; એટલુંજ નહી પણ દુન્યાના બીજા ધર્મો તથા ખોદાને પહોંચેલા મહાત્માઓનાં મતોથી તેને ટેકો મલે છે. હીંદુઓના પવીત્ર ઊચ્ચાર ઑ૦ અને આરબોના ચમતકારીક શબ્દ "**કોન,**" એમની ફીલસુફી જેઓ જાણતા હશે, તેમનાં ધ્યાનમાં આ વાત ઝટ ઉતરશે. ખોદાના એક સબ્દ, ઈચ્છા અથવા હુકમથી આ દુન્યા પેદા થયલી તેઓ જણાવે છે, અને આપણો અવસ્તાઇ અહુનવર તે વાત આપણને ખુલાસા સાથ સમજાવે છે. એની વધુ સમજ અને સાબેતી આપણા ધર્મને લગતી પેહલવી બુનદેહશની કેતાબથી મલે છે, જેમાં એવું જણાવેલું છે કે, દુન્યાની હસ્તીની અગાઉ અહુરમજદની સાથે આ ચાર વસ્તુઓ હતી: (૧) અહુરમજદ પોતે અથવા તેનું ફરોહર, (૨) બેકીનારે જમાનો, અથવા હદ વીનાનો વખત, (૩) અરશ તખ્ત, અથવા તેની ખોદાઇને લાયકની સઉથી બુલંદ અને હદ વીનાની જગા, અને (૪) અહુનવર, યાને તેની હયાતીમાંથી પેદાયશને હયાતી બખ્શનાર કલામ.

મતલબ એ કે, જેમ અહુરમજદ શરૂઆત વીનાનો—અનાદી—છે, તેનો વખત પાર વીનાનો, અને તેની જગા હદ વીનાની છે, તેમ તેનો આ કલામપણ કલ્પનામાં નહી કલ્પી શકાય એવો ચમતકારીક અને અપાર ખુબી ધરાવનારો છે. તેનો તાલુકો અહુરમજદની પોતાની સાથે, તેની મીનોઈ આલમ સાથે, છે. આ ખાકી દુન્યાના સંબંધમાં લઈ તેની સમજ આપવી જેમ મીથ્યા છે, તેમ તે અહુનવરનો દરજ્જો ઉતારી પાડનારી પણ છે. આજના વીદવાનો તેનો ખરો અર્થ કરવામાં જે ગોતાં ખાય છે, અને ખરો અર્થ કરી શકતાજ નથી, તેનું કારણ પણ એજ છે. મીનોઇ ચીજ ખાકી નીસબતથી કેમ શમજાવી શકાય? ફરેસ્તાઇ વાત માણસાઇ ધોરણથી કેમ પાયદાર ગણાય? અહુનવર એ અહુરમજદનો પોતાનો કલામ છે. અહુરમજદની પ્રથમ પેદાયશ મીનોઈ છે, અને તેથી અહુનવર પ્રથમ મીનોઇમાં જાહેર થઇ ફરેશ્તાઓ અને ફરોહરોમાં પઢાયો છે. ખાકી આદમ તરીકે પહેલો તેને જાણનાર, પઢનાર અથવા ગાનાર આપણો પુરાતન પાકીજેહ પયગમ્બર જરથોશ્ત હતો. એટલી વાત આપણે મુખ્યત્વે મથાલેના અવસ્તાથી જાણી છે. અને એ જરથોસ્તે આ દુન્યામાં તે કલામ જાહેર કર્યો, તથા તે વડે ધનામીનોને તથા તેની દેવ દરૂજ રૂપી ફોજને મારી હઠાવી પોતાનો પવીત્ર ધર્મ આ દુન્યામાં આશકારા કર્યો, તે વાત, ગઇ વેલા આપણે જોયું તેમ, વંદીદાદની **૧૯**મી પર્ગદથી રોશન થાય છે.

ઇજશ્નેના ૧૯ માં હા મધે અહુનવરની ઉત્પતીની ઉપલી નવાઈ સરખી વાત જણાવ્યા ઉપરાંત, તેની બીજી તરેહવાર ખુબીઓ પણ વર્ણવેલી છે. એ આખો હા, અહુનવરની શરેહ સરીખો છે, જેમ યજશનેનો ૨૦ મો હા અષેમવોહુની, તથા ૨૧ મો હા યેંગ્હે હાતામની, શરેહમાં રોકાયલા છે તેમ. પણ જેમ આ છેલી જણાવેલી બે બંદગી કરતાં અહુનવર ઘણોજ ચઢતો છે, તેમ એ છેલા જણાવેલા બંને હા કરતાં ૧૯ મો હા પણ, વીસ્તાર તેમજ મતલબમાં મોટો છે. તેમાં જણાવેલું છે કે, અહુનવર પઢવાની કીંમત, બીજાં ભણતરો કરતાં સોગણી વધારે છે; જે કોઇ અહુનવરને યાદ કરે છે, ઉચ્ચારે છે, બુલંદ આવાજે પઢે છે અથવા ગાય છે, અને આરાધે છે, તેનું ર

વાન બેહસ્તમાં જગા મેલવે છે, એટલુંજ નહી પણ અહુરમજદની અપાર રોશની સુધી પહોંચી વલે છે; અહુનવરનો ભણનાર મોતથી છુટકારો પામે છે, યાને જે કોઈ એ ખોદાઇ કલામ તેના તરીકા પ્રમાણે સંપુર્ણ અશોઇથી ભણતો રહે, તેનો આત્મા અમર્ગી પામે છે; અહુરમજદ જે સર્વેથી સંપુર્ણ સાહેબ છે, તેણે અહુનવરને પણ સંપુર્ણ બનાવ્યો છે, અને તે પોતે તેને ભણયો છે, અને તેના વડે એહરેમનને મારેલો અને તુટેલો કર્યો છે; અહુનવર એ અહુરમજદના સઘલા ખોદાઇ કલામોમાં વધારે ઉતમ છે, અને તે અવસ્તાના કોઇપણ કલામો કરતાં ફરી ફરી, એકથી વધુ વાર, ભણવાને ઘણો વધારે લાયક છે, ઇત્યાદી. આ ઉપરાંત, અહુનવરના ભાગ વીભાગો છુટા પાડી તેઓ દરેકની ખુબી એ હા મધે સમજાવેલી છે, અને તેવી સઘલી ખુબી ઉપર પુષ્કળ શરેહ કરી શકાય એમ છે; પણ આ ટુક કટારોમાં તે વર્ણવવું કેવલ અશકય છે.

અહુનવરની એવી ખુબીને લીધે અવસ્તામાં તે જગે જગે, તરેહવાર પ્રસંગે, અને એકથી વધુ સંખ્યામાં પઢાય છે, અને તેમ પઢવાનાં કારણો અને અસરો છે. એક વાર, બે વાર, ચાર વાર, પાંચ વાર, સાત વાર, આઠ વાર, દશ વાર, બાર વાર, તે પઢાય છે એટલુંજ નહી પણ બસો વાર પણ તે પઢાય છે. વળી આગલા જરથોસ્તીઓએ તેને એટલી બધી અગત્યતા આપી છે કે, ગુજરેલાંની નૈયતે તેનાં પહેલાં વરસમાં "લાખ ભણાવવા"નો, યાને એક લાખ અહુનવર પઢવાનો રેવાજ વટીક ચલાવ્યો છે. જેમને અવસ્તાની બંદગી નહી આવડે તેઓએ, અહુનવરની ચોકસ સંખ્યા ભણ્યાથી તેમની ફરજ અદા થયલી ગણાય છે. આપણા અશો પયગમ્બરે રચેલી પોતાના ધર્મને લગતી ૨૧ કેતાબો, જેમને એકવીસે નસ્ક કહેવામાં આવે છે, તે દરએક નસ્કનું નામ અહુનવરના એકવીસ શબ્દોનું, અનુક્રમે આપેલું છે. આ સઘળી અહુનવરની ખુબી છે. દીનચુસ્ત જરથોસ્તીઓ તેને કેટલી બુઝર્ગી આપે છે તેનું પણ એ વર્ણન છે. હા; પણ અહુનવરના અર્થ વીષે આપણે શું સમજીએ ? તે હવે પછી.

આ દુન્યામાં માણસને જન્મ લેવાનું કારણ.

પ્રીય વાંચનાર ! આ સવાલ કદી તેં તને પુછયો છે કે હું શા કામ આ દુન્યામાં પેદા થયો તથા મે આ દુન્યામાં ફેરો શા માટે ખાધો ? જો તેં નહી પુછયો હોય તો તું પુછ. જો તેં પુછયો હોય તો તેનો જવાબ શું છે તે તું શોધી કાઢ. જેમ દુન્યાની દરેક ચીજને ને દરેક પેદાયશને ચોક્કસ કામ બજાવવાનું છે તેમ માણસનું જનમવું કાંઇ ફોકટ હોવું નહી જોઇયે. ચોક્કસ કામને માટેજ હોવું જોઇયે. અને જ્યારે માણસ ખુદરતની સર્વેથી ઉત્તમ પેદાયશ છે ત્યારે તો તેને જનમ લેવાનું કારણ પણ ઉત્તમ તથા મોતેબર હોવું જોઇયે. અને તે શું છે તે નીચલી લીટી ઉપરથી આબેહુબ જણાઈ આવશે.— જેમ કામ છે એક સગતું કે ઓલખે પોતાના ધણીને તેમ ફરજ છે એક ઇનસાનની કે પીછાને પોતાના પરવરદેગારને. માણસની આ દુન્યામાં જનમ લેવાની મુલ મતલબ તથા કારણ પોતાના પેદા કરનાર કરીમે કારસાઝ (પાક પરવરદેગાર)ને પીછાનવા યાને ઓલખવાની છે તથા તેને હંમેશનો બણોજ અતલગનો મીત્ર કરી લઈ જાહુકની દોસ્તી બાંધવાની છે. પાક પરવરદેગારે ઇનસાનને જે અકલનું કીમતી ગોહર બખશ્યું છે યાને બેહુમન તથા અકલે અવ્વળમાંથી તેનું નીકલવું થયું છે ને પોતાના પેદ કરનારની પીછાનનેજ માટે એ અકલનું કીમતી ગોહર જાનવરોમાં માલુમ પડતું નથી અને છેજ નહી તેટલાજ માટે ઇનસાન અને હેવાનમાં જે ફરક છે તે એથીજ છે. એહવાન તથા જાનવર સર્વે ખાઇ પીને મજાહ કરે છે તેમજ જો માણસબી ખાઇ પીને મજાહ મારવામાંજ પોતાની ફરજ સમજે તો પછી બેઉમાં યાને હેવાન તથા ઈનસાનનાં ફરક શો રહયો ? કાંઇજ નહી. માણસ હેવાનથી એટલાથીજ જુદો પડે છે કે માણસ જયારે પોતાના અહુરનાં દરશન કરવાને તથા ખોદામાં મલીને એક થઇ જવાની શકતી ધરાવે છે ત્યારે જાનવરમાં એવી શકતી નથી.

ઓ ઇનસાન! જે કામને માટે તેં જન્મ લીધો તે કાંમ તેં શું સફલ કીધું યાને જે ફેરો તેં ખાધોછે તે

ગવાયો? એનો જવાબ આપતાં તું અખુટ વીચારના દરયાવમાં ગરકાવ થઇ જશે અને જવાબ આપશે (ના). પણ જ્યારથી એ સવાલનો જવાબ આપવાની તું પ્રયત્ન કરશે ત્યારથી તારી જીંદગી તો કાંઈ જુદીજ બની જશે અને આટલો વખત ખાકી ચીજો તરફ તેં ધયાન આપયું છે તે છોડી થોડો વખતબી તું મીનોઈ તરફ ખેંચાશે. તારૂં મન કદાચ શાંત પણ થઈ જશે. પ્રીય વાંચનાર ! જયારે આપણે એવું જાણ્યું કે ખોદાને પીછાનવાને માટે આપણે જન્મ લીધો તો તેને કેમ પીછાન્યે એ સવાલ ઉભો થશે. આપણ સર્વે જાણ્યે છીયે કે ખુદા છે, તેની હસ્તી છે વગેરે; હવે એથી વધુ તે કેમ પીછાન્યે? પ્રીય વાંચનાર, અહીયાં તું ભુલ કરે છે. ખોદાની પીછાણ કયારે થાય કે જયારે તું ખુદની યાને પોતાની પીછાણ કરે ત્યારે. પોતાની પીછાન વગર, ખોદાની પીછાન થવી મુશકેલ છે, અને જયાં સુધી ઇનસાનમાં ખુદી તથા હુંપણું રહે છે ત્યાં સુધી પણ તેનાથી પીછાન થઇ શકતી નથી. માટે હુંપણાંને મારી નાખીને પોતાની પીછાન થવી જોઇયે. જેમ દરયાનું પાણી ચાખવાને માટે એક ટીપું જોઇએ છે તથા તે બસ છે તેમ ખુદા (યાને નુરઉલ અનવારના સાગર) ને પીછાનવાને માટે આપણ (જે તે દરયાનાં ટીપાં મીસાલે છઇયે)ની પીછાન થવી જોઇએ. Man, first know thyself then thou wilt know thy Creator.

હવે સવાલ એ ઉઠે છે કે મારી પોતાની પીછાન શું કરૂં અને કેમ કરૂં. હું જાણુંછું કે માણસ છું, મને હાથ પગ છે, આંખ છે, કાંન છે, નાંખ છે, વગેરે; થોડો વખત જીંદગી ગુજારી મરી જવશ, બીજું સું ! એ તો સર્વે કોઇ જાણે છે, તેમાં નવું શું છે ? પ્રીય વાંચનાર, તું ભુલે છે. જેની પીછાન તને કરવાની છે તે ખાકી શરીર જેનો નાશ થાયછે તેની નથી, પણ તારા દીલની અંદર બેઠેલો રવાન રાજા (The real inner man) ખરેખરો ભીતરનો માણુસ જે આપણા ખાકી દુન્યા ઉપરનાં બંધનને લીધે એ દીલના ઓરડામાં હજુ સુધી સુતેલો તથા ઉંગેલો હતો તેને શ્રમ ખેંચી તે ઓરડાનું બારણું થોકી તેને રોશન તથા જાગરત કરવાનો છે. એ અમ્મર તત્વ જેનો કોઇ કાલે કશાથી નાશ થનાર નથી અને જે નુર ઉલ અનવારનાં નુરનો બારીકમાં બારીક અંશ છે તેને પીછાનવો જોઈયે છે, યાને તે કયાંથી આવયો,–કયાં જવાનો છે અને ખાકી માણસનાં મરણ પછી તેનું શું થશે તે જાણવું જોઇયે છે. એની પીછાન થવાને માટે આપણા દીલની અંદરનો સર્વે મેલ, ગલીચી, બદબોહ, કચરો, તરેહવાર કાલાં વાદલાં વગેરે લોભ, લાલચ, બદી, મગરૂરી, તુંદાઇ, અહંકાર અને હુંપણું સર્વે દુર થવાં જોઇયે અને તેની જગાએ સદગુણ જેવા કે નમ્રતાઈ, સબર, સહનશીલતા, આજેઝી, સર્વે તરફ ભાઈબંધી, તથા એક સરખી નજર એ અખત્યાર થવાં જોઇયે. સચ્ચાઇ અને રાસ્તીની રાહે ચાલ્યાથી, ખોદાતાલા ને દીન ધર્મ ઉપર એકીન રાખ્યાથી, એબાદતનો ઉંચામાં ઉંચો તરીકો સાચવયાથી, દીલનો મેલ સાફ કરી તેને ખોદાઇ ઈશકનાં પવીત્ર પાણીએ ધોયાથી અને તે માંજ નાન લીધાથી, ખોદાઇ નુર ઉપર પળેપળ ધયાન આપયાથી, યઝદાંની યાદ એક પળ પણ નહી ચુકવાથી માણસ પોતાની પીછાન કરવાને શકતીવાન થાય છે અને ત્યારેજ વખત જતાં આપોઆપ તે ખોદાની પીછાન કરી શકે છે યાને તેને ઓળખી શકે છે. પણ જયાં સુધી આપણા આચાર વીચારો જડ તથા ખાકી રહેશે તયાં સુધી ખોદાની પીછાન થશે નહી, માટે ખોદાની પીછાનતને માટે જે પેહેલું કરવું ઘટે છે તે એ કે મનશની–સારો વીચાર. જયારે આપણા વીચારો સારા ખોદાઇ રાહ પરના હોય, ખોદાને પસંદ આવતા હોય તો આપણી વાચા તથા કર્મો પણ તેવાંજ સારાં હોય–બીજું એ કે દુન્યાના બહારના ખોટા દેખાવો અને લાલચો તથા શોભણના ગાંઠીઆ સામે પુર ઊસ્તવારીથી તકી રહેવું. તેના ફાંદામાં આવવું નહી. આપણે તેને વશ કરવા–તે આપણને વશ કરે એમ નહી થવું જોઇયે. ત્રીજું–ખોદાઈ ગ્નાન મેળવવાને માટેનો રાત દીનનો શોખ તથા ઇશક અને તેનીજ મદદની ઇંતેજારી–ચોથું ખોદાશનાસીને પહોંચેલા શખસની તથા આરેફની અતી ઘણી મદદની અગતયતા તથા સાલેકોની દોસ્તી એ ચાર ચીજ પ્રમાણે ચલાયું તો ખોદાતાલાની પીછાન થાય, તેને મલી જવાય ને તેની જાથુકની દોસ્તી બંધાય; કે જે નેમ આપણી જનમ લેવાની છે અને તે નેમ ઇજશનેનો ૬૦ મો હા આપણી સનમુખ ખુલ્લી રીતે રજુ કરે છે:—

અવસ્તા—અષ વહીસ્ત અષ સ્રએસત દરેસામ થવા પઈરિ થ્વા જમ્યામ હમેમ થ્વા હખ્મ.

અર્થ—સરવેથી સરેષ્ટ અશોઈએ કરીને, સરવેથી શોભઈતી અશોઈએ કરીને, ઓ ખોદાવંદતાલા તારી દોસ્તીને અમો પહોંચયે, તુંનેજ જોઇયે અને તારી સાથે ને તારામાંજ એક થઇ જઈએ.

દીનદાર જરથોસ્તી ! અહુનવર અથવા યથા અહુ વઇર્યોનાં પુરાતનપણાં તથા પ્રવીત્રપણાં વીષે ઘણું સાંભળ્યાથી, હવે તેનો અરથ જાણવાને તારી જીગ્નાસા ઉસકેરાઈ હશે. તે જીગ્નાસા તૃપ્ત થવી ઘણી દરજને મુશકેલ છે. અહુનવરના અરથ ઘણા વીદવાનોએ, અનેક દસ્તુર દાવરોએ, તરેહવાર વીદયારથીઓએ કર્યા છે; પણ તેઓ વચ્ચે ઉત્તર અને દક્ષીણ ધ્રુવના જેટલો ફેર પડે છે. તેની મુલ મતલબમાં પણ અરથ કરનારાઓ એકમત થતા નથી; અને ત્યારે આપણી નીરાશીનો પાર રહેતો નથી. અહુનવર એક ભેદનાં ફુલ પૃથી બંદબસ્ત રહેલો કલામ છે, અને તેને ખોલવાની ચાવી આ જમાનામાં ગોયા જતી રહી છે. અમે પોતે પણ, તે ચાવી વીના તેનો ભરમ ખોલવાની પોતાની અશકયતા કબુલ કરીએ છીએ. આ જગે અમે તે વીષે જે કાંઈ બોલીશું તે પણ અટકલને આધારે જુદા જુદા લખનારા તેનો અર્થ શો કરી ગયા છે, અને તેઓમાં વધારે સંભવીત અર્થ કીઓ લાગે છે, તે માત્ર અમો જણાવીશું. અને તે કારણે, આ બીના જો કે અમે અહુનવરના ધરમબોધની માલામાં મેલી છે, તો પણ તે એક તકરારી વીષય જેવી તને લાગશે. અહુનવરના તરજુમા સંખ્યાબંદ થયલા છે, જે સઘલા આ ટુક કટારોમાં સમાવવા અને સમજાવવા અશકય છે. અમો માત્ર તેમાના જુદી જુદી જાત તથા જુદા જુદા વર્ગમા તરજુમો કરનારાઓના ચાર પાંચ અર્થ નમુના તરીકે રજુ કરીને સંતોષ પામીશું. પહેલે આપણે જરથોસ્તી દસ્તુરોનો વરગ લઇયે, અને તેઓમાંના એકનો અરથ જોઇયે. મરહુમ દસ્તુરજી સાહેબ એદલજી દારાબજી સંજાણા તે નીચે પ્રમાણે કરી ગયા છે:—

જે મીસાલે હોરમજદની ખાહેશ તે મીસાલે જે કાંઈ સવાબનાં (કામના) હોકમ (તે કરવાથી અને) એ દુન્યામાં નેક કામ કરવાથી હોરમજદ ભલી મનશની આપે. જે દુરવેશોની પરવરશ કરે તેહેને હોરમજદ પાદશાહી (ઈઆને બુલંદ બેહેશ્ત) આપે.

આપણા માજી બુઝરગ દસ્તુર સાહેબોની સાદી રીત પ્રમાણેનો એ એક સાદો તરજુમો છે. અને તે ઘણો ખરો પેહલવીને આધારે થયલો છે. પણ તે પછી આપણા ટોલામાં વ્યાકરણ અને ફ્રૈલાલોજી (જબાનશનાસી) નાં ગ્નાનનો ફેલાવો થયો છે, અને હાલના આપણા કાબેલ એર્વદ સાહેબો તથા દસ્તુરજાદાઓ તે રીતે અવસ્તાના તરજુમા કરવા લાગ્યા છે. એરવદ કાવસજી એદલજી કાંગા તેઓ માંના એક ઘણા કાબેલ અને કશાયલા વીદયાર્થી છે, અને તેઓ અહુનવરનો અરથ નીચે પ્રમાણે કરે છે:—

જે પ્રમાણે પાદશાહ પોતાની મરજી પ્રમાણે ચાલનાર (છે), તે પ્રમાણે દસ્તુરાન દસ્તુર અશોઈ ઈત્યાદીને લીધે (પોતાનાં કામમાં) (આપએખત્યાર) (છે). બહમનની બક્ષેશ આએ દુનિયાનાં હોરમજદને માટેનાં કામો કરનારાઓની (છે); જે શખસ ગરીબ-લાચારોને માટે પાસબાની કરનાર (અથવા પોષણ કરનાર) થાય છે, (તે ગોયા) હોરમજદને માટે (તમામ ખલકતની) પાદશાહી (કબુલ રાખે છે).

આ તરજુમાની તરફેનમાં એ એરવદ સાહેબે ફૈલાલોજીને અનુસરતાં અનેક કારણો દરશાવ્યાં છે; પણ ખોદાશનાસીના આધાર વીના એ તરજુમો અહુનવરનાં મહત્વ અને પુરાતનપણાંને છાજતા અર્થનો ખયાલ આપણને આપી શકતો નથી. એજ પ્રકારનો વીચાર પ્રોફેસર સી. ડી. હાર્લેના અહુનવરના તરજુમા માટે પણ અમે ધરાવયે છીયે, કે જે અવસ્તાનો એક નામીચો યુરોપયન ઉસ્તાદ તથા જરથોસ્તી ધર્મ અને ઇરાની અસલી સાહીત્યનો વીદવાન અભયાસી છે. અહુનવરનો તેણે ફ્રેંચ ભાષામાં તરજુમો કરયો છે, અને તેનું ગુજરાતી ભાષાંતર આપણી કોમના એક કાબેલ જંદ અભયાસી આએર્પત મેહરજીભાઇ પાલનજી માદને કરયું છે. તે નીચે પ્રમાણે :—

જે પ્રમાણે એક સંપુરણ શરેષ્ટ સાહેબ છે, તેજ મુજબ દીનનો એક સરદાર અશોઈ (જાળવવા અને ફેલાવવા) માટે છે (તેમજ) નેક વિચારોને અને મજદની સતાને લગતાં કામોને અમલમાં મેલનાર તે છે. બળવંત પાદશાહી અહુરને લગતી છે; તેણે આ (દીનના સરદાર) ને લાચારોનો રક્ષણ કરતા (ભર્વાદ) નેમ્યો છે.

જબાનશનાસીને આધારે અહુનવરના એવા તરજુમા ઘણા થયલા છે, પણ તુરત વેળા આપણે તેમને બાજુ રાખયે; અને જોઇયે કે, ખોદાશનાસીને આધારે તેના તરજુમા કેવા થાય છે. "સ્પિડનબરગ ધી બુદ્દીસ્ટ" નામનાં પુસ્તકમાં, "ઈવોલ્યુશન" યાને

દુન્યા તથા માણુસની પેદાયશનો સ્થીત્યાંતર જરથોસ્તી ધર્મની રૂએ સમજાવતાં અહુનવરનો જે તરજુમો આપ્યો છે, તે આ પ્રકારનો છે:—

હમેશગીની હૈયાતીનો જેવો કાયદો છે, તેવીજ તેની શકતી છે, કે જે શકતી સંપુરણ મનશાનીમાંથી ખાશ નીકળે છે; એજ જગતની ઊત્પતી કરનાર છે, અને અહુરમજદ (સરવ જ્ઞાની) ને મનથી તે એવી શકતી છે, કે જે કુલ જગતની ગતીને ટકાવી શકે છે.

એવાજ આધારે પણુ યોગાભ્યાસની મદદ સાથે, એક ન્યારાજ ગ્રહસ્થે અહુનવરનો તરજુમો કર્યો છે, તે એ કરતાં પણ વધારે વજનદાર અને અહુનવરની મોતેબરીને વધારે અનુસરતો અમોને લાગે છે. એ તરજુમો કરનાર એક પારસી ગ્રહસ્થ નામે મી૦ બેહરામજી ડોસાભાઇ બસલા છે, જેઓ ધર્મ ગ્યાન, યોગ વીદયા, અને ખોદાશનાસીની ફીલસુફીના એક ચુસ્ત અને ઉંડા અભ્યાસી છે, અને જેઓએ "અંતર જગત પ્રવાસ" એવે નામે એજ વીષયનું કાબેલીઅત ભરેલું પુસતક રચીને ધર્મ જીગ્નાસુઓનાં મગજ ઉપર એક જાતની નવીજ રોશની નાખી છે. ઘણાં મજબુત કારણો તથા માનવા જોગ આધારો, દેખાડીને તેવણે અહુનવરનો તરજુમો આ મુજબ કર્યો છે:—

જેમ બુલંદ અહુરમજદ તેમ અશોઈ પાલનાર (સાલેક) અષોઈથીખી; નેક મનશનીનાં કામોનો કરનાર દુનિયાની અશોઈ માટે (છે); અને સત્તા જેની કને અશોઈ સારૂ (તેણે) દુરવેશો (સાલેકો) પાસેથી પરહેઝગારી પેદા કીધી.

આ અરથ માત્ર શબ્દે શબ્દનો હોવાથી તેની ખુબી દીપી નીકલતી નથી. તે ખુબી એ ગ્રહસ્થે એના છુટથી કીધેલા ખુલાસેવાર અરથમાં જોવામાં આવે છે. એ અરથના પહેલા ભાગની મતલબ આ છે કે, જેવી અમર હયાતીવાલો અહુરમજદ છે તેવોજ અષો આદમી (સાલેક) અષોઇ વડે થાય છે. એટલે કે તેનો પાક જાન તેના મુઆ પછી ખોદાઇ નુરમાં મલી જાય છે. બીજી રીતે કહેતાં, જેવી ગેબી શકતી અહુરમજદમાં છે તેવી અષોઈ વડે અષો માણુસમાં પણુ આવે છે. અરથના બીજા ભાગની મતલબ એ છે કે, ભમતા જીવને કાબુમાં રાખી વીકારોને મારી નાખીએ, તો તેથી મનની ખુબી દીપે છે: વીચાર શકતીને સારા વીચાર સુઝી, દુન્યામાં જન્મ લઇ જે જે લોકોપયોગી સારાં કામો કરવાનાં તે સુઝે છે; અને એવી ઊતતમ સુઝ વડેજ નેક મનશનીનાં કામોનો કરનાર દુન્યાની અષોઈ વધારે છે. અરથના ત્રીજા ભાગની મતલબ, જીવને કાબુમાં રાખીને મન જીતવાની શકતી માણુસમાં કયારે આવે છે, તે દેખાડવાની છે. એટલે, જીવને કાબુમાં રાખવા સારૂં કષ્ટ કેમ વેઠવાં, તે અષો દુરવેશ યા સાલેક જેવા સલુકને રસતે ચાલનારની જોડે રહી તેઓ પાસેથી બોધ લઇને શીખવું, અને પછી પોતે પણ તે પ્રમાણે ચાલવાની કોશેશ કરવી. અહુનવરના કલામની આ મતલબ જો તદન વાસતવીક ન હોય, તો વાસતવીકપણાંની નજદીકની તો તે છે. એ મતલબને આધારે અહુનવરનાં વધારે ઉંડાણમાં ઉતરવાની કોશેશ જો થાય, તો તેમાંથી અસલ સંપુરણ અરથનું ગોહર મલે. ખોદાઈ કલામોનો ભેદ મેલવવાની ચાવી ખોદાશનાસી છે. સાલેકો અથવા યોગીઓ તે ચાવી પામવાને નસીબવાન થયલા છે, એટલુંજ નહી પણ જરથોશતી ધરમનો અરક, જે અષોઇ, તે વડે તેઓ ખોદાઇ નુરને પહોંચેલા છે. પેદાયશમાંની એવી જે સરવોત્તમ સ્થીતી, તે મેળવવા સંબંધી બોધ અહુનવરના આ ભાવારથથી મલે છે, જે એક ખોદાઇ કલામની ખોદાઈને છાજતો લાગે છે. જે કલામ એવો બોધ અને ભાવારથ ધરાવે તે અજમતી, પાસબાન, અષોઇ દેનાર, અને ફરી ફરી ભણુવાને લાયક કાં ન હોય?

સુદરેહ અને કુસતી.

બયજદાન કે હરગેજ નબીનદ બેહેશત,
હરાંકુ નદારદ રહે જરદોહેશત.

માએની:—ખોદાના કસમ ખાઇને કહું છું કે જે કોઇ (જરથોસ્તી થઇને) જરથોસ્તી ધર્મ ધરાવે નહી તે કદી બેહેશત જોય નહી.

માજદયસ્નાન 'ધર્મના' ફરમાન મુજબ એક જરથોસ્તી બાલકને ધર્મમાં દાખલ કરતી વખતે બાલક ઉપર ચોકસ જાતની ક્રીયા કરવામાં આવે છે જે ક્રીયાને "નોઝાદ" અથવા સાધારણ રીતે "નવજોત" ક્રીયા કરી કહે છે. એ ક્રીયા કરવા આગમજ

બાળકને સુદરેહ કુશતીને લગતા અવસ્તાનું ચોકસ ભણતર શીખવવામાં આવે છે, અને ત્યાર પછી તે બાળકને તેની સાત અને ચૌદ વરસની ઉમર વચ્ચે કોઈ સુભ દીવસે એ સુદરેહ કુશતીને તે બાળકને તેના માબાપ અને સગાવહાલાંઓની નજદીક અગીઆરી જેવાં પવીતર મકાનમાં અથવા તો ઘરમાં ક્રીયા સાથે પેહેરાવવામાં આવે છે. પણ તે બાળકને તે વખતે એ વીષે કાંઇ પણ સમજણ હોતી નથી, અને તે સુદરેહ અને કુશતી શું છે તે સમજતું નથી. તે બાળક સુદરેહ પેહડવા અને પોતાની નવજોત થયા આગમજ જે કુરતું પેહેડતું હતું તે વચ્ચે કાંઈ પણ તફાવત જોતું નથી. જો તે બાળક એ બાબદ વીષે વીચાર કરે તો ફકત તેને એટલુંજ માલમ પડે કે સુદરેહ ફકત મલમલના સફેદ કપડાંનો બનાવવામાં આવે છે, પણ કુરતું કોઈ બીજા રંગીન કપડાનું બનાવે તો ચાલે. સુદરેહના ગરાંનો છેડો એક બીજા નાના કકડા સાથે સીવી લેવામાં આવે છે જે કુરતાંને શીવેલો નથી હોતો. ફકત એટલો તફાવત જોઈ તે અચંબો પામે છે કે કાંય નહી કુરતાં ઉપર કુશતી બધવામાં આવે? તેના માબાપ જે આ ભેદથી ઘણું કરીને તદન અંજાણ્યા હોય છે તેઓ એ બાળકને સમજાવવાને તદન અશકત હોય છે. અને હાલની ધર્મ સંબંધી કેલવણી જે તદન અપુર્ણ છે તે પણ તે બાળકને બરાબર શીખવતી નથી. તેટલા માટે એ બાબદ લંબાણથી સમજાવવી અવસ્યની છે.

“સુદરેહ” શબદનો અર્થ “ફાયદો આપનારો માર્ગ” એવો થાય છે. એને જંદ ભાષામાં “વસ્તર” પેહેલવીમાં “વાસ્તેસ્વીક” ફારસીમાં “સુદરેહ” અને પાજંદ તથા દરી ભાષામાં “શીવકુસ્તી” યાને કુશતીની નીચેનું પેહેરણ કહે છે. “સુદરેહ”નો જો છુટો અર્થ કરીએ તો એમ થાય કે “ફાયદાભરેલી તથા સારો માર્ગ દેખાડનારી દીનને લગતું કપડું” સુદરેહ સફેદ કપડાંનોજ હોવો જોઇએ કારણકે સફેદ પોશાક એ અશોઇ, પવીત્રાઇ, તનદરોસ્તી અને સફાઈ જાલવનારી નીશાની છે. સુદરેહ નવ કટકાનોજ બનાવવો જોઇએ તે એટલા માટે કે નવનો આંક આપણા ધર્મમાં ભુજોરગીભરેલો ગણવામાં આવ્યો છે. એ પવીત્ર ધર્મની ક્રીયાઓમાં વપડાતાં આલાતો ઇત્યાદી નવના આંક સાથે સરખાવવામાં આવે છે. અને એ રીતે નવ કટકાથી બનાવેલો સુદરેહ પણ નવના આંકવાલી ચીજોમાંની એક તરીકે ગણવામાં આવ્યો છે.

સુદરેહ ઉપરના ગીરેબાનની મતલબ એ છે કે જો કે એ નાહના કટકાનું બનાવવામાં આવ્યું છે તોપણ તેને સૌથી ઉચી જગાએ મુકવામાં આવ્યું છે, તેમજ માણસ જો કે બીજાં મોટાં જાનવરો કરતાં નાનું શરીર ધરાવે છે, તોપણ તેને સૌથી ઉંચી જગા પરવરદેગારે બખશેલી છે એટલે બીજાં જાનવરો ઉપર સરસાઇ આપી છે તથા વીચારભરેલું દેલ છાતીમાં મુકયું છે, માટે ભલા જરથોસ્તીઓને ઘટે છે કે પોતાના આગલા ગુનાહનો પસ્તાવો કરી યજદાનની પનાહ ચાહે અને હમેસાં સારી ચાલ અને રાસ્તીનો માર્ગ અખત્યાર કરે. જેમ ગીરેબાન વગર સુદરેહ ગણાય નહી તેમ જો કોઇ જરથોસ્તી ભલી રાસ્તીનો રાહ અખત્યાર કરે નહી તો તે જરથોસ્તી કહેવાય નહી. તેટલા માટે દરેક જરથોસ્તીને ઘટે છે કે પોતાના આત્માના રાહતને માટે આ જેહાનમાં ભલી રાસ્તીનો માર્ગ અખત્યાર કરે.

સુદરેહના આગલા પરદાની મતલબ એ છે કે જેમ એ પરદો આપણી આગલ અને આપણ તેની પાછલ છઈએ તેમ દુનીઆમાં ઘણાઓ આપણી આગલ અને આપણે તેમની પાછલ હોઈશું એટલે તેઓ આપણેથી વડા અને દાના હશે અને આપણે તેઓથી નાદાન અને ઉતરતા હોઇશું. તેટલા માટે દરેક જણે પોતાના માબાપને માન આપવું તથા તેઓના ફરમાનને તાબે થવું, અને પોતાના ઉસતાદને માન આપવું જોઇએ કારણકે આપણે તેનાથી એલમ અને ડહાપણ શીખ્યા અને અજ્ઞાનપણાના અંધારામાંથી એલમની રોશણીમાં આવ્યા, ધર્મગુરૂઓ અને દીનના પેશવાઓ, ભલા પાડોશીઓ અને નજદીકના સગાઓને માન આપવું, નેક પાદશાહો તથા હાકમોનો હુકમ માનવો, એ વગેરે બીજા નેક ખશલત અને નેક કેરદારના માણસોને માન આપતા રહેવું.

સુદરેહના પાછલા પરદાની મતલબ એ છે કે જેમ એ પરદો પાછલ અને આપણે તેની આગલ છઇએ તેમ દુનીઆમાં ઘણાઓ આપણેથી ઉતરતી હાલતના છે. જેવાં કે આપણી ઓરત, ફરજંદ, નાહના

ભાઇ બેહનો, ઉતરતી હાલતનાં સગાંવહાલાં અને પાડોશીઓ, આપણા હાથ તલેના ચાકરો, ગરીબ દરવીશો, લાચાર રૈયત, ગરીબ ધંધાદારીઓ વગેરે નાચાર લોક ઉપર મેહેરબાની કરવી, તેઓને ઈજા દેવાથી હાથ ઉઠાવવો અને તેઓને પોતાથી બનતી દરેક મદદ કરવી કે જેથી ખોદા રાજી થાય.

શુદરેહની જમના હાથની બોંયની મતલબ એ છે કે જેમ સુદરેહ પેહેડનાર શખસને પોતાનો હાથ એ બોંયમાંથી લીધા વગર ચાલતું નથી તેમ દરેક જરથોસ્તીની ફરજ છે કે પોતાને કોઇબી ભલા લોકોપયોગી અને પ્રમાણીક ધંધામાં રોકેલો રાખે. જો કોઇ શખસને વંશપરંપરા ચાલે એટલી દોલત મલે તોબી પોતાને કોઇબી ધંધા હોનરમાં રોકાવું જોઈએ. કારણ કે દોલત છે તે ઘડીવારમાં ખવાઇ જાય છે, ઘણી વોતે રફતે રફતે તે દોલત તદન ખાઇ જાય છે અથવા તો ચોર ચોરી જાય છે માટે દોલતનો કાંઇ ભરુસો નહી, તેટલા માટે આપણે જો કોઇબી હુનર શીખેલા હોઇએ તો કદી ભુખે નહી મરીએ. શાદીનોબી કોલ છે કે "હોનર ચશમેએ ઝાયન્દેહઅસ્ત વ દઊલતે પાયન્દેહ" એટલે કે "હોનર છે તે એક જીવતો (ચાલુ) ઝરો છે અને એજ પાયેદાર દોલત છે." વલી એ બોંયની ટુંકાઇની મતલબ એ છે કે આ દુન્યામાં માલમતા મેલવવાને પોતાના અંદાજા પ્રમાણે મલ્યું છે તેટલા માટે વધારે મેલવવાની લોભી કોશેશ કરવી નહી. આપણને જે કાંઇ મલ્યું છે તેને માટે ખોદાની શોકર ગુજારી કરી તેની ઉપર સંતોષ પકડવો જોઇએ, કારણકે દાનાઓ જે ચીજ હાથમાં આવી ન શકે તેની ઇચ્છા કરતા નથી.

સુદરેહના ડાબા હાથની બોંયની મતલબ એ છે કે જેમ સુદરેહ પેહેરનાર શખસને પોતાનો હાથ એ બોયમાંથી લીધા વગર ચાલતું નથી તેમ આપણાથી આપણું ગુજરાણ કર્યા વગર ચાલતું નથી. દરેક શખસે પોતાની શકતી મુજબ મધ્યમપણે ગુજરાણ કરવું સજાવાર છે, આપણી પાસે ગમે એટલી દોલત હોય તો તેને એકદમ વાપડી નહી દેવી તેમજ વલી કંજુસાઇની હલકાઈ પણ નહી કરવી. દરેક માણુસની ફરજ છે જે અંદાજાસર ગુજરાણ કરવું અને પોતાની પુંજી પ્રમાણે ગરીબોને તેઓની ગરીબાઇમાં મદદ કરવી જોઇએ કે જેથી કરી બુરાઇ અને જુઠાઇથી વેગલા થઈ રાહે રાસ્ત ઉપર આવી શકીએ. વલી એ બોંયની ટુંકાઇની મતલબ એ છે કે દુનીઆમાં દરએક જીંદગી ભોગવનારને અતે તત્વવાલું શરીર છોડયા વગર ઇલાજ નથી તો જો કોઇ શખસ દુનીંઆમાં ગમે એટલી દોલત ધરાવતો હોય તો પણ આ દુનીઆ છોડતી વેલા એક જવ ભારબી સાથે લઇ જવાને શકતીવાન નથી અને તેના મરણ પછી તેની સઘલી મીલકત અને દોલત લેના હકમાં ટુંકી બોંયની મીશાલ કુતાહ થઇ જાય છે અને આખરે તેનો નાશ થઇ જાય છે અને તેને કાંઇ પણ ફાયદો હાશેલ થતો નથી; પણ જો આપણી જીંદગીની વખતે ગરીબોને મદદ કીધી હોય અને તેઓની દાદ લીધી હોય તો તેથી ખોદા રાજી થાય છે અને આપણને ફાયદો થાય છે.

સુદરેહની જમની બાજુના એક કટકાની મતલબ એ છે કે પાક પરવરદેગારે માણુસના રાહત અને સુખને માટે કેટલાંએક નહી ઇજા દેનારાં જાનવરો પેદા કીધાં છે જેવા કે ગાય ગોસ્પંદ, ઘોડા વગેરે. જયારે એવાં જાનવરો આપણા કબજામાં હોય ત્યારે તેઓને શકતી ઉપરાંત કામ કરાવી રંજીદા કરવાં નહી જોઇએ; તેઓને વખતસર ખોરાક આપવો, ઠંડી ગરમી, ચોર, અને ફાડી ખાનાર જાનવરોની ચુંગાલમાંથી તેઓને બચાવવાં. તે બીચારાઓને બોલવાને અને પોતાનું દુખ જાહેર કરવાને વાચા નથી, તેથી આપણે એવું નહી કરવું કે આપણા મરણ પછી ખોદાની દરગાહમાં તથા ચોપગાં જાનવરોના પાસબાન બેહમન અમશાશપંદ આગલ શરમાવું પડે. વલી જાણીતું છે કે જે કોઇ નીરદોશ પ્રાણીઓની ભલી રીતે જતન કરે અને દરેક આફત તથા દુઃખમાંથી જાલવી રાખે તો ખોદાવંદતાલા પોતે તેના બદલામાં તે શખસના રોજી રોજગારમાં વધારો કરી દરેક સંકટની વેલા તેને મદદ તથા કઉવત બક્ષે છે.

સુદરેહની જમની બાજુના બીજા કટકાની મતલબ આપણે ઉપર જોઈ ગયા કે ખોદાએ આપણને માટે કેટલાએક પાલી શકાય એવાં જાનવરો સરજાવ્યાં છે તેમ કેટલાએક રમુજી જાનવરોને પણ સરજાવ્યાં છે. એ જાનવરોમાંનાં કેટલાંએક માણુસો

ને ઉપયોગી છે જેવાં કે કુતરાં વ૦. અગર જો કોઈ શખસ એ જાનવરોમાંના કોઇ ઊપયોગી જાનવરને પાલે તો તેને પણ પુરતો ખોરાક આપવો જોઇએ. અને તેની હપાઝત કરવી જોઇએ કારણકે એ જાનવરો જયારે પળાય છે ત્યારે કોઇને ઈજા દેતાં નથી તેથી તેઓની સંભાલ કીધાથી ખોદા પણ રાજી થાય છે. પણ કેટલાએક એથીબી વધારે મુજી જાનવરો હોય છે જેવાં કે વાઘ, વરૂ, સીંહ, રીછ, નાગ, સાપ, વગેરે. એ જાનવરોને તેઓ આપણને ઇજા દે તેની અગાઉ મારી નાખવાં જોઇએ કે જેથી કરીને બીજા નેક તથા ગરીબ જાનવરો તેઓના આજારમાંથી છુટે. એ જાનવરોને જમીન પરનો નસો ખાઇને હવા પાક રાખવા ખોદાએ સરજાવેલાં છે, તોપણ એ જાનવરોના વધી જવાથી ભલી ચીજોનોબી નાશ થાય છે, તેથી દરેક જરથોસતીને લાજેમ છે કે એવાં જાનવરોને જોય ત્યાંથી મારવાં જોઇએ.

સુદરેહની દાબી બાજુના એક કટકાની મતલબ એ છે કે પાક પરવરદેગાર માણસના સુખને માટે કેટલીએક ધાતુઓ અને જવાહીર જમીન, પહાડ અને દરીઆમાં પેદા કીધાં છે, તેથી દરેક શકતીવાન દાનાને સજાવાર છે કે પુરતી કોશેશ કરીને ધાતુઓને પાણી અને માટીથી જુદી પાડીને તેનો ઘટતો સરંજામ બનાવે જેથી કરીને સૌ કોઇ પોતાની તાકાત મુજબ ઘરેણાથી આરાસ્તા થાય, અને બીજી ધાતુઓના વાસણ બનાવવાથી ઘરસંસારને લગતી હાજતો પુરી પડે. એ કામ વીદ્યા, હુનર, અને કલાથીજ બને છે, તેથી દરેક જણે પોતાના ઘરના વાસણો વગેરે બીજા સામાનને પાક અને સાપ રાખી બગડવા અને કાટ ચહડવા દેવા નહી જેથી ધાતુ અને માટીનો રખેવાલ શહરેવર અને સપંદારમદ અમશાશપંદ ખુશાલ રહે.

સુદરેહની દાબી બાજુના બીજા કટકાની મતલબ એ છે કે જેહાનના પેદા કરનાર પાક પરવરદેગારે માણસની જીંદગીના ગુજરાણ માટે તરેહવાર જાતનાં પલ અને તરકારી વગેરે નીરદોશ ખોરાક ઉતપંન કીધો છે, તેથી દરેક માણસે જે જગાએ તરકારી અને પરતો ઊગતી હોય તેવી જગા એટલે ખેતરોને સાપ રાખી સોજું પાણી પાઈ તરકારી, અનાજ વગેરે ઉગાડવું અને સંભાલ રાખી સોજું ખાતર નાખવું અને ઊગતી ચીજોનો નાશ થવા દેવો નહી. ઘણી ચોકસાઈથી તેવી જગાઓમાં પલીદીભરેલી ચીજો અને નસો વગેરે રેહવા દેવો નહી જેથી કરીને બધી રીતની આલુદગી, લાચારી, અને દલગીરી દુર થાય અને ખોદાની મેહેરબાની ભરેલી બખશેશોનો વધારો થાય, અને પાણી, વનસ્પતીના પાલણ કરનારા પરેશતાઓ જેવા કે ખોરદાદ અને અમરદાદ અમશાશપંદો પણ રાજી થશે.

કુશતીની મતલબ—કુશતીના તારોને તઇયાર કરવાને માટે ઉનના બે તારને એક બીજા સાથે વલ દઈ એકકરી નાંખવામાં આવે છે, તેની મતલબ એ છે કે જેમ તે દોરાઓ એક એક સાથે વલથી જોડાયલા છે, તેમ આ નીચલી દુન્યા પેલી ઉપલી દુન્યા સાથે સંબંધ ધરાવનારી છે. આ દુન્યા રોપણીની જગા છે અને પેલી દુન્યા તે કાપણી (પાક) મેલવવાની જગા છે. જે કોઇ આ ત્રણ પાંચ દહાડાની દુન્યામાં જે કાંઇ રોપશે તેનું પળ પેલી જેહાનમાં મેળવશે અને જેવું કીધું હોય તેવું પામશે. જે કોઇ બદીનું બી રોપશે, તેને બદીથી ભરેલું પૂળ મલશે, તેટલા માટે દરેક જણે જેમ બને તેમ નેકી કરી બદીનું નામ દફે કરવું જોઇયે અને પોતાનો કીમતી વખત નેકીનાં કામ કરવામાં ગુજારવો જોઇયે, જેથી પેલી જેહાનમાં ગરોથમાન બહેશત મલે.

કુશતીના ૭૨ તાર અને તેના કરવામાં આવતા ૬ ભાગની મતલબ એ છે કે એ ૭૨ તાર યજશનીમાં આવેલા ૭૨ હાની નીશાની દેખાડે છે, તેમજ અહુરમજદ યશતમાં આવેલા પાક યજદાનના ૭૨ નામની યાદી આપે છે. અને જે ૬ ભાગ એટલે ૬ લરી છે, તે વરસની ૬ જુદી મોસમોની નીશાની દેખાડે છે. વળી પાક યજદાન ૬ છુપી શકતીની મદદથી સઘળી હસતીને નીસતીના પરદામાંથી બહાર લાવયા હતા, તેની પણ નીશાની દેખાડે છે. વળી ઇજશનેમાં આવેલા જરથોસતી ધર્મનાં ૬ પરમાનો એ ૬ લરી દેખાડે છે. તે પરમાનો નીચે પ્રમાણે છે. (૧) દરરોજ ખોદાની બંદગી કરવી જોઇયે, (૨) દર વરસે એક વખત રપીથવન ઈજાવવી જોઇયે, (૩) વરસના ૬ ઘહંબાર કરવા જોઇયે અથવા

તેમાં સામેલ થવું જોઇયે, (૪) વરસનાં બાર જશનો કરવાં જોઇયે, (૫) ફ્રરવરદેગાનના દીવસોમાં રોઆંનને નામે આફ્રીનગાન વગેરે ભણાવવું જોઇયે. (૬) પોતાનાં મરણ પામેલાં ન્યાગાનો તથા ખેશાવંદોના બાજ રોજગાર વગેરેની ક્રીયા કરવી જોઇયે.

કુશતી વણાયા પછી તેના ઉભા અને આરા દોરા એક બીજાથી છુટા દેખાતા નથી, જે વણ્યા આગમજ છુટા હતા, તેની મતલબ એ છે કે દરેક દેશ અને શેહેરના રહેવાસીઓમાં જાતજાતના માણસ હોય છે અને તેઓમાં તરેહવાર જાતનો ફેર હોય છે, તો પણ જે દેશના અને ધર્મનાં લોકો સાથે આપણને વહીવટ તથા દોસ્તી પડે ત્યારે તે સઘળાઓને એકજ ખોદાના પેદા કીધેલા બંદાઓ સમજીને તેઓને ભાઈબંધ દાખલ ગણી તેઓ સાથે નરમાશ, મેહેરબાની તથા ભલાઇ રાખવી. કદીબી તેઓની સાથે દુશમનાઈ ધરાવવી નહી, તેઓના હકમાં સારૂં વીચારવું તથા તેઓનાં દીલ દુઃખવવાથી દુર રહેવું, જેથી ખોદા રાજી થાય.

કુશતી વણાઇ રહયૈં પછી તેને ઉઠલાવવામાં આવે છે, તેની મતલબ એ છે કે દરેક માણસને આ નાપાયદાર દુન્યા તજીને તે હંમેશગીની દુન્યામાં જવાનું છે, તેથી પોતાની શકતીની વેળાએ દરેક ભલાં કામો કરવાં જોઇયે અને બુરાં કામોથી હાથ ઉઠાવવો જોઇયે તથા ધર્મનાં ફ્રરમાનોથી ઉલટા ચાલવુ નહી જોઇયે. જે કોઇ શખસ ધર્મનાં ફ્રરમાનોથી ઉલટો ચાલે છે અને બુરાં કામો કરે છે, તે શખસનો આત્મા આ ખાકી જગત છોડયા પછી હંમેશગીની જગાએ પુગતો નથી.

કુશતીને બે છેડેથી ગુંઠી લીધા પછી અંદરથી પોકલ છે કે નહી તે માત્ર કમર પર રાખયા સીવાય જણાતું નથી તેની મતલબ એ છે કે દરેક શખસે ખોદાની બંદગી કરતી વેળા અથવા તો કાંઈબી ભલું કામ કરતી વેળા નીચલા ૬ વીચારોથી પોતાનું દીલ ખાલી રાખવું, જેવાં કે ભલું નામ, બદલો, બીજાઓને ખુશ કરવાના વીચાર, ફ્રાયદો મેળવવો, દુઃખ દફે કરવું અને ઠપકામાંથી વેગલા થવું. દરેક શ[illegible] લાજેમ છે કે કંઇબી કામ કરતી વેળા તે ખા[illegible] સીવાય કંઇબી વીચાર દીલમાં લાવવો નહી. કુશતીના અંદરના પડની મીસાલ પોતાનાં દીલની કંઈબી વાત કોઇના જાણવામાં આવવા દેવી નહી.

કુશતીને કમર ઉપર વીટાલતાં ત્રણમાંના પેહલા આંટાની મતલબ એ છે કે (કુશતી બાંધનારે મનમાં વીચારવું જોઇયે કે) (૧) હું ખોદાની ખુશનુદી સીવાય બીજો કશો વીચાર નહી રાખવાને કમરબંદ બાંધું એટલે ભલી મનશનીનો થાઉં. (૨) ધર્મનો રસ્તો દેખાડનાર જાની દોસ્ત મેલવું. (૩) ખોદાની ઉતમ પેદાયશો જેવી કે માટી, પાણી અને આતશ વગેરેને સંભાલું, તેઓની જાળવણી કરૂં અને તેઓને કોઈબી નસાથી દુર રાખું.

કમર ઊપરના કુશતીના બીજા આંટાની મતલબ એ છે કે (કુશતી બાંધનારે મનમાં વીચારવું જોઇયે કે) (૧) દાદારે અવખશીદારને ખુશાલ કરવા સીવાય બીજું કાંઇ ચાહું નહી એટલે ભલી ગવશનીનો થાઉં. (૨) એવો દોસત મેલવું કે જે અકલ આપનાર ભલો અને નેક મરદ હોય. (૩) પોતાની આબરૂ, માન, ઈજત અને દરજ્જો સાચવું; ભુંડાં કામોથી હાથ ઉઠાઉં, ધરમનાં ફ્રરમાનથી ઉલટો નહી ચાલું કે જેથી મારા આત્માને પેલી જેહાંનમાં સખતી નહી પોંહચે.

કુશતીનાં તીજા આંટાની મતલબ એ છે કે (કુશતી બાંધનારે મનમાં વીચારવું જોઇયે કે) (૧) ભલાં કરતુકથી ખોદાને રાજી રાખવા સીવાય બીજું કાંઇ નહી કરૂં, એટલે ભલી કુનશનીનો થાઉં. (૨) એવો દોસ્ત મેલવું કે જે દુનીઆનાં ભલાં અને ભુંડાં કામોથી વાકેફ કરે. (૩) કોઇને કશી રીતનું દુઃખ દેવું નહી, તેઓનું કોઈબી રીતનું બુરૂં ઈચ્છવું નહી, તેઓને તેઓની નબલી હાલતની વખતે મદદ કરવી અને તેઓને ભાઇબંધુઓ સરખા ગણી તેઓ સાથે ભલી મનશનીથી વરતવું.

કુશતીના આગલા ગાંઠોની મતલબ એ છે કે ખોદા પોતે એકલો છે, તેનો કોઈ બરોબરીઓ અથવા હરીફ નથી અને તે વગર ગરજનો છે; તે હંમેશ હતો, છે, અને રહેશે. તેટલા માટે તે સાહેબે બીન્યાજની હંમેશ પરસ્તેશ કરવી જોઇયે. ખોદાના મોકલાવેલા પેગમબર અશો જરથોસ્ત સાચા છે. તેવણ ગુમરાહ

લોકોને ખરો માર્ગ દેખાડનાર અશો હતા, અને એવણુના હુકમ પ્રમાણે ચાલવું તે પાક યજદાંનને રાજી કરવાનું મુળ છે.

કુશતીના પાછલા ગાંડોની મતલબ એ છે કે માજદયસની દીનમાં જે કાંઇ ફરમાવેલું છે, તે બરહક છે, અને તે ખોદા તરફથી છે એમ બેશક માનવું જોઇયે. એ ફરમાનો પ્રમાણે ચાલયાથી આપણે રસ્તગારી મેલવયે છીયે, માટે દરેક જણે તે ફરમાનો ઉપર બુરૂં ગુમાન લાવતાં અટકવું જોઇયે. વળી આપણુને ઘટે છે કે દુન્યામાં સાથે **ભાઈબંધી** રાખવી જોઇયે, તેઓનાં સંકટમાં તેઓને સહાય થવું જોઇયે. તેઓનું ભલું ઈચ્છવુ જોઇયે અને તેઓને કંઈબી રીતનું દુઃખ દેવું નહી જોઇયે.

ટુક સાર—એ ઉપરથી સાર એ છે કે દરએક જરથોસ્તી બાળકને સાત વરસની ઉમર પછી શુદરેહ પેહેરાવવો જોઇયે. દરેક શખસ જે પોતાનાં શરીર પર શુદરેહ રાખે છે, તે જેમ એક પાદશાહનાં લશકરના સરદારો લડાઈનું બખતર પેહેડી દેશના દુશમનોને હાંકી કાઢે છે, તેમ દરેક જરથોસ્તીએ શુદરેહ જે ધર્મનું બખતર છે, તે પેહેડી રાખી તેની મદદથી હેરેમન ઉપર ફાવવું જોઇયે; બુરી મનશની, બુરી ગવશની અને બુરી કુનશની તજી દેવી જોઇયે; લોભ, લાલચને હાંકી કાઢવી જોઈયે. જે કોઇ ભલો શુદરેહ ધરાવીને તેમાં સમાયલા ભેદ શીખીને તે મુજબ ચાલે તો તેની ઉપર બદકારો ફાવે નહી અને જાદુગરો તથા પલીદ લોકો દુર થાય.

હવે કુશતીની મુરાદ એ છે કે જેમ પાદશાહનાં લશકરના સરદારો બખતર ઉપર કમરબંધ રાખે છે, તેમ જરથોસ્તીઓનેબી ઘટે છે કે શુદરેહ જે ભલા ધર્મનું બખતર છે, તેની ઉપર કુશતી કે જે ખુશાલીનો કમરપટો છે, તેને બાંધી હંમેશાં ભલી મનશની, ગવસની અને કુનશનીનો થાય અને કુશતીમાં સમાયલા ભેદો શીખી તે પ્રમાણે ચાલે તો બેઉ જેહાનની ખુશી ખુરમી મેલવે.

બેત.

કમર દર રહે બંદગી બસતેહ દાર,
દેલે દૈવો દુરવંદરા ખેસતેહ દાર.

માએની—બંદગી કરવા સારૂ તારી કમર બાંધેલી રાખ અને દેવ તથા દુરવંદોમાં દેલ તુટેલાં,રાખ.

ખુદરતમાંથી મલતો ધડો.

ઘાસ કાંઇ પણ માંગતું નથી, પણ પોતાની એકાંટ જગયામાં સુઇ રહેછે અને પોતાનાં નરમાસવાલાં માથાં ઉપરથી કોઈ ચાલી જાય છે, તેની દરકાર પણ કરતું નથી. ફુલ કાંઈ બોલતું નથી કે તકરાર કરતું નથી પણ ગુપચુપ પોતાની ખુબસુરતી ને સુગંધ પાંથરે છે. ત્યારે ઓ આત્મા તુંજ ફોકટનો ઘોંગાટ કરવાને અટલો કેમ શોખીન છે? ઝાડ કાંઈ પણ કહેતું નથી, પણ સઘલું તપાસે છે, સઘલું ખમે છે, સઘળાઓને પોતાનો થંડો છાંયડો આપે છે, ફળની જથાબંધ બક્ષીશ કીનો કે કપટ રાખ્યા વગર સરવેને આપે છે, ત્યારે ઓ જીંદગી તુંજ એટલી અફળકુપ કેમ? શું પહાડ કાંઈ પણ ગડબડ સડબડ કરે છે? તે સદીઓ સુધી ઉનાળો, શીયાળો વસંરૂતુ વરસાદ ને વાદળાંની હદ વગરની હારોને પોતાની આગળથી પસાર થતી જોય છે, તે પોતાની વધને જોરમાં ઉંચ્ચેજ વધતો જાયછે, તારાઓ ગુપચુપ, શાંતપણે જાગ્રતપણાંમાં હમ્મેશાં પસાર થાયછે. પ્રજાઓની ચઢતી ને પડતી આવે છે. ધર્મો ઉભા થાય છે, પંથરાય છે, લડે છે, ને નાબુદ થાય છે. આકાશ પણ દરેક ચીજ જુવે છે, ને ચુપ રહે છે, ત્યારે ઓ અમ્મર આત્મા, તનેજ શું દુઃખ થાય છે, જેથી તું દુન્યાની જંજાલમાં મચ્યો રહે છે, ઉંડો વીચાર ચુપ છે, ઉંડી બંદગી ચુપ છે, પીર અને પેગમબરો સઘળા શાંતછે. અરે થાકી ગયલા જીવ તું પણ તારી આશાયસ ને શાંતી ખોદાવંદતાલાની દોસ્તી બાંધવામાં ને તેમાંજ મળી જવામાંજ સમજ. કજીયો ના કર,કંકાશ ના કર,મોટેથી ગડબડ ના કર,દુન્યામાં જે તારી ઉપર દુઃખ તથા આફત આવી પડે તે તું સહન કર.તપાસ,જોઇને ચાલ,ધ્યાન ધર,ખોદાવંદતાલાની એબાદત કર,ઘોંગાટ ઉપર કાંઇ ધ્યાન ના આપ. ચુપકીદીનું જોર મેળવવાને કોશેશ કર સબરીનું જોર અખત્યાર

ખુદરતમાંથી મલતો ધડો.

તું તાઝ પહેરાવ. દરેક ચીજ જે આશાય સ ને શાંતીને સંપુર્ણ કરે છે, તે મેળવવાની કોશેસ કર, ને ખોદાની બંદગી કર, જે બંદગી એક સુગંધી દેવ છે. જયારે દુ:ખનો હાથ આપણને અડકે છે, ત્યારે ફકત બંદગીમાંજ ખરો દીલાસો મલે છે. દુન્યા બીજી ઘણી રીતે દીલાસો શોધે છે, પણ તેઓ દુ:ખનું એક પણ આંસુ લુછી નાખવાને અશકત છે. ગાયણ કદાચ ઘડીભર ઢાંકી ગયલાં મનને આશાયસ આપે, ચોપડીઓ દલગીરીનો અવાજ થોડો વખત સુધી અટકાવે યાને બંધ રાખે, ખુશાલી આપણા હોતની પાસે ભુલાવવાનું પયાલું પકડી રાખે, મીત્રો પોતાની દયાથી આપણી ઉપરનેકો કરવામાં મદદ કરે, પણ બંદગીમાંજ ખરો દીલાસો મળે છે, જે આપણા દીલ પેદા કરે છે અને તેમાંજ ફકટ સહન કરવા છે, જે કેહે છે કે મુશકેલીઓ ખમ ને તેમાં પણ બંદગીના પ્રતાપે પસાર થા ને જોર ને તેથીજ તારા ભીંતરની અંદરનો મેળ સાફ ઇનસાનયતપણાંમાં તારી જીંદગી ગુજાર

સુબોધ માળા.

જુઠાં આ મંડલમાં ફાંફાં ના માર,
હાજર થા ખોદાની રહેમી દરબાર.—૧
કોઈ નથી અહીં સાંભલનારૂં હમદર્દ,
ખોલી કર ખોદાની દરગેહ વરાર.—૨
ખાકમાં મેલ માથું ને ઉંચા કર હાથ,
જીગરની જીભથી એબાદત પોકાર.—૩
બંદો તું છે તો કર બંદાપણું,
બંદગી પેહલી તુંને સજાવાર.—૪
વેરાન તુંજ દીલ તેથી થાશે ફલવંત,
વાંજણી તુંજ ઉમેદ થાશે હમેલદાર.—૫
માથે તુંજ બીરાજશે નેકીનું તાજ,
ટોટે તુંજ ઓલવાશે મકસદનો હાર.—૬
તારણ છે એક જગતું બંદગીમાંજ,
મીનોમાં જીંનત—ગેતીમાં કરાર.—૭
મલશે નહી દુન્યામાં બીજો મલમ,
ભકતીથીજ નીકલશે પાપનો આજાર.—૮
તરશે તું ભકતીથી ભવ મહાસાગર,
રૂહ તારૂં થાશે તેથીજ પુલ ગુજાર.—૯
ચાંતા શી—જર જોરથી ખાલી છે તું?
ભકતીથી ભર તારો પુણનો ભંડાર.—૧૦
બાપોના બાપ સાથે કર ગોફતેગો,
તોબેશનાં આંસુની ચલાવ ત્યાં ધાર.—૧૧
રાત તારાં સંકટની વીટી, સુરજ
ઉગાડશે શેવટે સુખની સહવાર.—